# શ્રી સમ્યક્ત્વ મૂલ બાર વ્રતની સંક્ષિપ્ત અને વિસ્તારથી ટીપ.

ૐ

卐

: પ્રકાશક :

શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમદાસ.

દોશીવાડાની પોળ, અમદાવાદ.

# શ્રીસમ્યકત્વ મૂલ બારવ્રતની સંક્ષિપ્ત અને વિસ્તારથી ટીપ

નામ ______________________

ઠેકાણું ______________________

સંવત ૧૯૯૬ સને ૧૯૪૦

પ્રકાશકઃ-

શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમદાસ.

દોશીવાડાની પોળ-અમદાવાદ.

સર્વ હક્ક સ્વાધીન

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીગ પ્રેસમાં પટેલ મણીલાલ કલ્યાણદાસે છાપી.

ઠે. પાનકોર નાકા-અમદાવાદ.

# પ્રસ્તાવના

આ અનાદિ સંસારમાં વાસ્તવિક મોક્ષ સુખ મેળવવાને માટે મનુષ્યગતિમાંજ ધર્મનું આરાધન થઈ શકે છે. તેથી તેને માટે પ્રયત્ન કરવાને શ્રી મહાવીર સ્વામીએ સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એમ બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. સાધુધર્મ એકદમ અંગીકાર કરવાને અસમર્થ જીવો માટે સમ્યકત્વ મૂલ બાર વ્રતરૂપ ધર્મ પ્રકાશ્યો છે, કે જેથી તે જીવો પોતાનું આત્મહિત લાંબે કાળે પણ સાધી શકે. કેટલાક જીવોને વ્રત ગ્રહણ કરવાની અભિલાષા હોવા છતાં તેની બરાબર સમજુતી મળ્યા વિના ગ્રહણ કરી શકતા નથી. કેટલાક કાયર સ્ત્રી પુરૂષો અનુભવ કર્યા સિવાય અમુક બાબત પળશે કે નહિ, આવા ઢચુપચુ વિચારથી પાછા હઠે છે. આ બાબતમાં પ્રભુએ પ્રરૂપેલા સાધુધર્મ અને શ્રાવક ધર્મમાંથી કયો ધર્મ તું પાળી શકીશ એમ પોતાના આત્માને પૂછવું. જો બે ધર્મમાંથી એક પણ ધર્મમાં પોતાનું સ્થાન છે એવો જવાબ મળે તો ખુશી થવું અને જો તેટલું પણ ન બને તો યથાશક્તિ જેટલાં વ્રતો ગ્રહણ કરી શકાય તેટલાં ગ્રહણ કરીને વિશેષ લેવાની અભિલાષા રાખવી. આ બુક બનાવવામાં જેઓએ સહાય આપી હોય તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

તા. ૧–૩–૧૯૪૦ લી.

પ્રસિદ્ધકર્તા

# અનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **સંક્ષિપ્ત બાર વ્રતની ટીપ** | |
| માર્ગાનુસારીના ૩૫ ગુણ | ૧ |
| વ્રત લેવાનું મુખ્ય કારણ. | ૫ |
| સમકિતનું સ્વરૂપ | ૬ |
| ૬ છીંડી ૪ આગાર ૪ બોલ. | ૮ |
| વ્રત ઉચ્ચરવાના ભાંગા. | ૧૦ |
| ૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત | ૧૨ |
| ૨ સ્થૂલ મૃષાવાદ ,, ,, | ૧૩ |
| ૩ સ્થૂલ અદત્તાદાન ,, ,, | ૧૪ |
| ૪ સ્થૂલ બ્રહ્મચર્ય વ્રત | ૧૫ |
| ૫ સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત | ૧૭ |
| ૬ દિશિ પરિમાણ વ્રત | ૨૦ |
| ૭ ભોગોપભોગ વિરમણ વ્રત | ૨૨ |
| ચૌદ નિયમ ધારવાની રીત | ૨૬ |
| ૮ અનર્થ દંડ વિરમણ વ્રત | ૩૮ |
| ૯ સામાયિક વ્રત | ૩૯ |
| ૧૦ દેશાવગાસિક વ્રત | ૪૦ |
| ૧૧ પૌષધોપવાસ વ્રત | ૪૧ |
| ૧૨ અતિથિ સંવિભાગ વ્રત | ૪૨ |
| સંલેખના વ્રત | ૪૩ |
| જ્ઞાનાચારના અતિચાર | ૪૪ |
| દર્શનાચારના અતિચાર | ૪૫ |
| ચારિત્રાચારના અતિચાર | ૪૬ |
| તપાચારના અતિચાર | ૪૭ |
| વીર્યાચારના અતિચાર | ૫૦ |
| વ્રત ભંગનું ફળ. | ૫૧ |
| જાવજજીવ માટેના નિયમો | ૫૨ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **વિસ્તારથી બાર વ્રતની ટીપ** | |
| માર્ગાનુસારીના ૩૫ ગુણ | ૬૩ |
| મિથ્યાત્વના તમામ પ્રકારો | ૮૩ |
| દેવ ગુરૂ અને ધર્મની સમજણ | ૯૬ |
| સમકિતના ૬૭ બોલ | ૯૮ |
| સમકિતની કરણી | ૧૦૩ |
| જિનમંદિર સંબંધી ૮૪ આશાતના | ૧૦૫ |
| ૪ આગાર ૪ બોલ અને વ્રત ઉચ્ચરવા માટેના ૨૧ ભાંગા | ૧૦૭ |
| સમકિતના અતિચાર | ૧૧૦ |
| શ્રાવકના ૨૧ ગુણ | ૧૧૨ |
| ભાવ શ્રાવકનાં ૬ લિંગ | ૧૧૪ |
| ભાવ શ્રાવકનાં ૧૭ લક્ષણ | ૧૧૫ |
| ૧ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત | ૧૧૮ |
| ૨ સ્થૂલ મૃષાવાદ ,, ,, | ૧૨૪ |
| ૩ સ્થૂલ અદત્તાદાન,, ,, | ૧૨૭ |
| ૪ બ્રહ્મચર્ય વ્રત | ૧૩૨ |
| ૫ સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત | ૧૩૯ |
| ૬ દિક્ પરિમાણ વ્રત | ૧૪૫ |
| ૭ ભોગોપભોગ વિરમણ વ્રત | ૧૪૮ |
| ૧૪ નિયમ ધારવાની રીત | ૧૪૯ |
| ૨૨ અભક્ષ્યને ૧૫ કર્માદાન ત્યાગ કરવાની રીત | ૧૬૯ |
| ૮ અનર્થ દંડ વિરમણ વ્રત | ૧૮૦ |
| ૯ સામાયિક વ્રત | ૧૮૫ |
| ૧૦ દેશાવગાસિક વ્રત | ૧૯૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧૧ પૌષધોપવાસ વ્રત | ૧૯૨ |
| ૧૨ અતિથિ સંવિભાગ વ્રત | ૧૯૬ |
| સંલેખનાના પાંચ અતિચાર | ૨૦૩ |
| જ્ઞાનાચારના આઠ અતિચાર | ૨૦૬ |
| અસ્વાધ્યાય દિવસો | ૨૦૭ |
| સૂતક વિચાર | ૨૧૪ |
| દર્શનાચારના આઠ અતિચાર | ૨૧૯ |
| ચારિત્રાચારના આઠ અતિચાર | ૨૨૨ |
| તપાચારના બાર અતિચાર | ૨૨૪ |
| વીર્યાચારના ત્રણ અતિચાર | ૨૩૦ |
| દાનનું વધારે ફલ મેળવવાની રીત | ૨૩૨ |
| શ્રાવકના મનોરથો | ૨૩૩ |
| શ્રાવક યોગ્ય ૧૧ પ્રતિમા | ૨૩૫ |
| વ્રત ભંગનું ફલ | ૨૩૮ |
| શ્રાવકની દિનચર્યા | ૨૪૦ |
| શ્રાવકનાં ષટ્કર્મ | ૨૪૫ |
| જિનેશ્વરની પૂજા કરવાની વિધિ | ૨૪૬ |
| સમકિતના ૬૭ બોલની સજ્ઝાય | ૨૬૨ |
| ચઉ શરણ | ૨૭૧ |
| પુન્ય પ્રકાશનું સ્તવન | ૨૭૨ |
| પર્યુષણ પર્વની કરણી | ૨૮૦ |
| પૌષધ વિધિ | ૨૮૨ |
| **અષ્ટપ્રકારી પૂજા ઉપર કથાઓ** | |
| જલપૂજા ઉપર સોમશ્રીની કથા | ૩૧૧ |
| ચંદનપૂજા વિષે જયસુર રાજાની કથા | ૩૧૪ |
| પૃષ્પપૂજા વિષે લીલાવતીની ,, | ૩૧૬ |
| ધૂપપૂજા વિષે વિનયંધરની ,, | ૩૧૮ |
| દીપપૂજા વિષે જીનમતી અને ધનશ્રીની કથા | ૩૨૨ |
| અક્ષતપૂજા વિષે શુકયુગલની કથા | ૩૨૪ |
| નૈવેદ્યપૂજા વિષે હલિકની ,, | ૩૨૮ |
| ફલપૂજા વિષે દુર્ભાગી સ્ત્રીની કથા | ૩૩૦ |
| **બાર વ્રતની કથાઓ** | |
| ૧ મચ્છીમાર અને ચંદ્ર કુમારની કથા | ૩૩૩ |
| ૨ શ્રીકાંત શ્રેષ્ઠી અને વસુ રાજાની કથા | ૩૩૫ |
| ૩ લક્ષ્મીપુંજ અને લોહ-ખુરની કથા | ૩૩૮ |
| ૪ શીલવતીની કથા | ૩૪૨ |
| ૫ વિદ્યાપતિની કથા | ૩૪૩ |
| ૬ સિંહશ્રેષ્ઠીની કથા | ૩૪૫ |
| ૭ ત્રણ મિત્રની કથા | ૩૪૬ |
| ૮ કોણિક અને ચિત્રગુપ્તની કથા | ૩૪૮ |
| ૯ ચંદ્રાવતંસ અને મહણ-સિંહની કથા | ૩૫૦ |
| ૧૦ કાકજંઘ અને કોકાશની કથા | ૩૫૨ |
| ૧૧ મેઘરાજાની કથા | ૩૫૩ |
| ૧૨ મૂલદેવની કથા | ૩૫૩ |
| ક્રોધ ઉપર સાધુની કથા. | ૩૫૪ |
| માન ઉપર દશાર્ણભદ્રની કથા | ૩૫૫ |
| માયા ઉપર શ્રી મલ્લીનાથજીની કથા | ૩૫૬ |
| લોભ ઉપર સુભૂમચક્રીની કથા | ૩૫૬ |

# પાપની આલોચના.

મારે જીવે મનુષ્યને ભવે, બહિરાત્મા કરીને, ભવાનંદિપણું કરીને, રાત્રિભોજન કરીને, ૩૨ અનંતકાય ભક્ષણ કરીને, બાવીસ અભક્ષ ભક્ષણ કરીને, વાસી ખાઇને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિ પરભવમાંહિ અનંતાભવમાંહિ, તે સવિ મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. કોઈને ત્રાસ પમાડીને, કોઇના જીવને ભય પમાડીને, કોઈના જીવને ધ્રાસકો પમાડીને, કપટ કરીને, માંહોમાંહિ ખેદ કરીને, પારકા અવગુણ બોલીને, સ્વપ્રશંસા કરીને કર્મ બાંધ્યાં હોય, તે સવિ હૂં મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. ચપલતાપણું કરીને, કૂડ કપટ કરીને, કોઈને માઠું વચન કહીને, આર્ત્તધ્યાને કરીને, રૌદ્રધ્યાને કરીને, મારે જીવે આ ભવને વિષે, પરભવને વિષે કર્મ બાંધ્યાં હોય તે સવિ હૂં મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. કુતુહલ જોવે કરીને કર્મ બાંધ્યાં હોય, નાટક જોવે કરીને કર્મ બાંધ્યાં હોય, કોઈને ચોર કહીને કર્મ બાંધ્યાં હોય, પચ્ચક્ખાણ ભાંગીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પરભવમાંહિં, તે સવિ હૂં અરિહંતની સાખે, સિદ્ધની સાખે, ધર્માચાર્યની સાખે, પોતાના આત્માની સાખે, ગુરૂની સાખે, મન વચન ને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. કોઈને કદાગ્રહ કરાવીને, અનર્થદંડે કરીને, હોલીની લડાઇ પ્રમુખ જોવે કરીને, આ ભવમાંહીં, પરભવમાંહીં, અનંતા ભવમાંહિં જે કાંઈ કર્મ બાંધ્યાં હોય તે સવિ હૂં મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. હિંડતાં ચાલતાં, બેસતાં ઉઠતાં, બોલાવતાં, ખાતાં પીતાં, કોઇ જીવને વિરાધ્યા હોય, કોઇ જીવને દુઃખ ઉપજાવ્યું હોય, તે સર્વે જીવને

ખમાવું છું. સર્વ જીવ મારો અપરાધ ખમજો. આ ભવમાંહિ પરભવમાંહિ અનંતાભવમાંહિ કોઇ જીવને હણ્યા હોય, હણાવ્યા હોય, હણતાં પ્રતિ અનુમોદ્યા હોય તે સવિ હું મને વચને કાયાએ કરી, તસ્સ મિચ્છામિ દુક્કડં. [ હવે અઢાર પાપસ્થાનક આલોવે છે. ] ૧ પ્રાણાતિપાત કરીને કર્મ બાંધ્યાં હોય. ૨ મૃષાવાદ બોલીને કર્મ બાંધ્યાં હોય, ૩ અદત્તાદાન કરીને કર્મ બાંધ્યાં હોય. ૪ મૈથુન સેવીને કર્મ બાંધ્યાં હોય, ૫ પરિગ્રહ કરીને કર્મ બાંધ્યાં હોય, ૬ ક્રોધ કરીને કર્મ બાંધ્યાં હોય ૭ માને કરીને કર્મ બાંધ્યાં હોય, ૮ માયાએ કરીને કર્મ બાંધ્યાં હોય, ૯ લોભે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૦ રાગે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૧ દ્વેષે કરીને કર્મ બાંધ્યાં હોય. ૧૨ કલહ કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૩ અભ્યાખ્યાને કરીને ( જુઠું આળ દઈને ) કર્મ બાંધ્યાં હોય, ૧૪ પૈશુન્યપણું ( ચાડીએ ) કરીને કર્મ બાંધ્યાં હોય ૧૫ રતિ અરતિ કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૬ પરપરિવાદ ( પારકી નિંદાએ ) કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૭ માયા મૃષાવાદે કરીને કર્મ બાંધ્યાં હોય, ૧૮ મિથ્યાત્વશલ્યે કરીને કર્મ બાંધ્યાં હોય એ અઢાર પાપસ્થાનક કરીને કર્મ બાંધ્યાં હોય, આ ભવને વિષે, પરભવને વિષે, અનંતા ભવને વિષે તે સવિ હું અરિહંતની સાખે, સિદ્ધની સાખે, કેવલીની સાખે, ગુરૂની સાખે, દેવની સાખે પોતાના આત્માની સાખે, શ્રી સીમંધરસ્વામીની સાખે, સર્વ પાપને નિંદું છું. તે સર્વપાપ મારાં નિષ્ફલ થાઓ. ચાર કષાય કરીને કર્મ બાંધ્યાં હોય, પાંચ આશ્રવ સેવીને કર્મ બાંધ્યાં હોય, પારકાં છિદ્ર જોવે કરીને કર્મ બાંધ્યાં હોય, છ કાયની વિરાધના કરીને કર્મ બાંધ્યાં હોય,

સાત વ્યસન સેવીને કર્મ બાંધ્યાં હોય, આઠ મદે કરીને કર્મ બાંધ્યાં હોય, વિશ્વાસઘાત કરીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં પરભવમાંહિં, અનંતા ભવમાંહિં, જે કોઇ કર્મ બાંધ્યાં હોય, તે સવિ હૂં શ્રી સીમંધરસ્વામિ વિગેરે અરિહંતની સાખે, સિદ્ધની સાખે, કેવલીની સાખે, પોતાના આત્માની સાખે, ગુરૂની સાખે, દેવની સાખે, મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં. સર્વ પાપનો ત્યાગ કરૂં છું. નવ પ્રકારના નિયાણાએ કરીને કર્મ બાંધ્યાં હોય, જીનનો દશ પ્રકારે અવિનય કરીને કર્મ બાંધ્યાં હોય, ચૌદ રાજલોકમાં ભમીને કર્મ બાંધ્યાં હોય, પંદર કર્માદાન કરીને કર્મ બાંધ્યાં હોય, તે સવિ હૂં મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં, સોલ કષાય કરીને કર્મ બાંધ્યાં હોય, સત્તર ભેદે અસંજમ સેવીને કર્મ બાંધ્યાં હોય, પાંચ ઇન્દ્રિયના ત્રેવીસ વિષય સેવીને કર્મ બાંધ્યાં હોય, પચવીસ ક્રિયા કરીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિ પરભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હૂં મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. બાર વ્રત ભાગવાથી કર્મ બાંધ્યાં હોય, પચવીશ કષાયે કરીને કર્મ બાંધ્યાં હોય, પંદર જોગે કરીને કર્મ બાંધ્યાં હોય, મોહનીયનાં ઠાણ સેવીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિ પરભવ માંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હૂં મને વચને કાયાએ કરી, તસ્સ મિચ્છામિ દુક્કડં. ચારિત્રની વિરાધના કીધી હોય, ચારિત્ર લેઈને શુદ્ધ પાળ્યું ન હોય, વ્રત લેઈને ભાગ્યું હોય, પચ્ચક્ખાણ ખંડ્યું હોય, ઉત્સૂત્રની પ્રરૂપણા કરીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હૂં મને

વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. પાપનો ઉપદેશ દેઈને કર્મ બાંધ્યાં હોય, ખોટો માર્ગ બતાવીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, પ્રભુની આણ ભાંગી હોય, તે સવિ હૂ મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. કોઈને ખોટી બુદ્ધિ આપી હોય, કોઈને અણછતાં આળ દીધાં હોય, કોઈની નિંદા કીધી હોય, પ્રમાદે કરીને કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિ, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિ, તે સવિ હૂ, મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. જ્ઞાનની વિરાધના કરી હોય, દર્શનની વિરાધના કરી હોય, ચારિત્રની વિરાધના કરી હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, ૧ જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર એ ત્રણ રત્નની વિરાધના કીધી હોય, તે સવિ હૂ (નિશ્ચે) મને વચને કાયાએ કરી તસ્સ મિચ્છામિ દુક્કડં. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, એ પાંચ પ્રકારના અંતરાયે કરીને, કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, કોઇને ધર્મ કરતાં અંતરાય કીધો હોય, તે સવિ હૂ, મને વચને. કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં. કોઇ ભવમાંહિં ચારિત્ર લેઇને, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિની વિરાધના કીધી હોય, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાની, આશાતના કીધી હોય, નિંદા કીધી હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હૂ મને વચને, કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. શત્રુંજય, ગીરનાર, આબુ, અષ્ટાપદ, સમેતશીખર, ઈત્યાદિક કોઈ તીર્થની,

અજાણપણે, મૂર્ખપણે, આશાતના કીધી હોય, નિંદા કીધી હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હું, મને વચને કાયાએ કરીને, અરિહંતની સાખે, સિદ્ધની સાખે, પોતાના આત્માની સાખે, ગુરૂની સાખે, તસ્સ મિચ્છામિ દુક્કડં. (સર્વ પાપ મુઝને નિષ્ફલ થાઓ.) જંગમ તીર્થની આશાતના કરીને કર્મ બાંધ્યાં હોય, સ્થાવર તીર્થની આશાતના કરીને કર્મ બાંધ્યાં હોય, અવર્ણવાદ બોલીને કર્મ બાંધ્યાં હોય, હાંસી કરીને કર્મ બાંધ્યાં હોય, તે સવિ હું મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.૧ મતિજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૩ અવધિજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૪ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૫ કેવલજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, જ્ઞાનની વિરાધના કરીને, આશાતના કરીને, જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, તે સવિ હું મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં.હવે જ્ઞાનાવરણીય કર્મ કેમ બંધાય, તે ૭ બોલ કહે છે. ૧ સિદ્ધાંત શાસ્ત્ર વેચે, ૨ કુદેવની પ્રશંસા કરે, ૩ જ્ઞાનને વિષે સંદેહ આણે, ૪ કુશાસ્ત્ર ને કુમતીની પ્રશંસા કરે, ૫ શાસ્ત્રના સિદ્ધાંતના મૂલગા અર્થ ભાંગે, ૬ પારકા દોષ પ્રકાશે, ૭ મિથ્યાત્વ ઉપદિશે, એ સાત બોલે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હું, મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં. ૧ કાલ વેલાએ જ્ઞાન ભણીને જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૨ વિનય

કર્યા વિના જ્ઞાન ભણીને કર્મ બાંધ્યાં હોય, ૨ બહુમાન વિના જ્ઞાન ભણીને કર્મ બાંધ્યાં હોય, ૪ ઉપધાન વહ્યા વિના જ્ઞાન ભણીને કર્મ બાંધ્યાં હોય, ૫ આપણો ગુરૂ ઓળવીને કર્મ બાંધ્યાં હોય, ૬ સૂત્ર ખોટો કહીને કર્મ બાંધ્યાં હોય, ૭ અર્થ ખોટો કહીને કર્મ બાંધ્યાં હોય, ૮ સૂત્ર અર્થ બિહું ખોટો કહીને કર્મ બાંધ્યાં હોય, એ આઠ અતિચારે કરીને, જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હું મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે દર્શનાવરણીય કર્મ કહે છેઃ–એ નવ પ્રકૃતિ, દશે બોલે બંધાય, તે દશ બોલ કહે છેઃ–૧ કુતીર્થની સ્તુતિ કરીને, દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય,૨ કુદેવની પ્રશંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૩ હિંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૪ ચારિત્ર થકી હીન ગુરૂની પ્રશંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૫ કુશાસ્ત્રની પ્રશંસા કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૬ મિથ્યાત્વ ઊપર ભાવ ધરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૭ દ્વેષ ધરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૮ સમકિતને દૂષણ લગાવીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૯ સાધુને અંતરાય કરીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, ૧૦ મિથ્યાત્વ ઊપજાવી અન્યાય માર્ગે બોલીને દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય. એ દશ પ્રકારે કરીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં દર્શનાવરણીય કર્મ બાંધ્યાં હોય; તે સવિ હું મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે ત્રીજી

પ્રકૃતિ અશાતાવેદનીય ૧૫ ભેદે બાંધે, તે પંદર ભેદ કહીએ છીએ. જીવને મારીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય.૨ દુઃખશોક ધરીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૩ જીવને બંધન બાંધીને અશાતા વેદનીય કર્મ બાંધ્યાં હોય, ૪ છેદન કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૫ ભેદન કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૬ વિલાપે (રડવાએ) કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૭ પરને પીડા કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૮ જીવને ત્રાસ-પમાડીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૯ પરને આક્રંદ કરાવીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૦ પરદ્રોહ કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૧ થાપણ ઓળવીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૨ પરનો નાશ કે યુદ્ધ કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૩ પર પ્રાણીને દમવે કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૪ ક્રોધ ઊપજાવીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, ૧૫ પારકી નિંદા કરીને, અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, એ પંદર ભેદે કરીને અશાતાવેદનીય કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, :અનંતા ભવ-માંહિં, તે સવિ હું મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે ૭ બોલે દર્શનમોહનીય કર્મ બાંધે તે કહે છેઃ-૧ દેવદ્રવ્યનું હરણ કરી કર્મ બાંધ્યાં હોય, ૨ સિદ્ધાં-તના વચનની નિંદા કરી કર્મ બાંધ્યાં હોય, ૩ ગુરૂની નિંદા કરી કર્મ બાંધ્યાં હોય, ૪ સંઘ ને જીનમાર્ગની નિંદા કરી કર્મ બાંધ્યાં હોય, ૫ અરિહંતની નિંદા કરી કર્મ બાંધ્યાં હોય, ૬ કુમાર્ગ પ્રકાશી કર્મ બાંધ્યાં હોય. એ ૭ બોલે

દર્શનમોહનીય કર્મ બાંધ્યું હોય, તે સવિ હૂ મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે ચારિત્ર મોહનીય દોય બોલે બાંધે તે કહે છેઃ—૧ તીવ્ર કષાયના ઉદયે કરીને, ૨ હાસ્યાદિકે કરી જીવ ચારિત્ર મોહનીય કર્મ બાંધે, જેણે કર્મે જીવ સંસારમાંહિં ખુતો રહે, અનેક દુઃખ સહે, મોહનીય કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટ સીતેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે તે સંસારમાંહિં રખડાવે એ મોહનીયકર્મ મદિરાપાન સરખું છે હવે પાંચમી પ્રકૃતિ, તિર્યંચ આઉખું વીશે બોલે બાંધે, તે વીસ બોલ કહે છેઃ—શીલ રહિત, ૨ પરને વંચે, ૩ મિથ્યાત્વને ખોટું બોલી પોષે, ૪ કુકર્મ ઉપદિસે, ૫ તોલા માપાં ખોટાં કરે, ૬ માયા કરે, ૭ વચન ખોટાં કરે (બોલે,) ૮ કુડી સાખ ભરે, ૯ ખરો ગંધ ને ખોટો મેલવે, ૧૦ કપુર કસ્તુરીમાં ભેગું કરે, ૧૧ કેસરમાંહિં ભેગ કરે, ૧૨ રૂપા સોનામાંહિં ભેગ કરે, ૧૩ અણહુંતિ જુઠું આળ ચડાવે, ૧૪ ચોરી કરે ખાતર પાડે, ૧૫ હિંગમાંહિં ચણાના લોટનો ભેગ કરે, ૧૬ વઢવાડ કરે, ૧૭ ઘી તેલ ભેળ સંભેળ કરે, ૧૮ કાપોતલેશ્યા કરે, ૧૯ નીલલેશ્યા કરે, ૨૦ આર્ત્તધ્યાન કરે. એ વીસ બોલે કરી જીવ તિર્યંચનું આઉખું બાંધે. આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, એ વીસે બોલે કરી, કર્મ બાંધ્યાં હોય, તે સવિ હૂ મને વચને કાયાએ કરી, તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે આયુમાંથી અશુભ નરક આઉખું, વીશે બોલે બાંધે, તે કહે છે. ૧ મદ મત્સર ઘણો કરે, ૨ લોભ ઘણો કરે, ૩ અહંકાર ઘણો કરે, ૪ મિથ્યાત્વે રાચે, ૫ જીવને મારે, ૬ અસત્ય બોલે, ૭ ધર્મમાં અતિ કાયર

થઈને વ્રત પચ્ચક્‌ખાણ ન કરે, ૮ ભેદ કુભેદ ને જાણે, ૯ ચોરી કરે, ૧૦ નિત્ય વિષય સેવે, ૧૧ સંઘની નિંદા કરે, ૧૨ ગુરૂની નિંદા કરે, ૧૩ જીવહિંસા કરે, ૧૪ જિનપૂજા રહિત, ૧૫ શિલ રહિત, ૧૬ મદિરાપાન કરે; ૧૭ રાત્રી ભોજન કરે, ૧૮ મહા આરંભ કરે, ૧૯ રૌદ્ર ધ્યાન ધ્યાવે, ૨૦ કૃષ્ણ લેશ્યા કરે. એ વીશે બોલે કરીને, જીવ નરકે જાય, એ વીશે બોલે કરી કર્મ બાંધ્યાં હોય, તે સવિ હૂં મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે જીવ અશુભ નામકર્મ આઠે બોલે કરી બાંધે, તે આઠ બોલ કહે છેઃ-૧ મહામિથ્યાત્વ, ૨ અધરમી, ૩ દાન ન દીયે અને પરને દેતાં વારે, ૪ જીન મંદિર પડાવે, ૫ કઠોર ભાષા બોલે, મહા પાપ આરંભ કરે, ૬ પર નિંદા કરે, ૭ પર ઉપર દ્રોહ કરે, માઠું ધારે. ૮ એ આઠે બોલે કરીને આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, કર્મ બાંધ્યાં હોય, તે સવિ હૂં મને વચને કાયાએ કરીને, તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે નીચગોત્ર પાંચ બોલે બાંધે, તે પાંચ બોલ કહે છેઃ-૧ પારકા ગુણ ઢાંકે, ૨ પારકા અવગુણ કહે, ૩ ચાડી કરે, ૪ અણ સાંભળી વાત ચલાવે, ૫ અણદીઠાંને દીઠું કહે. એ પાંચ બોલે કરી જીવ નીચ ગોત્ર બાંધે, એ પાંચ બોલે કરી કર્મ બાંધ્યાં હોય, આ ભવમાંહિં, પર ભવમાંહિં, અનંતા ભવમાંહિં, તે સવિ હૂં મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે જીવ અંતરાય કર્મ અઢાર બોલે બાંધે, તે અઢાર બોલ કહે છે. ૧ કરૂણા નહિ, ૨ દીન દયા નહિ, ૩ અસમર્થ જીવ ઉપર કોપે, ૪ ગુરૂને અનુસરે નહિ, ૫ તપસીને ન વાંદે, ૬ જીન પૂજા

નિષેધે, ૭ જીન વચન ઉથાપે, ૮ જીન ધર્મમાં વિઘ્ન કરે, ૯ સૂત્ર ભણતાં અંતરાય કરે, ૧૦ ભલાં પદ ભણતાં અંતરાય કરે, ૧૧ રૂડે માર્ગે ચાલતાં અંતરાય કરે, ૧૨ પરમાર્થ કહેતાં હાંસી કરે, ૧૩ વિપરીત પ્રકાશે, ૧૪ અસત્ય બોલે, ૧૫ અદત્ત લે, ૧૬ માઠાં કર્મ પ્રકાશે, ૧૭ સિદ્ધાંતની અવહેલણા કરે, ૧૮ સિદ્ધાંત શાસ્ત્રને સાચવે નહિં. એ અઢાર બોલે કરીને જીવ અંતરાયકર્મ બાંધે, એ અઢાર બોલે કરીને જીવે અંતરાય કર્મ બાંધ્યાં હોય, તે સવિ હું મને વચને કાયાએ કરીને તસ્સ મિચ્છામિ દુક્કડં.

## અથ પ્રભાતનાં પચ્ચક્ખાણ.

### પ્રથમ નમુક્કારસહિઅ મુટ્ઠિસહિનું.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

### બીજું પોરિસિ સાઢપોરિસિ પુરિમડ્ઢ અવડ્ઢનું.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં પોરિસિં, સાઢપોરિસિં, (સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં) મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં, ખાઇમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

### ત્રીજું બેઆસણા એકાસણાનું.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં મુટ્ઠિસહિઅં

પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; વિગઇઓ પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, બિયાસણં પચ્ચક્ખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઇ.

જો એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો બિયાસણંને ઠેકાણે એગાસણંનો પાઠ કહેવો.

## ચોથું આયંબિલનું.

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં, મુઠ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં; અન્થત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; આયંબિલં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; એગાસણં પચ્ચક્ખાઇ, તિવિહંપિ

આહારં, અસણં, ખાઈમં, સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં. પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા; સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ.

## પાંચમું તિવિહાર ઉપવાસનું.

સૂરે ઉગ્ગએ, અબ્ભત્તટ્ઠં પચ્ચકખાઈ, તિવિહંપિ આહારં, અસણં, ખાઇમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; પાણહાર પોરિસિં, સાઢપોરિસિં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં; પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ.

## છટ્ઠું ચઉવિહાર ઉપવાસનું.

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ.

## અથ સાંજનાં પચ્ચક્ખાણ.

પ્રથમ બિયાસણું, એકાસણું, આયંબિલ, તિવિહાર ઉપવાસ કે છટ્ઠ આદિ કરે તેણે પાણહારનું પચ્ચક્ખાણ કરવું તે આવી રીતેઃ—

પાણુહાર દિવસચરિમં પચ્ચક્ખાઈ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## બીજું ચઉવિહારનું પચ્ચક્ખાણ.

દિવસચરિમં પચ્ચક્ખાઈ; ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં,સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## ત્રીજું તિવિહારનું પચ્ચક્ખાણ.

દિવસચરિમં પચ્ચક્ખાઇ; તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## ચોથું દુવિહારનું પચ્ચક્ખાણ.

દિવસચરિમં પચ્ચક્ખાઈ; દુવિહંપિ આહારં, અસણં, ખાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ,

## જે ૧૪ નિયમ ધારે તેને દેસાવગાસિકનું પચ્ચક્ખાણ

દેસાવગાસિઅં ઉવભોગં પરિભોગં પચ્ચક્ખાઇ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## અભિગ્રહ અને ગંઠસીનું પચ્ચક્ખાણ.

અભિગ્રહં (ગંઠસહિયં વેઢસહિયં) પચ્ચક્ખાઈ; અન્નત્થણાભોગેણં, સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

## પચ્ચક્ખાણ માટે ખાસ સૂચના વાંચો.

આ પચ્ચકખાણનો કોઠો યથાશકય પ્રયાસ કરી તૈયાર કરેલો છે છતાં સૂર્યોદય સૂર્યાસ્તમાં ભેદ ન જ હોય તેમ બનવું દુઃશકય છે, ઘડીયાળો પણ બરાબર ટાઇમવાળાં જ હોય તે પણ દુઃસંભવિત છે અને શાસ્ત્રમાં પચ્ચકખાણની છ શુદ્ધિમાં " તીરિત " નામે શુદ્ધિ જણાવી છે. (જેનો અર્થ એ છે કે:–" સમુદ્રને પાર ઉતરેલો માણસ પણ પાણીની પાસે જ ઊભો રહે તો પાણીનાં મોજાંથી તણાઇ જવાનો ભય રહે, માટે પાણીથી થોડે દૂર પહોંચે ત્યારે જ પાર ઊતર્યો ગણાય. તેમ પચ્ચકખાણ જે મીનીટે પૂર્ણ થાય તેજ મીનીટે પારવાથી ઘડીયાળ, સૂર્યના ઊદય–અસ્તના ફેરફારો વિગેરે કારણોથી પચ્ચકખાણ ભાગવાનો ભય રહે માટે પૂર્ણ થયા પછી પણ થોડો ટાઈમ વીત્યા પછી પારવું જોઈએ. " એમ તીર્થંકર ભગવંતની આજ્ઞા છે ) માટે પચ્ચક્ખાણનો કાળ થઇ રહ્યા પછી થોડી મીનીટે પારી શકાય.વિગેરે કારણો ધ્યાનમાં લઈ પચ્ચકખાણના ફળના અર્થી આત્માઓને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે કોઠામાં બતાવેલા ટાઈમ કરતાં દરેક પચ્ચકખાણ ઓછામાં ઓછું પણ પાંચ મીનિટ પછીજ પારવું.

આ કોઠો અમદાવાદના સૂર્યોદય ટાઈમ પ્રમાણે તયાર કર્યો છે માટે અમદાવાદથી ઊત્તરદિશામાં આશરે ૫૦ માઇલે ૧ મીનિટ સૂર્યોદય મોડો સમજી પચ્ચકખાણમાં લખેલા વખતમાં વધારે મીનીટો ઉમેરીને પારવું.

## વચ્ચેના દીવસનું અંતર કાઢવાની સમજ.

"જેમકે જાન્યુઆરી પહેલી તારીખે નવકારસીનું પચ્ચક્ખાણ ૮–૧૦ થાય છે. અને તારીખ સોળમીએ ૮–૧૩ થાય છે તો ૧૫ દીવસે ત્રણ મીનીટ ફેર પડે છે માટે પાંચ દીવસે એક મીનીટ વધે, તેથી તા. ૬ થી ૮–૧૧ મીનીટે તા. ૧૧ થી ૮–૧૨ મીનીટે અને તા. ૧૬ થી ૮–૧૩ મીનીટે પચ્ચકખાણ થાય. અમદાવાદવાળાને એપ્રીલ તા. ૧૬ મીએ નવકારસીનું પચ્ચકખાણ ૭–૮ મીનીટે થાય છે અને મે તા. ૧ લીએ ૫–૫૬ થાય છે. તો ૧૫ દીવસે ૧૨ મીનીટનો ફેર સૂર્યોદય વહેલો થવાથી પડે છે. તે માટે દરરોજ પોણી મીનીટ પચ્ચકખાણ વહેલું થાય. એટલે ચાર દીવસે ત્રણ મીનીટ વહેલું પચ્ચકખાણ થાય જેમકેઃ–એપ્રીલ તા. ૨૦ એ નવકારસી ૭–૫ તા. ૨૪ મીએ ૭–૨ તા. ૨૮ મીએ ૬–૫૯ મે તા. ૧ ૬–૫૬ થાય એ પ્રમાણે ઉપરના ટાઈમથી નીચેના ટાઈમમાં જેટલી મીનીટ ફેર આવે તેને પંદર દીવસે ભાગતાં જે જવાબ આવે તેટલું દરરોજનું અંતર સમજવું."

**સૂચના**—આ પચ્ચક્ખાણનો કોઠો ફક્ત અમદાવાદની ગણતરીનો છે. જેથી વડોદરા, ભરૂચ, સુરત, ભાવનગર, પાલીતાણા, મહુવા, મહેસાણા, પાટણ, રાધનપુર, પાલનપુર, માઉન્ટઆબુ, શીરોહી, ઉદેપુર, ડુંગરપુર, ગોધરા વિગેરે ગામોવાળાઓએ તેમજ તે તે ગામોની મર્યાદામાં આવતાં દરેક ગામોવાળાઓએ ઉપરોક્ત કોઠાના વખતથી પાંચ મિનિટ વધારીને પચ્ચક્ખાણનો સમય ગણવો.

# પચ્ચક્ખાણનો કોઠો

પચ્ચક્ખાણ પારવાનો સમય સ્પષ્ટ રીતે સૂર્યના ઉદયાસ્ત ઉપર નવલંબે છે. આ ઉદયાસ્તની ગતિમાં ચાલુ ફેરફાર થયા કરે છે. આ ફેરફાર થવાનું કારણ સૂર્યની ઉત્તરાયન દક્ષિણાયન ગતિ છે. તા, ૧ થી ૧૬ વચ્ચેનું અંતર કાઢીને પચ્ચક્ખાણનો સમય ગણવો.

| માસ | | સૂર્ય ઉ. ક. મિ. | સૂર્ય અ ક. મિ. | નવકારશી ક. મિ. | પોરસી ક. મિ. | સાઢપોર ક. મિ. | પૂરિમડ્ઢ ક. મિ. | અવડ્ઢ ક. મિ. |
|---|---|---|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૧ | ૭–૨૨ | ૬—૫ | ૮–૧૦ | ૧૦–૩ | ૧૧–૨૪ | ૧૨–૪૪ | ૩–૨૫ |
| ૩૧ ,, | ૧૬ | ૭–૨૫ | ૬–૧૫ | ૮–૧૩ | ૧૦–૮ | ૧૧–૨૯ | ૧૨–૫૦ | ૩–૩૩ |
| ફેબ્રુઆરી | ૧ | ૭–૨૧ | ૬–૨૭ | ૮—૯ | ૧૦–૮ | ૧૧–૩૧ | ૧૨–૫૪ | ૩–૪૧ |
| ૨૮ ,, | ૧૬ | ૭–૧૩ | ૬–૩૬ | ૮—૧ | ૧૦–૪ | ૧૧–૩૦ | ૧૨–૫૫ | ૩–૪૬ |
| માર્ચ | ૧ | ૭—૪ | ૬–૪૨ | ૭–૫૨ | ૯–૫૯ | ૧૧–૨૬ | ૧૨–૫૩ | ૩–૪૮ |
| ૩૧ ,, | ૧૬ | ૬–૫૦ | ૬–૪૮ | ૭–૩૮ | ૯–૫૦ | ૧૧–૨૦ | ૧૨–૪૯ | ૩–૪૯ |
| એપ્રિલ | ૧ | ૬–૩૪ | ૬–૫૪ | ૭–૨૨ | ૯–૩૯ | ૧૧–૧૨ | ૧૨–૪૪ | ૩–૪૯ |
| ૩૦ ,, | ૧૬ | ૬–૨૦ | ૭—૦ | ૭—૮ | ૯–૩૦ | ૧૧—૫ | ૧૨–૪૦ | ૩–૫૦ |
| મે | ૧ | ૬—૮ | ૭—૬ | ૬–૫૬ | ૯–૧૯ | ૧૧—૦ | ૧૨–૩૭ | ૩–૫૨ |
| ૩૧ ,, | ૧૬ | ૬—૦ | ૭–૧૩ | ૬–૪૮ | ૯–૨૩ | ૧૦–૫૮ | ૧૨–૩૭ | ૩–૫૫ |
| જુન | ૧ | ૫–૫૫ | ૭–૨૦ | ૬–૪૩ | ૯–૧૭ | ૧૦–૫૮ | ૧૨–૩૮ | ૩–૫૯ |
| ૩૦ ,, | ૧૬ | ૫–૫૪ | ૭–૨૬ | ૬–૪૨ | ૯–૧૭ | ૧૦–૫૯ | ૧૨–૪૦ | ૪—૩ |
| જુલાઈ | ૧ | ૫–૫૮ | ૭–૨૯ | ૬–૪૬ | ૯–૨૧ | ૧૧—૩ | ૧૨–૪૪ | ૪—૭ |
| ૩૧ ,, | ૧૬ | ૬—૪ | ૬–૨૭ | ૬–૫૨ | ૯–૨૫ | ૧૧—૬ | ૧૨–૪૬ | ૪—૭ |
| ઓગષ્ટ | ૧ | ૬–૧૧ | ૭–૨૧ | ૬–૫૯ | ૯–૨૯ | ૧૧—૮ | ૧૨–૪૬ | ૪—૪ |
| ૩૧ ,, | ૧૬ | ૬–૧૭ | ૭–૧૧ | ૭—૫ | ૯–૩૧ | ૧૧—૮ | ૧૨–૪૪ | ૩–૫૮ |
| સપ્ટેમ્બર | ૧ | ૬–૨૩ | ૬–૫૭ | ૭–૧૧ | ૯–૩૨ | ૧૧—૬ | ૧૨–૪૦ | ૩–૪૯ |
| ૩૦ ,, | ૧૬ | ૬–૨૭ | ૬–૪૨ | ૭–૧૫ | ૯–૩૧ | ૧૧—૩ | ૧૨–૩૫ | ૩–૩૯ |
| ઓકટોમ્બર | ૧ | ૬–૩૩ | ૬–૨૭ | ૭–૨૧ | ૯–૩૨ | ૧૧—૧ | ૧૨–૩૦ | ૩–૨૯ |
| ૩૧ ,, | ૧૬ | ૬–૩૮ | ૬–૧૩ | ૭–૨૬ | ૯–૩૨ | ૧૦–૫૯ | ૧૨–૨૬ | ૩–૨૦ |
| નવેમ્બર | ૧ | ૬–૪૬ | ૬—૧ | ૭–૩૪ | ૯–૩૫ | ૧૧—૦ | ૧૨–૨૪ | ૩–૧૩ |
| ૩૦ ,, | ૧૬ | ૬–૫૫ | ૫–૫૪ | ૭–૪૩ | ૯–૪૦ | ૧૧—૩ | ૧૨–૨૫ | ૩–૧૦ |
| ડીસેમ્બર | ૧ | ૭—૫ | ૫–૫૨ | ૭–૫૩ | ૯–૪૭ | ૧૧—૮ | ૧૨–૨૯ | ૩–૧૧ |
| ૩૧ ,, | ૧૬ | ૭–૧૫ | ૫–૫૬ | ૮—૩ | ૯–૫૬ | ૧૧–૧૬ | ૧૨–૩૬ | ૩–૧૬ |

# શ્રી સમ્યક્ત્વ મૂળ બાર વ્રતની સંક્ષિપ્ત ટીપ.

## માર્ગાનુસારીના પાંત્રીશ ગુણ.

**सर्वविरति लालसः खलु देशविरति परिणामः**—ગૃહસ્થ સંઘયણ આદિ દોષોથી સર્વ વિરતિ લેવામે અશક્ત હોય ત્યારે સાધુ ધર્મનો અનુરાગી થઈ દેશવિરતિ (બાર વ્રતો) ગ્રહણ કરે, તેનો જ ગૃહસ્થ ધર્મ કલ્પવૃક્ષવત્ સફલ છે. તે ધર્મની લાયકાત માર્ગાનુસારી ગુણોથી થાય છે, માટે ભવભીરૂ આત્માઓએ ખાશ મનન કરી ગુણગ્રાહી થવું.

न्यायसंपन्न [1]विभवः शिष्टाचार [2]प्रशंसकः ।
कुलशीलसमैः सार्द्धं [3]कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ १ ॥

## માર્ગાનુસારીના ૩૫ ગુણ.

### શ્લોકાર્થ

૧. ન્યાયસંપન્નવિભવ—ન્યાયથી ધન મેળવવું તે, સ્વામીદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસીને ઠગવું, ચોરી કરવી, થાપણ છીનવી લેવી વિગેરે નિંદવા યોગ્ય કાર્યનો ત્યાગ કરીને ધન મેળવવું.

૨. શિષ્ટાચાર પ્રશંસા—ઉત્તમ પુરૂષોના આચરણોનાં વખાણ કરવાં.

૩. સરખા કુળાચારવાળા પણ અન્ય ગોત્રી સાથે વિવાહ કરવો.

[4]पापभीरुः प्रसिद्धं च देशा[5]चारं समाचरन् ।
अवर्णवादी न[6] क्वापि राजादिषु विशेषतः ॥ २ ॥
अनतिव्यक्तगुप्ते च स्थाने सुप्रातिवेश्मिके ।
[7]अनेकनिर्गमद्वार–विवर्जित निकेतनः ॥ ३ ॥
कृतसङ्गः [8]सदाचारैर्मातापित्रोश्च[9]पूजकः ।
त्यजन्नुपप्लुतं[10]स्थानमप्रवृत्त[11]श्चगर्हिते ॥ ४ ॥

૪. પાપના કાર્યથી ડરવું—પાપ કરતાં બીવું.

૫. પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું.

૬. કોઈનો અવર્ણવાદ બોલવો નહિ—તેમાં રાજાદિકનું વિશેષે કરીને ખોટું બોલવું નહિ.

૭. જે ઘરમાં પેસવા નીકળવાના અનેક રસ્તા ન હોય તથા જે ઘર અતિ ગુપ્ત અને અતિ પ્રગટ ન હોય અને પાડોશી સારા હોય તેવા ઘરમાં રહેવું.

૮. સારા આચરણવાળા પુરૂષોની સોબત કરવી.

૯. માતા તથા પિતાની પૂજા કરવી—તેમની સાથે વિનયથી વર્તવું. તેમને પ્રસન્ન રાખવા.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો.—લડાઈ, દુકાળ, પ્લેગ વગેરે ઉપદ્રવવાળા સ્થાનકનો ત્યાગ કરવો.

૧૧. નિંદિત કામમાં ન પ્રવર્તવું.—જે કાર્યો નિંદવા યોગ્ય હોય તે કાર્યો ન કરવાં.

व्ययमायोचितं[12] कुर्वन् वेषं [13]वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणै[14]र्युक्तः शृण्वा[15]नो धर्म मन्वहं ॥५ ॥
अजीर्णे भोजनत्यागी[16] काले भोक्ता[17] च सात्म्यतः ।
अन्योऽन्याप्रतिबन्धेन त्रिवर्गमपि साधयन्[18] ॥ ६ ॥
यथावदतिथौ साधौ दीने च प्रतिपत्तिकृत्[19] ।

૧૨. **આવક પ્રમાણે ખર્ચ કરવું**—જેટલી કમાણી હોય તેના પ્રમાણે ખર્ચ કરવું.

૧૩. **ધનને અનુસરતો વેષ રાખવો**—આવક પ્રમાણે પોષાક રાખવો.

૧૪. **આઠ પ્રકારના બુદ્ધિના ગુણને સેવવા, તેનાં નામ.**

૧ શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા. ૨ શાસ્ત્ર સાંભળવું. ૩ તેનો અર્થ સમજવો. ૪ તે યાદ રાખવો. ૫ ઉહ–તેમાં તર્ક કરવો તે સામાન્ય જ્ઞાન. ૬ અપોહ–વિશેષ જ્ઞાન. ૭ ઉહાપોહથી સંદેહ ન રાખવો. ૮ જ્ઞાન–આ વસ્તુ આમ જ છે એવો નિશ્ચય કરવો.

૧૫. **નિત્ય ધર્મને સાંભળવો** કે જેથી બુદ્ધિ નિર્મળ થાય.

૧૬. **પહેલાં જમેલું ભોજન પચી જાય ત્યાર પછી નવું ભોજન કરવું.**

૧૭. **જ્યારે ખરી ભૂખ લાગે ત્યારે ખાવું**—એક વાર ખાધા પછી તરતજ મીઠાઈ વગેરે જોઈ લાલચથી ખાવું નહિ કારણ કે અપચો થાય.

૧૮. **ધર્મ અર્થ અને કામ એ ત્રણ વર્ગને સાધવાં.**

૧૯. **અતિથિ, સાધુ અને ગરીબને અન્નપાનાદિ યોગ્યતાનુસાર આપવું.**

[२०]सदानभिनिविष्टश्च [२१]पक्षपाती गुणेषु च ॥ ७ ॥
अदेशाकालयोश्चर्यां [२२]त्यजन् जानन् [२३]बलाबलं ।
व्रतस्थ[२४]ज्ञानवृद्धानां पूजकः पोष्य[२५]पोषकः ॥ ८ ॥
[२६]दीर्घदर्शी [२७]विशेषज्ञः [२८]कृतज्ञो [२९]लोकवल्लभः ।
[३०]सलज्ज [३१]सदयः [३२]सौम्यः [३३]परोपकृतिकर्मठः ॥ ९ ॥

२०. નિરંતર અભિનિવેષ રહિત રહેવું--કોઈને હલકો પાડવા રૂપ ખોટો કદાગ્રહ કરી કામનો આરંભ કરવો નહિ તે.

૨૧. ગુણી પુરૂષોનો પક્ષપાત કરવો--તેમનું બહુમાન કરવું.

૨૨. નિષિદ્ધ દેશકાળનો ત્યાગ કરવો--રાજા તથા માણસોએ મનાઇ કરેલા દેશમાં જવું નહિ.

૨૩. પોતાની શક્તિને અનુસરીને કામનો આરંભ કરવો--પોતાની શક્તિને જાણ્યા પછી કોઇપણ કાર્ય આરંભવું.

૨૪. વ્રતને વિષે રહેલા તથા જ્ઞાને કરી મોટા એવા પુરૂષોને પૂજવા.

૨૫. પોષણ કરવા યોગ્ય જેવા કે માતા પિતા, સ્ત્રી, પુત્રાદિકનું ભરણ પોષણ કરવું.

૨૬. દીર્ઘદર્શી--કાર્ય આરંભતાં જ તે કાર્યના શુભાશુભ ફળનો વિચાર કરવો.

૨૭. વિશેષજ્ઞ--દરેક વસ્તુનો તફાવત સમજી પોતાના આત્માના ગુણદોષની તપાસ કરવી.

૨૮. કૃતજ્ઞ--કરેલા ઉપકાર તથા અપકારને સમજવા.

अन्तरङ्गारिषड्वर्ग परिहार–परायणः ॥
वशीकृतेन्द्रियग्रामो गृहिधर्माय कल्पते ॥ १० ॥

૨૯. **લોકપ્રિય**--વિનયાદિ ગુણે કરી લોકપ્રિય થવું.
૩૦. **લજ્જાળુ**--(લાજવાળો) મર્યાદામાં રહેવું.
૩૧. **દયાળુ**--દયાભાવ રાખવો.
૩૨. **સુંદર આકૃતિવાન**--ક્રુર આકૃતિનો ત્યાગ કરી શરીરનો સુંદર આકાર રાખવો.
૩૩. **પરોપકારી**--બીજા પર ઉપકાર કરવો.
૩૪. **અંતરંગારિજિત**--કામ, ક્રોધ, મદ, લોભ, માન, હર્ષ એ છ અંદરના વૈરીને જીતવા.
૩૫. **વશીકૃતેન્દ્રિય ગ્રામ**--ઈંદ્રિયોના સમુહને વશ કરવાનો અભ્યાસ કરવો.

## વ્રતો લેવાનું મુખ્ય કારણ.

આ જગતમાં જે જે પદાર્થો વિદ્યમાન છે તે બધા કદી પણ આપણા ભોગોપભોગમાં આવી શકતા નથી. એ વાત આપણે સહજ સમજી શકીએ તેવી છે. તેમ છતાં પ્રત્યેક પદાર્થોના આરંભથી ઉત્પન્ન થતા દોષો આપણને અવિરતિપણાએ કરી લાગતા આવે છે, માટે આત્માર્થી મુમુક્ષુ સજ્જનોએ પોતાનાથી કદી સર્વવિરતિપણું આદરી ન શકાય તોપણ દેશવિરતિપણું એટલે શ્રી સમકિત મૂળ બાર વ્રતનું આદરવું હિતાવહ અને આવશ્યક છે. જેથી પદાર્થોને વિષે અનેક આરંભાદિકથી લાગતા દોષોથી આત્મા વિમુક્ત થાય છે. ઉપાધિઓનો નાશ થાય છે. અને ધર્મ

આરાધનની શ્રેણિમાં આત્મા વિશુદ્ધ તન્મયતા મેળવી આગળ વધે છે અને અન્તે અક્ષયપદ જે મુક્તિ અજરામર પૂર્ણાનંદ સ્થાને પહોંચી જાય છે.

બાહ્યોપાધિ દૂર કરી, વંછી આતઅહિત;
ગ્રહણ કરો વ્રત દેશથી, બાર મૂલ સમકિત. ૧
સમકિતવંતા જીવડા, કરે કુટુંબ પ્રતિપાલ;
અંતરગત ન્યારા રહે, જ્યું ધાઇ ખેલાવે બાલ. ૨

अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।
जिण पन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहियं ॥ १ ॥

અર્થ—જાવજીવ સુધી અરિહંત પ્રભુ મારા દેવ છે, સારા સાધુઓ મારા ગુરૂ છે. જિનેશ્વરે કહેલું તત્ત્વ તે ધર્મ છે એ પ્રમાણે મેં સમકિત ગ્રહણ કર્યું છે.

## સમકિત.

૧. શુદ્ધદેવ—તે અઢાર દોષરહિત અરિહંત દેવ.
૨. શુદ્ધગુરૂ—તે પંચ મહાવ્રતધારી સાધુ.
૩. શુદ્ધધર્મ—તે તીર્થંકર ભાષિત ધર્મ.

ઉપરનાં ત્રણ તત્ત્વોને તરણ તારણ જહાઝ સમાન માનું તથા કુદેવ કુગુરૂ અને કુધર્મને તરણ તારણ જહાઝ બુદ્ધિએ પૂજવા માનવા રૂપ મિથ્યાત્વનો ત્યાગ કરૂં.

૧. મહામંત્ર શ્રી નવકાર સાચો સદ્દહું.

૨. જ્યાં દહેરાસરનો જોગ હોય ત્યાં છતી શક્તિએ નિરોગી શરીરે રોજ દેવદર્શન તથા દેવપૂજા કરૂં. જ્યાં દહેરાસરનો જોગ ન હોય ત્યાં તથા રોગાદિ કારણે ભગ-

વાનની છબી કે સિદ્ધચક્રજીના ગટ્ટાનાં દર્શન તથા સેવા કરૂં. તેવો પણ જોગ ન બને તો શ્રી સીમંધર સ્વામીની દિશાએ (ઇશાન ખુણા તરફ) બેસીને ચૈત્ય-વંદન કરૂં.

દહેરાસરની મોટી દશ આશાતનાનો ત્યાગ કરૂં.

૧. દહેરાસરમાં તંબોલ પ્રમુખ ખાઉં નહિ.
૨. દહેરાસરમાં પાણી પીઉં નહિ.
૩. દહેરાસરમાં ભોજન કરૂં નહિ.
૪. દહેરાસરમાં પગરખાં પહેરૂં નહિ.
૫. દહેરાસરમાં મૈથુન સેવું નહિ.
૬. દહેરાસરમાં સુઈ રહું નહિ.
૭. દહેરાસરમાં થુંકું નહિ.
૮. દહેરાસરમાં લઘુનીતિ (મૂત્ર) કરૂં નહિ.
૯. દહેરાસરમાં વડીનીતિ (ઝાડો) કરૂં નહિ.
૧૦. દહેરાસરમાં જુગાર રમું નહિ.

પ્રમાદે કરી દેવદર્શન ન કરૂં તો બીજે દીવસે (    ) ન ખાવું. સ્ત્રીઓએ પૂજાની જયણા રાખવી.

૩. શક્તિ પ્રમાણે દર વર્ષે રૂા. (    ) સાતે ક્ષેત્રોમાં વાપરૂં. તે સાતે ક્ષેત્રોનાં નામ. ૧. સાધુ, ૨. સાધ્વી, ૩. શ્રાવક, ૪. શ્રાવિકા, ૫. દહેરાસર, ૬. જિનપ્રતિમા, અને ૭. જ્ઞાન.

૪. રાજા, ગણ, બળ, દેવતા, ગુરૂ, વૃત્તિકાંતાર એ છ છિંડી તથા અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિ–વત્તિયાગારેણં એ ચાર આગાર સહિત, દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી અરિહંતાદિ છની સાક્ષીએ ચાર બોલ સહિત સમકિત મૂળ બારે વ્રતો પાળું.

## સમકિતના છ આગાર. ( છ છીંડી )

૧. **રાજાભિયોગ**—રાજાની દાક્ષિણ્યતા કે બલથી જૈન ધર્મ વિરુદ્ધ આચરણ ( અન્ય દેવાદિને વંદનાદિ ) કરવું પડે તે.

૨. **ગણાભિયોગ**—ઘણા લોકોના કહેવાથી જૈનધર્મ વિરુદ્ધ કાર્ય કરવું પડે તે.

૩. **બલાભિયોગ**—સૈન્ય તથા ચોરાદિકના જુલમથી જૈન ધર્મ વિરુદ્ધ કાર્ય કરવું પડે તે.

૪. **સુરાભિયોગ**—કુલદેવતાદિકના કહેવાથી જૈનધર્મ વિરૂદ્ધ આચરણ કરવું પડે તે.

૫. **ગુરુ નિગ્રહ**—ભણાવનાર ગુરૂ આદિની દાક્ષિણ્યતાએ જૈનધર્મ વિરૂદ્ધ કાર્ય કરવું પડે તે.

૬. **કાંતાર વૃત્તિ**—ભયંકર અટવી, દુકાળ વગેરેમાં આજીવિકાના ભયથી જીવરક્ષા નિમિત્તે નિયમ ભંગાદિક કરવો પડે તે.

### ચાર આગાર.

૧. **અન્નત્થણાભોગેણં**—ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ કાર્ય થઇ જાય તે.

૨. **સહસ્સાગારેણં**—કોઈ કામ જાણતા છતાં, નિત્યના અભ્યાસથી અકસ્માત્ નિયમ વિરુદ્ધ થાય તે.

૩. **મહત્તરાગારેણં**—મોટા લાભને અર્થે જ્ઞાની ગુણવંત ગુરૂની આજ્ઞાથી કાંઈ ઓછા વધતું કરવું પડે તે.

૪. **સવ્વસમાહિવત્તિયાગારેણં**—શરીરમાં અસમાધિ થયે તથા બેશુદ્ધિમાં કાંઈ નિયમ વિરૂદ્ધ વર્તન થાય તે.

૧. **દ્રવ્યથી**—તે વ્રતો પાળું.
૨. **ક્ષેત્રથી**—તે જે સ્થળે હું હોઉં ત્યાં પાળું.
૩. **કાળથી**—તે હું જીવું ત્યાં સુધી વ્રતો પાળું.
૪. **ભાવથી**—તે ગ્રહાદિકના છલાદિક વડે હું ઠગાયેલો ન હોઉં તથા સન્નીપાતાદિક રોગથી પરાભવ પામેલો ન હોઉં ત્યાં સુધા વ્રતો પાળું.

સમકિત સહિત આ વ્રતો ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ કેવળી, ૪ ગુરૂ (ધર્માચાર્ય) ૫ સાધુ, અને ૬ આત્માની સાક્ષીએ અંગીકાર કરૂં છું; તેમાં ભૂતકાળમાં જે મિથ્યાત્વાદિ કારણોને મેં સેવ્યાં હોય તેની હું નિંદા કરૂં છું. વર્તમાનકાળે તે કારણોનો સંવર કરૂં છું. (રોકું છું.) અને ભવિષ્યકાળનાં પચ્ચક્ખાણ કરૂં છું.

## ચાર બોલ.

૧. ભૂત પ્રેતાદિકથી પીડાઉં નહિ.
૨. કોઈના કપટથી છેતરાઉં નહિ.
૩. સન્નીપાતાદિ રોગથી પરાભવ પામું નહિ.
૪. બીજા કોઈપણ જાતના કષ્ટે કરી મારો આત્મપરિણામ પડે નહિ, ત્યાં સુધી વ્રતો પાળું.
૫. દરરોજ સવારમાં જઘન્યથી નવકારસી અને સાંજે ચઉ-વિહાર કે તિવિહાર કરૂં. રોગાદિક કારણે દુવિહાર અથવા ન બની શકે તેની જયણા.

# વ્રત ઉચ્ચરવા માટેના ભાંગા.

૧. મનથી ન કરૂં
૨. વચનથી ન કરૂં
૩. કાયાથી ન કરૂં
૪. મન વચનથી ન કરૂં
૫. મન કાયાથી ન કરૂં
૬. વચન કાયાથી ન કરૂં
૭. મન વચન કાયાથી ન કરૂં
૮. મનથી ન કરાવું
૯. વચનથી ન કરાવું
૧૦. કાયાથી ન કરાવું
૧૧. મન વચનથી ન કરાવું
૧૨. મન કાયાથી ન કરાવું
૧૩. વચન કાયાથી ન કરાવું
૧૪. મન વચન કાયાથી ન કરાવું
૧૫. મનથી ન કરૂં ન કરાવું.
૧૬. વચનથી ન કરૂં ન કરાવું.
૧૭. કાયાથી ન કરૂં ન કરાવું.
૧૮. મન વચનથી ન કરૂં ન કરાવું
૧૯. મન કાયાથી ન કરૂં ન કરાવું
૨૦. વચન કાયાથી ન કરૂં ન કરાવું
૨૧. મન વચન કાયાથી ન કરૂં ન કરાવું.

આ એકવીશ ભાંગામાંથી જે વ્રત જે ભાંગે ગ્રહણ કરવું હોય ત્યાં ચિન્હ કરવું.

# સમકિતના પાંચ અતિચાર.

૧. **શંકા**--તે જીનવચનમાં શંકા કરે.

૨. **કાંક્ષા**--પરમતનો અભિલાષ ધરે.

૩. **વિચિકિત્સા**--ધર્મના ફળમાં સંદેહ રાખીને વર્તે અથવા સાધુનાં મલમલીન વસ્ત્ર જોઈ મનમાં દુગંછા ધરે.

૪. **પ્રશંસા**--મિથ્યાત્વીની પ્રશંસા કરે.

૫. **સંસ્તવ**--મિથ્યાત્વી સાથે ઘણો પરિચય રાખે.

સમકિતના ચોથા અને પાંચમા અતિચારમાં સંસારી કામની જયણા, પણ ધર્મ બુદ્ધિએ સારૂં જાણું નહિ. એ પાંચ અતિચાર જાણવા, પણ આચરવા નહિ.

# બાર વ્રતો.

## પહેલું સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત.

ત્રસજીવને નિરપરાધી (અપરાધ વિના) સંકલ્પીને (ઈરાદાપૂર્વક) નિરપેક્ષપણે (અપેક્ષા વિના) મન વચન અને કાયાએ કરી ન હણું, ન હણાવું, તેમાં પણ વાળા, કરમીયા, ગંડોલા, કીડાઆદિકની રોગાદિક કારણે અને આરંભે જયણા. જળો મૂકાવવાની જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરવો.

દરેક વ્રતોમાં કાંઈ ઓછુંવધતું લખવું હોય તો ગુરૂ મહારાજને પૂછી નીચેની ખાલી જગ્યામાં લખવું.

### પહેલા વ્રતના પાંચ અતિચાર.

**અતિચાર**—ગ્રહણ કરેલા વ્રતનો અમુક અંશે ભંગ થવો તે.

૧. **વધ**—ક્રોધથી ગાય વિગેરેને મારવા મરાવવાં તે.

૨. **બંધ**—ગાય વિગેરેને આકરા બંધનથી બાંધવાં બંધાવવાં તે

૩. **છવિચ્છેદ**—જીવોનાં અંગોપાંગ નાક કાન વિગેરે છેદવાં છેદાવવાં તે.

૪. **અતિભારારોપણ**—બળદ વિગેરે ઉપર ઘણો ભાર ભરવો ભરાવવો તે.

૫. **ભાત પાણીનો વિચ્છેદ**—યોગ્ય વેળાએ આહાર પાણી ન આપવાં તે.

## બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત.

૧. **કન્યાલીક**—વરકન્યા સંબંધી સગપણ વિવાહાદિકમાં જૂઠું બોલું નહિ.

૨. **ગવાલીક**—ગાય પશુ, આદિક ચોપગાં જનાવર સંબંધી જૂઠું બોલું નહિ.

૩. **ભૂમ્યાલિક**—ભૂમી, ખેતર, વાડી, ઘર, હાટ, મકાન સંબંધી જૂઠું બોલું નહિ.

૪. **ન્યાસાપહાર**—પારકી થાપણ ઓળવું નહિ.

૫. **કૂડી સાક્ષી**—જૂઠી સાક્ષી પૂરૂં નહિ.

આવી રીતે હરેક વ્રતોના અતિચાર ટાલવા ખપ કરવો.

## બીજા વ્રતના પાંચ અતિચાર.

૧. **સહસા**—વગર વિચાર્યે ઓચિંતું કોઇને કંઇ કહેવું તે.

૨. **રહસ્ય**—એકાંતે છાની વાત કરનાર ઉપર રાજ્ય વિરૂદ્ધ ગુન્હો મૂકવો તે.

૩. **દાર મંત્ર ભેદ**—સ્ત્રી વિગેરેની છાની વાત પ્રકટ કરવી તે.

૪. **મૃષા ઉપદેશ**—ખોટો ઉપદેશ આપવો તે.

૫. **કૂટ લેખ**—ખોટા દસ્તાવેજ લખવા. ખોટી સહીઓ કરવી તે.

## ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત.

૧. પારકી ગાંઠેથી કાંઇ છોડી લેઉં નહિ.
૨. ગજવું કાતરી લેઉં નહિ.
૩. ખાતર ન પાડું.
૪. ચોરીની બુદ્ધિએ તાળું ન તોડું.
૫. લુંટ ન કરૂં.
૬. કોઈની પડી ગએલી ચીજ ન લઉં.
૭. પર ક્ષેત્રમાં વાટ ન પાડું.
૮. દાણ ચોરી વ્યાપાર અર્થે ન કરૂં.
૯. રાજદંડ ઉપજે, લોક નિંદે, તેવી ચોરી ન કરૂં.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ઉદ્યમ કરવો.

જ્યાં સુધી બને ત્યાં સુધી લેવડદેવડમાં બરાબર પ્રમાણિકપણું રાખું. ગફલતથી કોઇનું કંઈ આવી ગયું હોય તો તે જાહેર કરી મૂળ ધણીને સોંપી દઉં.

## ત્રીજા વ્રતના પાંચ અતિચાર.

૧. **સ્તેનાહૃત**—ચોરે લાવેલી વસ્તુ ઓછા મૂલ્યે લેવી તે.
૨. **પ્રયોગ**--ચોરને ચોરી કરવામાં પ્રેરણા કરવી.મદદ કરવી.
૩. **તત્પ્રતિરૂપ**--વેપારાર્થે વેચવાની વસ્તુમાં હલકી વસ્તુ ભેળવીને વેચવી તે.
૪. **વિરૂદ્ધગમન**--રાજાએ નિષેધેલા દેશમાં જઇ વેપારાદિ કરવા તે.
૫. **કૂડાં તોલ માપ**--ખોટાં તોલ અને માપથી અધિક લેવું અને ઓછું આપવું તે.

## ચોથું સ્થૂલ બ્રહ્મચર્ય વ્રત.

( સર્વથી ) પોતાની પરણેલી સ્ત્રીનો તથા પરસ્ત્રીનો કાયાથી સોયદોરાના આકારે ત્યાગ કરૂં.

( દેશથી ) પોતાની પરણેલી સ્ત્રીની મર્યાદા તથા પરસ્ત્રીનો સર્વથા કાયાથી ત્યાગ કરૂં.

તેમજ સ્ત્રીએ પોતાના પરણેલા પુરૂષ સંબંધી જાણવું.

## બ્રહ્મચર્ય વ્રતના બે ભેદ—દ્રવ્ય અને ભાવ.

**દ્રવ્ય મૈથુન**--સ્વ અને પરસ્ત્રીની સાથે રતિક્રીડા કરવી તે. તેના બે ભેદ. ઔદારિક શરીરધારી મનુષ્યની સ્ત્રી અને તિર્યંચની સ્ત્રી તથા વૈક્રિય શરીરધારી દેવાંગના અને વિદ્યાધરીની સાથે સ્વપ્નમાં ( બરોબર જાગૃત અવસ્થા ન થાય ત્યાં સુધી ) તથા બેભાન અવસ્થામાં કદાચ મન વચન અને કાયાથી સંભોગ તથા સ્હેજ સ્પર્શ થઇ જાય તેની જયણા. કોઈપણ કાર્ય પ્રસંગે સંઘટ્ટો તથા સ્પર્શ આદિ કરવું કરાવવું પડે તેની જયણા, પરંતુ તેમાં કુબુદ્ધિ ધરૂં નહિ. બીભત્સ ગાળ આદિનો ઉચ્ચાર કરૂં નહિ. દેવાંગના વિદ્યાધરી તથા તિર્યંચિણી સાથે મૈથુન મન વચન અને કાયાએ કરી ન કરૂં ન કરાવું તથા મનુષ્યની સ્ત્રી (પરની તથા પોતાની સ્ત્રી) સાથે ચતુર્થ વ્રત કાયાથી છ છીંડી ચાર આગાર અને ચાર બોલ રાખીને પાળું.

**ભાવ મૈથુન**--વિષયાભિલાષ તૃષ્ણા મમતા અને પર પરિણતિરૂપ વિભાવ દશામાં મગ્નતાનો ત્યાગ કરવો તે.

હસ્તક્રિયા કે કુદરત વિરૂદ્ધ વર્તનથી સ્વવીર્યનો વિનાશ કદાપિ ન કરૂં.

મન વચનની ચેષ્ટા તથા સ્વપ્નની જયણા.

ચૈત્ર અને આસો માસની ઓળી, પર્યુષણા, કારતક ફાગણ અને અશાડ ચોમાસાની એમ છ અઠ્ઠાઈમાં બ્રહ્મચર્ય પાળું.

આ વ્રતમાં બાર તિથિ કે પાંચ તિથિ આદિનું પચ્ચક્ખાણ કરવું હોય તે નીચે લખવું.

બાર તિથિઃ--દરેક મહિનાની શુદ ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૧૫ વદી ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૦)) બ્રહ્મચર્ય પાળું, બાકીના દિવસની જયણા. અથવા પાંચ તિથીઃ--શુદ ૫, ૮, ૧૪ વદ ૮, ૧૪ બ્રહ્મચર્ય પાળું, બાકીના દિવસની જયણા. વિશેષ હકીકત નીચે લખવી.

## ચોથા વ્રતના પાંચ અતિચાર.

૧. અપરિગૃહિતા--કુમારી વિધવા કે વેશ્યા કોઇની સ્ત્રી નથી એવું માની મૈથુન ક્રીડા કરવી તે.

૨. ઇત્વર પરિગૃહિતા--થોડા કાળ માટે પૈસા આપીને રાખેલી સ્ત્રીની સાથે મૈથુન ક્રીડા કરવી તે.

૩. અનંગ ક્રીડા--કામને જાગૃત કરવા મુખ્ય અંગ સિવાય આલિંગનાદિ કરવું તે.

૪. પર વિવાહ--પારકા છોકરા છોકરીના વિવાહ કરવા તે.

૫. તીવ્રાનુરાગ--મૈથુન માટે તીવ્ર અભિલાષા કરવી તે.

# પાંચમું સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત.

દ્રવ્ય પરિગ્રહ નવ પ્રકારે છે. તે નીચે મુજબઃ—

૧ **ધન ઇચ્છા પરિમાણના ૪ ભેદ**:—૧ **ગણિમ**–તે ગણી શકાય તેવા. ૨ **ધરિમ**–તે તોળી શકાય તેવા. ૩ **મવિ**–તે માપી શકાય તેવા. ૪ **પરિછેદ્ય**–તે પરીક્ષા કરીને લેવાય વેચાય તેવા. સોના રૂપાના દાગીના રૂા. (      ) ની કીંમતના રાખું. રોકડા રૂા. (      ) રાખું. પણ જો પ્રમાણ ઉપરાંત પુણ્ય જોગથી વધે તો વધેલું ધન ધર્મ માર્ગે ખર્ચું.

૨ **ધાન્યઃ**—ચોવીસ જાતનાં અનાજ તેમજ બીજાં પણ અનાજ વર્ષમાં મણ (   ) ઘર ખર્ચ માટે રાખું. મણ (   ) બહાર બીજા કોઇ પ્રકારના ખર્ચ માટે રાખું. ઉપરાંત રાખું નહિ. અનાજના વેપાર સંબંધી હકીકત તો સાતમા વ્રતમાં આવશે.

૩ **ક્ષેત્રઃ**—ક્ષેત્ર, વાડી, બગીચા પ્રમુખની જગ્યાનું પરિણામ કરું (                                        )
વળી ક્ષેત્રમાં, કુવાના પાણીથી વવાતાં, વરસાદના પાણીથી વવાતાં અને બંનેનાં પાણીથી વવાતાંનો નિયમ (      ) એકર કે ગુંઠા રાખું.

૪ **વાસ્તુઃ**—ઘર (      ), હાટ (      ), હવેલી (      ), દુકાનો (      ), બંગલા (      ) નું પરિમાણ રાખું છું. તે ૧. ખાત ભોયરાં વિગેરે, ૨. ઉચ્છ્રિત તે એક માળીયું ઘર, ૩. ખાતોચ્છ્રિત તે ભોયરાં તથા બે માળીયાં વિગેરે ઘર રાખું. તેમાં શેઠ, સગાં–વહાલાં તથા ગુમાસ્તાનાં ઘર મકાન સુધરાવવાની જયણા.

૫ **રૂપ્ય**:—કાચું અણઘડેલું રુપું (     ) મણ, (     ) શેર, રાખું. વેપાર સંબંધી સાતમા વ્રતમાં જૂઓ.

૬ **સુવર્ણ**:—વગર ઘડેલું સીક્કા વિનાનું સોનું (     ) શેર (   ) તોલા. વ્યાપાર સંબંધી સાતમા વ્રતમાં જૂઓ.

૭ **કુપ્ય**:—તાંબા, પીતળ, કાંસા, જસત, સીસા, લોઢા, નિકલ, ઈલ્યુમીનમ, વિગેરે ધાતુનાં વાસણો બધાં મળી તોલમાં મણ (   ), શેર (   ) રાખું. ઉપરાંત નિષેધ.

૮ **દ્વિપદ**:—મૂલ્ય આપીને રાખેલા દાસ (   ), દાસી (   ), રાખું. ગુમાસ્તા, મુનીમ, ચાકર, નોકર રાખવાની જયણા.

૯ **ચતુષ્પદ**:—ગાય, ભેંસ, ઘોડા, બળદ પ્રમુખ વત્સ સહિત (     ) રાખું. લેણાદેણામાં આવે તેની જયણા. બાકી બીજાનો નિષેધ.

રાચ રચીલાં બધાં મળી રૂા. (       ) ની કીમતનાં રાખું, એક વર્ષમાં ઘી મણ (     ), દિવેલ મણ (     ), તેલ મણ (     ), સરસીયું મણ (     ), મીઠું મણ (     ), ગોળ મણ (   ), ખાંડ મણ (   ), સાકર મણ (   ) રાખું.

આ સિવાય ઘરમાં વાપરવાની ચીજો રાખવાની જયણા.

ઉપરની ચીજોના વ્યાપાર સંબંધી હકીકત સાતમા વ્રતમાં આવશે.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરવો.

## પાંચમા વ્રતના પાંચ અતિચાર.

૧ **ધન ધાન્ય પ્રમાણાતિક્રમ**—ધન ધાન્યના રાખેલ પરિમાણુ ઉપરાંત રાખવું.

૨ **ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ**—ક્ષેત્ર ઘર હાટ વિગેરેની રાખેલ સંખ્યા કરતાં વધારે રાખવું અથવા નાનાનું મોટું કરવું તે.

૩ **રૂપ્ય સુવર્ણ પ્રમાણાતિક્રમ**—રૂપા અને સોનામાં રાખેલ રકમ કરતાં અધિક થવાથી પુત્ર ભાઈ વિગેરેના નામથી રાખવું તે.

૪ **કુપ્ય પ્રમાણાતિક્રમ**—સોના રૂપા સિવાયની બાકીની ધાતુમાં રાખેલ કાચા તોલને ફેરવીને પાકા તોલ તરીકે ગણીને વધારવું તે.

૫ **દ્વિપદ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ**—નોકર ગાય ઘોડા વિગેરેની રાખેલ સંખ્યા કરતાં અધિક થવાથી પુત્રાદિકના નામથી રાખવું તે.

## છઠ્ઠું દિશિ પરિમાણ વ્રત.

દિશિ પરિમાણના બે ભેદ છે. ૧ જળવટ. અને ૨ સ્થળવટ. તેના ભેદ નીચે પ્રમાણે.

**૧ જળવટમાં.**

| | | | | |
|---|---|---|---|---|
| પૂર્વ દિશાએ | અંદર | સુધી | જવું | કલ્પે. |
| અગ્નિ ખુણે | ” | ” | ” | ” |
| દક્ષિણ દિશાએ | ” | ” | ” | ” |
| નૈઋત્ય ખુણે | ” | ” | ” | ” |
| પશ્ચિમ દિશાએ | ” | ” | ” | ” |
| વાયવ્ય ખુણે | ” | ” | ” | ” |
| ઉત્તર દિશાએ | ” | ” | ” | ” |
| ઈશાન ખુણે | ” | ” | ” | ” |
| નીચે | ” | ” | ” | ” |
| ઊંચે | ” | ” | ” | ” |

**૨ સ્થળવટમાં.**

| | | | | |
|---|---|---|---|---|
| પૂર્વ દિશાએ | ( ) | ગાઉ કે | માઇલ જવાનો | નિયમ. |
| અગ્નિ ખુણે | ( ) | ” | ” | ” |
| દક્ષિણ દિશાએ | ( ) | ” | ” | ” |
| નૈઋત્ય ખુણે | ( ) | ” | ” | ” |
| પશ્ચિમ દિશાએ | ( ) | ” | ” | ” |
| વાયવ્ય ખુણે | ( ) | ” | ” | ” |
| ઉત્તરદિશાએ | ( ) | ” | ” | ” |
| ઈશાન ખુણે | ( ) | ” | ” | ” |
| ઉર્ધ્વ દિશાએ | ( ) | ” | ” | ” |
| અધો દિશાએ | ( ) | ” | ” | ” |

ઉપરની મર્યાદા ઉપરાંત જાતે ન જવું, પણ મર્યાદા ઉપરાંત રેડીઓ સાંભળવાની, માણસ મોકલવાની, કાગળ તાર તથા છાપાં વાંચવા વગેરેની જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરવો.

## છઠ્ઠા વ્રતના પાંચ અતિચાર.

૧ **ઉર્ધ્વદિશી પ્રમાણાતિક્રમ**—ઉપયોગ વિના ઉંચે વધારે જવાય તે.

૨ **અધોદિશી પ્રમાણાતિક્રમ**—ઉપયોગ વિના નીચે વધારે જવાય તે.

૩ **તિર્યગ્‌દિશી પ્રમાણાતિક્રમ**—ઉપયોગ વિના દિશા વિદિશામાં વધારે જવાય તે.

૪ **દિશીમાં વૃદ્ધિ**—એક દિશા સંક્ષેપી બીજી દિશામાં વધારે તે.

૫ **સ્મૃતિ અંતર્ધાન**—પોતાના નિયમ કરેલા ગાઉની સંખ્યા ભૂલી જવાય તે.

# સાતમું ભોગોપભોગ વ્રત.

આ વ્રત આદરવાથી સચિત્ત વસ્તુ ખાવાનો ત્યાગ કરે અથવા પરિમાણ કરે તેમાં લીલોતરીનું પરિમાણ નીચે પ્રમાણે કરે.

| બાર તિથિ. | ત્યાગ કે જયણા લખવું. | મોકળી રાખેલી લીલોતરીનાં નામ | ખાંડવું, દળવું લીંપવું ધોવું. કેટલી તિથી ત્યાગ. (સ્ત્રી વર્ગ માટે.) |
|---|---|---|---|
| શુદ ૨ | | | |
| ,, ૫ | | | |
| ,, ૮ | | | |
| ,, ૧૧ | | | |
| ,, ૧૪ | | | |
| ,, ૧૫ | | | |
| વદ ૨ | | | |
| ,, ૫ | | | |
| ,, ૮ | | | |
| ,, ૧૧ | | | |
| ,, ૧૪ | | | |
| ,, ०)) | | | |

લીલોતરીની યાદી નીચે પ્રમાણે છે તેમાં જે ન વાપરવી હોય તેમાં × ચોકડી મૂકવી.

| | | | |
|---|---|---|---|
| ૧. ભીંડા | ૨૩. પાપડીની | ૪૧. લીલા વાંસ- | ૬૩. લીલીખારેક. |
| ૨. દુધી. | જાત. | ડાની જાત. | ૬૪. મરચાં. |
| ૩. પરવર. | ૨૪. ગુંદાની જાત. | ૪૨. લીલી હર- | ૬૫. બીજોરાં. |
| ૪. કારેલાં. | ૨૫. રાહગુંદા. | ડેની જાત. | ૬૬. શીંગોડા |
| ૫. તુરીઆં. | ૨૬. ગલકાં. | ૪૩. કોઠનીજાત. | ૬૭. લીલી નારી- |
| ૬. ગીલોડાં. | ૨૭. વટાણા. | ૪૪. કેરીની જાત | ચેળની જાત. |
| ૭. ગવાર. | ૨૮. કોઠીંબડા. | ૪૫. ટેટીની જાત | ૬૮. દાડમનીજાત. |
| ૮. કોળું. | ૨૯. લોલફુલ. | ૪૬. એલચીનાં | ૬૯. બોરનીજાત. |
| ૯. સીંગર. | ૩૦. ફણસ. | પાંદડાં. | ૭૦. લીલી બદા- |
| ૧૦. ચોળાફળી. | ૩૧. તાંદળજાની | ૪૭. શેરડીની જાત | મની જાત. |
| ૧૧. સરગવા | ભાજી | ૪૮. સીતાફળ. | ૭૧. દાતણ (આ- |
| ૧૨. કંકોડાં. | ૩૨. મેથીનીભાજી | ૪૯. નારંગી. | વળ, બાવળ, |
| ૧૩. કાળીંગડાં | ૩૩. કોથમીરની | ૫૦. મોસંબી. | કંબોઇ,લીંબ- |
| ૧૪. કંટોળાં. | ભાજી. | ૫૧. લીંબુ. | ડાનાં, ) |
| ૧૫. આરીઆની | ૩૪. લીલી વરી- | ૫૨. પપનસ. | ૭૨. આંબલીની |
| જાત. | આળી. | ૫૩. સફરજન. | જાત [સાંગરી |
| ૧૬. દોડી. | ૩૫. લીલીચાહ. | ૫૪. નીનનસ. | ૭૩. ખીજડાની |
| ૧૭. મોગરીની | ૩૬. લીલોફુદીનો | ૫૫. પપયા. | ૭૪. કરમદા. |
| જાત. | | ૫૬. જામફળ. | ૭૫. અડવીના |
| ૧૮. લીંબડાની | ૩૭. લીલી બીલી | ૫૭. ફાલસા. | પાંદડાં. |
| જાત. | ૩૮. પુંખ(ઘઉંનો | ૫૮. તડબૂજ. | ૭૬. ટમેટા. |
| ૧૯. કેરાં. | જારનો, બા- | ૫૯. પાન. | ૭૭. સ્ટોબેરી |
| ૨૦. ચીકણુ. | જરીનો, ) | ૬૦. મકાઇ. | ૭૮. ચીકુ. |
| ૨૧. લીલી તુવેર. | ૩૯. આંબળાં. | ૬૧. અંજીર. | ૭૯. પીચ. |
| ૨૨. ચણાનાઓળા. | ૪૦. લીલાં મરી. | ૬૨. દ્રાક્ષ. | ૮૦ કારેલાં. |

સુકી વનસ્પતિ શાક માટે બાર માસમાં ( ) મણ મારે વાપરવી કલ્પે. ખુલ્લી અગાસીમાં બેસીને જમવું નહી પણ મુસાફરીમાં છૂટ. બીજા કોઇના ઘેર કોઈ પણ પ્રસંગે જમવા જવાની તથા તે જમણવારમાંથી આવેલી ભેળસેળ ચીજની જયણા.

| બાવીશ અભક્ષ્ય | ત્યાગ કે જયણા. | બાવીશ અભક્ષ્ય. | ત્યાગ કે જયણા. |
|---|---|---|---|
| ૧ વડ ફળ | | ૧૭ વિદળ | |
| ૨ પીપર ફળ | | ૧૮ વંતાક | |
| ૩ પ્લક્ષ પીંપળો | | ૧૯ અજાણ્યું ફળ | |
| ૪ ઉંબર ફળ | | ૨૦ તુચ્છ ફળ | |
| ૫ કાલુંબર ફળ | | ૨૧ ચલીત રસ | |
| ૬ મધ | | ૨૨ અનંતકાય | |
| ૭ મદિરા | | | |
| ૮ માંસ | | | |
| ૯ માંખણ | | | |
| ૧૦ બરફ (આઈસ) | | | |
| ૧૧ વિષ | | | |
| ૧૨ વરસાદના કરા | | | |
| ૧૩ ખડી માટી | | | |
| ૧૪ રાત્રીભોજન | | | |
| ૧૫ બહુબીજફળ | | | |
| ૧૬ બોળાનું અથાણું | | | |

આ અભક્ષ્ય અનંતકાય વિષે સારી સમજુતી "અભક્ષ્ય અનંતકાય વિચાર" વાંચવાથી મળશે.

રોગાદિક કારણે તથા પરવશતાએ જયણા.

મેથી અને તાંજળતા વિગેરેનાં કુણાં પાંદડાં અનંતકાય હોવાથી ભેળ સંભેળ થયે જયણા.

બાવીસ અભક્ષ્ય તથા બત્રીસ અનંતકાય પ્રમુખ દુર્ગતિના હેતુ જાણી અવશ્ય ત્યાગ કરવાં. શક્તિ ન હોય તો પરિમાણ કરી લેવું.

| બત્રીસ અનંતકાય | ત્યાગ કે જયણા. | બત્રીશ અનંત કાઢા. | ત્યાગ કે જયણા |
|---|---|---|---|
| ૧ કંદ જાત | | ૧૯ ખીરસુઆ કંદ | |
| ૨ ભોંયકોળું | | ૨૦ થેગ | |
| ૩ વજા કંદ | | ૨૧ લીલી મોથ | |
| ૪ લીલીહળદર | | ૨૨ લુણુની છાલ | |
| ૫ લીલું આદુ | | ૨૩ ખીલોડા કંદ | |
| ૬ લીલો કચુરો | | ૨૪ અમૃતવેલી | |
| ૭ સતાવરીવેલી | | ૨૫ મૂળા(કંદ) | |
| ૮ પિંડાલુ | | ૨૬ ભૂમીફોડા | |
| ૯ કુંઅર | | ૨૭ વિત્થુલાની ભાજી | |
| ૧૦ થોહરી કંદ | | | |
| ૧૧ ગળો | | | |
| ૧૨ લસણુ | | ૨૮ વિદલનાઅંકુરા | |
| ૧૩ વાંસ કારેલી | | ૨૯ સુઅરવેલ | |
| ૧૪ ગાજર | | ૩૦ પલ્લંકાની ભાજી | |
| ૧૫ લુણી | | | |
| ૧૬ લોઢી | | ૩૧ કોમળ આંબલી | |
| ૧૭ ગરમર | | | |
| ૧૮ કિસલય | | ૩૨ આલુકંદ (રતાળુ વિગેરે) | |

## ૭. ભોગોપભોગ વિરમણ વ્રતને હું અંગીકાર કરૂં છું. રાત્રી ભોજન ત્યાગ જાવજીવ; બારતિથી; દસતિથી કે પાંચતિથી પાળું.

### ચૌદ નિયમ ધારવાની ગાથા

सचित–दव्व–विगइ,–वाणह–तंबोल–वत्थ–कुसुमेसु,
वाहण–सयण–विलेवण,–बंभ–दिसि–न्हाण–भत्तेसु.॥१॥

આ વ્રતમાં ચોદ નિયમ દરરોજ દિવસે અને રાત્રિએ ધારવા યોગ્ય છે જીંદગી માટે હમેશ ધારવાનો અંતિમ આંક ભરવો. પણ હું બની શકે તો ધારૂં અને જો તેમાં ભુલ કે પ્રમાદ થાય તો બિયાસણું કરૂં અથવા નવકારવાળી ગણું એમ નિયમ લેવો.

### દીવસે ધારવાના નિયમો.

૧. **સચિત્ત**--ખાવાનો ત્યાગ. કે મર્યાદિત માપ કરવું મિશ્ર શેર (      ) ની જયણા. મંદવાડે સચિત્ત ચોળવા બાંધવાની જયણા.

૨ **દ્રવ્ય**--સંખ્યા (      )

૩. **વિગઇ**--મૂલ કે કાચી ૧ વિગઈનો ત્યાગ.

૪. **ઉપાનહ**--પગરખાં જોડી. (      )

૫. **તંબોલ**--શેર ૦I

૬. **વસ્ત્ર**--(      ) બજારમાં જતાં પહેરાય તથા ઉપભોગમાં લેવાય તેવાં ધરાય છે.

૭. **કુસુમ**--શેર (      ) ઘી આદિનું વાસણ સુંઘતાં સર્વ ભાર ગણાય માટે ઉપયોગ રાખવો.

૮. **વાહન**--ફરતાં ચરતાં અને તરતાં મળી કુલ (      ). ગાડી વિમાન ઘોડા વહાણ આદિ.

૯. **શયન**--( ) ચાકળા પાટલા વિગેરેની જયણા.
૧૦. **વિલેપન**--શેર ( )
૧૧. **બ્રહ્મચર્ય**-કાયાથી પાળું. અને પરસ્ત્રીનો સર્વથા ત્યાગ.
૧૨. **દિશી**--આઠે દિશામાંથી દરેક દિશાએ ગાઉ. ( ) આ રાખેલી હદ જમીનની સપાટીમાં વધઘટ થાય તો તે ગણત્રીમાં ન ગણું. ઉંચે ગાઉ ( ). નીચે ગાઉ ( ).
૧૩. **સ્નાન સર્વાંગે**--( ) વખત.
૧૪. **ભાતપાણી**--શેર ૨૫
૧. **પૃથ્વીકાય**--કાચું મીઠું, કાચી માટી ખાવાનો ત્યાગ કે શેર ( )ની જયણા તેમજ શેર ( ) વાપરવાની જયણા.
૨. **અપ્કાય**--ઘરમાં જે વાપરતા હોય તેવી પાણીની મોટી ડોલો નંગ ( ) તથા મંદવાડે બરફ મણ ( ) ની જયણા. અગ્નિના ઉપદ્રવ વિગેરે પ્રસંગે વધુ વાપરવું પડે તો જયણા. નદી તળાવ વિગેરેમાં ન્હાવા પડવાનો ત્યાગ, પણ ઉતરવાની જયણા. વરસાદ વિગેરેનું પડેલું તથા પડતા પાણીમાં જવા તથા આવવાની જયણા.
૩. **તેઉકાય**--ચુલા ( ) ઘરના. દિવા, ટેલીફોન, ઈલેકટ્રીક ગેસ, સ્ટવ, સઘડી. દીવાસળી વિગેરે દરેક પોતાના ઘર સહિત બીજા ઘરની ચીજો ( ) કંદોઈ વિગેરેની ભઠ્ઠી અંદર જાણવી. અન્ય દીવસે બનાવેલ વસ્તુના ચૂલા ન ગણું.
૪. **વાઉકાય**--પંખા, સાવરણી, સુપડાં, કાંસકી, ચાયણા, વેલણ, ભુંગળી, વાજું, સંચો, વિગેરે દરેક ચીજો પોતાના ઘર ઉપરાંત ( ) ઘરની. લુગડાંની ઝાપટ તથા ફુંક વિગેરેની જયણા.

૫. **વનસ્પતિકાય—લીલોતરી** ખાવામાં શેર (    ). છેદન ભેદન શેર (    ). સ્વહસ્તે હેરવવા ફેરવવાની જયણા.

તાંદલજો અને કોથમીર વિગેરેમાં જે પાંદડા આવે છે તે અનંતકાય ગણાય છે તે ભેલ સંભેલ થાય તો જયણા. મંદવાડે ગળો વાપરૂં અને મારા તથા પરિવારની દવા માટે લાવવું મંગાવવું કે ચોળાવવું પડે તેની જયણા.

૬. **ત્રસકાય**—પહેલા વ્રત પ્રમાણે. નિરપરાધી ત્રસ જીવને સંકલ્પીને નિરપેક્ષપણે ન હણું ન હણાવું.

૧. **અસિ**–સુડી, કાતર, ચપ્પુ, છરી, સોય, ટાંકણી, ખાયણી પરા, ખાયણીઆ, ઘંટી, સાંબેલું, નિસાહ, સંચો, વિગેરે મારા ઘર સહિત કુલ (    ) ઘરની

૨. **મસિ**–ખડીઆ, લેખણ, હોલ્ડર, પેન્સીલ, પેન, ઇન્ડીપેન, સ્લેટ, ચાક વિગેરે કુલ (  ) મારા ઘર સહિત.

૩. કૃષિ–પાવડો, કોશ, કોદાળી વિગેરે કુલ (    ) મારા ઘર સહિત.

## રાત્રિના નિયમો.

૧. **સચિત્ત**—ત્યાગ.

૨. **દ્રવ્ય**—શેર (    ) કે સંખ્યા લખવી.

૩. **વિગઇ**—ત્યાગ.

૪. **વાણહ**—ચામડાનાં કે રબ્બરનાં પગરખાં તથા કપડાની બનાવેલી જોડી (    )

૫. **તંબોલ**—ત્યાગ કે શેર. (    )

૬. **વસ્ત્ર**—નંગ (    )

૭. **કુસુમ**—શેર (      )
૮. **વાહન**—ફરતું, ચરતું, તરતું કુલ (      )
૯. **સયન**—બહારના કે પોતાના ઘરનાં કુલ (      ). ગાદી ચાકળા ખુરશી વગેરેની જયણા.
૧૦. **વિલેપન**—શેર (      )
૧૧. **બ્રહ્મચર્ય**—બ્રહ્મચર્ય કાયાથી પાળું.
૧૨. **દિશી**—ઉંચું (      ) માઈલ તથા નીચું (      ) માઈલ, આઠે દિશીમાંથી દરેક દિશાએ (      ) માઇલ સુધી જવાની જયણા. આ રાખેલી હદ જમીનની સપાટીમાં વધઘટ થાય, તો તે ગણત્રીમાં ન ગણું.
૧૩. **સ્નાન**—સર્વાંગે સ્નાન (      ) વખત.
૧૪ **ભત્ત**—ત્યાગ કે મર્યાદા

૧ **પૃથ્વીકાય**—કાચી માટી, કાચું મીઠું, ખાવાનો ત્યાગ, તેમજ વાપરવાની શે. (      ) ની જયણા તથા હેરવવું, ફેરવવું પડે તેની જયણા.

૨ **અપ્‌કાય**—(      ) ઘરમાં જે વાપરતા હોય તેવી પાણીની મોટી ડોલો તથા બરફ મણ ૦॥ ની જયણા. અગ્નિ વિગેરે પ્રસંગે વધુ વાપરવું પડે તો જયણા, નદી, તળાવ, વિગેરેમાં નાહવા પડવાનો ત્યાગ પણ ઉતરવાની જયણા. પડતા પાણીમાં જવા આવવાની જયણા.

૩ **તેઉકાય**—ચુલા, દિવા, ટેલીફોન, ઇલેકટ્રીકગેસ, સ્ટવ, સઘડી, દીવાસળી વગેરે દરેક ચીજો પોતાના ઘર સહિત (      ) ઘરની તથા કંદોઈ વિગેરેની ભઠ્ઠી અંદર ગણવી. અન્ય દિવસે બનાવેલ વસ્તુના ચૂલા ના ગણું.

૪ **વાઉકાય**—પંખા, સાવરણી, સુપડાં; કાંસકી, ચાયણા, વેલણ, ભુંગળી, વાજુ; સંચો વિગેરે દરેક ચીજો (        ) ઘરની જયણા. લુગડાની ઝાપટ તથા ફુંક વગેરેની જયણા.

૫ **વનસ્પતિકાય**—લીલોતરી ખાવાનો ત્યાગ. છેદન ભેદન શેર (        ) સ્વહસ્તે હેરવવા ફેરવવાની જયણા.

૬. **ત્રસકાય**—પહેલા વ્રત પ્રમાણે. નિરપરાધી ત્રસ જીવને સંકલ્પીને નિરપેક્ષપણે ન હણું ન હણાવું.

૧ **અસિ**—સુડી, કાતર, ચપ્પુ, છરી, સોય, ખાયણીપરા, ખાયણીઓ ઘંટી, સાંબેલું, નિસાહ, સંચા વિગેરે મારા ઘર સહિત કુલ (        ) ઘરનાં.

૨ **મસિ**--ખડીયા, લેખણ; હોલ્ડર, પેન્સીલ, પેન, ઇન્ડીપેન સ્લેટ, ચાક. વિગેરે મારા ઘર સહિત કુલ (        ) ઘરનાં.

૩ **કૃષિ**--પાવડો, કોશ, કોદાળી વિગેરે કુલ (   )

આ દરરોજના ચૌદ નિયમો દિવસે તથા રાત્રીએ ધારવામાં વધઘટ કરવાની છૂટ.

| દિવસના. | ધારેલા નિયમ સિવાયનો ત્યાગ. | કેટલું વાપર્યું | લાભમાં |
|---|---|---|---|
| સચિત્ત | | | |
| દ્રવ્ય | | | |
| વિગઈ | | | |
| વાણુહ | | | |
| તંબોલ | | | |
| વસ્ત્ર | | | |
| કુસુમ | | | |
| વાહન | | | |
| શયન | | | |
| વિલેપન | | | |
| બ્રહ્મચર્ય | | | |
| દિશી | | | |
| સ્નાન સર્વાંગે | | | |
| ભાત પાણી | | | |
| પૃથ્વીકાય | | | |
| અપ્કાય | | | |
| તેઉકાય | | | |
| વાઉકાય | | | |
| વનસ્પતિકાય | | | |
| ત્રસકાય | | | |
| અસિ | | | |
| મસી | | | |
| કૃષિ | | | |

| રાત્રિના. | ધારેલા નિયમ સિવાયનો ત્યાગ. | કેટલું વાપર્યું | લાભમાં |
|---|---|---|---|
| સચિત્ત | ૦ | | |
| દ્રવ્ય | ૧૦. અણહારી નવટાંક | | |
| વિગઇ | ૦ | | |
| વાણહ | ૨ | | |
| તંબોલ | ૦ | | |
| વસ્ત્ર | ૨૫ | | |
| કુસુમ | ૦। શેર | | |
| વાહન | ૫ | | |
| શયન | ૫ | | |
| વિલેપન | ૨ શેર | | |
| બ્રહ્મચર્ય | કાયાથી પાળવું | | |
| દિશી | ઉંચે નિચે ૦। ગાઉ તિર્ચ્છું ૫ ગાઉ | | |
| સ્નાન | ૧ વખત | | |
| ભાત પાણી | ૦ | | |
| પૃથ્વીકાય | ૧ શેર | | |
| અપ્કાય | ૦।। મણ | | |
| તેઉકાય | ૫ ઘરના ચુલા | | |
| વાઉકાય | ૫ | | |
| વનસ્પતિકાય | ૧ શેર | | |
| ત્રસકાય | રક્ષા | | |
| અસિ | ૫ | | |
| મસી | ૫ | | |
| કૃષિ | ૧ | | |

| દિવસના. | ધારેલા નિયમ સિવાયનો ત્યાગ. | કેટલું વાપર્યું | લાભમાં |
| --- | --- | --- | --- |
| સચિત્ત | | | |
| દ્રવ્ય | | | |
| વિગઇ | | | |
| વાણહ | | | |
| તંબોલ | | | |
| વસ્ત્ર | | | |
| કુસુમ | | | |
| વાહન | | | |
| શયન | | | |
| વિલેપન | | | |
| બ્રહ્મચર્ય | | | |
| દિશી | | | |
| સ્નાન સર્વાંગે | | | |
| ભાત પાણી | | | |
| પૃથ્વીકાય | | | |
| અપ્કાય | | | |
| તેઉકાય | | | |
| વાઉકાય | | | |
| વનસ્પતિકાય | | | |
| ત્રસકાય | | | |
| અસિ | | | |
| મસી | | | |
| કૃષિ | | | |

| રાત્રિના. | ધારેલા નિયમ સિવાયનો ત્યાગ. | કેટલું વાપર્યું | લાભમાં |
|---|---|---|---|
| સચિત્ત | | | |
| દ્રવ્ય | | | |
| વિગઈ | | | |
| વાણહ | | | |
| તંબોલ | | | |
| વસ્ત્ર | | | |
| કુસુમ | | | |
| વાહન | | | |
| શયન | | | |
| વિલેપન | | | |
| બ્રહ્મચર્ય | | | |
| દિશી | | | |
| સ્નાન | | | |
| ભાત પાણી | | | |
| પૃથ્વીકાય | | | |
| અપ્કાય | | | |
| તેઉકાય | | | |
| વાઉકાય | | | |
| વનસ્પતિકાય | | | |
| ત્રસકાય | | | |
| અસિ | | | |
| મસી | | | |
| કૃષિ | | | |

**પંદર કર્માદાનઃ**—બીજા સર્વ વ્યાપારથી કર્માદાનના વ્યાપારમાં ઘણું પાપ લાગે છે, તેથી તે શ્રાવકોને અવશ્ય ત્યજવા યોગ્ય છે માટે જેનો જેનો ત્યાગ કરવો હોય તેની પાસે આ × ચિન્હ લખવું. પંદર કર્માદાનનાં નામઃ—

૧ **ઇંગાલ કર્મ**:—ચુનો, ઈંટ, નળીઆં, કોયલા, ધૂપેલ, તેલ વિગેરે ભઠ્ઠીથી પકવાતી ચીજોનો વેપાર કરવો તે.

૨ **વન કર્મ**:—પાન, ફૂલ, શાક, લાકડાં ધાન્ય વિગેરે વ્યાપાર અર્થે છેદવાં છેદાવવાં તે. ઓસડાદિ કારણે જયણા. લીલોત્રીમાં લખી છે તેટલી વાપરવાની જયણા.

૩ **સાડી કર્મ**:—ગાડાં, ગાડી, વહેલ, રથ, નાવ, પ્રમુખ તૈયાર કરાવી તેનો વેપાર કરવો તે. ખપ હોય તો ભાડે રાખવાની જયણા.

૪ **ભાડી કર્મ**:—ગાડી, ઘોડા, વહેલ, રથ, નાવ, ઘર, હાટ, હવેલી વિગેરે ભાડે આપવાનો વ્યાપાર કરવો તે.

૫ **ફોડી કર્મ**—સુરંગ, ભોંયરાં, કુવા વાવ પ્રમુખ ખોદાવવાં. જમીન ફોડાવવી, અનાજ ભરડાવવાં વિગેરેનો ધંધો કરવો તે. ઘર માટે માટી પત્થરાદિ ખોદવા ખોદાવવાની જયણા.

૬ **દંત વાણિજ્યઃ**—હાથીદાંત તથા દ્વિપદ ચતુષ્પદ વિગેરેના કેશ, નખ, ચામડાં, પીંછાં, ઉન વિગેરેનો વ્યાપાર કરવો તે.

૭ **લક્ખ વાણિજ્યઃ**—લાખ, કસુંબો, હડતાળ, ગળી, મહુડાં તથા ગુંદ વિગેરેનો વ્યાપાર કરવો. ઘર કામે જયણા.

૮ **રસ વાણિજ્યઃ**—ઘી, ગોળ, તેલ, વિગેરે વિગઇ તથા માંસ મદિરા આદિ મહા વિગઇનો વ્યાપાર કરવો તે. ઘરકામે શરીરાદિ અર્થે માંસ સિવાય બીજી વસ્તુની જયણા.

૯ **કેશ વાણિજ્યઃ**—દ્વિપદ, ચતુષ્પદનો વ્યાપાર કરવો તે. તેમાં ચતુષ્પદ ઘરકામે રાખવાની તથા પગારથી માણસ રાખવાની જયણા.

૧૦ **વિષ વાણિજ્યઃ**—ઝેરી ચીજો તથા શસ્ત્રાદિનો વ્યાપાર કરવો તે. ઘર કામે તથા શરીરાદિ કારણે જયણા.

૧૧ **યંત્રપીલણ કર્મઃ**—મીલ, જીન, સંચા, ઘાણીમ વ્યાપાર અર્થે ત્યાગ. ઘંટી, મુશલ વિગેરે ઘર કામે રાખવાની જયણા.

૧૨ **નિર્લંછન કર્મઃ**—વ્યાપાર અર્થે મનુષ્ય, તિર્યંચનાં અંગોપાંગ વીંધાવવાં, છેદાવવાં, સમરાવવાં, તથા નિર્દય-પણાનાં કામ કરવાં તે. ઘરના છોકરા છોકરીઓનાં નાક વિગેરે વીંધાવવાની જયણા. દાક્તર પાસે અગોપાંગ છેદા-વવાની જયણા.

૧૩ **દવદાન કર્મઃ**—વનમાં અગ્નિદાહ દેવો, દેવરાવવો તે.

૧૪ **શોષણ કર્મઃ**—સરોવર, તળાવ, વિગેરેના પાણીનું શોષણ કરવું કરાવવું તે.

૧૫ **અસતી પોષણઃ**—કુતરાં, બિલાડાં, મેના, પોપટ વિગેરે હિંસક જીવોને પાળવા તથા માછી કસાઈ વિગેરે અધમ જીવો સાથે વેપાર કરવો તથા દાસ, દાસીને વેપાર અર્થે પોષવા તે. અનુકંપાએ જયણા.

ઉપર પ્રમાણે પંદર કર્માદાનમાં પોતાને વાપરવા માટે લાવેલી ચીજમાંથી વધારાની ચીજ વેચવાની, ઘર ભાડે આપવાની તથા સર ઍાન્ડ રાખવાની જયણા.

ઉપર કહેલાં પંદર કર્માદાનની વિશેષ હકીકત વાંચી સમજી યથાશક્તિ ત્યાગ કરવો.

આ વ્રતમાં ભોજન આશ્રયી પાંચ અતિચાર તથા કર્માદાન આશ્રયી પંદર મળી કુલ વીસ અતિચાર ટાળવા ખપ કરૂં.

## સાતમા વ્રતના અતિચાર.

૧ **સચિત્ત આહાર**—સચિત્ત વસ્તુનો ત્યાગ કર્યા છતાં ભૂલથી સચિત્ત ખાવું તે.

૨ **સચિત્ત પ્રતિબદ્ધ આહાર**—સચિત્તનો ત્યાગ કર્યા છતાં તેની સાથે સંબંધવાળી વસ્તુ ખાવી તે.

૩ **અપક્વાહાર**—સચિત્ત મિશ્ર કાચો આટો વિગેરે અચિત્ત છે એવી બુદ્ધિએ ખાવો તે.

૪ **દુષ્પક્વાહાર**—કાંઈક કાચા પાકા પુંખ ખાવા તે.
આ ચાર અતિચાર સચિત્તના ત્યાગી અથવા સચિત્તનું પ્રમાણ કરનાર સંબંધી છે.

૫ **તુચ્છ ઔષધિ આહાર**—જે વસ્તુ ખાવાથી તૃપ્તિ ન થાય તેવી બોર વિગેરે વનસ્પતિ ખાવી તે.

## આઠમું અનર્થ દંડ.

જેનાથી આત્મા, વિના કારણે દંડાય તેને અનર્થ દંડ કહીએ. તેના ચાર પ્રકાર નીચે પ્રમાણે છે.

૧ **અપધ્યાનાચરિતઃ**—માઠું ધ્યાન કરવું તે.

૨ **પ્રમાદાચરિતઃ**—ચાર પ્રકારની વિકથા કરવી તથા દૂધ દહીં ઘી પ્રમુખ રસનાં ભાજન ઢાંકવામાં આળસ કરવી તે.

૩ **હિંસાપ્રદાનઃ**—ઘંટી, ખાણીઆ, ચપ્પુ પ્રમુખ પાપવાળાં અધિકરણ કોઇને આપવાં તે.

૪ **પાપોપદેશઃ**—નાહવા ધોવા પ્રમુખ આરંભનો ઉપદેશ કરવો તે.

હિંસક પ્રાણીને રમતની ખાતર પાળવા નહિ. કોઈને ફાંસી દેતા હોય તે જોવી નહિ. સ્વાર્થ વિના કોઈના ઘંટી ચૂલા વિગેરે સજ્જ કરી આપવા નહિ.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરૂં.

### આઠમા વ્રતના પાંચ અતિચાર.

૧. **કંદર્પ ચેષ્ટા**—જે ચેષ્ટાથી કામક્રોધાદિ ઉત્પન્ન થાય તેવી કાય ચેષ્ટા કરવી.

૨. **કૌકુચ્ચ કથન**--શૃંગારાદિ રસની વાતો કરવી કે જેથી સ્વપરને કામવિકાર જાગૃત થાય તે

૩. **મુખરી**--વાચાળપણાથી અપશબ્દ વિગેરે બોલવા તે.

૪. **અધિકરણ**—પોતાના ખપ કરતાં વધારે અધિકરણ મેળવીને સજ્જ કરી તૈયાર રાખે તે.

૫. **ભોગોપભોગાતિરિક્ત**--એક વાર તથા વારંવાર વાપરવામાં આવતાં સાધનો પોતાના ખપ કરતાં વિશેષ રાખવાં તે.

# નવમું સામાયિક વ્રત.

દરવર્ષે કે દરમહીને કે દરરોજ (      ) સામાયિકકરૂં.

દરવર્ષે કે દરમહીને કે દરરોજ (      ) સવારનાં પડિક્કમણુ કરૂં.

દરવર્ષે કે દરમહીને કે દરરોજ (      ) સાંજનાં પડિક્કમણુ કરૂં. અથવા પ્રતિક્રમણ સામયિક તરીકે ગણું.

અશક્તિએ, પરગામ ગએ તથા રોગાદિ કારણે જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરૂં.

## નવમા વ્રતના પાંચ અતિચાર.

૧. **મનઃ દુષ્પ્રણિધાન**--મનમાં માઠું ધ્યાન ધ્યાવવું તે.
૨. **વચન દુષ્પ્રણિધાન**—પાપવાળું વચન બોલવું તે.
૩. **કાય દુષ્પ્રણિધાન**--શરીર પ્રમાર્જ્યા વિના હલાવવું તે.
૪. **અનવસ્થાન**--અવિનયપણે બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું તે.
૫. **સ્મૃતિ વિહીન**--સામાયિક લેતાં પારતાં ભૂલી જવું અથવા વખત વિગેરેની શંકા રહે તે.

## દસમું દિશાવગાસિક વ્રત.

આ વ્રતને વિષે છઠ્ઠા દિશિ પરિમાણમાં જે છૂટ રાખી છે તેનો તથા સાતમા વ્રતમાં રાખેલા ચૌદ નિયમનો અને બારે વ્રતનો સંક્ષેપ થાય છે તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિચારવા, વળી પરંપરાથી જે દસ સામાયિકની પ્રથા ચાલે છે તે પણ દેશાવગાશિક કહેવાય છે તેવાં દર વર્ષે (      ) કરૂં.

અશક્તિએ, ગામ પરગામ ગએ, તથા રોગાદિ કારણે જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરૂં.

### દશમા વ્રતના પાંચ અતિચાર.

૧. **આનયન પ્રયોગ**—નિયમ કરેલી ભૂમિની બહારથી કાંઈ મંગાવવું તે.

૨. **પ્રેષણ પ્રયોગ**—નિયમ કરેલી ભૂમિની બહાર કાંઈ મોકલવું તે.

૩. **શબ્દાનુપાતી**—શબ્દ કરીને બોલાવવો.

૪. **રૂપાનુપાતી**—નિયમ બહારની ભૂમિને વિષે રહેલાને રૂપ દેખાડવું તે.

૫. **પુદ્ગલ પ્રક્ષેપ**—કાંકરો વિગેરે નાંખી પોતે અહીં છે એમ જણાવવું તે.

## અગીયારમું પૌષધ ( ઉપવાસ ) વ્રત.

જે ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ. તેના ૪ પ્રકાર છે.

૧ આહાર પૌષધ દેશથી કે સર્વથી.

૨ શરીર સત્કાર પૌષધ
૩ બ્રહ્મચર્ય પૌષધ
૪ અવ્યાપાર પૌષધ
} સર્વથી.

ઉપર પ્રમાણે ચાર પ્રકારના પૌષધ (      ) દિવસના, કે રાત્રિના, કે અહોરત્તા ( રાત્રિ દિવસના ) વરસ એકમાં (      ) કરૂં. બાંધેલી મુદતમાં ન થાય તો બીજા વરસમાં કરી વાળી આપું.

અશક્તિએ, ગામ પરગામ ગએ તથા રોગાદિ કારણે જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરૂં.

## પૌષધ વ્રતના પાંચ અતિચાર.

૧. સંથારાની જમીન ન પડિલેહવી અને ન પ્રમાર્જવી તે.

૨. સંથારાની જમીન બરાબર (નિર્દોષ) રીતે ન પડિલેહવી અને ન પ્રમાર્જવી તે.

૩. સ્થંડિલ (મળ-ઝાડો) પરઠવવાની જમીન ન પ્રમાર્જવી અને ન પડિલેહવી તે

૪. સ્થંડિલ પરઠવવાની જમીન બરાબર ( નિર્દોષ ) રીતે ન પ્રમાર્જવી અને ન પડિલેહવી તે.

૫. પૌષધમાં ભોજન વિગેરે સંબંધી ચિંતા કરવી.

## બારમું અતિથિ સંવિભાગ વ્રત.

સાધુ, સાધ્વી, ગુણવંત, શુદ્ધ જૈનમાર્ગ પ્રરૂપક ગીતાર્થ-ગુરૂની ભક્તિ યથાશક્તિએ કરૂં; જોગ ન બને તો ગુણવંત શ્રાવક શ્રાવિકાની ભક્તિ કરૂં. ઓછામાં ઓછો વરસમાં (     ) વાર મુનિમહારાજનો અતિથિ સંવિભાગ પોસહના પારણે અવશ્ય કરૂં. તેમાં પણ તેમની ભક્તિમાં જે જે દ્રવ્ય આવે તેજ વાપરૂં. અશક્તિએ, પરદેશ ગએ, તથા રોગાદિ કારણે જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવા ખપ કરૂં.

## બારમા વ્રતના પાંચ અતિચાર.

૧. **સચિત્ત નિધાન**—સચિત્ત વસ્તુ ઉપર વહોરાવવા યોગ્ય અચિત્ત વસ્તુ મૂકવી.

૨. **સચિત્ત પિધાન**--વહોરાવવા યોગ્ય અચિત્ત વસ્તુને સચિત્ત વસ્તુ વડે ઢાંકવી.

૩. **વ્યપદેશ**—નહિ વહોરાવવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી. અને વહોરાવવાની બુદ્ધિએ પારકી વસ્તુને પોતાની કહેવી.

૪. **મત્સર**--ઈર્ષ્યાપૂર્વક મુનિને દાન દેવું.

૫. **કાલાતિક્રમ**—ગોચરીનો વખત વીત્યા પછી મુનિરાજને વહોરાવવા માટે નિમંત્રણા કરવી.

## સંલેખના વ્રતનું સ્વરૂપ.

સંલેખનાના બે ભેદ છે. (૧) દ્રવ્ય સંલેખના અને (૨) ભાવ સંલેખના.

૧. **દ્રવ્ય સંલેખના**—સાધુ અથવા શ્રાવક અણુસણુનો મનોરથ કરે, ત્યારે સંલેખના તપ કરે તેના ત્રણ પ્રકારઃ—

ઉત્કૃષ્ટ તપ—૧૨ વરસનો.
મધ્યમ તપ—૧૨ માસનો.
જઘન્ય તપ—૧૨ પક્ષનો.

૨. **ભાવ સંલેખના**—તે વિષય કષાયનો ક્ષય કરે તેના પાંચ અતિચારઃ—

૧ **ઇહલોગાસંસપ્પયોગ**—જે સંલેખનાદિ ધર્મના પ્રભાવે કરી આર્ય દેશ કુલાદિકની ઇચ્છા કરે કે રાખે.

૨ **પરલોગા સંસપ્પયોગ**—અણુસણ કરનાર પરલોકને વિષે ઇંદ્રાદિકની પદવીની ઇચ્છા રાખે.

૩ **જીવિયા સંસપ્પયોગ**—અણુસણી માણુસ, લોકોનો સત્કાર આદિક બહુમાન દેખી વધારે જીવવાની ઈચ્છા રાખે.

૪ **મરણા સંસપ્પયોગ**—અણુસણુમાં ક્ષુધાદિકની પીડાથી વહેલું મરણ થવાને ઇચ્છે.

૫ **વિષયા સંસપ્પયોગ**—અણુસણુ કીધે છતે તેના ફલની ઇચ્છા તરીકે કામભોગની ઇચ્છા કરે.

આ સંલેખનાના અતિચાર વ્યવહાર પ્રસિદ્ધ તો અણુસણુને લીધે છે, પણ મુખ્યતાએ તો સર્વ વ્રત તથા ધર્મની સર્વ ક્રિયામાં લાગે છે, માટે તે અતિચાર પણ ટાળવાનો ખપ કરવું.

## જ્ઞાનાતિચાર.

(૧) **અકાલાધ્યયન અતિચાર**—અકાલે સૂત્ર સિદ્ધાંત વાંચે, ભણે, તેને લાગે. કાળવેળા તે સવારની એક ઘડી અને પાછલી રાતની એક ઘડી તે દીવસની કાળવેળા ગણાય. એવી રીતે બે ઘડી મધ્યાન્હની અને બે ઘડી સંધ્યા કાળની અને બે ઘડી મધ્યરાત્રીની એમ ચારે કાળવે-ળામાં જપ ધ્યાન મનમાં કરે, પણ ઉચ્ચાર કાંઈ કરે નહિ.

(૨) **વિનયહિનાતિચાર**—ગુરૂ તથા પુસ્તકાદિનો યથાયોગ્ય વિનય ન સાચવે, આશાતના કરે તે.

(૩) **અબહુમાનાતિચાર**—ગુરૂ તથા પુસ્તકાદિનું બહુમાન ન કરે.

(૪) **ઉપધાન હિનાતિચાર**—ઉપધાન કર્યા વગર ભણે તથા ક્રિયા કરે.

(૫) **ગુરૂનિન્હવણુ**—ભણનાર માણસ પોતાને ભણાવનાર ગુરૂને ગોપવે, ઓલવે, છુપાવે તે.

(૬) **કૂટસૂત્રાતિચાર**—ખોટાં સૂત્રનો ઉચ્ચાર કરે એટલે સૂત્રના અક્ષર ખોટા બોલે.

(૭) **અર્થકૂટાતિચાર**—પોતાના અજ્ઞાનાદિક દોષથી અર્થની પ્રરૂપણા ખોટી કરે.

(૮) **ઉભયકૂટાતિચાર**—સૂત્ર અને અર્થ બન્નેની પ્રરૂપણા ખોટી કરે. અશુદ્ધ ભણે તે.

એ અતિચાર યથાશકિતએ ટાળવાનો ખપ કરૂં. ન ટાળી શકાય તેને સારૂ જાણું નહિ.

# દર્શનના અતિચાર.

(૧) શંકાતિચાર—જિનેશ્વર ભગવાને કહેલા ભાવોમાં દેશથી કે સર્વથી શંકા કરે તે.

(૨) આકાંક્ષાતિચાર—પરમતનો અભિલાષ દેશથી કે સર્વથી ધરે.

(૩) વિચિકિત્સાતિચાર—ધર્મની કરણીના ફલનો સંદેહ રાખે અથવા સાધુ સાધ્વીના દેહ વસ્ત્રો પ્રત્યે જુગુપ્સા કરે તે.

(૪) મૂઢદૃષ્ટિ અતિચાર—અન્ય દર્શનીઓના કષ્ટ, મંત્ર, ચમત્કાર દેખી મૂઢ થઈ જાય તે મૂઢ દૃષ્ટિ અતિચાર.

(૫) અણઉવવુહ અતિચાર--શ્રી સંઘમાં ગુણવંતની પ્રશંસા કરે નહિ.

(૬) અસ્થિરીકરણાતિચાર—ધર્મની ક્રિયાથી પડતો હોય તેને સ્થિર કરે નહિ તે.

(૭) અવાત્સલ્યાતિચાર—સમાન ધર્મી ઉપર હેત ન રાખે તે.

(૮) અપ્રભાવના અતિચાર--ધર્મની ઉન્નતિ કરે નહિ. એ આઠે અતિચાર યથાશકિતએ ટાળવાનો ખપ કરૂં.

# ચારિત્રાચારના અતિચાર.

૧ **અનુપયુક્ત ગમન**—સામાયિક પૌષધમાં ઉપયોગ વગર ગમન કરે તે.

૨ **અનુપયુક્ત ભાષી**—સત્યાદિક ભાષાના ભેદમાંની પહેલી અને ચોથી ભાષા સામાયિક તથા પૌષધમાં બોલે, પણ ઉપયોગ વિના બોલે નહિ, બોલે તો તે અતિચાર.

૩ **અનુપયુક્ત એષણા**—સાધુ ૪૭ દોષ રહિત આહારાદિક લે તે, અને શ્રાવક સામાયિક પૌષધમાં પોતાની હદ માફક પાલે તે, તેમ ન કરે તો અતિચાર લાગે.

૪ **અનુપયુક્ત આદાનમોચન અતિચાર**—ઉપયોગ રહિતપણે કોઈ પણ વસ્તુ લે અગર મૂકે તે.

૫ **અનુપયુક્ત પરિષ્ઠાપન અતિચાર**—વડીનીતિ, લઘુ-નીતિ વિગેરે ભૂમિ પ્રમાર્જન કર્યા વગર પરઠવે તે.

૬ **અનુપયુક્ત મન પ્રવર્તનાતિચાર**—ઉપયોગ રહિત મનમાં કુવિકલ્પ ચિંતવે.

૭ **અનુપયુક્ત અકરણ વચનાતિચાર**—ઉપયોગ રહિત વિના કારણે બોલે.

૮ **અનુપયુક્ત નિષ્કારણ કાયયોગ ચપલતા અતિ-ચાર**—ઉપયોગ રહિત હાથ પગાદિકની ચપલતા કરે, પૂંજીને તથા પ્રમાર્જન કરીને ઉઠે બેસે નહિ તે.

એ આઠે અતિચાર યથાશક્તિએ ટાળવાનો ખપ કરૂં.

## તપાચારના અતિચાર.

તપના મુખ્ય બે ભેદઃ--બાહ્યતપ અને અભ્યંતર તપ.

૧. **દ્રવ્યતપ**--આહારનો ત્યાગ કરવો તે દ્રવ્ય તપ.

૨. **ભાવતપ**--આત્મસ્વરૂપની એકાગ્રતા કરવી તે ભાવ તપ.

તપથી નિકાચીત કર્મોનો બંધ શિથીલ થાય છે. તપ અપૂર્વ કલ્પવૃક્ષ છે. તેનું ફળ તો શિવ સુખની પ્રાપ્તિ થાય તેજ છે. દેવતા, મનુષ્ય, ઇંદ્ર કે ચક્રવર્તી આદિની ઋદ્ધિની પ્રાપ્તિ તે તેનું ફુલ છે. કર્મોને નિર્જરવાનું અપૂર્વ સાધન તપજ છે. એમ ધારી આ લોક અને પરલોકની ઇચ્છા ટાળીને તે તપ કરવો તેના છ ભેદ કહે છે.

બાહ્ય તપના છ ભેદ અને તેના છ અતિચારઃ--

૧ **અણુસણ તપ**--તે ઉપવાસાદિક વિવિધ પ્રકારનો છે. તેવો તપ કરીને એમ વિચારે કે આવા પ્રકારની રસોઈ કરીને, કરાવીને ખાઇશ ઈત્યાદિક આગલા પાછલા દીવસની ચિંતા ન કરે અને મેં તપ કયાં કર્યો ? એવા પ્રકારનો પશ્ચાતાપ પણ ન કરે. જો કરે તો અતિચાર લાગે.

૨ **ઉણોદરી તપ**--બે ચાર કોળીઆ ઓછા જમે તે. અને પ્રમાણ કરતાં અધિક ખાય તો અતિચાર લાગે.

૩ **વૃત્તિ સંક્ષેપ**--વિવિધ પ્રકારના અભિગ્રહ કરે અથવા શ્રાવક ૧૪ નિયમ ધારે, આહારની ચીજ સંખ્યામાં ઓછી રાખે. પોતાની મરજી બીજી રીતે અભિગ્રહ જણાવવાની થાય અને નિયમમાં રાખેલી વસ્તુનો સંકેત શિક્ષારૂપે કરે તો અતિચાર લાગે.

૪ **રસત્યાગ તપ**--વિગઈ તથા નિવીયાતાનો ત્યાગ કરે તે. તે ન કરે એટલે રસની લાલચથી વિગઇ આદિક વાપરે તો અતિચાર લાગે.

૫ **કાયકલેશ**--યોગીઓનાં ૮૪ આસને ધ્યાન કરે તે અને શ્રાવક લોચાદિક તથા પૌષધ આદિમાં જપ ધ્યાનમાં કષ્ટ સહન કરે તે. છતી શક્તિએ વસ્ત્રાદિક ઢાંકે, કોમલ આસને બેસી જાપાદિક કરે તો અતિચાર લાગે.

૬ **સંલીનતા તપ**--પોતાના અંગોપાંગ ગોપવી રાખે તે. પોતાના અંગને સંવરીને ન રાખે તો અતિચાર લાગે.

## અભ્યંતર તપના છ અતિચાર.

૧ **પ્રાયશ્ચિત્ત તપાતિચાર**--વ્રતમાં દૂષણ લાગે ત્યારે ગુરૂ પાસે જઈ આલોયણા લે અને ગુરૂ જે પ્રાયશ્ચિત આપે તે કરે. તથા તેમ ન કરે અને તેમાં રાજવેઠની પેઠે આચરણા કરે તે અતિચાર.

૨ **વિનય તપાતિચાર**—તે ગુણવંતની ચંદનથી પૂજન, નમન, ભક્તિ વિગેરે આગમ શૈલી માફક કરે તે વિનયાચાર. પણ ઓછી કરે તથા વિપરીત કરે અથવા અણછુટકે કરે, દંભથી કરે તે વિનય અતિચાર.

૩ **વેયાવચ્ચ તપાતિચાર**—આગમમાં કહ્યા પ્રમાણે સાધુ અને શ્રાવકને, કુળ, ગણ, સંઘ, ચૈત્યાદિકની વેયાવચ્ચ કરવાનું કહ્યું છે તે પ્રમાણે કરે તો તે આચાર. અને વેયાવચ્ચની વખતે કાંઈ બ્હાનું કાઢી જતો રહે, દંભથી કરે, બીજા પાસે કરાવે, ભક્તિ રહિત ન છૂટકે કરે તે અતિચાર.

૪ **સ્વાધ્યાય તપાતિચાર**—સાધુ, શ્રાવક પોતે પોતાની હદ માફક, વાંચે, પૂછે, પરાવર્તન કરે, અનુપ્રેક્ષા તથા ધર્મ કથા કરે તે આચાર; અને તે દરેક પ્રકાર દંભાદિકથી કરે તો તે અતિચાર.

૫ **ધ્યાન તપાતિચાર**—ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન ધ્યાવે તે. શ્રાવકને તો ધર્મધ્યાનની બારે ભાવના ભાવવાની છે, તે ધ્યાતાં બીજા કુવિકલ્પ ચિંતવે તો તે અતિચાર.

૬ **ત્યાગ તપાતિચાર**—ત્યાગ બે પ્રકારનો છે, દ્રવ્ય ત્યાગ અને ભાવ ત્યાગ. તેમાં પોતપોતાની હદની માફક ઈંદ્રિય સુખ તથા પરિગ્રહનો ત્યાગ કાઉસ્સગ્ગમાં કરે તે દ્રવ્યત્યાગ અને વિષય કષાયાદિકનો ત્યાગ કરે તો તે ભાવત્યાગ તપ કહેવાય. અને છતી શક્તિએ ત્યાગ કરે નહિ, વિધિ પૂર્વક કરે નહીં તો તે અતિચાર.

એ બારે અતિચાર યથાશકિતએ ટાળવાનો ખપ કરૂં.

**વિષય કષાયના દાહથી, દાઝયો સર્વ સંસાર,**
**તપ જળથી જે બુઝવે, તાસ ધન્ય અવતાર. ૧**

**વિઘ્ન ક્રોડ દૂરે ટળે, વાંછીત ફળે તત્કાળ;**
**જે ભવિયણ તપ નિત કરે, તસ ઘર મંગળમાળ. ૨**

**વિઘ્ન ટળે તપ ગુણ થકી, તપથી જાય વિકાર;**
**પ્રશંસ્યો તપ ગુણથી, વીરે ધન્નો અણગાર. ૩**

## વીર્યાચારના ત્રણ અતિચાર.

મન, વચન અને કાયાની સામર્થ્ય શક્તિ વિશેષ તે વીર્ય અને તે મન, વચન અને કાયાનું વીર્ય ધર્મ-કરણીમાં વાપરે તે વીર્યાચાર કહેવાય. (૧) ખેદ પામ્યો થકો કરે, દીલગિરીથી કરે, ધર્મ કરણી કરવામાં કુવિકલ્પ ચિંતવે તે **મનોયોગ વીર્યાતિચાર**. (૨) વચન યોગે સજ્ઝાય સ્તવનાદિક ન કરે તે **વચનયોગ વીર્યાતિચાર**. અને (૩) છતી શકિતએ ધર્મ કરણીમાં કાયબલ ન ફેરવે તે. **કાયયોગ-વીર્યાતિચાર.**

આ ત્રણે અતિચાર પણ યથાશકિતએ ટાળવાનો ખપ કરૂં.

ઉપર પ્રમાણે બારે વ્રતના ૧૨૪ અતિચાર થયા. આ બાર વ્રતનું નિરતિચારપણે પાલન કરવાથી સંસારની અનેક દુષ્ટ વાસનાઓ ક્ષીણ થઈ જાય છે. આચાર શુદ્ધિ થવાની સાથે નીતિબળ અને ધર્મબળ વૃદ્ધિ પામતું જાય છે. નીતિ-ભ્રષ્ટ કાર્યોથી દૂર રહી સત્ય અને શુદ્ધ માર્ગ ઉપર ટકી રહેવાના સંસ્કારો જામે છે. વ્યવહારિક અને નિશ્ચય બન્ને જીવન સુધરે છે અને આત્મવિકાશથી નિરંતર અનેક ગુણ પ્રકાશિત થાય છે.

## વ્રત ઉચ્ચરવાની રીત

શુભ દીવસે સવારેર ચોખાનો સાથીઓ કરી શ્રીફલ ઉપર સ્થાપનાચાર્ય પધરાવી શુદ્ધ વસ્ત્ર પહેરી ત્રણ નવકાર ગણી ગુરૂ પાસે વ્રત ઉચ્ચરે. પછી પુસ્તક રૂપાનાણાથી પૂજી વાસક્ષેપ ગુરૂ પાસે નખાવે.

## વ્રત ભંગનું ફળ.

**ઉંડે કુપે તે પડે, જે કરતો વ્રત ભંગ;**
**ભવ ભવ દુખીઓ તે ભમે, દુલ્લહો સદ્‌ગુરૂ સંગ. ૧**

શ્રી જીનેશ્વર ભગવંતના ફરમાન મુજબ દેશવિરતિ માર્ગમાં શ્રાવકને યોગ્ય સમકિત મૂલ બાર વ્રત, ઈહલોક પરલોકની વાંછા વિના હું શુદ્ધભાવે વૈરાગ્યવાસિત ચિત્તથી જાવજ્જીવ સુધીને માટે આગળ લખ્યા મુજબ અંગીકાર કરૂં છું. એ સર્વ વ્રતોનું યથાવિધિ પાલન, પરિપૂર્ણ કરીશ.

આ વ્રતોમાં અજાણતાં ભંગ થાય તો અથવા વિપરીત પ્રવૃત્તિ થઇ જાય તો જાણ્યા પછી આલોવું. અને ત્યાર પછી વિશેષ સાવધાન રહું.

ઉપરનાં વ્રતો (નિયમો) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અતીત કાળની નિંદા, વર્તમાન કાળમાં સંવર અને ભવિષ્ય કાળનાં પચ્ચક્ખાણ પૂર્વક ૬ સાક્ષીએ, ૭ છીંડી, ૪ આગાર અને ૪ બોલયુક્ત નીચે લખેલા ભાંગા પ્રમાણે અંગીકાર કરૂં છું.

પાના ૧૦માં લખેલા ૨૧ ભાંગામાંથી વચન અને કાયા સંબંધી ન કરવા અને ન કરાવવાના ૨–૩–૬–૯–૧૦–૧૩–૧૬–૧૭–૨૦ ભાંગાએ હું વ્રતો ગ્રહણ કરૂં છું, બધા વ્રતોમાં ધર્માર્થે જયણા.

આ ટીપ, નોંધ, વારંવાર વાંચવી, વિચારવી, મનન કરવી, અને આત્માની વિશેષ શુદ્ધિ થાય, તે પ્રમાણે ત્યાગ માર્ગનો વિશેષ આદર કરવો.

# જાવજજીવ માટેના નિયમો.

## ધર્માર્થે જયણા અને શાસ્ત્રમાં કહેલા આગારો સહિત નિયમોનું પાલન કરવું.

૧ શુદ્ધ દેવ અરિહંત સિવાય બીજા કોઈને દેવ તરીકે માન્ય કરવા નહિ.

૨ પંચ મહાવ્રતધારી સાધુ સિવાય બીજા કોઈને ગુરૂ તરીકે સમજપૂર્વક માન્ય કરવા નહિ. ( શ્રીપૂજ, જતિ, વેશ-ધારી સાધુ આદિને ફેટા વંદન કરવું પડે તો લોક વ્યવહાર રીતે કરૂં. )

૩ અરિહંત ભગવાને ભાખેલ શુદ્ધ ધર્મ સિવાય બીજા કોઈ ધર્મને માન્ય કરવો નહિ, (વ્યવહારમાં લગ્ન આદિ પ્રસંગે ગોત્રજ આદિ કરવા પડે તેની જયણા. )

૪ તીર્થંકર દેવો, ગણધર મહારાજાઓ, પૂજ્ય ગુરૂઓ તથા વીતરાગભાષિત ધર્મના અથવા કલ્પસૂત્રના કયારે પણ સત્ય, કે અસત્ય સોગન ખાઉં નહિ. તેમજ ઈષ્ટ દેવાદિકની માનતા કોઇપણ પ્રસંગે કરૂં નહિ તેમજ કરાવું નહિ. મિથ્યાત્વી દેવ, ગુરૂ કે પર્વની માનતા સ્વાર્થે કે સગા સંબંધીને અર્થે કરૂં કે કરાવું નહિ.

૫ નિરંતર ઓછામાં ઓછું અડધો કલાક ધાર્મિક વાંચવું, લખવું, સાંભળવું સ્વાધ્યાય કરવું કે જ્ઞાન નિમિત્તે ગાળવો. શારીરિક કે માનસિક અશક્તિ, માંદગી, બ્હારગામ મુસાફરી આદિ કોઈ સબળ કારણો એ જયણા.

૬ નિરંતર ત્રણ વખત (ત્રણ કાળ) પ્રભુદર્શન કરવા, એક વખત પ્રભુ પૂજા કરવી, ગુરૂવંદન કરવું. દ્રવ્યથી ન થાય તો મનમાં ધારી લેઇ તથા છબી દ્વારા દર્શન વંદન આદિ કરૂં. શારીરિક કે માનસિક અશક્તિ, માંદગી, બ્હારગામ મુસાફરી આદિ કોઈ સબળ કારણોએ જયણા.

૭ જેમ બને તેમ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, ઇંદ્રિઓની લોલુપતા આદિ અશુભ કર્મબંધનના કારણોની ઓછાશ કરતા જવું.

૮ શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ એજ ખરૂં અને બાકીનું બધું મિથ્યાત્વ. તે મિથ્યાત્વાદિ અશુભ કર્મ બંધનના કારણો છે તેવું સદ્દહી "जं जिणेहिं प्रवेइयं तमेव निःशंकं सच्चम्" એ સૂત્ર ઉપર દૃઢ શ્રદ્ધા રાખવી.

૯ સવારે ઉઠતાં અને રાતે સુતાં અગર નિરંતર બે વખત નીચે પ્રમાણે ચિંતવન, સ્મરણ અથવા નમસ્કાર કરવા કે જેથી ભવાંતરને માટે ઉત્તમ અને ઉચ્ચ સંસ્કાર પડે:—

(૧) નવકાર (૨) નવપદજી (૩) ચાર શરણ (૪) અતીત અનાગત અને વર્તમાન ચોવીશી અને મહાવિદેહના તિર્થંકરો (૫) સિદ્ધ ભગવંતો (૬) ત્રણ ભુવનને વિષે જે કોઈ નામ તીર્થ, શાશ્વત, અશાશ્વત પ્રતિમાઓ (જિનબિંબો), જિનાલયો, (ચૈત્યો), શાસ્ત્રમાં કહેલા આઠ શાશ્વતા પદાર્થો (૭) પ્રભુનાં પાંચ કલ્યાણકો (૮) અઢી દ્વીપને વિષે પંચ મહાવ્રતધારી સાધુ સાધ્વીજી, સમકિતમૂલ બાર વ્રતધારી શ્રાવક અને શ્રાવિકાઓ અને સમકિતવંત આત્માઓ અત્યાર સુધીમાં જે થઇ ગયા હોય, હવે પછી જે થશે, અને અત્યારે જે વિદ્યમાન હોય તે સર્વને નમસ્કાર. (૯) તીર્થંકર મહારાજાઓ, ગણધર મહારાજાઓ, શ્રુત કેવલીઓ, ૧૪ પૂર્વધરો, ગીતાર્થ આચાર્ય

મહારાજાઓ, ઉપાધ્યાય મહારાજાઓ, સર્વ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ એ ચતુર્વિધ સંઘ અત્યાર સુધીમાં જે થઈ ગયો છે, હવે પછી થશે અને અત્યારે જે વિદ્યમાન હોય તે સર્વને નમસ્કાર. (૧૦) પાંચ તીર્થોનું સ્મરણ જેમકેઃ—આબુ અષ્ટાપદ ગીરનાર, સમેત શીખર શત્રુંજય સાર; પંચતીરથ એ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ. (૧૧) ૮૪ લાખ જીવ યોનિના જીવોને અને ૧૮ પાપ સ્થાનકોને મિચ્છામિ દુક્કડમ્. જન્મ મરણના સુતકો, મુસાફરી, બહારગામની જયણા, છતાં સ્ખલના થાય તો દરેક નિયમના ભંગે એક એકાસણાની આલોયણા લેવી.

૧૦ જાવજ્જીવ સર્વથા બ્રહ્મચર્ય (મૈથુન વિરમણ) પાળવું.

૧૧ આ જીવિત પર્યંત બીભત્સ અક્ષરનો તથા અપશબ્દનો ઉચ્ચાર પણ કરવો નહિ.

૧૨ ચારિત્ર ઉદય ન આવે ત્યાં સુધી અમુક ચીજ (    ) ખાવી નહિ.

૧૩ જાવજ્જીવ કાચી દહીં (    ) વિગઇ ત્યાગ. તેમજ કાચી છાશનો પણ ત્યાગ. પરંતુ માંદગીમાં રોગ નિમીત્ત પ્રયોગ આદિમાં છાશ વાપરવી પડે તો તે પુરતી જયણા. છાશની બનેલ તમામ ચીજો ખવાય. દાખલા તરીકે કઢી વિગેરે. સોપારી ત્યાગ—(કાચી, સેકેલી, બાફેલી વગેરે).

ચાર મોટી અભક્ષ્ય વિગઇઓ જાવજ્જીવ માટે ત્યાગઃ— (૧) માંસ (૨) મદિરા (તાડી) દવામાં આવે તે પુરતી જયણા. (૩) મધ (૪) માખણ.

૧૫ બાવીશ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયનો ત્યાગ.

૧૬ પરિગ્રહ પરિમાણ–સ્થાવર અને જંગમ મીલ્કત થઈ કુલ રૂા. (        કરતાં વધુ પ્રમાણમાં રાખવી નહિ અને તે ઉપરાંત થાય તો વધારાની તમામ રકમ શુભ માર્ગે વાપરવી.

૧૭ પાલીતાણા, (શ્રી સિદ્ધગીરિ–સિદ્ધાચળની) જાત્રા દર વર્ષે કરવી પરંતુ અશકય માંદગી આદિ સબળ કારણને લીધે જાત્રાએ ન જવાય તો ભંડારમાં રૂ. (        ) મોકલવા.

૧૮ રાત્રી ભોજન ત્યાગ. નિરંતર સવારે જઘન્યથી નવ-કારશીનું પચ્ચક્ખાણ કરવું અને રાત્રે ચોવિહાર કરવો. રોગાદિ કારણે જયણા.

૧૯ કંદમૂળ, વાશીઓળો, બોળ અથાણું, વાશી ભોજન ત્યાગ, (નરમ) માવો આજનો કરેલો આજ વપરાય, પછી વાસી થતો હોવાથી ન વપરાય. ઘીમાં શેકાઈ ગયેલો હોય તો વાપરવામાં બાધ નહિ.

૨૦ કાચા ગોરસ (ગરમ નહિ કરેલ દુધ, દહી, છાસ) સાથે કઠોળનું ભોજન કરવું નહિ.

૨૧ નિરંતર એક સામાયિક કરવું. અશક્તિ, મંદવાડ, મુસાફરીએ જયણા.

૨૨ આઠ સામાયિક અને રાઈ તેમજ દેવસિ મળી કુલ બે પ્રતિક્રમણ કરવા તેને દેશાવગાસિક અને પૌષધ મળી એક વરસમાં કુલ (   ) કરવા. અનુકુળતા આવે તો ખાસ કરીને પર્વ તિથીઓએ કરવા ખપ કરવો. અશક્તિ, મંદવાડ, મુસાફરી આદિ સબળ કારણો એ જયણા. પર્વ તિથીઓનાં નામ કારતક સુદી ૫, કારતક સુદ ૧૪, માગશર સુદી ૧૧, ફાગણ સુદ ૧૪, અસાડ સુદી ૧૪, શ્રાવણ વદી ૧૨, શ્રાવણ વદી ૧૪, ભાદરવા સુદી ૮, આસો વદી ૦)),

૨૩ એક વરસમાં બે અતિથિ સંવિભાગ કરવા. અશક્તિ, મંદવાડ, મુસાફરી આદિ સબળ કારણોએ જયણા.

૨૪ કોઇ પણ દિવસે (   ) કરતાં વધારે દ્રવ્યો વાપરવા નહિ.

૨૫ જલેબીમાં વાશીની શંકા રહે છે માટે કોઈ દિવસ જલેબી તથા હલવો ખાવો નહિ.

૨૬ સાત વ્યસનોનો ત્યાગ કરવો તેનાં નામ. (૧) જુગારમાં સોગટાબાજી, પત્તા, શેત્રંજ આદિ રમતો રમવાનો, પાસાથી રમવાનો કે કોડીથી રમવાનો ત્યાગ. વ્યાપાર પુરતી જયણા (૨) માંસ (૩) મદિરામાં દવા પુરતા જયણા (૪) શિકાર (૫) પરસ્ત્રીગમન (૬) વેશ્યાગમન (૭) મોટી ચોરી.

૨૭ તમાસા જોવા નહિ, ગાનારીઓનાં ગાયનો કામો-ત્તેજક સાંભળવાં નહિ, આતસબાજી-(દારૂખાનું ફોડાય તે.) નાટક, સીનેમા, સરકસ, ઘોડાની રમત, જાદુના તથા હાથ ચાલાકીના ખેલો, તિર્યંચ પ્રાણીઓની લડત, ગાનારીઓના તથા નાયકાના નાચ, સમુદ્ર પૂજન, તાબુત, સ્ટીમર, એરોપ્લેન, બલુન, નવરાત્રીના ગરબા, બાગ, મ્યુઝીયમ, પ્રદર્શન અને ફાંસી દેતા હોય તે જોવા જવું નહી, તેમ જોવા ઉભુ રહેવું નહી. જતાં આવતાં જોવામાં કે સાંભળવામાં આવે તે પુરતી જયણા. હોળીની રમતમાં સામેલ થવું નહિ. ઉત્તરાયણમાં પતંગ ચઢાવવા નહિ.

૨૮ તિર્યંચ પ્રાણીઓ (બે કે ચાર પગ વાળા) ક્રીડાની ખાતર પાળવા નહિ, પાંજરે પૂરવા નહિ. હીંસક જાનવરને પાળવા નહિ. ઘોડો, ગાય, ભેંસ, બળદ, બકરા, બકરી, પાડા, ઘેટા, ઉંટ, ગધેડા, હાથી, સીંહ, વાઘ, કુતરા, બીલાડા આદિ પાળવા કે રાખવા નહિ. ખાસ દુધ માટે ભેંસ, ગાય, બકરી આદિ રાખીએ તો તે પુરતી જયણા. તેઓને ક્રોધથી મારવા નહી.

૨૯ વાહનો ( તરતું, ફરતું, ચરતું ) મોટર, સ્ટીમ તથા ઈલેકટ્રીકથી ચાલતી ગાડી, સ્ટીમર, હોડી, વહાણ આદિ મારા માટે રાખવા નહિ. તેમ છોકરાઓ આદિ માટે પણ મારે વસાવવા નહિ. (બાઈસીકલ ત્રાઈસીકલ આદિની જયણા) એરોપ્લેન, બલુનમાં બેસવું નહિ.

૩૦ પતરાળા, કેળના પાંદડા કે કાગળમાં ખાવું નહિ.

૩૧ હિંદુસ્તાનની બ્હાર મુસાફરી કરવી નહિ. ઉંચે પચીસ માઈલ અને ભોંયરા, વાવ, કુવા આદિ નીચે જમીનમાં. ૫ માઈલ જવાની જયણા

૩૨ મિથ્યાત્વી-(અન્ય ધર્મીઓને ત્યાં નીચેના પ્રસંગોએ જમણવારમાં ધર્મ માનીને જમવા જવું નહિ.

દિવાસો, બળેવ, નોરતા, ગરબા, હોળી, ઉત્તરાયણ, ગણેશ-ચતુર્થી, નાગપંચમી, રાંધણછઠ્ઠ, શીતળાસાતમ, જન્માષ્ટમી તથા તેનુંપારણું, ગોકળઆઠમ, રામનવમી, દૂબળીઆઠમ, વિજયાદશમી, ભીમઅગીઆરસ, પવિત્રાબારસ, ધનતેરશ, કાળી-ચૌદશ, તાબુત, બકરીઇદ, શ્રાદ્ધ, મરણ પાછળ જમણવાર, સીમંત, અઘરણી, વાસ્તુ-(ઘર પ્રવેશ), મોટાનીજાયણ, જાગ વાળ્યો હોય તે નિમીત્તે જમણવાર, પૂર્વજીયું, સત્યનારાયણની કથા કે મંદીરનો પ્રસાદ, આદિ મિથ્યાત્વીનાં પર્વો.

૩૩ અચિત યાને ઉકાળેલું પાણી પીવું. જાત્રા, મુસાફરી આદિમાં તેમજ બહારગામ ઉકાળેલા પાણીનો જોગ જો ન બને તો પણ અચિતજ પાણી પીવું એટલે સચિત પાણીમાં સાકર ત્રિફળાં કે રાખ નાંખીને બે ઘડી થાય એટલે તે પાણી પીવું.

૩૪ તમામ સચિત દ્રવ્યોનો ખાવા માટે ત્યાગ.

૩૫ ધર્મ બુદ્ધિથી અન્ય ધર્મીઓના પુસ્તકો વિગેરે વાંચવા નહિ. તેમ શૃંગાર રસ, કષાય, ઇંદ્રિઓની લાલસાની વૃદ્ધિ થાય તેવા પુસ્તકો, લેખો, આદિ વાંચવા નહિ.

૩૬ કોઈ પણ ચીજમાં કાચું મીઠું, ગોળ, સરસીયું, તેલ જાતે ઉપર લઈને ખાવું નહિ. કાચુ મીઠું નાંખેલ ચીજ ગરમ કર્યા વિના ખાવી નહિ.

૩૭ કાચી માટીનો ઉપયોગ કરવો નહિ.

૩૮ ફળ, ફુલ, ઝાડ **જાતે** તોડવા નહિ. ધર્માર્થે જયણા.

૩૯ બરફ, કરા, કુલફી, આઈસક્રીમ તથા બરફ મિશ્રીત કોઇ પણ ચીજ ખાવી કે પીવી નહિ ( બાહ્ય ઉપચાર માટે બરફની જયણા. )

એરેટેડ વોટર્સ—લીંબુ, સોડા, જંજીર, રાસબરી, વિગેરે પ્રવાહી પીણા પીવા નહિ, વાપરવા નહિ. બીસ્કીટ, લીંબુ આદિ પીપરમીટની ગોળીઓ, ચોકલેટ, વીલાયતી ( ધર્મને બાદ આવે તેવી ) પેટંટ દવાઓ, દાંતે ઘસવાના પાવડર, પેસ્ટ, માંસ તથા લોહી આદિકથી મિશ્રિત પ્રવાહી દવાની બાટલીઓનો ખાવા તથા પીવામાં ઉપયોગ કરવો નહિં. ( દાક્તરને ત્યાંથી દવા આવે તે પુરતી જયણા. )

કોલનવોટર, સેન્ટ, તેલો, વીલાયતી એરંડીયું, કવીનાઇન ક્ષુદ્ર અને તેની ગોળીઓ.સુગંધી છીકણી ( medicated snuff ) પેઇનકીલર, ઇલમીટના ફુલ વિગેરેની જયણા. બાહ્ય ઉપચાર માટે તમામની જયણા.

૪૦ બજારમાં વેચાતા જાતજાતના હલવા, તથા જનાવરના આકારના ખાંડનાં રમકડાં ખાવાં નહિ.

૪૧ વીલાયતી પેક સરબતો, મુરબ્બાઓ, શીરકો, ગુલ-કંદ, કેરીનો પેક રસ, Assences–સત્વો અને કેફી ચીજો–અફીણ, ગાંજો, ભાંગ, ચડસ, તમાકુ, કાગળ અને પાંદડાની બીડી, ગડાકુ, જાતજાતના ઝેરી વિષો તથા જાયફળ નો ખાવામાં અને પીવામાં ઉપયોગ કરવો નહિ દવા તરીકે દરેક ચીજ વાપરવાની જયણા.

૪૨ છુંદા અને મુરબ્બા સિવાય તમામ અથાણું ત્યાગ. વઘારેલાં મરચાં અથાણામાં આવે છે તે જે દીવસે વઘારેલાં હોય તે દીવસે ખાવાની છુટ. ચોમાસામાં ગવાર વિના તમામ સુકવણી ત્યાગ.

૪૩ કુવા. વાવ, તળાવ, નદી, સમુદ્ર, ટાંકા, દ્રહ, સરોવર, દરીયો આદિ જલાશયોમાં પડીને ન્હાવું નહિ.

૪૪ હીંચકા ઉપર (જમીનથી અદ્ધર હોય તેવા) બેસવું નહી.

૪૫ આદ્રા પછી કેરી ખાવી નહિ.

૪૬ જે ચીજ ખાવાથી તૃપ્તિ થાય નહિ–પેટ ભરાય નહિ અને પાપ આરંભ વધે તેવા તુચ્છ ફળોનો ત્યાગ તે નીચે પ્રમાણે.

તમામ જાતનાં બોર–ચણીબોર, વડબોર, ખારેકીબોર, લીલાઅંજીર, ડાળીએ વળગેલી આવે છે તેવી લાલ અને કાળી દ્રાક્ષ.

સારા શરીરે શક્તિ વધારવા માટે નીચેની ચીજો ન ખાવી. ટેટી, તડબુજ સીતાફળ, શેલડી, રાયણ, ગુંદા, મગફળી, જાંબુ, કોકડી, મુકતી રેવડી, ફાલસા, શેતુર, કમરકાકડી, સીંગોડા, પોંખ, ઉંધીયુ, પોપટા, દાડમ, જામફળ, કાલીંગડુ, અખરોટ, આલુ, કાજુ, ખસખસ, લીલું સુંકું ટોપરૂં, ખાવાનો ગુંદ તેનું વસાણું શ્રીફળનું પાણી, ખજુર, કોઠ, મૂળા, તલ, ખારેક, પાક.

૪૭ ખાવાના નાગરવેલના પાનનો ત્યાગ.

૪૮ બે આઠમ, બે ચૌદસ, અજવાળી પાંચમ, આ પાંચ તીથીએ દર મહિને **ઘી વિગઈ મુળથી ત્યાગ.** (ભાદરવા શુદી પાંચમની જયણા) તેમજ માસમાં (       ) તિથિ તમામ લીલોતરી અને મગ સિવાયનું આખું કઠોળ ત્યાગ. જો આયંબીલ કર્યું હોય તો તે દીવસે તમામ કઠોળ ખાવાની છુટ ભાદરવા શુદી ૫ ના રોજ લીલોતરી ત્યાગ.

પર્યુષણના આઠ દિવસ ચત્ર અને આસો માસની ઓળીમાં તથા બકરી ઇદના દીવસે તમામ લીલોતરી ત્યાગ. માંદગીમાં જયણા.

જઘન્યથી એકાસણાનો તપ બે આઠમ, બે ચૌદસ, અજવાળી પાંચમે (ભાદરવા શુદી ૫ની જયણા) કરવો. માંદગી, શારીરિક કે માનસીક અશક્તિ, મુસાફરી, બ્હાર ગામ આદિ સબળ કારણોએ જયણા.

૪૯ આદ્રા બેસે ત્યારથી ચોમાસું ઉતરે ત્યાં સુધી એટલે કારતક શુદી ૧૫ સુધી કાચી ખાંડ ત્યાગ. એટલે આદ્રા પછી લાવેલું બુરૂ ન વપરાય, મોરસ સમૂળગી વપરાય નહિ. ફક્ત સાકર વપરાય. આદ્રા પછીનું બુરૂ અને મોરસ નાંખેલ ચીજો તમામ વપરાય નહિ જેવી કે દુધપાક, બાસુદી, શીખંડ તથા ગળપણ નાંખેલ ચીજોમાં પણ ઉપયોગ રાખવો કે શું ગળપણ નાંખ્યું છે.

૫૦ મેંદો અને રવો આવે તેવી વેચાતી લાવેલી તમામ ચીજો ચોમાસામાં ત્યાગ. દીવાળીમાં કરવામાં આવે છે અને ખાંડ ઘી લઈને ખાઈએ છીએ તેવી લોટના સેવો ખાવાની છુટ પણ બજારમાંથી વેચાતા લાવેલા મેંદાની બનાવેલી ચીજો બારે માસમાં કોઇ દીવસ ખાવી નહી.

૫૧ લીલફુલ વળેલ પાપડ ચોમાસામાં ખાવો નહિ.

૫૨ નિરંતર થાળી ધોઇ પીવી. માંદગી, મુસાફરી આદિમાં જોગ બને તેમ ન હોય તો જયણા.

૫૩ કંદોઈને ત્યાં વેચાતું તમામ પકવાન ત્યાગ. ખાસ કરાવેલની જયણા. દુધપાક, બાસુદી, શીખંડ, મીઠાઇ તથા બીજી ગળપણની ચીજો કંદોઇ કે ઘાંચીને ત્યાં કરેલી કે કરાવેલી હોય તો ખાત્રી અને તપાસ કરીને બાદ ન આવતો હોય તો વાપરવાની જયણા.

૫૪ નિર્ધ્વંસપણે જીવ હિંસા કરવી નહિ.

,, લીલોતરી ઉપર પગ મૂકી ચાલવું બેસવું કે સુવું નહિ.

,, જ્ઞાનની, જ્ઞાનીઓની તથા જ્ઞાનના ઉપકરણોની તથા દર્શનના ઉપકરણોની આશાતના કરવી નહી.

,, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપવાળા ગુણી આત્માઓની નિંદા કરવી કે તેઓને હલકા પાડવા નહિ.

૫૫ ફાગણ શુદી ૧૪ થી કારતક શુદી ૧૫ સુધી આઠ માસ દર વર્ષે નીચેની વસ્તુનો ત્યાગઃ—

(૧) સુકો મેવો—કાજુ, ચારોળી, દ્રાક્ષ (યાવત્ જીવ માટે ચારોળીનો ત્યાગ) ખજુર, ખારેક.

(૨) પાંદડા વાળી તમામ ચીજો તથા ભાજી—મેથી, તાંજલજો, કોથમીર, ફુદીનો, લીલી ચહા. મીઠો લીંબડો શરગવાની સીંગ, કોબીજ આદિ. અશાડ શુદી ૧૪ થી કારતક શુદી ૧૪ સુધી નાળીયેર, પીસ્તાં બદામ જે દીવસે ભાંગીએ તેજ દીવસે વાપરવી.

૫૬ જાવજજીવ જ્ઞાન પદની આરાધના નીચે પ્રમાણે કરવી:-

પાંચ નવકારવાળી " नमो नाणस्स "ની ગણુવી.

પાંચ ખમાસમણાં "અધ્યાત્મ જ્ઞાને કરી,વિઘટે ભવ ભ્રમ ભિતિ,
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રિતિ"

પાંચ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

શારીરિક કે માનસિક અશક્તિ, માંદગી, મુસાફરી આદિ સબળ કારણે જયણા.

૫૭ જાવજજીવ સુધીને માટે વીસ સ્થાનકો પકી એક, બે, કે વીસે સ્થાનકની આરાધના નિરંતર કર્યા જ કરવી. અનુકુળતા આવે અને બને તો " नमो अरिहंताण " પદની આરાધના નિરંતર કરવી. ૧૨ ખમાસમણાં, ૨૦ નવકારવાળી યાને ગુણણું અને ૧૨ લોગસ્સનો કાઉસગ્ગ કરવાં.

શારીરિક અને માનસિક અશક્તિ માંદગી મુસાફરી આદિ સબળ કારણોએ જયણા.

૫૮ શ્રી વિંશતિસ્થાનક પદોમાંની વીસમી શ્રી તીર્થ-પદની આરાધના જે જે દીવસે કરવામાં આવે તે વીસે દીવસે સોના અથવા ચાંદીના વરખની પૂજા રચાવવી અને ત્યારબાદ દરેક માસની (     ) તીથી જાવજજીવ પ્રભુની પ્રતીમાજીને વરખની પૂજા રચાવવી.

૫૯ ફુલની માળા, છડી, છુટાં ફુલનો જાવજજીવને માટે ધાર્મિક કાર્યો સિવાય કોઈપણ પ્રસંગે ઉપયોગ કરવો નહિ. હાથમાં, ગળામાં કે દેહ ઉપર ધારણ કરવાં નહિ.

# શ્રી સમ્યક્ત્વમૂલ બાર વ્રત વિસ્તારથી ટીપ.

પ્રથમ શુભ નક્ષત્ર વાર તિથિ ચોઘડીયું અને ચંદ્રબળ વિગેરે જોવરાવી, નંદીમાં ચૌમુખજી પધરાવી, ચાર બાજુ ચાર દીવા કરાવી નંદી મંડાવનાર સવાપાંચશેર ચોખા, સવાપાંચ રૂપીઆ અને બાકીના વ્રત લેનાર ૧। રૂપીયો સવાશેર ચોખા લાવી, પાંચ સાથીઆ કરી તે દરેક ઉપર શ્રીફલ મૂકી, એકી સાથે વધુ તપ વ્રત ઉચ્ચરનાર બાકીના દરેક તપના દશ આના પ્રમાણે નકરો મૂકી, પુસ્તક રૂપાનાણાથી પૂજી એકાસણાદિ યથાશક્તિ તપ કરી, સંઘ સમક્ષ કટાસણું મુહપત્તિ ચરવળો લઈ શુદ્ધ ધોતીયું પહેરી ઉત્તરાસંગ રાખી ગુરૂ પાસે વ્રત ઉચ્ચરી યથાશકિત પ્રભાવના કરાવે.

## માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ.

**सर्वविरति-लालसः खलु देशविरति परिणामः**—ગૃહસ્થ સંઘયણ આદિ દોષોથી સર્વ વિરતિ લેવાને અશક્ત હોય ત્યારે સાધુ ધર્મનો અનુરાગી થઈ દેશવિરતિ (બાર વ્રતો) ગ્રહણ કરે, તેનો જ ગૃહસ્થ ધર્મ કલ્પવૃક્ષવત્ સફલ છે. તે ધર્મની લાયકાત માર્ગાનુસારીના ગુણોથી થાય છે, માટે ભવભીરૂ આત્માઓએ ખાસ મનન કરી ગુણગ્રાહી થવું.

न्यायसंपन्न-[1]विभवः शिष्टाचार-प्रशंसकः ।<br>
कुलशीलसमैः सार्द्धं, [2]कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ १ ॥<br>
[4]पापभीरुः प्रसिद्धं च, देशा[5]चारं समाचरन् ।<br>
अवर्णवादी न[6] क्वापि, राजादिषु विशेषतः ॥ २ ॥<br>
अनतिव्यक्तगुप्ते च, स्थाने सुप्रातिवेश्मिके ।<br>
[7]अनेकनिर्गमद्वार-विवर्जित निकेतनः ॥ ३ ॥

कृतसङ्गः [8]सदाचारै,-र्मातापित्रोश्च[9]पूजकः ।
त्यजन्नुपप्लुतं[10]स्थान,-मप्रवृत्त[11]श्च गर्हिते ॥४ ॥
व्ययमायोचितं[12]कुर्वन्, वेषं [13]वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणै[14]र्युक्तः, शृण्[15]वानो धर्म मन्वहं ॥ ५ ॥
अजीर्णे भोजनत्[16]यागी, काले भो[17]क्ता च सात्म्यतः ।
अन्योऽन्याप्रतिबन्धेन, त्रिवर्गमपि [18]साधयन् ॥ ६ ॥
यथावदतिथौ साधौ, दीने च प्रति[19]पत्तिकृत् ।
सदा[20]नभिनिविष्टश्च, प[21]क्षपाती गुणेषु च ॥ ७ ॥
अदेशाकालयोश्चर्यां, त्य[22]जन् जानन् ब[23]लाबलं ।
व्रतस्थ[24]ज्ञानवृद्धानां, पूजकः पोष्य[25]-पोषकः ॥ ८ ॥
दीर्घ[26]दर्शी वि[27]शेषज्ञः, कृत[28]ज्ञो लोक[29]वल्लभः ॥
[30]सलज्ज [31]सदयः सौम्[32]यः, परो[33]पकृतिकर्मठः ॥ ९ ॥
[34]अन्तरङ्गारिषड्वर्ग,-परिहार-परायणः ॥
वशीकृतेन्द्रिय[35]ग्रामो, गृहिधर्माय कल्पते ॥ १० ॥

૧ **ન્યાય સંપન્ન વિભવ**—માલિક કે મિત્રનો દ્રોહ, વિશ્વાસુને ઠગવું, ચોરી આદિ નીચ કર્મોથી જીવવું, એ અન્યાયો તજી સ્વકુલ, જાત (ક્ષત્રિય વણિક) આદિ અનુસારે કમાણી કરવી તેવો સદાચાર તે ન્યાય છે. તેવી સંપત્તિવાળો આ લોકમાં સુખી રહે છે. કોઈ સાથે વૈર વિરોધ ન થતાં નિર્ભય રીતે તે ધન પોતે ભોગવી શકે છે અને કુટુંબ મિત્રો આદિને પણ પોષી શકે છે. કેમકે ન્યાયી સર્વસ્થાને પવિત્ર અને સંતોષી રહી શુદ્ધ વ્યાપારોના બલથી આબરૂની મગરૂબી ધરાવે છે. ત્યારે

**पापाः सर्वतः शंकिताः ।** પાપીઓ સર્વ સ્થળે જુલ્મી, અન્યાયી જીવનથી કલેશાદિ ભયવાળા હોઈ દુઃખી રહે છે. ધર્મી સુપાત્રદાનાદિ ભક્તિવાળો અને દીન દુઃખીઓનો પાલક થઇ, પરલોકે દેવાદિ સદ્‌ગતિ પામે છે. અન્યાયી ધનવંત આ ભવે કે પરભવે લોક વિરૂદ્ધ પાપોથી મારન તાડન જેલ વિગેરે દુઃખો પામી નરક જેવી નીચ ગતિઓમાં ઘણું રીબાય છે. જો કે કેટલાક પાપાનુબંધી પુન્યવંત મ્લેચ્છ આદિ નીચ લોકો અન્યાયી ધનવંત બને, અને કસાઈના પશુની જેમ પહેલાં દુઃખ ન દેખે, તો પણ ભવિષ્યમાં પાપ ઉદય થતાં જરૂર ઘણો રીબાય છે. **असारमण्णं सव्वं विसेसओ अविहि–गहणेण सुमिणं व** સર્વ ધન પુત્રાદિ અસાર છે.વિશેષથી અવિધિના ગ્રહણ વડે સ્વપ્નની જેમ સર્વ અસાર છે. મચ્છી-મારનું ભોજન ખાનાર માછલાંની જેમ અન્યાયે જીવનારા વિશેષ રીબાય છે, તેવા તેવા દુઃખ સિવાય તે ધન પચતું નથી. અર્થ (**ધન**) માં સારાંશે હિત હોય તો ન્યાય જ છે. જેમ ભરેલા ઉંડા સરોવરમાં પક્ષીઓ વગર બોલાવે આવે છે, તેમ સર્વ સંપત્તિઓ ન્યાય આદિ ધર્મથી પુન્યોદય થતાં અકસ્માત્ આવી મલે છે. અને તે ધન પેઢી પરંપરા અખૂટ સુખી કરનાર અને સન્માર્ગ દાતા થાય છે. ગૃહસ્થને વૈભવ સર્વ સાધનોનું મૂલ છે, માટે સાધુ જીવન ન મલે ત્યાં સુધી ન્યાય સંપન્ન વૈભવને સર્વ સુખનું સાધન જાણી ન્યાયી બનવું.

**૨ શિષ્ટાચાર પ્રશંસક**—સદાચારી અને જ્ઞાન વૃદ્ધોની સેવા પૂર્વક વિશુદ્ધ શીખામણોથી મેળવેલો સત્પુરૂષોનો આચાર તે શિષ્ટાચાર. જેને લોકાપવાદ ભય, દીનદુઃખીના

ઉદ્ધારની લાગણી, કૃતજ્ઞભાવ, શુદ્ધ દાક્ષિણ્યતા હોય, વળી જેના ઉત્તમ સદાચાર હોય અને તેની પ્રશંસા કરનાર હોય, તે મનુષ્ય વિપત્તિમાં ન ગભરાતાં ધીર બને. મહાપુરૂષોના પગલે ચાલનાર, વ્યાપારોમાં પ્રીતિવાન્ તથા ન્યાયી, પ્રાણ જતાં પણ મલીન કામ ન કરે, દૂર્જનની પ્રાર્થના ન કરે, અલ્પધનવાળા મિત્ર પાસે માગણી ન કરે, આવું વિષમ અસિધારા વ્રત સત્પુરૂષોને સ્વયંસિદ્ધ હોય છે, માટે શિષ્ટાચારને વખાણવો.

**૩ કુલશીલથી સમાન અન્ય ગોત્રજ સાથે વિવાહ કરવો—કુલ**--બાપ દાદાની લાંબી પરંપરાનો વંશ. **શીલ–**દારૂ, માંસ, રાત્રિભોજનાદિ પાપાચારના ત્યાગરૂપ સારો આચાર. તેવા કુલાચારથી સરખા હોય. શ્રીમાળી, પોરવાડ ઓસવાળ આદિ કુલમાં અન્ય ગોત્રજ (નજીકના એક પુરૂષનો વંશ. જે એક કુટુંબી ભાઈઓ હોય તેથી જુદા કુટુંબી) સાથે વિવાહ [અગ્નિદેવ આદિની સાક્ષીએ હસ્તમિલાપ] કરવો. તેવો વિવાહ લૌકિક શાસ્ત્રમાં આઠ પ્રકારનો છે. આભૂષિત કન્યાદાન તે **બ્રાહ્મ** (૧) પહેરામણી સાથે કન્યાદાન તે **પ્રાજાપત્ય** (૨) ગાયનું જોડલું દેવા સાથે કન્યાદાન તે **આર્ષ** (૩) યજ્ઞ માટે ઋત્વિજને દક્ષિણા રૂપે કન્યાદાન તે **દૈવ** (૪) એ ચાર ઉચિત ધર્મ વિવાહ છે તથા માતપિતા બંધુ વિરૂદ્ધ પરસ્પરની પ્રીતિથી સંબંધ થવો તે **ગાંધર્વ** (૫) પૈસા લઈને કે સાટું કરીને કન્યાદાન દે તે **આસુર** (૬) બલાત્કારથી કન્યા ગ્રહણ તે **રાક્ષસ** (૭) સુતેલી પ્રમાદી કન્યા ગ્રહણ કરવી તે પીશાચી વિવાહ છે (૮) તે ચાર અધર્મી

વિવાહ છે. જો વહુવરની માંહેમાંહે રૂચી હોય તો અધર્મી પણ ધર્મી વિવાહ થાય. રાજાના સ્વયંવર વિગેરેથી શુદ્ધ કન્યાલાભનું ફલ, આબરૂ, ધર્મ રક્ષા, સદ્ગતિનું સાધન બને, તે વિવાહ શાંતિનો છે અને અશુદ્ધ કન્યા આદિનો યોગ થતાં નરક જ મળે છે. વિવાહનું ફલ સ્ત્રી રક્ષણથી ઉત્તમ પુત્ર પરિવાર રહે તથા નિર્દોષ ચિત્તવૃત્તિ થાય. ગૃહકાર્યો વ્યવસ્થિત બને. કુલ મર્યાદાએ આચાર શુદ્ધિ રહે. દેવ ગુરૂ વડીલ બંધુજનોનો સત્કાર આદિ શોભા વધે. તથા યુવાન સ્ત્રીઓના રક્ષણ માટે ચાર ઉપાયો જોડવા. ૧ ઘરનાં કાર્યો કરાવવાં. ૨ મર્યાદિત ઘરનું જોખમ સોંપવું. ૩ સ્વેચ્છા વર્તન ન કરાવવું. અને ૪ માતા તુલ્ય સ્ત્રીઓની આમન્યામાં રહે એમ વિવાહ શુદ્ધિ સાચવવી.

**૪ પાપભીરૂ**—જે નજરે દેખાતા દુઃખદાયી પાપકાર્યો અને કેટલાક બુદ્ધિશાસ્ત્રથી જણાતા દુઃખદાયી પાપકાર્યથી ભયવાળા થવું. ચોરી, જુગાર, પરસ્ત્રીલંપટ જેવાં પાપકાર્યો આ ભવમાં જગજાહેર દુઃખદાયી છે તથા મદિરા માંસ આદિ શાસ્ત્રસિદ્ધ નરકાદિ વિડંબના રૂપ છે માટે ઉભય લોકમાં અનર્થ કરનારાં જાણી, પાપકાર્યથી સર્પ દેખવાની જેમ ભયભીત થવું.

**૫ પ્રસિદ્ધ દેશાચાર આચરવો:**—ઉત્તમ શિષ્ટ પુરૂષોને માન્ય, ઘણા વખતથી રૂઢીથી આવેલ લોકમાન્ય દેશાચાર (ભોજન પહેરવેશ આદિ અનેક ક્રિયારૂપ સામુદાયીક વ્યવહાર) સાચવવો, કેમકે વ્યવહાર વિરૂદ્ધથી ઘણા લોકોની વિરોધ લાગણી થતાં અકલ્યાણ વધે છે, માટે સજ્જન સંમત વ્યવહાર સાચવવો.

૬. **અવર્ણવાદ**—નિંદા કોઈની ન કરવી. તેમાં રાજા આદિ પૂજ્ય જનોની તો કોઈપણ રીતે ન કરવી. પરનિંદાથી ઘણા દોષો વધે છે. પરને હલકો પાડવો કે અવગુણો કહેવાથી તથા પોતાનાં વખાણ કરી વાહવાહ વિગેરે કરાવતા મરીચીની જેમ નીચગોત્રકર્મનો વિપાક દરેક ભવમાં ભોગવતાં ક્રોડો ભવ બગડે છે. માટે પરનિંદા કે પોતાનાં વખાણ કોઈ રીતે સારાં નથી, તેમાં પણ વધારે અનર્થકારી તો રાજા મંત્રી આદિ લોકમાન્ય પુરૂષોની નિંદા છે. જે નિંદા ધન અને પ્રાણની ઘાતક છે, છતાં પરગુણ પ્રશંસા અને આત્મનિંદા કરવી હિતકારી છે એમ જાણી પરની નિંદા ન કરવી.

**૭ અનેક બારણે જવા આવવાવાળું ઘર ન કરવું.** ખુલ્લા રાજમાર્ગે કે સાંકડા લાંબા ( બહુ ઢંકાએલ ) માર્ગે પણ ઘર ન રાખવું તથા સારા પાડોશમાં રહેવું. ઘરના ઘણા બારણાથી જવું આવવું થતાં દુષ્ટ ચોરાદિ પ્રવેશ કરી સ્ત્રી કે ધન આદિનો ઉપદ્રવ કરે, માટે ગૃહસ્થે મર્યાદિત સુરક્ષિત દ્વારવાળું ઘર કરવું. જે જમીન શુદ્ધ હોય ત્યાંજ કરવું, પણ અશુદ્ધભૂમિ (હાડકાં શ્મશાન આદિ વડે દોષિત ભૂમિ)માં ન કરવું, જેમાં ધરો, ડાભ જેવું સારૂં ઘાસ થતું હોય તથા માટી વર્ણ ગંધથી સારી હોય, મીઠું પાણી નીકળે કે ધન-નિધાન વાળી હોય ત્યાં ઘર કરવું. ભૂમિના ગુણ દોષોને શકુન, સ્વપ્ન લોકશ્રુતિ વિગેરે નિમિત્તોથી તપાસવાં. વળી જો તે સ્થાનક નજીકમાં પાડોશ વિનાનું હોય, તો ચોર આદિના ઉપદ્રવવાળું રહે, માટે પાડોશીથી સુરક્ષિત કરવું; તથા જો તે સ્થાન અતિગુપ્ત હોય અને ચારે બાજુનાં ઘરોથી ઢંકાએલ

હોય તો શોભાવાળું ન રહે અને અગ્નિ આદિ ઉપદ્રવમાં બચાવ કરવો મુશ્કેલ થાય, માટે સંકડામણવાળા સ્થળે પણ ઘર ન કરવું. પાડોશી ખાનદાન સદાચારી અને ધર્મી જોવા. દુષ્ટાચારી પાડોશથી તેના અધમ આલાપ શ્રવણ, કુચેષ્ટા, દર્શન આદિ નબળા સંસ્કારો પડતાં, ઘોડા અને ગધેડાની સોબતની જેમ ગુણી પણ અવગુણી બને. માટે પારધી શીકારી, ભીલ, માછીમાર, રાવળીઆ, ચાકર મજૂર જેવા નીચ આજીવિકાવાળાની સોબત જરૂર વર્જવી. એમ ઉપરોક્ત ગુણો વિચારી સારા સ્થાનમાં આવાસ કરવો, જેથી ગુણવંત પરિવાર બને.

**૮ સદાચારી જીવોની સોબતમાં રહેવું**—આલોક અને પરલોકમાં હિતવાળી શોભતી આચાર પ્રવૃત્તિ જેઓની હોય તેનો સંગ કરવો, પણ જુગારી સટોરીયા વિટ ભટ્ટભાંડ નાટકીયા જેવા અધમનો સંગ દુર્ગુણ અને અનર્થકારી જાણી વર્જવો. **सेविज्ज धम्ममित्ते, विहाणेण अंधोवि वा कड्ढए, वाहिए विव विज्जो, दरिद्दो विव ईसरे ॥ भीओ विव महानायगो, न इओ सुंदरतरं मन्नंति** ધર્મ મિત્રોને વિધાને કરી સેવવા, અંધને જેમ દોરનાર, રોગીને જેમ વૈદ્ય; દરિદ્રને જેમ ધનાઢય, ભયભીતને અનેક વિપત્તિમાં રક્ષણ કરનાર મહારાજાની જેમ એ ધર્મ મિત્રની સેવાથી વધારે સારૂં બીજું કોઈ નથી, મુમુક્ષુને નિઃસંગભાવે સિદ્ધિ હોવાથી સંગ સર્વથા ત્યાજ્ય છે તોપણ અનાદિ સંસ્કારથી સંગ ન છૂટે તો સત્સંગ કરવો, જે નિઃસંગ થવાનું ઔષધ છે. શાસ્ત્ર ફરમાવે છે કેઃ—જો તું સત્સંગીનો રાગી થઈશ, તો તું જ સંત થઇશ. પરંતુ દુર્જનના સંગમાં પડીશ, તો બધી રીતે પતિત દશા પામીશ.

**૯ માતા પિતાના પૂજક થવું**—તેમને ત્રિકાલ પ્રણામ કરવા. પરલોકમાં હિતકારી એવા ધર્મોમાં જોડવા. સર્વ કાર્યોમાં તેમની આજ્ઞા લેવી. ઉત્તમ ખાનપાન વસ્ત્ર અલંકાર તેમને સોંપવા અને તેમના ઉપભોગ બાદ શેષ ખાનપાન આદિનો પોતે ઉપભોગ કરવો, તેજ સાચી સેવા છે. લૌકિક શાસ્ત્રકાર મનુ પણ માબાપનું ગૌરવ સર્વથી વધારે કહે છે.

**उपाध्याया दशाचार्य, आचार्याणां शतं पिता ।**
**सहस्रं तु पितुर्माता, गौरवेणातिरिच्यते ॥ १ ॥**

ઉપાધ્યાયથી દશ ગુણા આચાર્ય પૂજ્ય છે, તેથી સોગુણા પિતા અને તેથી હજાર ગુણી માતા પૂજ્ય છે. લોકોત્તર શાસ્ત્રો પણ કહે છે કેઃ—માતા પિતાનો બદલો ધર્મ પમાડયા સિવાય કોઈ પણ સેવાથી પુરો થતો નથી માટે માતા પિતાની સેવા કરવી એ સત્પુરૂષોનો ધર્મ છે તેના માટે ભગવાન્ મહાવીર દેવ જેવાનું સબળ ઉદાહરણ જાણવું, પણ માબાપને શોકવાળા કરતાં પાપની પરંપરા થાય છે.

**૧૦ ઉપદ્રવવાળા ગામ નગર આદિ સ્થાનો છોડવાં**—જે સ્થાનમાં સ્વરાજ્યનો કે પરરાજ્યનો જુલ્મ હોય, દુકાળ મરકી આદિ ભયંકર ઉપદ્રવ થતા હોય ત્યાં ન રહેવું તથા વિરોધિ માણસો વિગેરેના ઉપદ્રવોમાં રહેવાથી ધર્મ અર્થ અને કામ પૂર્વના વિનાશ પામે અને નવા વૃદ્ધિ ન થાય, તેથી ઉભય લોક બગડે છે, માટે ધર્મ આદિ સાધનોવાળા સ્થાનોમાં રહેવું.

**૧૧ જ્ઞાતિની મર્યાદા રાખવી**—જાતિમાં-બ્રાહ્મણને દારૂ પીવો કે તલ વિગેરેનો વેપાર કરવો તથા કુલમાં ચૌલુકય કુલમાં મદિરા પાન. આવું નિંદનીય કાર્ય કરનારનાં

બીજાં ઉત્તમ કામો પણ નિંદાય છે માટે નાત જાતની મર્યાદા સાચવવી.

**૧૨ આવક પ્રમાણે ખર્ચ મર્યાદિત રાખવું**—જેમાં કુટુંબનું ભરણપોષણ તથા પોતાનું જીવન, દેવ ગુરૂ ભક્તિ, વ્યવહારિક અને ધાર્મિક કાર્ય આદિ પ્રસંગે દ્રવ્ય વાપરવું, તે વેપાર નોકરી આદિથી કમાણી તપાસીને શોભતી રીતે ખર્ચ કરવો. શાસ્ત્રમાં કહ્યું છે કે **लाभो चिय दाणे लाभो चिय निहिकरे सिया** આવક અનુસારે દાન ભોગ અને મુડીદાર થવું. કેટલાક આચાર્યો ચોથા ભાગ આદિની વ્યવસ્થા કહે છે. આવકનો ચોથો ભાગ મુડીમાં, ચોથો ભાગ વેપારમાં, ચોથો ભાગ ધર્મ તથા ઉપભોગમાં, અને ચોથો ભાગ કુટુંબના પાલનમાં વાપરવો. ત્યારે કેટલાક આચાર્યો કહે છે કે આવકનો અર્દ્ધ ભાગ કે વધારે પણ ધર્મમાં વાપરવો તેમાંથી બચેલી આવકથી કુટુંબનું પાલન આદિ કરવું, કેમકે સંસારી ફળ તુચ્છ અને એક ભવ પૂરતું છે, ત્યારે ધર્મ સદાના હિત માટે છે. આવકના વિચાર વિનાનું આડંબરી ખર્ચ અથવા દાનાદિ ધર્મના માટે વિવેક શૂન્ય ધન વ્યય, રોગ જેમ શરીરને ક્ષય કરે તેમ અવિવેકીના સમગ્ર વ્યવહારોને ભ્રષ્ટ કરે છે.

**आयव्ययमनालोच्य यस्तु वैश्रवणायते ।**
**अचिरेणैव कालेन सोऽत्र वै श्रमणायते ॥**

આવકના વિચાર વિના કુબેર–દેવભંડારીની જેમ ખર્ચ રાખે તે થોડા કાળમાં જ નિશ્ચે આ ભવમાં જ સાધુ જેવો નિર્ધન બને છે માટે ખાનપાન ભોગનાં ખર્ચ ઉચિત રાખવાં.

**૧૩ વસ્ત્ર અલંકારો વૈભવને અનુસારે પહેરવાં**—દેશકાળ અને વૈભવના અનુસારે વેષ શોભાને પામે. નહિતર ઉદ્‌ભટ આડંબરો કે કંજુસાઈ કરતાં લોકહાંસી, હલકાઈ, અનીતિ આચરણ જેવા દોષો અનર્થ રૂપ થાય છે. અથવા આવક મુજબ ખર્ચ રાખી, વેષ વૈભવ અનુસારે રાખવો એ પણ અર્થ જાણવો.

જે આવક સારી છતાં કંજુસાઈથી દાનાદિક ન કરે તથા ધનાઢ્ય હોવા છતાં તુચ્છ વેષ પહેરનાર છે તે લોકનિંદા પામી ધર્મનો પણ અધિકારી રહેતો નથી.

**૧૪ બુદ્ધિના આઠ ગુણો ધારવા.** તે આ પ્રમાણે.

**शुश्रूषा[1] श्रवणं[2] चैव, ग्रहणं[3] धारणं[4] तथा।**
**ऊहा[5]ऽपोहो[6]ऽर्थविज्ञानं[7], तत्त्वज्ञानं[8] च धीगुणाः॥**

૧—શુશ્રૂષા—શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા તથા ૨ **શ્રવણ**—સાંભલવું. ૩ **ગ્રહણ**—શાસ્ત્રના અર્થો સમજવા. ૪ **ધારણા**—તેને યાદ રાખવા, ૫ **ઊહા**—જાણેલ અર્થમાં દુર્નયહેત્વાભાસ તપાસવા અને બીજા પદાર્થોમાં તર્ક કરવો. ૬ **અપોહ**—શાસ્ત્રમાં કહેલા અર્થ સંબંધથી વિરોધી હિંસાદિ હેતુઓને અનર્થકારી જાણી અલગ કરવા. **ઊહ**—સામાન્ય જ્ઞાન. ઘડો વસ્ત્ર વિગેરે, **અપોહ**—વસ્ત્ર ધર્મ અધર્મ વિગેરેના ગુણ દોષોનું વિશેષ જ્ઞાન કરવું. ૭ **અર્થ વિજ્ઞાન**—ઉહાપોહથી અજ્ઞાન અને શંકાઓ દૂર કરી નિઃશંક થવું, ૮ **તત્ત્વજ્ઞાન**—ઉહાપોહ વિજ્ઞાનથી વિશુદ્ધ કરી અર્થ નિશ્ચય કરવો. જેમકેઃ—આ ઘડો અમુક ગુણ દોષવાળો જ છે. એ નયનિક્ષેપાદિથી તત્ત્વોનું યથાર્થ જ્ઞાન કરવું. ઉપરોક્ત બુદ્ધિના ગુણોને સેવનાર પુરૂષ વિશાલ

જ્ઞાનશક્તિ પામી કદાપિ અકલ્યાણને સાધતો નથી. પરંતુ ઘણા શ્રેયઃ નેજ સાધે છે માટે એ બુદ્ધિના ગુણો શાસ્ત્ર અભ્યાસ વિગેરેમાં સાચવવા.

**૧૫. હમેશ ધર્મ શ્રવણ કરવું**—જે સર્વ કલ્યાણનું મૂળ અને પુન્યવંત જીવને મોક્ષનું કારણ થાય છે જેનાથી હૃદયના અજ્ઞાન ભાવો દૂર થાય છે. જે ઘણા દુઃખોનો ક્ષય અને આનંદ વૃદ્ધિ કરનાર છે તેવા ધર્મનું શ્રવણ હમેશ કરવું તે.

**क्लान्त मपोज्झति खेदं, तापं निर्वाति बुद्धयते मूढं**
**स्थिरतामेति व्याकुल,–मुपयुक्त–सुभाषितं चेतः ॥ १ ॥**

શારીરિક કંટાળો કે ખેદ દૂર થાય છે, હૃદયનો તાપ શાંત પામે છે, બુદ્ધિહીન ડાહ્યો બને છે. ગભરામણવાળો સ્થિર ભાવ પામે છે તથા હૃદય યથાર્થ ઉપયોગ સાથે સુભાષિત બને છે.

**૧૬. અજીરણ થયે ભોજન ત્યાગ કરવો**—પ્રથમ ભોજન પચે નહિ ત્યાંસુધી નવું ભોજન ન કરવું એ ખાસ નિયમ સાચવવો. સર્વ રોગનું મૂળ અજીરણ છે **अजीर्ण–प्रभवा रोगा इति** પાચન થયા વગર ખાનારને સર્વ રોગના મૂલરૂપ અજીરણ વધતુંજ રહે છે, માટે થતું અજીરણ અટકાવવું કે જેથી અસાધ્ય વ્યાધિ ન બને. અજીરણની ઓળખાણ આ રીતે જાણવી. ૧ ઝાડો અને ૨ અધોવાયુ દુર્ગંધી હોય, ૩ દસ્ત કબજે રહે, ૪ શરીર ભારે દેખાય, ૫ ખાવું ભાવે નહિ, ૬ ખાધેલ ખોરાકના ઓડકાર ખરાબ વારંવાર આવે એ છ અજીરણ સૂચક છે.

**૧૭. વખતસર નિયમિત ભોજન કરવું**—તેથી પાચન સારૂં બને છે. માટે જીભની લાલચો મૂકી, જઠરાગ્નિની મર્યાદાયે ભોજન કરવું. માપ વિનાનું ભોજન ઉલટી ઝાડો મરડો વગેરે વેદના કરે છે. यो हि मितं भुङ्क्ते, स बहु भुङ्क्ते, જે ભૂખથી કાંઈક ઓછું જમે તે ખરેખર ઘણું ખાનાર છે. તેથી શક્તિ દેનાર લોહી વીર્ય અને ધાતુઓ નિર્દોષ બની આરોગ્ય સાથે બલીષ્ટ બને. વલી ભૂખ વિનાનો પુષ્ટ અમૃત જેવો ખોરાક તે ઝેર જેવો થઈ વેદના અથવા મરણ કરે છે માટે સાચી ભૂખમાંજ ભોજન કરવું તથા ક્ષુધા લાગ્યા છતાં ભોજનનો વિલંબ કરવો તે પણ અન્નદ્વેષ અને નબળાઈ કરે છે. અગ્નિ બુઝાયા પછી લાકડાં કેમ સળગે? વૈદ્યક શાસ્ત્ર કહે છે કે શરીર ને અનુકુળ જેના ખાનપાન આદિ છે તે સુખને માટે છે. આરોગ્ય જીવન વડે કરાતું ભોજન વિષ જેવું પણ અમૃત રૂપ પથ્ય બને છે. ઘણો પુષ્ટ સુખદાયી ખોરાક છતાં પણ શરીરને અનુકુળ લેવો, પરંતુ અપથ્ય ન લેવો. વલી બલવાનને બધું પથ્ય છે એમ જાણી ઝેર ન ખાવું. વિષ પ્રયોગને જાણનાર વિદ્વાન્ છતો પણ ઝેર ખાતાં કોઇ વખત મરે. તેથી રસ લોલુપી ન થતાં પથ્ય મિત ભોજી થવું.

**૧૮. ધર્મ અર્થ કામ એ ત્રણે પુરૂષાર્થ અબાધક રીતે સાધવા.** તેમાં સુખની ચડતી અને મોક્ષ આપે તે ધર્મ. જેથી સર્વ પ્રયોજન સાધી શકાય તે અર્થ. અને કલ્પિત સુખની આશક્તિથી પરવશ થયેલ સર્વ ઇન્દ્રિયની લોલુપતા તે કામ. આ ત્રણે માંહોમાંહે અવિરોધ રીતે સાધવા, પણ એક એક વિરોધ ભાવે નહિ. જે માટે શાસ્ત્ર આજ્ઞા છે કે જેના ત્રિવર્ગ

શૂન્ય દિવસો પૂરા થાય છે તે લુહારની ધમણ પેઠે શ્વાસ લેતો પણ મુડદા જેવો છે.

પહેલો ધર્મ અર્થનો વિરોધી–તાત્કાલિક વિષય સુખમાં લોલુપી થઈ, ધર્મ કે અર્થ (ધનકમાણી)નાં કાર્યોને સાધતો નથી, તે વનહસ્તિની જેમ આપત્તિના સ્થાનને પામે છે. જેને કામની અતિલોલુપતા છે, તેના ધન ધર્મ અને દેહ ક્ષીણ થાય છે. બીજો વિરોધી–ધનનો લોભી થઈ ધર્મ કામ સાચવે નહિ તેનું કમાયેલું ધન બીજો જ ભોગવે છે અને પોતે કેવલ પાપનો જ ભાગી બને છે. હસ્તિઘાતક સિંહ જેમ હિંસક થાય, પણ ભોગ ન કરે. ત્રીજો વિરોધી—ધન કામ છોડી કેવલ ધર્મ સાધના કરે તેતો સાધુને જ હોય, પણ ગૃહસ્થને આજીવિકા આદિ ન ચાલે. ચોથો વિરોધી–ધર્મ છોડી અર્થ કામને સેવે તે. જેમ બીજવારો ખાનાર ખેડુત ભૂખે જ મરે, એમ ભવિષ્યમાં ધર્મહીન કાંઈપણ કલ્યાણ પામતો નથી. તેજ સાચો સુખી છે કે જે પરલોકના સુખને સાચવી આ લોકનાં સુખ ભોગવે છે. પાંચમો વિરોધી–ધન કમાણી છોડી ધર્મકામ એકલા સેવે તો દેવાદાર બને છે. છઠો વિરોધિ–કુટુંબ-પાલન આદિ કામ છોડી, ધર્મ અને ધન કમાય તેનો પણ ગૃહધર્મ સીદાય છે માટે ધર્મ અર્થ અને કામ એ ત્રણે વ્યવસ્થાથી સચવાય તેમ વિવેકી થવું. એકાદની બાધાથી થતા દોષો મનન કરી સર્વેનું રક્ષણ કરવું. વિરોધી થવાનાં કારણો અને ફલ આવી રીતેઃ—૧. તાદાત્વિક ૨. મૂલહર અને ૩. કંજુસ. એ ત્રણે પ્રકારના જીવોની દશા ધર્મ અર્થ અને કામ સાધવામાં વિઘ્ન કરનારી થાય છે જે કમાયેલ ધનને હિત

અહિત આદિ કાંઈ પણ વિચાર વિના જેમ તેમ ખર્ચે તે [1]તાદાત્વિક અને બાપ દાદાનું ધન અન્યાયથી કેવલ ખાધા કરે તે મૂલ[2]હર તથા જે નોકર અને પોતે ઘણા દુઃખો વેઠી ધન ભેગું જ કરે કોઈ પણ સ્થાને વાપરે જ નહિ તે [3]કંજુસ. તેમાં તાદાત્વિક અને મૂલહર ધનને અનર્થ માર્ગે ખરચ કરતો, ધર્મ કે કુટુંબાદિનું પાલન ન કરતો, કલ્યાણ સાધતો નથી તથા કંજુસનો પૈસો ભેગો થતાં જ રાજા ભાગીયા કે ચોર માલીક થાય પણ ધર્મ અને કામનું કારણ ન થાય, માટે ગૃહસ્થે ત્રિવર્ગને બાધા ન થાય તેમ પરસ્પર સાચવવા. અપવાદમાં જ્યારે દૈવવશથી ખામી પડે ત્યારે પછીની ખામીમાં પૂર્વનું કામ સંભાળવું. તે આ પ્રમાણેઃ–ઈચ્છા મુજબ કામો ન થાય, ત્યારે ધર્મ અને ધન સાચવી રાખવું. તે બેની સહાયથી કામ સુખે સાધી શકાય, કામ અને ધનની ખામીમાં ધર્મ રક્ષણ કરવો. જેથી ધન અને કામનું મૂલ ધર્મનો પ્રભાવ હોવાથી, ધર્મ રક્ષણ થતાં સર્વ પદાર્થો સુસાધ્ય થાય છે, માટે ત્રણેની મર્યાદા સાચવતાં ધર્મને મુખ્ય કરવો.

**૧૯ અતિથિ સાધુ અને દીન જીવોની ઉચિત સેવા કરવી–અતિથિ**–તિથિ પર્વોત્સવો સર્વે છોડીને કેવલ ધર્મમાં લીન રહે. તે સિવાયના બીજા અભ્યાગત ભીખારી જેવા છે. **સાધુ**–શિષ્ટાચારનો રાગી સર્વ લોકમાં પ્રશંસા પાત્ર હોય તથા **દીન**–ધર્મ અર્થ અને કામ રૂપ ત્રિવર્ગ સાધવાને અશક્ત હોય. એમ અતિથિ સાધુની ઉચિત રીતે ભક્તિ અને દીન જનોની દયાભાવે અન્નપાન વિગેરેથી સેવા કરવી. ઉચિત ગુણ વિના સર્વ ગુણો વિષ જેવા અનર્થરૂપ છે. એક બાજુ

ઉચિત ભાવ અને બીજી બાજુ ક્રોડો ગુણો ભેગા થાય તોપણ યથાયોગ્ય રીતિ વિના શોભા ન પામે. માટે અધિક ગુણી પૂજ્યોની ભક્તિ અને દીન દુખીયાની દયા રાખી સેવા કરવી એ ઉચિત ભાવ સાચવવો.

**૨૦ અભિનિવેશ ન કરવો**—ન્યાય માર્ગ શૂન્ય છતાં પણ કાર્યનો આરંભ બીજાને હલકો પાડવા કરવો, તેવો હઠ કે દુરાગ્રહ નીચ માણસોને જ હોય. જેમ માછલાં સામે પૂરે તરવાની ટેવોવાળાં થતાં નિશ્ચે થાક પામે છે, તેમ નીચ સ્વભાવથી અભિમાની પુરૂષ ન્યાયહીન નિષ્ફલ દુષ્કર કામો કરાવી લોકોને થકવે છે. આગ્રહી માણસ શોભા કે હિત સાધી શકતો નથી, માટે સાચી વાતનો જ આદર કરવો. હમેશાં કદાગ્રહ ન કરે તે જ ઉચ્ચભાવ કહેવાય, કારણ કે નીચ લોકો પણ કોઈક વખત કપટભાવે દુરાગ્રહ વિનાના દેખાય, પણ કાલાન્તરે બદલાઈ જાય તેમ ન કરવું.

**૨૧ ગુણના પક્ષપાતી થવું-ગુણો**—સજ્જનતા ઉદારતા દાક્ષિણ્યતા સ્થિરતા, પ્રેમ સાથે પ્રથમ બોલવું, બહુ માન સાથે તેની પ્રશંસા તથા સહાય કરવી. એ સર્વ ગુણોને પોષણ કરનાર અનુકુળ આચરણ વડે ગુણ રાગી જીવો આ ભવ અને પરભવમાં ઘણા ગુણ સમુદાયની સંપત્તિ મેળવે છે.

**૨૨ નિષેધ કરેલા દેશ કાલમાં કોઇ કામ ન કરવું**—નિષેધેલા દેશ અને કાલે કામ કરતાં જીવો, ચોર આદિ દુષ્ટ જનોથી ઉપદ્રવ થતાં અવશ્ય ઘણી વિટંબના પામે છે.

**૨૩ સ્વ પરની શક્તિ વિચારીને કામ કરવું.—** **દ્રવ્ય**-ધન આદિ. **ક્ષેત્ર**-જમીન ઘર વિગેરે. **કાલ**—કાર્યને અનુસરતો વખત. **ભાવ**-હૃદયના પરિણામ. એ મુજબ પોતાના તથા પરના દ્રવ્ય ક્ષેત્રાદિ સબલ કે નિર્બળ વિચારી હિત અહિતનો નિર્ણય કરી કામ કરવું. તે સિવાયનું કાર્ય વિપત્તિવાળું પણ થાય. શાસ્ત્ર કહે છે કે:—શાન્ત પ્રાણીઓના આરંભો શક્તિપૂર્વક યોગ્ય સ્થળે કરતાં ચડતી દશા પામે છે અને વિવેક શૂન્યના આરંભો શક્તિ વિરૂદ્ધ થતાં, ક્ષીણ સંપત્તિ પામે છે. માટે સર્વ બાજુ દ્રષ્ટિ રાખી કાર્યમાં કુશળ થવું.

**૨૪ સદાચારી જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી**—જે સત્પુરૂષોના આચારને પાળે અને દૂરાચારથી દૂર રહે તે **સદાચારી** કહેવાય. તથા **જ્ઞાન**-પાપ આશ્રવ બંધ, લોકવિરૂદ્ધ આદિ કાર્યો તજવા યોગ્ય છે અને પુન્ય સંવર નિર્જરા દેવગુરૂ ભક્તિ આદિ આદરવા યોગ્ય છે એવો નીર્ણય જેનાથી થાય તેવા શાન્ત ગંભીર વિચારવંત સદાચારી જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી, તેમને હાથ જોડવા, આસન દેવું, ઉભા થવું; સન્મુખ જઈ સન્માન કરવું વિગેરેથી પૂજ્યભાવ પેદા કરવો. જે ભક્તિ કલ્પવૃક્ષની પેઠે સારી બોધદાયી શીખામણોથી અમૂલ્ય હિતને પમાડે છે.

**૨૫ પોષ્ય પોષક થવું**—માતા પિતા સ્ત્રી પુત્ર વિગેરે પોતાના આશ્રિત પરિવારનું વસ્તુદાનથી રક્ષણપૂર્વક પોષણ કરવું.

**૨૬ દીર્ઘદર્શી થવું**—લાંબા કાળ સુધી હિત કે અહિત કાર્યો તપાસનાર થવું.

**૨૭ વિશેષજ્ઞ-ગુણદોષના વિશેષ ભાવને જાણવા.** સાચી કે કલ્પિત વસ્તુ છે, કાર્ય કે અકાર્ય છે, એમ આત્માની અને પરભાવની વિશેષતા એટલે ગુણદોષોની વહેંચણી કરવી. ગુણદોષના જ્ઞાન વિના માણસ પશુ સરીખો ગણાય. શાસ્ત્ર આજ્ઞા છે કે:—

**प्रत्यहं प्रत्यवेक्षेत, नरश्चरितमात्मनः ।**
**किं नु मे पशुभिस्तुल्यं, किं नु सत्पुरुषैरिति ॥**

માણસે પોતાનું જીવન ચરિત્ર હમેશ તપાસવું. હું ઢોરની જેમ વિવેક શૂન્ય છું કે સત્પુરૂષોના માર્ગે છું. એમ વિચારવું.

**૨૮ કૃતજ્ઞ થવું**—બીજાનો થયેલ ઉપકાર યાદ રાખવો પણ ભૂલવો નહિ જે ઉપકારી હોય તેનું બહુ માન સાચવવું.

**૨૯ લોકપ્રિય થવું**—ગુણવાન્ ઉત્તમ પુરૂષોને વિનય આદિ ગુણો વડે પ્રસન્ન કરવા, કેમકે કોણ એવો અધમ હોય જે ગુણવાન સાથે પ્રીતિ ન કરે. વળી જેને સજ્જન ઉપર પ્રેમ નથી તેનો કેવલ આત્મા જ નિંદાય એમ નહિ, પણ તે પોતાના ધર્મકાર્યોની પણ નિંદા કરાવતો બીજા ઘણા જીવોને દુર્લભ બોધિ ધર્મ કરાવે છે. માટે અપ્રીતિ ન થાય તેમ ગુણવાન સાથે વર્તવું.

૩૦ **લજ્જાળુ ભાવ રાખવો**-શરમવાળો માણસ પ્રાણ જતાં પણ પોતાની પ્રતિજ્ઞા પાલે છે.

૩૧ **દયાવંત થવું**—દુઃખી જીવોના રક્ષણ માટે લાગણીવાળા થવું. ધર્મનું મૂલ દયા છે, માટે કોઈપણ રીતે હમેશ દયાળુ બનવું. વલી જેમ પોતાને પ્રાણો વહાલા છે

તેમ દરેકને છે, કેમકે જીવવું એ દરેકને વહાલું છે, માટે પોતાને થતા સુખદુઃખ સમાન સર્વને ગણવા.

૩૨ **ચંદ્ર સરીખા શીતલ સ્વભાવી થવું**–ક્રૂર માણસ લોકને ઉદ્વેગ સંતાપવાળો થાય છે.

૩૩ **પરોપકારમાં શૂરવીર થવું**–પારકું ભલું કરનાર લોકની દ્રષ્ટિને અમૃત જેવો લાગે છે.

૩૪ **કામ ક્રોધાદિ અંતરંગ વૈરીને દૂર કરવા સાવધાન થવું**–તેમાં અનુચિત રીતે ઉદય પામતા કામ ક્રોધ લોભ માન મદ હર્ષરૂપ ષડ્વર્ગ ઉત્તમ ગૃહસ્થને અંતરંગ શત્રુ છે. તેની ઓળખાણ–પર વિવાહિત કે કુમારિકા સાથે પોતાનો વિવાહ ન થયા છતાં જે સંબંધ કરવો તે કામ (૧) પોતાની તથા પરની પાયમાલી વિચાર્યા વિના કોપ કરવો. તે ક્રોધ (૨) દાન લાયકને દ્રવ્યાદિ ન દેવું અને પરધન વગર કારણે લેવું. તે લોભ. (૩) દુરાગ્રહથી હઠીલા થવું અથવા સાચી વાતનો સ્વીકાર ન કરવો તે માન. (૪) કુલ, બલ, ઠકુરાઈ, શરીરનું રૂપ, શાસ્ત્ર અભ્યાસ, આદિનો ગર્વ કરવો, બીજાની સાથે મગરૂબી ધરાવવી તે માન. (૫) કારણ વગર બીજાને દુખી કરીને અથવા જુગાર જેવા પાપ વૈભવ વિગેરેમાં અનર્થો કરી હ્રદયમાં ખુશી થવું તે હર્ષ. (૬) એ અકાર્યો નરકાદિ દુર્ગતિ અને નીચ ગોત્ર જેવા પાપ બંધવાળાં છે, તેને ઘણા ભવોમાં પીડાકારી જાણી વિવેકી થઇ છોડવાં. કામને પરવશ મુંજ રાજા બ્રાહ્મણ કન્યાના કારણે બંધુ રહિત રાજ્ય ભ્રષ્ટ થયો, ક્રોધથી જન્મેજય, લોભથી અજબિંદુ, માનથી રાવણ, મદથી દુર્યોધન , હર્ષથી મરીચિ વિગેરેની બુરી દશા થઈ.

**ઇંદ્રિયના વિકારોને વશ ન થવું:**—પાંચે ઇન્દ્રિયના વિષયોની અભિલાષાને મર્યાદામાં રાખવી. માણસોને જિતેન્દ્રિય ગુણ ખરેખર મહાન્ અભ્યુદય કરનાર છે. જે માટે શાસ્ત્રકાર ફરમાવે છે કે:—

**आपदां कथितः पन्था, इंद्रियाणामसंयमः ।**
**तज्जयः सम्पदां मार्गो, येनेष्टं तेन गम्यतां ॥ १ ॥**
**इन्द्रियाण्येव तत्सर्वं, यत् स्वर्गनरकावुभौ ।**
**निगृहित–विसृष्टानि, स्वर्गाय नरकाय च ॥ २ ॥**

ઇન્દ્રિયોના નિરંકુશ વિષય વિકારો રોગ શોક વિયોગ આદિ દુઃખો દેનાર છે. અને ઇન્દ્રિય વિકારનો જય ધન સુખ સૌભાગ્ય આદિ સંપદાને દેનાર છે માટે જે ઈષ્ટ હોય તે માર્ગને શોધી લે. સ્વર્ગ અને નરક તે સર્વે ઈન્દ્રિયોના કબજે છે. ઈન્દ્રિયરોધ થતાં સ્વર્ગ અને નિરંકુશ થતાં નરક મળે છે. સર્વથા ઇન્દ્રિય રોધ મુનિયોને જ હોય છે, પણ અહીં શ્રાવક ધર્મને ઉચિત ગૃહસ્થ ધર્મનો અધિકાર હોવાથી મર્યાદામાં રહેવા ઉપદેશ છે.

ઉપર મુજબ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોને ધારણ કરનાર મનુષ્ય દેશવિરતિ ધર્મનો અધિકારી થાય છે. જેને મોક્ષની સાચી ચાહના છે, તેણે સર્વ કલ્યાણના કારણરૂપ ઉપરના ગુણો વારંવાર મનન કરી ગુણવંત બનવું.

જગતમાં જે જે પદાર્થો વિદ્યમાન છે, તે બધા કદી પણ આપણા ભોગોપભોગમાં આવી શકતા નથી. એ વાત આપણે સહજ સમજી શકીએ તેવી છે. છતાં તે પ્રત્યેક પદાર્થોના આરંભથી ઉત્પન્ન થતા દોષો આપણને અવિરતિપણાએ કરી લાગતા આવે છે, માટે આત્માર્થી મુમુક્ષુ સજ્જનોએ

પોતાનાથી કદી સર્વ વિરતિપણું આદરી ન શકાય, તો પણ દેશવિરતિપણું એટલે શ્રી સમકિત મૂલ બાર વ્રતનું આદરવું હિતાવહ અને આવશ્યક છે. જેથી પદાર્થોના અનેક આરંભાદિકથી લાગતા દોષોથી આત્મા વિમુક્ત રહે છે. ઉપાધિઓનો વિલય થાય છે, અને ધર્મ આરાધનની શ્રેણિમાં આત્મા વિશુદ્ધ તન્મયતા મેળવી આગળ વધે છે; અને પ્રાન્તે અક્ષયપદ જે મુક્તિ (અજરામર પૂર્ણાનંદ) સ્થાને પહોંચી જાય છે.

**બાહ્યોપાધિ દૂર કરી, વંછી આતમ હિત;**
**ગ્રહણ કરો વ્રત દેશથી, બાર મૂલ સમકિત. ૧**
**સમકિતવંતા જીવડા, કરે કુટુંબ પ્રતિપાલ;**
**અંતર ગત ન્યારા રહે, જ્યું ધાઇ ખેલાવે બાલ. ૨**

દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ પામીને તેમાં પણ ઉત્તમ જૈન દર્શન, સદ્‌ગુરૂયોગ અને શાસ્ત્ર શ્રવણ તરફ પ્રીતિ અને વ્રતની પરિપાલના માટે જોઈતું શરીર બળ વિગેરે સામગ્રીઓ પામીને યથાશક્તિ ( પોતાના મન, વચન અને અને કાયાની શક્તિ અનુસાર ) શ્રાવક તરીકે ગણાતા મનુષ્યોએ બાર વ્રત ગ્રહણ કરવા અને અતિચાર રહિતપણે ગૃહિત વ્રતોનું પાલન કરી આત્માને ઉજ્વલ કરતા જવું, એ ગૃહસ્થાશ્રમનો વિશેષ ધર્મ છે. ઈહિલોક અને પરલોકનું સંબલ ( ભાતું ) છે અને અમૂલ્ય મનુષ્ય જીંદગીનો લહાવો છે.

**सम्यक्त्व–मूलानि पञ्चाणुव्रतानि गुणास्त्रयः ॥**
**शिक्षापदानि चत्वारि, व्रतानि गृहमेधिनाम् ॥ १ ॥**

**જે સમ્યક્ત્વ લહી, સદા વ્રત ધરે, સર્વજ્ઞ સેવા કરે,**
**સંધ્યાવશ્યક આદરે ગુરૂ ભજે, દાનાદિ ધર્માચરે;**

**નિત્યે સદ્ગુરૂ સેવના વિધિ ધરે, એવો જિનાધિશ્વરે,**
**ભાખ્યો શ્રાવક ધર્મ હોય દશધા, જે આદરે તે તરે. ૧**

બાર વ્રત માંહેનું કોઈ પણ વ્રત સમકિત પૂર્વક ઉચ્ચરાય છે, માટે પ્રથમ સમકિતની સમજણ મિથ્યાત્વની કરણી સમજીને તજવાથી થાય છે, તે માટે મિથ્યાત્વની વિગત જણાવીએ છીએ.

## મિથ્યાત્વના તમામ પ્રકાર.

### પ્રથમ ચાર પ્રકાર.

૧ **પ્રરૂપણા મિથ્યાત્વ**—શ્રી જિનેશ્વરે કહેલ ધર્મથી વિપરીત પ્રરૂપણા કરવી તે.

૨ **પ્રવર્ત્તન મિથ્યાત્વ**—લૌકિક તથા લોકોત્તર મિથ્યાત્વની કરણી કરવી તે.

૩ **પરિણામ મિથ્યાત્વ**—મનમાં જુઠો હઠવાદ રાખે અને કેવળી ભાષિત નવ તત્ત્વના અર્થ યથાર્થ ન સદ્દહે તે.

૪ **પ્રદેશ મિથ્યાત્વ**—સત્તામાં રહેલી મોહનીય કર્મની સાત પ્રકૃતિ તે.

### દશ પ્રકાર.

૧ **ધર્મને અધર્મ કહેવો તે**—જિનેશ્વર ભાષિત શુદ્ધ ધર્મને અધર્મ કહેવો તે.

૨ **અધર્મને ધર્મ કહેવો તે**—હિંસાદિ પાંચ આશ્રવ સહિત અશુદ્ધ એવા અધર્મને ધર્મ કહેવો તે.

૩ **માર્ગને ઉન્માર્ગ કહેવો તે**—સમકિત સહિત સંવર ભાવ સેવન કરવારૂપ માર્ગને ઉન્માર્ગ કહેવો તે.

૪ **ઉન્માર્ગને માર્ગ કહેવો તે**—કુદેવ, કુગુરૂ, કુધર્મને સેવન કરવા રૂપ ઉન્માર્ગને માર્ગ કહેવો તે.

**૫ સાધુને અસાધુ કહેવો તે**—સત્યાવીસ ગુણયુક્ત તરણ-તારણ જહાજ સમાન, શુદ્ધ ધર્મ પ્રરૂપક, એવા સાધુને અસાધુ કહેવા તે.

**૬ અસાધુને સાધુ કહેવા તે**—આરંભ પરિગ્રહ વિષય અને કષાંયના ભરેલા, લોભી, ખોટી શ્રદ્ધા કરાવનાર, લોહના નાવ સમાન એવા અસાધુને સાધુ કહેવા તે.

**૭ જીવને અજીવ કહેવો તે**—એકેંદ્રિયાદિક જીવને અજીવ કહેવો તે.

**૮ અજીવને જીવ કહેવો તે**—સોના રૂપા આદિક અજીવ વસ્તુને જીવ કહેવો તે.

**૯ મૂર્તને અમૂર્ત કહેવો તે**—દેહ ( શરીર ) રૂપી મૂર્ત પદાર્થને અમૂર્ત ( અરૂપી ) કહેવો તે.

**૧૦ અમૂર્તને મૂર્ત કહેવો તે**—જીવ તથા ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યને રૂપી કહેવા તે.

## પાંચ પ્રકાર.

**૧ અભિગ્રહિક**—ખરા ખોટાની પરિક્ષા કર્યા વિના પોતાની મતિમાં આવ્યું તે સાચું માને તે.

**૨ અનભિગ્રહિક**—સર્વ ધર્મ સારા છે, છએ દર્શન રૂડાં છે, સૌને વંદીએ, કોઈને નિંદીએ નહીં, એમ વિષ અમૃત સરખાં ગણવાં તે.

**૩ આભિનિવેશિક**—જાણીને જુઠું બોલે, પોતાની ભૂલ સમજાય, છતાં ખોટી પ્રરૂપણા કરે અને કોઈ સમકિત દૃષ્ટિ સમજાવે તો પણ હઠ ન મૂકે તે,

**૪ સાંશયિક**—જિન વાણીમાં સંશય રાખે, એટલે પોતાના

અજ્ઞાનથી સિદ્ધાંતના અર્થ સમજે નહીં તેથી ડામાડોળ રહે તે.

૫ **અનાભોગિક**—અજાણપણે કાંઈ સમજે નહીં તે અથવા એકેન્દ્રિય જીવને અનાદિકાળનું લાગેલ છે તે.

## છ પ્રકાર.

૧ **લૌકિક દેવગત**—રાગદ્વેષના ભરેલા લૌકિક દેવને માને, પૂજે તથા તેમનો કહેલો માર્ગ પાળે તે.

૨ **લૌકિક ગુરૂગત**—અઢાર પાપસ્થાનકના ભરેલા, નવા નવા વેશ બનાવનાર અન્ય દર્શનીના ગુરૂને ગુરૂ માનવા અને તેમનું બહુમાન કરવું તે.

૩ **લૌકિક પર્વગત**—આ લોકમાં પુદ્ગલિક સુખની ઈચ્છાએ મિથ્યાત્વી લોકે કલ્પેલા હોળી બળેવાદિક પર્વને શ્રદ્ધાએ આરાધવાં તે.

૪ **લોકોત્તર દેવગત**—અઢાર દોષ રહિત અરિહંત દેવની આગળ આ લોક પરલોકના પુદ્ગલિક સુખની વાંચ્છાએ માનતા માનવી તે.

૫ **લોકોત્તર ગુરૂગત**—અઢાર પાપ સ્થાનક સેવનાર, છકાયનો આરંભ કરનાર, એવા જિનના સાધુના વેષ માત્ર ધરનારને ગુરુ માનવા તે. તથા શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્ર સહિત એવા મુનિરાજને આલોક પરલોકના સુખની વાંચ્છાએ વાંદવા, પૂજવા, પડિલાભવા તે.

૬ **લોકોત્તર પર્વગત**—જિનરાજના કલ્યાણક દિવસે તથા આઠમ ચૌદશાદિ પર્વના દિવસે આ લોક પરલોકના સુખને અર્થે આયંબીલ એકાસણાદિ તપ કરવો તે.

સર્વ કલ્યાણના કારણરૂપ જૈન ધર્મનું રહસ્ય આશ્રવો બંધ કરી, કર્મ બંધ ક્ષય કરી મોક્ષ મેળવવાથી થાય છે.

**यथा सर्वता निर्झरैरापतद्भिः, प्रपूर्यत सद्यः पयोभिस्तटाकः।**
**तथैवाश्रवैः कर्मभिःसम्भृतोऽङ्गी, भवेद्व्याकुलश्चञ्चलः पङ्किलश्च॥**

**અર્થ**—જેમ તળાવ ચારે તરફના નદી નાળાના પાણીની મોટી આવકથી જલદી ભરાય, તેમ જીવ મિથ્યાત્વ અવિરતિ આદિ આશ્રવોથી અનંત કર્મો વડે ભરેલો રહે છે અને તે કર્મોદય થતાં ભવમાં આધિ વ્યાધિ શોક સંતાપથી વ્યાકુલ, જન્મ મરણના સંયોગ વિયોગની મુંઝવણોથી ચંચલ અને કર્મ જન્ય દુર્બુદ્ધિથી જીવ મલીન રહે છે, તેવા અનંતાનંત કાલોના કર્મ રોગથી બચવા વ્રત પચ્ચક્ખાણ અનન્ય ઉત્તમ ઔષધ છે. જે માટે શાસ્ત્રમાં સાચા શ્રાવક તરીકે સાધુ ધર્મ રાગી દેશવિરતિનેજ ગણેલ છે. **यतिधर्मानुरक्तानां देशतः स्यादगारिणाम्** સાધુ ધર્મના રાગી ગૃહસ્થોનું દેશવિરતિ વ્રત સફલ થાય છે. **अभ्यासोपि प्रायः प्रभूत-जन्मानुगो भवति शुद्धः** વ્રત અભ્યાસ પણ પ્રાયઃ ઘણા ભવ સુધી સાથે રહે તો શુદ્ધ થાય છે.

## મિથ્યાત્વની રીતિએ કરાતા ત્યાસી ભેદની વિગત.

૧. મહાદેવ આદિક કુદેવના મંદિરમાં જવું.
૨. દુકાન આદિકમાં બેસતી વખતે ગણેશાદિકનું નામ લેવું.
૩. ચંદ્રમા અને રોહિણીમાં ગીત ગાવાં.
૪. વિવાહમાં ગણેશની સ્થાપના કરવી.

**લોક રૂઢિવશથી વિવાહમાં ગણેશની સ્થાપના કે કુલદેવી**

આદિ મિથ્યાચાર કરવા પડે તેને ધર્મબુદ્ધિ ન માનતાં લોક વ્યવહારથી જયણા રાખે.

૫. પુત્ર જન્મ્યા પછી છઠ્ઠીના દિવસે છઠ્ઠી દેવતાની પૂજા કરવી.

૬. વિવાહમાં માતાનું સ્થાપન કરવું.

૭. ભવાની પ્રમુખ દેવીઓને માનવી.

૮. નોનલા માતાની તથા ગ્રહાદિકની પૂજા કરવી.

૯. ગ્રહણના દિવસે ધર્મ જાણી સ્નાન કરવું.

૧૦. પૂર્વજોને પિંડ આપવા.

૧૧. રેવતી પંથા દેવતાનું પૂજન કરવું.

૧૨. કૃષિના પ્રારંભે હળ દેવતાનું પૂજન કરવું.

૧૩. પુત્રાદિકના જન્મે માતૃકાનું પૂજન કરવું.

૧૪. સોના રૂપાના દેવતા વિશેષની લ્હાણી કરવી.

૧૫. મૃતકને અર્થે જળ ઉછાળવું.

૧૬. નદી પ્રમુખ તીર્થાદિકને વિષે મૃતકને દાહ દેવો.

૧૭. મૃતકને અર્થે શૉકનું પગલું કે પૂર્વજોની પ્રતિમાનું સ્થાપન કરવું.

૧૮. મૃતકને અર્થે વાછરડા વાછરડીના વિવાહ કરવા.

૧૯. ભૂતાદિકને સરાવલાં ભરી દેવાં.

૨૦. શ્રાદ્ધ (બારમું) કરવું.

૨૧. એકાંતે ધર્મમાનીને પાણીનાં પરબ મંડાવવાં.

૨૨. ધર્મ માનીને કુમારીકાઓને ભોજન દેવાં.

૨૩. ધર્મ હેતુએ પારકી કન્યાનાં પાણિગ્રહણ કરાવવાં.

૨૪. અશ્વમેધ અજામેધ વિગેરે યજ્ઞો કરાવવા.

૨૫. લૌકિક તીર્થમાં વાળ ઉતરાવવા. યાત્રાની માનતા કરવી. ત્યાં દાન આપવું.

૨૬. જાત્રા નિમિત્તે ઘેર આવ્યા પછી મિથ્યાત્વપણાએ ભોજન કરાવવું.

૨૭. ધર્મ હેતુએ કુવા વાવ ખણાવવાં.

૨૮. ખેતર આદિકમાં ગોચરનું દાન દેવું.

૨૯. પિતૃ નિમિત્તે પિંડ મૂકવા.

૩૦. પિંડ દાન દેવું.

૩૧. વડ આદિ વૃક્ષનાં રોપણ કરી સેવાદિક કરવું.

૩૨. પુન્યના અર્થે આંકેલા સાંઢની પૂજા કરવી.

૩૩. ગો પુચ્છની પૂજા કરવી.

૩૪. ધર્માર્થે શીત કાળમાં અગ્નિ બાળવો.

૩૫. ઉંબરો આંબલી પ્રમુખનું ભોજન કરવું.

૩૬. રાધા કૃષ્ણાદિકનાં રૂપ કરી નાટક કરવું કે જોવું.

૩૭. સૂર્ય સંક્રાંતિના દીવસે વિશેષ પૂજા સ્નાનાદિક કરવું.

૩૮. ઉત્તરાયણના દીવસે વિશેષ સ્નાનાદિક કરવું.

૩૯. રવિવારે તથા સોમવારે એકવાર ભોજન કરવું.

૪૦. શનીવારે હનુમાનાદિકની પૂજાને માટે તેલનું દાન દેવું.

૪૧. કારતક માસમાં સ્નાન કરવું.

૪૨. માહ માસમાં સ્નાન કરી ઘૃત અને કાંબળનું દાન દેવું.

૪૩. ચૈત્ર અને આસો માસમાં ધર્મનિમિત્તે ગરબા મંડાવવા.

૪૪. અજા પડવાને દિવસે ગૌ હિંસાદિક કરવું.

૪૫. ભાઈ બીજ કરવી.

૪૬. શુકલ પક્ષની બીજના દિવસે ચંદ્ર દર્શને દશીકા દાન દેવું.

૪૭. મહા શુદ–૩ ગૌરી નિમિત્તે ભોજન કરાવવાં.

૪૮. અખાત્રીજના દીવસે રૂ કાંતવું નહિ તથા લ્હાણી વિગેરે આપવી.

૪૯. ભાદરવા માસમાં કાજલી દેવતાનું પૂજન કરવું.

૫૦. આસો માસની શુકલ ત્રીજે ચંદ્રોદયે ભોજન કરવું.

૫૧. માગસર તથા મહા વદમાં ગણેશ ચોથે ચંદ્રમાનું દર્શન કરી દાન વિગેરે આપવું.

૫૨. નાગ પાંચમે નાગની પૂજા કરવી.

૫૩. પાંચમ આદિ તીથિએ વલોણું આદિ કરવું.

૫૪. મહા શુદ ૬ ના દીવસે સૂર્યની તીર્થયાત્રા કરવી.

૫૫. શ્રાવણ શુદ ૬ ના દીવસે ચંદ્ર છઠ્ઠી કરવી.

૫૬. ભાદરવા શુદ ૬ ના દીવસે સૂર્ય છઠ્ઠી અને ઝીલણા છઠ્ઠી કરવી.

૫૭. શીયલ સાતમના દીવસે વાસી અન્ન ખાવું.

૫૮. ભાદરવા શુદ ૭ ના દીવસે (વેજનાથની સાતમે) સાત ઘરે ત્રણ ત્રણ કણની ભીક્ષા લેવી.

૫૯. બુધાષ્ટમીના દીવસે કેવળ એક ઘઉં આદિ અન્નનું ભોજન કરવું.

૬૦. ભાદરવા વદ-૮ ના દીવસે જાગરણ ઓચ્છવ આદિ કરવા.

૬૧. આસો અને ચૈત્રના શુકલ પક્ષમાં નવરાત્રિએ બેસવું.

૬૨. ચૈત્ર તથા આસો શુદ ૮ અથવા નોમને દીવસે ગોત્રીને ધર્મ નિમિત્તે ઝારવા.

૬૩. ભાદરવા શુદ ૯ ( અક્ષય નવમી ) ના દીવસે આખા ધાન્યનું ભોજન કરવું.

૬૪. ભાદરવા શુદ ૧૦ ( અવૈધવ્ય દશમી ) ના દીવસે જાગરણ કરવું.

૬૫. આસો શુદ ૧૦ (વિજયા દશમી) ના દીવસે ખીજડાના વૃક્ષની પૂજાદિક કરવી.

૬૬. એકાદશીમાં ફલાહાર કરવા તથા દેવપોઢી દેવઉઠી અગીયારશ તથા ફાગણ શુદ ૧૧ ( ભીમ અગીયારશ ) વિગેરે કરવી.

૬૭. સંતાન આદિના માટે ભાદરવા વદ–૧૨ (વત્સ બારસ ) કરવી.

૬૮. જેઠ માસની તેરસે ત્રાકનું દાન દેવું.

૬૯. આસો વદ ૧૩ (ધન તેરસે) ધન પૂજા કરવી.

૭૦. શિવરાત્રિએ રાત્રિ જાગરણ કરવું.

૭૧. ચૈત્ર વદ–૧૪ નવરાત્રિની યાત્રા કરવી.

૭૨. ભાદરવા વદ ૧૪ પવિત્ર કરણાદિ કરવા.

૭૩. અનંત ચૌદશે અનંતના દોરા બાંધવા.

૭૪. અમાસના દીવસે ભાણેજ જમાઈને જમાડવા.

૭૫. સોમવતી અમાસના દીવસે નદી તથા તળાવ વિગેરેમાં સ્નાન કરવું.

૭૬. દીવાળીના દીવસે પિતૃ નિમિત્તે દીવા કરવા.

૭૭. કાર્તિક પુનમે સ્નાનાદિક વિશેષપણે કરવું.

૭૮. ફાગણ શુદ ૧૫ ના દીવસે હોળી કરવી તથા પ્રદક્ષિણા દેવી.

૭૯. શ્રાવણ શુદ ૧૫ના દીવસે બળેવ કરવી. આ ૭૯ ભેદ અને બીજા પણ દેશ વિશેષમાં પ્રસિદ્ધ કહેલા અનેક લૌકિક દેવગત મિથ્યાત્વના ભેદો છે. હવે લૌકિક ગુરૂગમ મિથ્યાત્વના ચાર ભેદ જણાવીએ છીએ.

૮૦. તાપસ આદિકને નમસ્કાર કરવો.

૮૧. બ્રાહ્મણાદિકના મુખથી કથા સાંભળીને તેમને ગૌ તિલાદિકનું દાન દેવું.

૮૨. બ્રાહ્મણ આદિકના ઘરમાં બહુમાનને માટે જવું.

૮૩. તાપસ આદિકની આગળ ૐ **નમઃ શિવાય** એમ બોલવું.

આ ૮૩ ભેદ મિથ્યાત્વના જાણવા. તેમાં પ્રવર્તન કરવા માટે નીચે પ્રમાણે આગાર તથા જયણાઓ રાખું છું તેની વિગત.

ઉંઘમાં, સ્વપ્નમાં કે કોઈ કારણે મિથ્યાત્વ સેવાય તેની જયણા. આ ૮૩ ભેદોમાંથી જેમાં છૂટી રાખવી હોય તેમાં . આવું ચિન્હ કરવું.

૧. લૌકિક દેવ દેવી વિગેરેના સ્થાનકોમાં કોઈ કાર્ય પ્રસંગે (કારીગરી વિગેરે જોવા માટે) જવું પડે તેનો આગાર છે, પરંતુ ધર્મ બુદ્ધિએ દર્શન નિમિત્તે જવું નહિ તેમ તેઓની માનતા માનું નહિ.

ગોત્રજ ગણેશ વિવાહ લગ્નાદિકમાં દીપ પૂજા વિગેરે કરવાની જયણા, પણ તેને શુભ કરણી માનું નહિ.

૨. લૌકિક ગુરૂ અન્યલિંગી બ્રાહ્મણ સંન્યાસી તાપસ ઉસ્તાદ વિગેરેની પાસેથી અભ્યાસ કરેલો હોય અથવા અભ્યાસ કરવો પડે તેમને સલામ વિનય બહુમાન વિગેરે કરવાની જયણા તથા

વસ્ત્રાદિક આપવું પડે તેનો આગાર છે. ઉચિત વ્યવહાર જાણીને સર્વે કરૂં, પણ ધર્મ બુદ્ધિએ ન કરૂં. વળી સ્નેહી સંબંધી, તથા સગાં વહાલાંને ઘેર ગયો હોઉં ને ઉપર લખેલામાંથી મારા તથા તેમના ગુરૂ આદિક આવે અથવા આવેલા હોય તો તેમને શરમ આદિકથી સલામ પ્રમુખ બહુમાન વિગેરે જે કાંઈ કરવું પડે તેની જયણા.

કુગુરૂ અન્યલિંગી બ્રાહ્મણાદિક જે વિવાહ આદિ જોડાવે, (પરણાવે) અને એવા સંસાર વૃદ્ધિના કાર્યોના અધિકારમાં જેમની વંશપરંપરાથી વૃત્તિ ( આજીવિકા ) લાગેલી છે. તે આવીને આશિર્વાદ આપે, તે વારે તેમને લૌકિક વ્યવહારને લીધે પ્રણામ નમનાદિ કરવું પડે તથા કોઇ મિથ્યાત્વી રાજવર્ગીને ઘેર ગયા થકા તેમના ગુરૂ આવે તે વખતે આપણે પણ વ્યવહારથી બહુમાનાદિક કરવું પડે, તથા જેણે નામાં લેખાં આદિ અંક વિદ્યા પ્રમુખ આજીવિકા ચલાવવાના વિદ્યા હુન્નર શીખવ્યાં હોય, તેવા કોઇ પણ અન્ય દર્શનીનું બહુમાન ભક્તિ આદિ કાંઈ પણ કરવું પડે, અન્ન વસ્ત્રાદિ આપવું પડે તેનો આગાર છે. તે સર્વે ઉચિત વ્યવહાર જાણીને કરૂં, પરંતુ ધર્મ બુદ્ધિએ ન કરૂં.

મારા સાધુ એટલે જૈન ધર્મના આચાર્યાદિકને ભણાવનાર વિગેરે આવેલા હોય તેમને તથા તેમના કે મારા સગાસ્નેહી કુટુંબ પરિવારના દવા કરનાર વૈદ્ય ડાકટર વિગેરેને સલામ વિનયાદિક આલાપ સંલાપ વિગેરે કરવું પડે તેની જયણા.

કોર્ટના, ઓફીસોના, મીલોના, રેલ્વેના તથા દુકાન

વિગેરેના અન્ય દર્શનીઓને તથા તેમના ગુરૂઓને તેમજ રસ્તે જતાં કોઈની સાથે સંબંધ થયો હોય તેવા કારકુનો નોકરો મુનિમો ગુમાસ્તા વિગેરેને કાર્ય પ્રસંગે સલામ વસ્ત્રાદિ દાન, આલાપ સંલાપ વિગેરે ઉચિત વ્યવહાર કરવો પડે તે સર્વ કરૂં, પણ તેમાં ધર્મ બુદ્ધિએ કાંઈ કરૂં નહિ.

એ દેવગુરૂ અને ધર્મના કયારે પણ સત્ય કે અસત્ય સોગન લઉં નહિ. કોર્ટ અગર કોઈ અમલદારની રૂબરૂ ફરજીઆત સોગન ખાવા પડે, સોગન ઉપર એવી એફીડેવીટ ઈકરાર આદિ કરવા પડે અથવા કોર્ટ પંચ તેમજ બીજા કોઈથી લવાદ કમીશનર આદિ નિમાવવું પડે અને તે સંબંધમાં બીજાને સોગન આપવા પડે તેની જયણા.

અન્ય જાતિવાળા પણ જૈન ધર્મને માનતા અથવા પાળતા હોય, તેમની સાથે સલામ આદિ કોઈ જાતનું વર્તન કરવું પડે તે સાધર્મીભાવે માનું. આપણે ઘેર કોઇ પરોણા તરીકે આવેલા હોય, તેની પણ ઉચિત પ્રતિપત્તિ (સેવા) વગેરે કરવી પડે તેની જયણા.

પોળપાડાના તથા બીજા અન્ય જ્ઞાતિઓની સાથે કાંઇ પણ ચીજ આપવા લેવાનો વ્યવહાર હોય, તેની સાથે તે પ્રમાણે વર્તવાની જયણા.

અન્ય દર્શનીઓના ઓચ્છવ આદિકમાં તથા કુવા આદિક કરાવવામાં કોઈ કાંઈ માગવા આવે તો ઉચિત દ્રવ્ય વિગેરે આપવાની જયણા. પણ તેમાં ધર્મ બુદ્ધિ જાણું નહિ.

જાપ અને લગ્ન વિગેરેના કારણથી તથા દાક્ષિણ્યપણાથી બહુમાન પૂર્વક વસ્ત્રાદિક તથા અનુકંપાથી કોઈને આહારા-

દિક આપવું પડે તેની જયણા. પણ તેમાં ધર્મ બુદ્ધિ જાણું નહિ.

કોઈ પણ યાચક અથવા નોકર ચાકરની સાથે વાર્તાલાપ કરવો પડે તે સઘળામાં તથા ઉપર લખેલાઓની સાથે સર્વ જાતનો વ્યવહાર શાસનની નિંદા તથા ઉડ્ડાહ ટાળવા ખાતર અને શાસનની ઉન્નત્તિ કરવા ખાતર ઉચિત વ્યવહાર કરૂં, પણ તેમાં ધર્મ બુદ્ધિ ધારણ કરૂં નહિ. કોઈ હીણાચારી જૈન લિંગી શુદ્ધ પ્રરૂપક સાધુ હોય કે જેની પાસેથી મેં વ્યાખ્યાન સાંભળેલું હોય અથવા મારે સાંભળવું પડે તથા ક્રિયાકાંડ કરવું પડે, તેથી તેમની ભક્તિ બહુમાન કરવું પડે. ઉપકાર કરેલો હોવાથી તેમને ઉપકારી જાણું. તેમને આહારાદિક આપવું પડે તે સર્વે ઉચિત ક્રિયા કરૂં, પણ તેમને શુદ્ધ ગુરૂ તરીકે જાણું નહિ.

આજના વખતમાં પણ દેશકાળને અનુસારે સંયમના પાળનારા, ભગવંતની આણામાં વર્તતા સાધુઓને હું ગુરૂતત્ત્વ તરીકે સદ્દહું તેમની આજ્ઞા માનું, તેમને પાત્ર બુદ્ધિએ વહોરાવું અને તેમની ક્રિયાની અનુમોદના કરૂં.

શાસનની ઉન્નત્તિને માટે જન ધર્મના કોઈ પણ ઓચ્છવ આદિના પ્રસંગે અન્ય દર્શનીને ત્યાં કોઈ ચીજ માગવાની અથવા તેમને નોતરૂં દેવાની જયણા.

જૈન શાસનની ઉન્નત્તિને માટે અન્ય દર્શનીના દેવ દેવીના સ્થાનકે તથા તાપસ સન્યાસી આદિના મઠ વિગેરે સ્થાનકે નાળીએર આદિક મૂકવા આપવા વિગેરે કાર્ય પ્રસંગે જવું આવવું પડે તેની જયણા.

સંઘમાં જાત્રા નિમિત્તે અથવા બીજાઓની સાથે પરગામ

ગયો હોઉં તો કાર્ય પ્રસંગે કોઇની ઉચિત સેવા કરવી કરાવવી પડે તેની જયણા.

કોઈ પણ જાતની વસ્તુ વેચનાર અન્ય દર્શનની પાસે ચીજ લેવા ગયો હોઉં, ત્યાં તે વખતે વાર્તાલાપ વિગેરે કરવો પડે તેની જયણા.

કચેરીમાં કોઇ ફરીયાદ કરવી અથવા કરાવવી પડે તો તેવે પ્રસંગે યોગ્ય વ્યવહાર સલામ આદિ કરવી પડે તેની જયણા.

મારી સાથે બેસનાર તથા સ્નેહ સંબંધ ધરાવનાર અન્ય દર્શનીઓ કોઈ પ્રસંગે મારી પાસે આવેલા હોય, તો તેમની સાથે વાર્તાલાપ સલામ વિનયાદિક ઉચિત વ્યવહાર કરવો પડે તેની જયણા. પરંતુ ધર્મ બુદ્ધિ રાખી કરૂં નહિ.

અન્ય દર્શનીઓનાં પર્વો ધર્મ બુદ્ધિએ આરાધવાં નહિ. પરંતુ લોક વ્યવહારે તે દીવસોએ ખાનપાન વિગેરે કરવાં પડે તેની જયણા.

મરનાર નિમિત્તે દીવા દેવા પડે તે, શૅાક પગલાંનો વ્યવહાર ચાલે છે તે, ભાઈબીજ, ભાઈ પસલી, બ્હોણી, ભવૈયા વિગેરેને આપવાની, લગ્ન આદિમાં અણ્યાણું વિગેરે આપવાની, બળેવ ચાંલ્લો લાડલાડુ, બાધા મૂકવા તથા કોઈ વાળ ઉતરાવવા જાત્રા અથવા અન્ય સ્થળે જાય, ત્યારે તેને વ્યવહારની રીતિએ જે કાંઈ આપવું પડે તેની જયણા. તેની સોબત થયે તેના ભેગા ઉતરવું પડે તો તેની ક્રિયામાં ભાગ લઉં નહિ, પરંતુ દાક્ષિણ્યતાએ તેની સાથે જમવાની જયણા. સંબંધીને ઘેર પુત્ર પુત્રી જન્મે તથા લગ્ન આદિ પ્રસંગોમાં આપવા લેવાની જયણા. તેમાંથી કોઇમાં ધર્મ બુદ્ધિ ગણું નહિ પરંતુ વ્યવહારરૂપે જ કરૂં.

એ પ્રમાણે જયણાઓ રાખી છે. તે સિવાય મિથ્યાત્વ ઉત્પન્ન થવાનાં કારણો ૧. મતિભેદ. ૨. પૂર્વ સંસ્કાર ૩ પરિચય ( સંસર્ગ. ) ૪. કદાગ્રહ ૫. સાધુનું અદર્શન. તથા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી ( એ ચારેનું વિવેચન આગળ કરવામાં આવશે ) દુવિહં તિવિહેણં પાઠે કરીને, ચાર આગાર છ છીંડી રાખીને, મન વચન કાયાએ કરીને મિથ્યાત્વનાં કારણો તજું છું.

ઉપર જણાવ્યા મુજબ મિથ્યાત્વને તજવાથી સમકિતની પ્રાપ્તિ થાય છે. તે માટે નિરૂપયોગી મિથ્યાચારોને વ્યવહારથી પણ છોડવાં. શુદ્ધદેવ ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ વિજ્ઞાન પૂર્વક સદ્દહણા કરવી એ સમકિત કહેવાય છે. તેના બે ભેદ. વ્યવહાર સમકિત અને નિશ્ચય સમકિત.

**૧. વ્યવહારથી દેવતત્ત્વ**—દેવ તે અઢાર દોષોએ કરીને રહિત, ચોત્રીસ અતિશયો અને પાંત્રીશ વાણીના ગુણો કરીને શોભિત, વિશ્વોપકારી, સવઈ મોક્ષ માર્ગના દાતાર, ઈત્યાદિ ગુણોએ કરીને બિરાજમાન અરિહંત દેવ તથા સિદ્ધ ભગવાન્ એ બે દેવ તથા તેમની પ્રતિમા સર્વજીવોને હિતકારી છે. તે દેવોને ચાર નિક્ષેપે ભાવપૂર્વક વંદન નમસ્કાર પૂજન કરૂં.

**૨. નિશ્ચયથી દેવતત્ત્વ**—વસ્તુગતે વસ્તુરૂપ શુદ્ધ પ્રતીતિવડે આત્માને જે શુદ્ધ આત્મ સ્વરૂપ ( શુદ્ધ સ્વરૂપ ) પ્રગટે તે. એટલે વર્ણાદિકે કરીને રહિત, અતીંદ્રિય, અવિનાશી, અનુપાધિ, અકલેશી, અમૂર્તિ, અનંત ગુણનું ભાજન, સત્-ચિદાનંદ (જ્ઞાન) સ્વરૂપી, એવો મારો આત્મતત્ત્વ છે.

**૩ વ્યવહારથી ગુરૂતત્ત્વ**—તે પાંચ મહાવ્રતના પાળનારા, સાધુના સત્યાવીશ ગુણે કરી બિરાજમાન, દશવિધ યતિધર્મના પાલક, ચાર કષાયના જીતનારા, ગુરૂના ગુણોએ કરી બિરાજમાન સંયમ વડે તરણુ તારણુ આચાર્ય ઉપાધ્યાય ને સાધુને ગુરૂ બુદ્ધિએ ભક્તિ બહુમાન પૂજન નમન યોગ્ય રીતે કરૂં.

**૪ નિશ્ચયથી ગુરૂતત્ત્વ**—તે શુદ્ધ આત્મ વિજ્ઞાનપૂર્વક હેય જ્ઞેય અને ઉપાદેયને વિષે ઉપયોગ યુક્ત ત્યાગ અને પ્રવૃત્તિ કરવી તે.

**પ. વ્યવહારથી ધર્મતત્ત્વ**—તે શ્રી જિનેશ્વર ભગવાને સમવસરણમાં બેસીને અર્થથી ધર્મ પ્રકાશ્યો અને સૂત્રથી ગણધર મહારાજે રચ્યા જે સિદ્ધાંત ભાવ તે સર્વ જીવોને હિતકારી છે. દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખે તે ધર્મ દયાના મૂળ રૂપ દાનાદિક ચાર પ્રકારનો તથા શ્રુત અને ચારિત્ર રૂપ બે પ્રકારનો, પંચાંગી સંયુકત નૈગમાદિક નય, નામાદિ ચાર નિક્ષેપે, સ્યાદ્વાદ શૈલી યુક્ત શુભ પ્રવૃત્તિ કરવી તે શુદ્ધ વ્યવહાર ધર્મ.

**૬. નિશ્ચયથી ધર્મતત્ત્વ**—તે આત્માની આત્મતા જાણે. વસ્તુ સ્વભાવ ઓળખે. જે આત્મદ્રવ્ય છે તે શુદ્ધ ચેતનતા રૂપે અસંખ્યાત પ્રદેશી, લોક પ્રમાણ, અવિનાશી, અમર, અખંડ, અલિપ્ત આદિ અનંત ગુણવાળો છે. તે (આત્મા) એનાથી ભિન્ન પુદ્ગલિક વિષય સંબંધી સુખથી ન્યારો છે. એ મારૂં નથી અને હું એનો નથી. એવો મારો પૂર્ણાનંદ સ્વભાવ પ્રગટ કરવાને આત્મ સ્વભાવમાં રમણુ કરવું તે મારો ધર્મ છે. તેને પ્રગટ કરવા વિજ્ઞાનપૂર્વક આત્માએ પ્રવૃત્તિ કરવી તે.

એવી રીતે દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વ ઉપર શ્રદ્ધા તે **વ્યવહાર સમકિત** અને **નિશ્ચય સમકિત** તે દેવ ગુરૂ તથા ધર્મમાં લખ્યા પ્રમાણે મારો આત્માજ દેવ ગુરૂ અને ધર્મ છે. અથવા સાત પ્રકૃતિ (ચાર અનંતાનુબંધી અને ત્રણ દર્શન મોહનીય) ના ક્ષયથી ક્ષાયિક સમકિત થાય છે તે નિશ્ચય સમકિત છે. અને તે ક્ષયોપશમ અને ઉપશમ આદિ બહુ પ્રકારે સમકિત છે.

હવે વ્યવહાર સમકિતનાં કારણ એકસઠ છે અને નિશ્ચય સમકિતનાં કારણ છ છે એમ સડસઠ બોલ સમકિતના કહું છું.

## સમકિતના ૬૭ બોલ

| | | | |
|---|---|---|---|
| **૪ સદ્દહણા.** | **૩ લિંગ.** | **૧૦ વિનય.** | **૩ શુદ્ધિ.** |
| **૫ દૂષણ** | **૮ પ્રભાવક.** | **૫ ભૂષણ.** | **૫ લક્ષણ.** |
| **૬ જતના.** | **૬ આગાર.** | **૬ ભાવના.** | **૬ સ્થાન.** |

**૪. સદ્દહણા**—૧ જીવાદિક નવ તત્ત્વનો અભ્યાસ કરવો તથા તેના અર્થનો વિચાર કરવો. ૨ સંયમે કરી યુક્ત શુદ્ધ માર્ગ પ્રરૂપનાર ગીતાર્થની મન વચન કાયાએ કરી સેવા કરવી. ૩. પાસત્થા કુશીલિઆ વેશ વિડંબક એવા સમકિતથી ભ્રષ્ટ થયેલાનો સંગ ન કરવો. ૪. અન્યદર્શની મિથ્યાદૃષ્ટિનો સંગ ન કરવો.

**૩. લિંગ. ૧. સિદ્ધાંત**—ભગવાને કહેલા વચનોને સાંભળવાની અતિ અભિલાષા. **૨ ચારિત્રધર્મ**—ભગવાને કહેલા શ્રાવક ધર્મ તથા સાધુ ધર્મ ઉપર રાગ ધરે તે. ૩. દેવગુરૂ પ્રમુખની **વેયાવચ્ચ**—ભક્તિ વડે વીતરાગની દ્રવ્ય અને ભાવથી પૂજા કરવી તથા અશનાદિક વડે તત્ત્વના જાણ પંચાચારને પાળનારા એવા ગુરૂની સેવા કરવી તે.

**૧૦ પ્રકારનો વિનય**—૧ શ્રી અરિહંત ભગવાનનો. ૨ સિદ્ધ ભગવાનનો ૩. ચૈત્ય (જિન પ્રતિમા) નો. ૪ શ્રુત (જ્ઞાન) નો. ૫. ચારિત્ર ધર્મનો. ૬ સર્વ સાધુનો. ૭ આચાર્યનો. ૮ ઉપાધ્યાયનો. ૯. ચતુર્વિધ સંઘનો. ૧૦ સમ્યગ્દર્શનનો વિનય એટલે એ દશે પદની પૂજા, ભક્તિ, બહુમાન, ગુણની પ્રશંસા કરવી, અવર્ણવાદ ન બોલવો અને આશાતનાનો ત્યાગ કરવો.

**૩ શુદ્ધિ. ૧ મનશુદ્ધિ**—અરિહંત ભગવાન અને તેમનું શાસન ખરૂં છે એવું ચિંતવવું તે. **૨ વચનશુદ્ધિ**—જીવાદિક નવ પદાર્થો જણાવનાર આગમથી વિપરીત ન બોલે તે. **૩. કાયશુદ્ધિ**—કોઈ છેદે ભેદે અનેક પ્રકારની પીડા ઉપજાવે, પણ વીતરાગ વિના અન્ય દેવોને નમસ્કાર કરે નહિ તે.

**૫. દૂષણ—૧. શંકા**—વીતરાગે કહેલા ધર્મને વિષે સંદેહ રાખે. તે શંકા બે પ્રકારની છે. ૧ દેશ શંકા—જીવાદિ એકાદિ બાબતમાં (કાંઈક) શંકા. અને ૨. સર્વ શંકા (બધું ખોટું માને.) **૨. કાંક્ષા**—પર મતનો અભિલાષ ધરે. તે પણ બે ભેદે. દેશથી અને સર્વથી. **૩ વિચિકિત્સા**—કરેલી ધાર્મિક ક્રિયાના ફળને વિષે સંદેહ રાખે. તે બે ભેદે. દેશથી અને સર્વથી. **૪ મિથ્યાત્વીની પ્રશંસા**—કુલિંગી દર્ભલિંગી પાખંડી વિગેરે અન્ય દર્શની મિથ્યાત્વીઓની પ્રશંસા કરવી. **૫ મિથ્યાત્વીનો પરિચય**—મિથ્યાત્વીની સોબત કરવી. આલાપ સંલાપ કરવો. પ્રીતિ વધારવી તે.

**(આ ઉપર લખેલાં પાંચે દૂષણો સર્વ વર્જવા યોગ્ય છે.)**

૮ **પ્રભાવક—૧. પ્રવચન પ્રભાવક** તે કાળને યોગ્ય સ્વસિદ્ધાંત અને પર સિદ્ધાંત જાણીને ઉપદેશ આપે તે. **૨. ધર્મકથી**—તે હેતુ દ્રષ્ટાંતે કરીને પોતાની શકિત પ્રગટ કરીને બીજાને ધર્મનો બોધ કરે તે. **૩ વાદી**-તે સિદ્ધાંતના ગ્રંથોના બળે કરીને પરમતનો વિચ્છેદ કરે અને નય ન્યાય પ્રમાણ વિગેરે શાસ્ત્રોમાં કુશળ હોય તે. **૪ નિમિત્તી**—તે શાસનની ઉન્નતિ માટે અષ્ટાંગ નિમિત્તે કહે તે. **૫. તપસ્વી**—તે વિવિધ પ્રકારના તપ ક્ષમાદિ ગુણોએ કરીને જૈન ધર્મનો ઉદ્યોત કરે તે. **૬ વિદ્યા પ્રભાવક** તે જૈનધર્મના રક્ષણ અર્થે મંત્રતંત્ર આકાશ ગમનાદિક વિદ્યાઓની શકિત ફોરવે તે. **૭. સિદ્ધ-પ્રભાવક** તે અંજન ચૂર્ણ લેપાદિક સિદ્ધ યોગે કરીને જિન શાસનનો જય કરનાર. **૮. કવિ પ્રભાવક** તે અદ્‌ભુત કાવ્ય રચનાએ કરીને રાજાદિકને ધર્મ હેતુએ રીઝવે.

(ઉપર કહેલા આઠેથી જૈનધર્મ દીપે છે, તેથી તેવા ગુણ-વાળા પુરૂષોની સેવા કરવી.)

**૫. ભૂષણ**—ધર્મના અંગોને જે વડે શણગારાય તે ભૂષણ કહેવાય છે.

**૧ સ્થૈર્યભૂષણ**—જૈન ધર્મમાં સ્થિર રહે પણ યુકિત કુયુકિતએ કરીને તથા સાંભળીને ચપળ ચિત્ત કરે નહિ તે. **૨. પ્રભાવના ભૂષણ**—ધર્મના અનેક કાર્યો વડે તીર્થની તથા ગીતાર્થની સેવા કરે તે. **૩. સેવા ભૂષણ**—દેવ ગુરૂ તથા સિદ્ધાં-તનો વિનય વેયાવચ્ચ કરવો. **૪. દૃઢતા ભૂષણ**—જૈન ધર્મને વિષે દ્રઢતા રાખવી. **૫. અનુમોદન**-જિન શાસનને દીપાવવું અથવા વૃદ્ધિ થાય તેમ કરવું કે જેથી ઘણા લોકો જિન શાસ-નની અનુમોદના કરે.

**૫ લક્ષણ**–૧. **ઉપશમ**-અપરાધીનું પણ ચિત્તથી પ્રતિકૂલ **ન** ચિંતવે **અથવા શમ**–અનંતાનુબંધી કષાયની ક્રૂરતાનો અભાવ થવો તે. સ્વભાવથી કે કષાયની માઠી ફલદશા વિચારી મંદ કષાય થવો તે, **૨. સંવેગ**—મોક્ષના સુખની અભિલાષા રાખવી. **૩. નિર્વેદ**—વીતરાગ ભાષિત ધર્મ તારનાર છે એવું જાણી સંસાર રૂપી નરકાદિ દુર્ગતિના દુઃખવાળા કેદખાનામાંથી નીકળવાને તત્પર હોય. ૪. **અનુકંપા**—દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવાની અભિલાષા તે દ્રવ્ય અનુકંપા અને ધર્મ રહિત જીવોને ધર્મ પમાડવાની અભિલાષા તે ભાવ અનુકંપા. ૫. **આસ્તિક્ય**—શ્રી વીતરાગ પ્રભુએ ભાખ્યું તે સત્ય છે. જુઠું કાંઈ પણ નથી. એવી દ્રઢ આસ્થા રાખવી.

૬. **જયણા**—૧. **પરતીર્થિકાદિ વંદન**—અન્ય તીર્થિક દેવોને તથા અન્ય તીર્થિઓએ ગ્રહણ કરેલી જિન પ્રતિમાને વંદન (બે હાથ જોડવા) તથા પૂજન કરવું નહિ. **૨ નમસ્કરણં**—અન્ય તીર્થિઓએ ગ્રહણ કરેલી જિન પ્રતિમાને મસ્તક નમાવવું નહિ. **૩. અશનાદિ દાનં**—કુપાત્રને એકવાર કે વારંવાર ખાવા પીવા ધર્મ બુદ્ધિએ આપવું નહિ. ૪. **ગંધપુષ્પાદિ પ્રેસણં**—કુપાત્રને પાત્ર બુદ્ધિએ ગંધ પુષ્પાદિ વારંવાર મોકલવાં નહિ. ૫. **આલાપ** મિથ્યાત્વી સાથે વગર બોલાવે પ્રથમ બોલવું નહિ. ૬. **સંલાપ**—મિથ્યાત્વી સાથે વગર બોલાવે વારંવાર બોલવું નહિ. ૩–૪–૫–૬ જયણામાં ધર્મ નિમિત્તે બોલું તથા દાન દઉં નહિં. સંસારીક કાર્ય પ્રસંગે જયણા.

૬. **આગાર** (છ છીંડી)—**૧ રાજાભિયોગ**—રાજાની

દાક્ષિણ્યતાથી કે બલથી જૈન ધર્મ વિરૂદ્ધ આચરણ (અન્ય દર્શનીઓને નમસ્કારાદિક) કરવું પડે તે. **૨. ગણાભિયોગ**— ઘણા લોક સમુદાયના કહેવાથી જૈન ધર્મમાં નિષેધ કરેલું પણ સેવવું પડે તે. **૩. બલાભિયોગ**—સૈન્ય તથા ચોરાદિકના જુલમથી જૈન ધર્મમાં નિષેધ કરેલું કાર્ય કરવું પડે તે. **૪. સુરાભિયોગ**—કુલ દેવતાદિકના વાકય વડે જે કાંઈ વિરૂદ્ધ આચરણ કરવું પડે તે. **૫. ગુરૂ નિગ્રહ**—ગુરૂ (માતા પિતા કલાચાર્ય સગાં વહાલાં, વૃદ્ધ પુરૂષો તથા ધર્મોપદેશ કરનારા)ની આજ્ઞાથી નિયમ ભંગ કરાય તે. **૬. ભિષણ કાંતાર વૃત્તિ**—તે દુકાળમાં જંગલમાં આજીવિકાના ભયથી અથવા પરદેશ ગયે છતે જીવ રક્ષા માટે નિયમ ભંગાદિક કરાય તે.

**૬ ભાવના**—સમકિત કેવું છે? **૧ મૂળ ભાવના**—તે તીર્થંકર ભગવાને કહેલો યતિ ધર્મ તથા શ્રાવક ધર્મનું મૂળ સમકિત છે. તે વિનાની કરણી મોક્ષની પ્રાપ્તિને માટે થતી નથી એવું ચિંતવવું તે. **૨. દ્વાર ભાવના**—સમકિત તે ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેસવાના દ્વાર સમાન છે. **૩. પીઠ-ભાવના**—સમકિત તે ચારિત્ર ધર્મરૂપી મહેલના પાયા સમાન છે. જો મૂળ પાયો મજબુત હોય તો મહેલ ટકી શકે. **૪. નિધાન ભાવના**—સમકિત તે જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણ રૂપી રત્નનો નિધાન (ભંડાર) છે. **૫. આધાર ભાવના**—સમકિત તે વિનય ચારિત્રાદિ ગુણોના આધાર રૂપ છે. **૬. ભાજન ભાવના**-સમકિત તે શ્રુત અને ચારિત્રરૂપી અમૃત રસનું ભાજન છે. કારણકે ભાજન વિના અમૃત રહી શકે નહિ, તેમ સમકિત વિના શ્રુત અને શીયળનો રસ રહી શકે નહિ.

**૬. સ્થાન**—૧. જીવ છેજ. ૨. જીવ નિત્ય છે. કેમકે નિશ્ચયથી તેનો વિનાશ કે ઉત્પત્તિ હોતી નથી. ૩. જીવ શુભાશુભ કર્મનો કર્ત્તા છે. ૪. જીવ કર્મનો ભોગવનાર છે. ૫. બંધ હેતુઓના અભાવે, કર્મનો ક્ષય કરી જીવ મોક્ષ પામે છે. ૬. જીવને કર્મ રહિત થવાના ઉપાય જ્ઞાન દર્શન અને ચારિત્ર કહેલ છે.

એ રીતે સમકિતના સડસઠ ભેદ થયા. તેમાં દેવ ગુરૂ અને સંઘની ભક્તિ પ્રભાવના વિગેરે કારણો જાણવા યોગ્ય છે તેને જાણવા તથા તજવા યોગ્ય દૂષણોને તજવા તથા સદ્દહણા જયણા આદિ આદરવા યોગ્યને આદરવા બનતો પ્રયાસ કરી હું દેવ ગુરૂ અને ધર્મની પ્રતીતિરૂપ સમકિતને ગ્રહણ કરૂં છું.

## સમકિતની કરણી.

નિરંતર જિનપ્રતિમાનાં દર્શન તથા પૂજા કરૂં. તેના અભાવે સિદ્ધચક્રજી કે પ્રભુની છબીનાં દર્શન કરૂં. જોગવાઈ હોય તો ગુરૂ મહારાજને વંદન અવશ્ય કરૂં. નિરંતર એક નવકારવાળી છૂટી ગણું. દર વર્ષે દૂધ બરાસ સુખડ કેશર ઘી ફુલ દશાંગીધૂપ અગરબત્તી રૂપાના વરખ અને સોનાના વરખ અંગલુહણાં ફળ નૈવેદ્યમાં રૂા. (      ) ખર્ચું. દહેરાસર અને પ્રતિમામાં રૂા (      ) ગુરૂ ભકિત નિમિત્તે સાધુ સાધ્વીમાં રૂા (      ) સાધર્મિક વાત્સલ્ય એટલે શ્રાવક શ્રાવિકામાં રૂા (      ) જ્ઞાનમાં રૂા (      ) જીવ છોડામણમાં રૂા (      ) તથા સાધારણમાં રૂા (      ) વાપરૂં. અથવા કુલ સાત ક્ષેત્રમાં રૂા (      ) ખર્ચું. સવારમાં નવકારસી તથા સાંજે ચૌવિહારકે તિવિહારનું પચ્ચકખાણ કરૂં. યથાશકિત દેવ-

વંદન ગુરૂવંદન પચ્ચક્ખાણ આદિ નિયમો કરૂં. પણ શારીરિક અશક્તિ કે રોગાદિક કારણે, તથા બીજા કોઈ અનિવાર્ય સબળ કારણે તેમજ પરદેશ કે બહાર ગામમાં જોગવાઈના અભાવે દેવદર્શનાદિ ન બને તો જયણા. છતાં તેવા કારણે પણ મનમાં પ્રભુ દર્શન ધારી લઈને આહાર વાપરૂં. વિસ્મરણ થયે અને પ્રમાદ વશથી સ્ખલના થાય તો જયણા.

દરેક વર્ષે કોઈપણ એક તીર્થની યાત્રા કરૂં. વ્યાધિ વિગેરેના પ્રસંગે અમુક તીર્થની યાત્રા ન કરવા જવાય તેનો આગાર.

એ દેવગુરૂ કે ધર્મના કયારે પણ સત્ય કે અસત્ય સોગન લેઉં વા ખાઉં નહિ. બીજા પાસે લેવરાવું કે ખવરાવું નહિ. તેમ જ તે સંબંધી અનુમોદના કરૂં નહિ. ઈષ્ટ દેવાદિકની સંસાર અર્થે માનતા કરૂં નહિ. બીજાની પાસે કરાવું નહિ. તેમ જ સગા સ્નેહી સંબંધી તરફથી માનવામાં આવે, તો તેની અનુમોદના કરૂં નહિ પણ ભૂલથી જયણા.

કુદેવ કુગુરૂ કુધર્મને પરિહરૂં. તેમને મોક્ષના દાતા જાણી વાંદું નહિ. માનું કે પૂજું નહિ. મિથ્યાત્વી દેવ ગુરૂ કે પર્વની માનતા સ્વાર્થે કે સગા સંબંધીના અર્થે હું માનું નહિ. મારા અર્થે બીજા સગા સંબંધી આદિ માનતા કરે તો હું સંમતિ આપું નહિ. તેમ જ તેમની અનુમોદના કરૂં નહિ. સમુદ્ર પૂજન, તાબુત હોળી બળેવ નવરાત્રિના ગરબા વિગેરેને ધર્મબુદ્ધિએ માનું નહિ.

દેવ તત્ત્વમાં ગોત્રજ કુળદેવતાદિકની પૂજા ધૂપ દીપ પ્રમુખ વિવાહાદિક ક્રિયાને ધર્મ બુદ્ધિએ શુભ ક્રિયા માનું નહિ કુલ મર્યાદાએ તથા સગા સંબંધીમાં કરવું કરાવવું પડે તેની જયણા.

ગુરૂ તત્ત્વમાં કુગુરૂને સુપાત્ર બુદ્ધિએ ભકિત ભાવથી ભાત પામી આપું નહિ. અન્ય દર્શનીઓને ઉચિત આપવું પડે, કોઈની શરમ કે દાક્ષિણ્યતાએ મિથ્યાત્વી ગુરૂને પ્રણામ કે સલામ તથા ભણાવનારનું બહુમાન કરવું અને ઉચિત આપવું પડે તેની જયણા, પરંતુ ધર્મબુદ્ધિએ કરૂં નહિ.

કુલિંગીને લજ્જા કે દાક્ષિણ્યતાએ બહુમાન કરવું. દાન આપવું અને સ્વલિંગી હિણાચારીનું શાસનની નિંદા મટાડવાને બહુમાન કરવું, દાન આપવું વિગેરેનો આગાર, પરંતુ ધર્મબુદ્ધિએ રૂડું જાણું નહિ.

દેરાસરની ૧૦ મોટી આશાતના તથા ગુરૂની ૩૩ આશાતના તથા જ્ઞાનની આશાતના બને તેટલી ટાળવાનો ખપ કરૂં. ૧ દહેરાસરમાં તંબોળ અને ૨ ભોજન ખાવું નહિ. ૩ પાણી પીવું નહિ. ૪ પગરખાં પહેરી અંદર જવું નહિ. ૫ મૈથુન સેવવું નહિ. ૬ સુવું નહિ. ૭ થુંકવું નહિ. ૮ લઘુનીતિ અને ૯ વડીનીતિ (પેશાબ અને ઝાડા) કરવી નહિ. ૧૦ જુગાર રમવો નહિ. જ્યાં દેરાસરના ગઢમાં પગરખાં મૂકવાનો રીવાજ હોય ત્યાં તેમ કરવાની જયણા.

## શ્રી જિન મંદિરમાં ત્યાગ કરવા યોગ્ય ૮૪ આશાતનાઓ.

૧ પાન સોપારી ખાવી. ૨ પાણી પીવું. ૩. ભોજન કરવું. ૪ પગરખાં પહેરી અંદર જવું. ૫ મૈથુન સેવવું. ૬ પથારી કરી સુવું. ૭ થુંકવું તથા ગળફો નાંખવો. ૮ પેસાબ કરવો. ૯ ઝાડે જવું. ૧૦ જુગટું રમવું. ૧૧ અનેક પ્રકારની ક્રીડા કરવી (ખણવું વિગેરે) ૧૨ કોલાહલ કરવો. ૧૩ ધનુ-

વેંદાદિ કળાનો અભ્યાસ કરવો. ૧૪ કોગળા કરવા. ૧૫ ગાળ દેવી. ૧૬ શરીર ધોવું. ૧૭ વાળ ઉતારવા. ૧૮ નખ ઉતારવા. ૧૯ લોહી નાંખવું. ૨૦ મીઠાઇ વિગેરે નાંખવી. ૨૧ ચામડી ઉતારવી. ૨૨ પિત્ત કાઢવું. ૨૩ ઉલટી કરવી. ૨૪ દાંત કાઢીને નાંખવો. ૨૫ વિસામો લેવો. ૨૬ ગાય ભેંસ બાંધવી. ૨૭ દાંતનો મેલ નાંખવો. ૨૮ આંખનો મેલ નાંખવો. ૨૯ નખનો મેલ નાંખવો. ૩૦ ગાલનો મેલ નાંખવો. ૩૧ નાકનો મેલ નાંખવો. ૩૨ માથાનો મેલ નાંખવો. ૩૩ કાનનો મેલ નાંખવો. ૩૪ ચામડીનો મેલ નાંખવો. ૩૫ મંત્રાદિ પ્રયોગ કરવો ૩૬ વિવાહ માટે એકઠા થવું. ૩૭ કાગળ લખવા. ૩૮ થાપણ મૂકવી. ૩૯ ભાગ પાડવા. ૪૦ પગ ઉપર પગ ચઢાવી બેસવું. ૪૧ છાણાં થાપવાં. ૪૨ કપડાં સુકવવાં. ૪૩ ધાન્ય સુકવવું. ૪૪ પાપડ સુકવવાં. ૪૫ વડીયો કરવી. ૪૬ સંતાઇ જવું ૪૭ રોવું. ૪૮ વિકથા કરવી. ૪૯ શસ્ત્રાશસ્ત્ર ઘડવાં. ૫૦ તિર્યંચ રાખવાં. ૫૧ તાપણી કરવી. ૫૨. રસોઈ કરવી. ૫૩ સોનાદિકની પરીક્ષા કરવી. ૫૪ નિસીહિ ન કહેવી. ૫૫. છત્ર ધારણ કરવું. ૫૬ શસ્ત્ર રાખવાં. ૫૭ ચામર વીંઝાવવાં. ૫૮ મન એકાગ્ર ન કરવું. ૫૯ મર્દન કરવું. ૬૦ સચિત્તનો ત્યાગ ન કરવો. ૬૧ અચિત્ત (વસ્ત્રાભરણનો) ત્યાગ કરવો. ૬૨ બાલકો રમાડવા. ૬૩ એક સાડી ઉત્તરાસંગ ન કરવું. ૬૪ મુગટ રાખવો. ૬૫ તોરા રાખવા. ૬૬ પાઘડીનો અવિવેક કરવો. ૬૭ હોડ કરવી. ૬૮ ગેડી દડે રમવું. ૬૯ જુહાર કરવા. ૭૦ ભાંડ ચેષ્ટા કરવી. ૭૧ તિરસ્કાર કરવો. ૭૨ લાંઘવા બેસવું. ૭૩ સંગ્રામ કરવો. ૭૪ કેશનો વિસ્તાર કરવો. ૭૫ પગ બાંધી બેસવું. ૭૬ ચાખડીઓ પહેરવી. ૭૭ પગ લાંબા કરવા. ૭૮ પીપુડી

વગાડવી. ૭૯ કાદવ નાંખવો. ૮૦ અંગની ધુળ ઉડાડવી. ૮૧ ગુહ્ય ભાગ પ્રકટ કરવો. ૮૨ વેપાર કરવો. ૮૩ વૈદું કરવું. ૮૪ ન્હાવું.

**આ ૮૪ આશાતનાઓમાં ઓછામાં ઓછી પહેલી ૧૦ તો અવશ્ય વર્જવી.**

ગુરૂ અને જ્ઞાનની જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ આશાતનામાંથી બને તેટલી ટાળું.

## ચાર આગાર.

૧ **અન્નત્થણાભોગેણં**—ઉપયોગ વિના ભૂલી જવાથી કોઈ કાર્ય થઈ જાય તે. ૨ **સહસ્સાગારેણં**—કોઈ કામ જાણતાં છતાં, નિત્યના અભ્યાસથી અકસ્માત્ નિયમ વિરૂદ્ધ થાય તે. ૩ **મહત્તરાગારેણં**—મોટા લાભને અર્થે જ્ઞાની ગુણવંત ગુરૂની આજ્ઞાથી કાંઈ ઓછા વધતું કરવું પડે તે. ૪ **સવ્વસમાહિવત્તિયાગારેણં**—શરીરમાં અસમાધિ થયે તથા બેશુદ્ધિમાં કાંઈ નિયમ વિરૂદ્ધ વર્તન થાય તે.

૧. **દ્રવ્યથી**—તે વ્રતો પાળું.
૨. **ક્ષેત્રથી**—તે જે સ્થળે હું હોઉં ત્યાં પાળું.
૩. **કાળથી**—તે હું જીવું ત્યાં સુધી વ્રતો પાળું.
૪. **ભાવથી**—તે ગ્રહાદિકના છલાદિક વડે હું ઠગાયેલો ન હોઉં તથા સન્નિપાતાદિક રોગથી પરાભવ પામેલો ન હોઉં ત્યાં સુધી વ્રતો પાળું.

સમકિત સહિત આ વ્રતો ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ કેવળી, ૪ ગુરૂ, (ધર્માચાર્ય) ૫ સાધુ, અને ૬ આત્માની સાક્ષીએ અંગીકાર કરૂં છું. તેમાં ભૂતકાળમાં જે મિથ્યાત્વાદિ

કારણોને મેં સેવ્યાં હોય તેની હું નિંદા કરૂં છું. વર્તમાનકાળે તે કારણોનો સંવર કરૂં છું. (રોકું છું.) અને ભવિષ્યકાળનાં પચ્ચક્ખાણ કરૂં છું.

## ચાર બોલ.

૧. ભૂત પ્રેતાદિકથી પીડાઉં નહિ.
૨. કોઇના કપટથી છેતરાઉં નહિ.
૩. સન્નિપાતાદિ રોગથી પરાભવ પામું નહિ.
૪. બીજા કોઈપણ જાતના કષ્ટે કરી મારો આત્મપરિણામ પડે નહિ, ત્યાં સુધી વ્રતો પાળું.

## વ્રત ઉચ્ચરવા માટેના ભાંગા.

૧. મનથી ન કરૂં
૨. વચનથી ન કરૂં
૩. કાયાથી ન કરૂં
૪. મન વચનથી ન કરૂં
૫. મન કાયાથી ન કરૂં
૬. વચન કાયાથી ન કરૂં
૭. મન વચન કાયાથી ન કરૂં
૮. મનથી ન કરાવું
૯. વચનથી ન કરાવું
૧૦. કાયાથી ન કરાવું
૧૧. મન વચનથી ન કરાવું
૧૨. મન કાયાથી ન કરાવું
૧૩. વચન કાયાથી ન કરાવું
૧૪. મન વચન કાયાથી ન કરાવું

૧૫. મનથી ન કરૂં ન કરાવું
૧૬. વચનથી ન કરૂં ન કરાવું
૧૭. કાયાથી ન કરૂં ન કરાવું
૧૮. મન વચનથી ન કરૂં ન કરાવું
૧૯. મન કાયાથી ન કરૂં ન કરાવું
૨૦. વચન કાયાથી ન કરૂં ન કરાવું
૨૧. મન વચન કાયાથી ન કરૂં ન કરાવું

આ એકવીશ ભાંગામાંથી જે વ્રત જે ભાંગે ગ્રહણ કરવું હોય ત્યાં ચિન્હ કરવું.

એ રીતે રાજાભિયોગેણં આદિ છ છીંડી તથા અન્નત્થણાભોગેણં આદિ ચાર આગારો સહિત, દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી, અરિહંતાદિક છ સાક્ષીએ, ચાર બોલ સહિત. સમકિત મૂળ લીધેલાં (બારે) વ્રતોને પાળું.

આવી રીતે મિથ્યાત્વથી પાછો ફરીને હું સમકિત અંગીકાર કરૂં છું. દ્રવ્યથી મિથ્યાત્વનાં કારણોનો ત્યાગ કરૂં છું અને સમકિતના કારણોને અંગીકાર કરૂં છું.

**अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरूणो ।**
**जिण-पन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहियं ॥१॥**

અર્થ—જાવજ્જીવ સુધી અરિહંત પ્રભુ મારા દેવ છે, સારા સાધુઓ મારા ગુરૂ છે. જિનેશ્વરે કહેલું તત્ત્વ તે ધર્મ છે. એ પ્રમાણે મેં સમકિત ગ્રહણ કર્યું છે.

## સમકિતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

**૧. શંકા**—જિન વચનના ગંભીર ગહનભાવ સાંભળીને શંકા કરવી.

**૨ કાંક્ષા**—પર મતની અભિલાષા કરવી.

**૩. વિતિગિચ્છા**—ધર્મના ફળમાં સંદેહ રાખે તથા સાધુ સાધ્વીનાં મલમલિન ગાત્ર વસ્ત્રાદિક દેખી દુગંછા કરે.

૪. **પ્રશંસા**—મિથ્યાત્વીનાં કષ્ટ મંત્ર ચમત્કાર દેખી પ્રશંસા કરવી.

**૫. સંસ્તવ**—મિથ્યાત્વીની સાથે ઘણો પરિચય રાખવો.

સમકિતના ચોથા અને પાંચમા અતિચારમાં સંસારી કામની જયણા, પરંતુ ધર્મ બુદ્ધિએ સારૂં જાણું નહિ. એ પાંચ અતિચાર જાણવા, પણ આચરવા નહિ.

## શ્રાવકના ૨૧ ગુણ.

| | | |
|---|---|---|
| ૧ અક્ષુદ્ર | ૨ રૂપવાન્ | ૩ શાંત પ્રકૃતિવાન્ |
| ૪ લોકપ્રિય | ૫ અક્રૂર | ૬ પાપભીરૂ |
| ૭ અશઠ | ૮ દાક્ષિણ્યતાવાન્ | ૯ લજ્જાળુ |
| ૧૦ દયાળુ | ૧૧ મધ્યસ્થસૌમ્યદૃષ્ટિ | ૧૨ ગુણરાગી |
| ૧૩ સત્કથાખ્ય | ૧૪ સુપક્ષયુક્ત | ૧૫ દીર્ઘ દર્શી |
| ૧૬ વિશેષજ્ઞ | ૧૭ વૃદ્ધાનુગામી | ૧૮ વિનયી |
| ૧૯ કૃતજ્ઞ | ૨૦ પરહિતાર્થકારી | ૨૧ લબ્ધલક્ષ્ય. |

૧ **અક્ષુદ્ર**—જે ઉછાંછળી બુદ્ધિવાળો ન હોય, સ્વપરને ઉપકાર કરવા સમર્થ હોય, પારકાં છિદ્ર ખોલે નહીં એવો ગંભીર હોય તે.

૨ **રૂપવાન્**—સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચ ઇંદ્રિયોથી સુંદર દેખાતો, સારા બાંધાવાળો હોય તે.

૩ **શાંત પ્રકૃતિવાન્**—સ્વભાવે શાંત પ્રકૃતિવાળો, પ્રાયઃપાપ ભરેલા કામમાં ન પ્રવર્તે, સુખે સેવવા યોગ્ય તથા બીજાઓને શાંતિ આપનાર હોય તે.

૪ **લોકપ્રિય**—જે પુરૂષ દાતાર, વિનયવંત અને સુશીલ હોઇ, આલોક અને પરલોકથી જે વિરૂદ્ધ કામ હોય તે ન કરે; તે લોકપ્રિય થઇને લોકમાં ધર્મનું બહુ માન ઉપજાવે.

૫ **અક્રૂર**—ઘાતકી પરિણામી જે ન હોય તે.

૬ **પાપભીરૂ**—આ લોક પરલોકનાં સંકટો વિચારીને જ પાપમાં ન પ્રવર્તે અને અપયશના કલંકથી ડરતો રહે તે.

૭ **અશઠ**—બીજાને ઠગે નહીં, તેથી વિશ્વાસ કરવા યોગ્ય તથા વખાણવા લાયક થાય અને ભાવપૂર્વક ધર્મને વિષે ઉદ્યમ કરે તે.

૮ **દાક્ષિણ્યતાવાન્**—સુદાક્ષિણ્ય ગુણવાળો, પોતાનો કામ-ધંધો મૂકીને બીજાને ઉપકાર કરતો રહે, તેથી તેનું વાક્ય સૌ કબુલ રાખે તથા સૌ લોકો તેના પછવાડે ચાલે (અનુસરે) તે.

૯ **લજ્જાળુ**—લજ્જાળુ પુરૂષ નાનામાં નાના અકાર્યને પણ દૂર વર્જે છે, તેથી તે સદાચાર આચરે છે અને સ્વીકારેલી વાતને કોઈ પણ દિવસ મૂકે નહીં તે.

૧૦ **દયાળુ**—દયા એ ધર્મનું મૂળ છે અને દયાને અનુકૂળજ સઘળું અનુષ્ઠાન જૈન સિદ્ધાંતમાં કહેલું છે, માટે તેવા ગુણવાળો હોય તે.

૧૧ **મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિ**—ખરા ધર્મવિચારને સાંભળનારો, ગુણો સાથે જોડાઇ, દોષોને દૂર તજનારો અને સર્વ સ્થળે રાગદ્વેષ રહિત હોય તે.

૧૨ **ગુણરાગી**—ગુણવાન માણસોનું બહુમાન કરનારો, નિર્ગુણીઓની ઉપેક્ષા કરનારો, ગુણોનો સંગ્રહ કરનારો અને પામેલા ગુણોને મલીન ન કરે તે.

૧૩ **સત્કથાખ્ય**—ઉત્તમ પુરૂષોનાં ચરિત્ર કહેનાર થવું તે.

૧૪ **સુપક્ષયુક્ત**—જેનો પરિવાર અનુકુળ અને ધર્મશીળ હોઈ સદાચાર યુકત હોય તે.

૧૫ **દીર્ઘદર્શી**—પરિણામે સુંદર, બહુ લાભ ને થોડી મહેનતવાળાં અને કેળવાયેલ માણસને વખાણવા લાયક હોય તેવાં કામ કરનારો હોય તે.

૧૬ **વિશેષજ્ઞ**—અપક્ષપાતપણે વસ્તુઓના ગુણદોષ જાણનારો હોય તે.

**૧૭ વૃદ્ધાનુગામી**—જ્ઞાનાદિ ગુણોએ કરી વૃદ્ધ માણસની પાછળ ચાલનારો ( અનુસરનારો ) હોય તે.

**૧૮ વિનયી**—જેના વડે આઠ પ્રકારના કર્મનો નાશ કરાય એવા સમ્યક્ જ્ઞાનદર્શનાદિ ગુણોએ કરી સહિતનો વિનય કરનાર.

**૧૯ કૃતજ્ઞ**—કરેલા ગુણને બરાબર જાણનાર હોય એટલે વિના કારણે ઉપકાર કરનાર ગુરૂ મહારાજને પણ ખરી બુદ્ધિથી પરમ ઉપકારી ગણીને તેમનું બહુમાન કરનારો હોય તે.

**૨૦ પરહિતાર્થકારી**--પારકાનું હિત કરવામાં તૈયાર રહેનાર તથા બીજાને સત્ય ધર્મ પમાડવામાં તત્પર હોય તે.

**૨૧ લબ્ધલક્ષ્ય**—જાણવા લાયક અનુષ્ઠાન જેને પ્રાપ્ત થયું છે એવો પુરૂષ સુખે સઘળું ધર્મ કર્તવ્ય જાણી શકે છે.

## ભાવ શ્રાવકનાં ૬ લિંગ.

**૧ કૃતવ્રતકર્મ**—વ્રતની ફરજો બજાવનાર હોય તે. તેના ચાર ભેદ. ( ૧ ) આકર્ણન = સાંભળવું, ( ૨ ) જ્ઞાન એટલે સમજવું, ( ૩ ) ગ્રહણ એટલે સ્વીકારવું, ( ૪ ) પ્રતિસેવન= બરાબર પાળવું તે.

**૨ શીળવાન્**—તેના ૪ ભેદ. (૧) આયતન = ધર્મીજનોને મળવાનું સ્થાન સેવે. (૨) પ્રયોજન વિના પારકા ઘરમાં ન પેસે તે. (૩) વિકારવાળાં વચન ન બોલે તે. (૪) બાળક્રીડા વર્જે એટલે મૂર્ખ લોકોને આનંદ થાય એવાં જુગારાદિ કર્મ વર્જે અને મીઠાં વચને કામ સિદ્ધ કરે તે.

૩ **ગુણવાનપણું**—તેના પાંચ ભેદ. (૧) સ્વાધ્યાયમાં તત્પર. (૨) ક્રિયાનુષ્ઠાનમાં તત્પર. (૩) વિનયમાં તત્પર. (૪) સર્વ બાબતમાં કદાગ્રહ રહિત. (૫) જિનાગમમાં રૂચિવંત.

૪ **ઋજુવ્યવહાર**—સરળપણે ચાલવું. તેના ચાર પ્રકાર છે. (૧) યથાર્થ કહેનાર. (૨) અવંચકક્રિય=વેચવા લેવામાં ન ઠગે અને જુઠી સાક્ષી ન પૂરે તે. (૩) છતા અપરાધનો પ્રકાશક. (૪) ખરા ભાવથી નિષ્કપટ મૈત્રી કરનાર.

૫ **ગુરૂશુશ્રૂષા**—તેના ચાર ભેદ. (૧) શુશ્રૂષા=ગુરૂજનની સેવા કરવી. (૨) કારણ=બીજાને ગુરૂજનની સેવામાં પ્રવર્તાવે. (૩) ઔષધ ભૈષજ=ગુરૂને ઓસડવેસડ કરવાં. (૪) ભાવ સહિત ગુરૂમહારાજની સેવા કરે.

૬ **પ્રવચન કુશળ**—તેના છ ભેદ. (૧) સૂત્રકુશળ=સૂત્રમાં પ્રવીણ હોય તે. (૨) અર્થકુશળ=અર્થમાં નિપુણ. (૩) ઉત્સર્ગ કુશળ=સામાન્ય કથનમાં હોંશીઆર. (૪) અપવાદ કુશળ=વિશેષ કથનમાં પ્રવીણ. (૫) ભાવ કુશળ=વિધિ સહિત ધર્મકાર્ય તથા અનુષ્ઠાન કરવામાં હોંશીઆર. (૬) વ્યવહાર કુશળ=ગીતાર્થ પુરૂષોના આચરણમાં કુશળ હોય તે.

## ભાવ શ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણ.

**૧ સ્ત્રી. ૨ ઇંદ્રિય. ૩ અર્થ ( ધન ). ૪ સંસાર. ૫ વિષય. ૬ આરંભ. ૭ ઘર. ૮ દર્શન. ૯ ગડુરી પ્રવાહ. ૧૦ આગમ પુરસ્સર પ્રવૃત્તિ. ૧૧ યથાશક્તિ દાનાદિ પ્રવૃતિ. ૧૨ વિધિ. ૧૩ અરક્તાદ્વિષ્ટ. ૧૪**

**મધ્યસ્થ. ૧૫ અસંબદ્ધ. ૧૬ પરાર્થ કામોપભોગી. ૧૭ વેશ્યાવત્ ઘર વાસ પાળનાર.**

૧ **સ્ત્રી**—સ્ત્રીને અનર્થની ખાણ ચંચળ અને પ્રાયઃ નરકે લઈ જનારી જાણતો થકો હિતેચ્છુ પુરૂષ તેને વશવર્તી ન થાય.

૨ **ઇંદ્રિય**—ઈંદ્રિયોરૂપ ચપળ ઘોડાઓ હંમેશાં દુર્ગતિના માર્ગ તરફ દોડનારા છે તેમને સંસારનું સ્વરૂપ સમજનારો પુરૂષ સમ્યક્ જ્ઞાનરૂપ રસી (દોરડી) થી રોકી રાખે છે.

૩ **અર્થ**—આયાસ તથા કલેશનું કારણ હોવાથી ધન અસાર છે, એમ જાણીને બુદ્ધિમાન્ પુરૂષ તેમાં જરાએ લોભાતો નથી.

૪ **સંસાર**—સંસારને દુઃખરૂપ, દુઃખફળ, દુઃખાનુબંધી તથા વીટંબના રૂપ અને અસાર જાણીને તેમાં રતિ ન કરે તે.

૫ **વિષય**—ક્ષણમાત્ર સુખદાયી વિષયોને હંમેશાં વિષ સમાન ગણીને, ભવભીરૂ તથા તત્ત્વાર્થને સમજનાર પુરૂષ વિષયોમાં વૃદ્ધિ ન કરે.

૬ **આરંભ**—તીવ્ર આરંભ વર્જે, નિર્વાહ નહીં થતાં કદાચ કાંઈ કરવું પડે તો અણઇચ્છાથી કરે તથા નિરારંભી જનને વખાણે અને સર્વ જીવો ઉપર દયાળુ રહે તે.

૭ **ઘર**—ઘરવાસને પાશ (ફાંસાની માફક) માનતો થકો દુઃખિત થઈ તેમાં વસે અને ચારિત્ર મોહનીય કર્મ જીતવાનો ઉદ્યમ કરે.

૮ **દર્શન**—શ્રદ્ધા સહિત રહે. પ્રભાવના અને વર્ણવાદ (પ્રશંસા) વગેરે કરતો રહે અને ગુરૂની ભકિતવાળો થઇ નિર્મળ દર્શન ધારણ કરે.

૯ **ગડ્ડરી પ્રવાહ**—ગાડરીયા પ્રવાહની જેમ ગતાનુગતિક (વગર વિચારે અનુસરવા રૂપ) લોકસંજ્ઞાનો પરિહાર કરી ધીરપુરૂષ દરેક ક્રિયા કરે.

૧૦ **આગમપુરસ્સર પ્રવૃત્તિ**—પરલોકના માર્ગમાં જિનાગમ સિવાય બીજું પ્રમાણ નથી, માટે આગમ પુરસ્સરજ (આગમમાં કહ્યા મુજબ) સર્વ ક્રિયા કરે તે.

૧૧ **યથાશકિત દાનાદિ પ્રવૃત્તિ**—શકિત ગોપવ્યા સિવાય આત્માને બાધા ન થાય તેમ સુમતિવાન્ પુરૂષ દાનાદિક ચતુર્વિધ ધર્મને આચરે છે.

૧૨ **વિાધ**—ચિંતામણી રત્ન માફક દુર્લભ, હિતકારી, નિર્દોષ ક્રિયા પામીને, તેને ગુરૂએ કહેલી વિધિપૂર્વક આચરતો થકો મુગ્ધ જનોના હસવાથી શરમાય નહીં.

૧૩ **અરક્તદ્વિષ્ટ**—શરીરની સ્થિતિનાં કારણ ધન સ્વજન આહાર ઘર વિગેરે સાંસારિક પદાર્થોમાં પણ અરકતદ્વિષ્ટ (રાગદ્વેષ રહિત) થઈને રહે.

૧૪ **મધ્યસ્થ**—ઉપશમ ભરેલા વિચારવાળો હોય કેમકે તે રાગદ્વેષે ફસાયેલો હોતો નથી. તેથી હિતાર્થી પુરૂષ મધ્યસ્થ રહીને સર્વથા કદાગ્રહનો ત્યાગ કરે છે.

૧૫ **અસંબદ્ધ**—સમસ્ત વસ્તુઓ ક્ષણભંગુર છે, એમ નિરંતર ભાવતો થકો, ધન વિગેરેમાં સંબદ્ધ (જોડાયેલો) છતાં, પણ પ્રતિબંધ (મૂર્છારૂપ સંબંધ) ન કરે તે.

૧૬ **પરાર્થકામોપભોગી**—સંસારથી વિરકત મન રાખી, ભોગોપભોગથી તૃપ્તિ થતી નથી, એમ જાણી કામભોગમાં પરની ઈચ્છાથી વર્તે એવો હોય તે.

**૧૭ વેશ્યાવત્ ઘરવાસ પાળનાર**—વેશ્યાની માફક નિરાશંસા રહી, આજ કાલ છોડીશ એમ ચિંતવતો ઘરવાસ પરાયો હોય તેમ ગણીને શિથિલ ભાવે ઘરવાસ પાળે તે.

## પહેલું સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત.

આ વ્રતમાં ત્રસકાય જીવને સંકલ્પીને એટલે ઈરાદા પૂર્વક નિરપરાધીને એટલે અપરાધ વિના નિરપેક્ષપણે એટલે અપેક્ષા વિના મન વચન કાયાએ કરીને ન હણું, ન હણાવું.

## દયાના આઠ પ્રકાર.

૧ **દ્રવ્ય દયા**—દુઃખી જીવોનાં દુઃખો દૂર કરવાની અભિલાષા કરવી તે.

૨ **ભાવ દયા**—દુર્ગતિમાં પડતા જીવોને ધર્મ પમાડવાની ઈચ્છા કરવી તે.

૩ **સ્વ દયા**—પોતાના આત્માના ઉદ્ધાર માટે વિષય કષાય રાગ દ્વેષ રૂપ અશુભ આશ્રવોનો ત્યાગ કરી, જિનપૂજાદિ શુભ આશ્રવમાં આત્માને જોડે.

૪ **પર દયા**—જયણા પૂર્વક છ કાયના જીવોની રક્ષા કરવી તે. જ્યાં સ્વદયા છે ત્યાં પર દયા નિશ્ચે હોયજ. અને જ્યાં પર દયા છે ત્યાં સ્વદયા હોય અથવા ન પણ હોય.

૫ **સ્વરૂપ દયા**—આ લોક પરલોકના પુદ્ગલિક સુખની આશાએ દેખાદેખીથી જીવ રક્ષા કરે તે. સ્વરૂપ દયા દેખવામાં દયા છે, પણ ભાવથી હિંસા છે.

૬ **અનુબંધ દયા**—ઉપકારની બુદ્ધિએ બીજા જીવોને સન્માર્ગે લાવવાને આક્રોશ તાડનાદિ કરે તે. આમાં દેખાતી હિંસા છે પણ ફળ દયાનાં છે.

૭ **વ્યવહાર દયા**—ઉપયોગ પૂર્વક વિધિ પ્રમાણે ક્રિયા કરતાં જીવ દયા પાળે તે.

૮ **નિશ્ચય દયા**—શુદ્ધ સાધ્યમાંજ ઉપયોગ રાખે તે.

ગૃહસ્થોએ દશ ઠેકાણે ચંદરવા બંધાવવા. ૧. ચૂલા ઉપર. ૨. પાણીયારા ઉપર. ૩. ભોજન કરવાના સ્થાને. ૪. સુવાના સ્થાને. ૫. ન્હાવાના સ્થાને. ૬. ઘંટી ઉપર. ૭. ખાયણીઆ ઉપર. ૮. વલોવણા ઉપર. ૯. ધર્મક્રિયાના સ્થાને. ૧૦. ઘર દહેરાસરમાં. સાત ગરણાં રાખવા. ૧ દૂધ ગળવાનું. ૨. ઘીની ગરણી. ૩. તેલની ગરણી. ૪. છાશ ગળવાનું. ૫. કાચું પાણી ગળવાનું. ૬. ઉકાળેલું અચિત્ત પાણી ગળવાનું. ૭. આટો ચાળવાનો હવાલો.

* હિંસા બે પ્રકારની છે. સ્થાવર અને ત્રસ જીવોની. તેમાં સ્થાવરની હિંસા શ્રાવકથી પળી શકે નહિ માટે જયણા.

ત્રસજીવોની હિંસા બે પ્રકારની છે. સંકલ્પથી અને આરંભથી. તેમાં આરંભથી જે હિંસા થાય તેની જયણા (આજીવિકા કે ભોગોપભોગને માટે મીલ કે મકાન ચણાવવા આદિથી જે હિંસા થાય તે આરંભથી હિંસા કહેવાય.)

---

* સાધુ વીશ વસાની દયા પાળે તેની અપેક્ષાએ શ્રાવકો સવા વસાની દયા પાળે. જીવો બે પ્રકારે છે ૧. સ્થાવર (પૃથ્વી આદિ.)૨. ત્રસ (બેઈંદ્રિયાદિ.) એ બંનેની દયા સાધુ પાળે પણ ગૃહસ્થો સ્થાવરની દયા પાળી શકે નહિ, માટે દસ વસા રહ્યા. ત્રસ જીવના સંકલ્પ અને આરંભથી એમ બે ભેદ. તેમાંથી આરંભથી દયા ગૃહસ્થ પાળી શકે નહિ. તેથી પાંચ વસા રહ્યા. સંકલ્પના બે ભેદ. અપરાધી અને નિરપરાધી તેમાં અપરાધીની દયા ગૃહસ્થો પાળી શકે નહિ. તેથી અઢી વસા રહ્યા. નિરપરાધીના બે ભેદ. સાપેક્ષ અને નિરપેક્ષ. તેમાં સાપેક્ષની દયા પાળી શકેનહિ. તેથી સવા વસાની દયા પાળે.

સંકલ્પ હિંસા પણ બે પ્રકારે છે. સાપરાધી અને નિરપરાધી. તેમાં સાપરાધી જીવોની હિંસાની જયણા. જેમકેઃ–વાઘ વરૂ વિગેરે હિંસક જાનવરો જીવ લેવા આવે ત્યારે સ્વપરના બચાવ ખાતર કદાચ સાપરાધીની હિંસા થાય.

નિરપરાધી જીવોની હિંસા બે પ્રકારે–સાપેક્ષ અને નિરપેક્ષ. તેમાં સાપેક્ષની જયણા. જેમકે:–રાજાદિકના કહેવાથી યુદ્ધ કરવું પડે તે.

**હિંસા ત્યાગ કરવાનું કારણ શું ?**

**पंगुकुष्टिकुणित्वादि, दृष्ट्वा हिंसाफलं सुधीः ।**
**निरागस्त्रसजन्तूनां हिंसा–संकल्पतस्त्यजेत् ॥ १ ॥**

**અર્થ**—પાંગળાપણું, કોઢીઆપણું અને હાથ આદિનું ઠુંઠાપણું, આ સર્વ હિંસા કરવાનાં ફલોને જોઈને બુદ્ધિમાન પુરૂષ નિરપરાધી ત્રસજીવોની સંકલ્પથી હિંસાનો ત્યાગ કરે.

**હિંસાના ત્યાગ વિના ધનાદિની નિષ્ફલતા.**

**दमो देवगुरूपास्ति दानमध्ययनं तपः ।**
**सर्वं मप्येतदफलं हिंसां चेन्न परित्यजेत् ॥ २ ॥**

**અર્થ**—જો હિંસાનો ત્યાગ ન કરવામાં આવે તો ઈંદ્રિયોનું દમન કરવાપણું, દેવગુરૂની સેવા, દાન, અધ્યયન અને તપ એ સર્વ નિષ્ફળ છે.

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ—તેના બે ભેદ દ્રવ્યથી અને ભાવથી.

૧ **દ્રવ્ય પ્રાણાતિપાત વિરમણ**—દ્રષ્ટિગોચર પર્યાપ્તા ત્રસ (બેઈંદ્રિયાદિ) ત્રસ જીવોને પોતાના સરખા જાણીને હણે નહિ અને હણાવે નહિ, તેમના દ્રવ્ય પ્રાણોની રક્ષા કરે.

**૨ ભાવ પ્રાણાતિપાત વિરમણ**—તે મ્હારો આત્મા રાગ દ્વેષાદિકે કરી પોતાના ભાવ પ્રાણ જ્ઞાનાદિકને હણે તેને ભાવ પ્રાણાતિપાત કહીએ અને સમસ્ત પરભાવ નિવારી આત્મગુણમાં રમણતા કરવા વડે ભાવ પ્રાણ ન હણાય, તેને ભાવ પ્રાણાતિપાત વિરમણ વ્રત કહીએ.

આરંભાદિકને વિષે જતના કરતાં કોઈ જીવ હણાય, ધર્મ કાજે, ઘર કાજે (જુ માંકણ લીખ કુંથુઆ ઇયળ ઘનેરીઆ પ્રમુખ જીવોને ઘરકાર્ય કરતાં કરાવતાં) આજીવિકાને કારણે તથા સ્વજન સ્નેહી સંબંધીઓના રોગાદિક કારણે કાર્ય કરતાં તથા કરાવતાં, સ્વપ્ના કે સ્વસ્થાનમાં પ્રમાદથી અથવા અશક્ય પરિહારથી અનુપાયે હિંસા થઇ જાય. ચાલુ જમાનાને અનુસરીને માત્રું સ્થંડીલ, વમન આદિક છૂટી જગ્યાએ ન કરવાથી જે હિંસા થાય, કપડાં અને ચોપડીઓ વિગેરેમાં ઉધઈને દૂર કરવા સારૂ તડકે મૂકવી પડે અથવા દવા લગાડવી, જળો મૂકાવવી પડે તેની જયણાઓ રહે છે.

શ્રદ્ધા રાખે, સિદ્ધાંત સાંભળે, સુપાત્રને વિષે દાન દે, સમ્યક્ત્વ ધારણ કરે, પાપ કૃત્યો ઓછા કરે અને ઇંદ્રિયોનો સંયમ કરે તેને શ્રાવક કહે છે. તેના ત્રણ ભેદ.

**ઉત્કૃષ્ટ શ્રાવક**—સચિત્ત આહારનો ત્યાગ કરે; સર્વથા બ્રહ્મચર્ય પાળે અને ઉભય ટંક પ્રતિક્રમણાદિ ક્રિયા કરે.

**મધ્યમ શ્રાવક**—બાર વ્રતધારી. અક્ષુદ્રાદિ ગુણો ધારનાર, ઉભય ટંક પ્રતિક્રમણાદિ ક્રિયા કરે તે.

**જઘન્ય શ્રાવક**—સાત વ્યસનોનો ત્યાગ કરે. તેનાં નામ ૧. જુગાર. ૨. ચોરી. ૩. માંસ. ૪. મદિરા. ૫. શિકાર. ૬. વેશ્યાગમન. અને ૭. પરસ્ત્રી ગમન.

૧ **દર્શન શ્રાવક**—સમ્યક્ત્વધારી.

૨ **વ્રત શ્રાવક**—પાંચ અણુવ્રતધારી.

૩ **મૂલોત્તર ગુણ શ્રાવક**—બાર વ્રતધારી.

**અતિચાર**—ગ્રહણ કરેલા વ્રતનો અમુક અંશે ભંગ થવો તે.

**પહેલા વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.**

૧ **વધ**—ગાય, ઘોડા, બળદ વિગેરેને ક્રોધથી જોર કરીને મારવા તે. કોઈ જીવને તેના હિતને માટે તાડના તર્જના કરવી પડે તથા માર શબ્દ બોલવો પડે તેની જયણા.

૨ **બંધન**—ગાય વિગેરેને આકરા બંધને બાંધવા બંધાવવા તે. અપરાધીને શિક્ષા દેવા સારૂ હાથ પગાદિક બાંધવા બંધાવવા પડે તેની જયણા.

૩ **છવિચ્છેદ**—જીવોના અંગોપાંગ, નાક, કાન, છેદવા છેદાવવા પડે તે. રોગાદિક કારણે ડોકટર, અથવા વૈદ્ય પાસે અંગોપાંગ વિગેરે કપાવવાની તથા નાક કાન વિંધાવવાની જયણા.

૪ **અતિભારારોપણ**—જીવો ઉપર હદ ઉપરાંત ભાર ભરવો, ભરાવવો તે. કોઈપણ પ્રસંગે પરગામ ગયો હોઉં અને બોજો વધારે હોય તથા બીજી સગવડ ન મળે તો અધિક ભાર ભરાવવો પડે તથા બેસવું પડે તેની જયણા.

૫ **ભાત પાણીનો વિચ્છેદ**—યોગ્ય વેળાએ આહારપાણી ન આપવો, ન અપાવવો તે. ભૂલ કે પ્રમાદથી આહારપાણી ન આપી શકાય તથા નોકરાદિકને કોઈ પણ કારણથી રજા આપવી પડે તેની જયણા.

## અહિંસા વ્રતનું ફલ.

**दीर्घमायुः परं रूप-मारोग्यं श्लाघनीयता ।**
**अहिंसायाः फलं सर्वं किमन्यत् कामदैव सा ॥ ३ ॥**

**અર્થ**—લાંબુ આયુષ્ય, ઉત્તમ રૂપ, નીરોગતા અને પ્રશંસનીયતા એ સર્વ અહિંસાનાં ફળો છે વધારે શું કહેવું? મનોવાંછિત ફળ દેવા માટે અહિંસા કામધેનુ સમાન છે.

ત્રસજીવોની હિંસા દ્રવ્યાદિકથી છ છીંડી, ચાર આગાર ચાર બોલ અને છ સાક્ષી રાખીને ૨૧માંથી અનુકૂળ ભાંગાએ મન વચન કાયાએ હિંસા કરૂં નહી તેમજ કરાવું નહીં.

# બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત.

**સ્થૂલ મૃષાવાદ વિરમણ**–મોટું જુઠું ન બોલવું તે.
મૃષાવાદના બે ભેદ. દ્રવ્ય અને ભાવ.

**દ્રવ્ય મૃષાવાદ**—જાણતાં અને અજાણતાં હિત મિત પ્રિય અને સત્ય રહિત પાંચ મોટાં જુઠાં બોલે તે.

**ભાવ મૃષાવાદ**—સર્વ પર ભાવ (પર પુદ્‌ગલાદિક વસ્તુ)ને આત્મત્વ બુદ્ધિએ પોતાની જાણે અને પોતાની કહે.

આ વ્રતમાં નીચે લખેલાં પાંચ મોટાં જુઠાં ટાળવાનો ખપ કરૂં.

૧ **કન્યાલિક**—સગપણ વિવાહાદિમાં નાની ઉંમર વાળી કન્યાને મોટી કહેવી. મોટી ઉંમર વાળી કન્યાને નાની કહેવી. કન્યાના અંગોપાંગ હીન છે તેવી ખોડ કહાડવી. વિષ કન્યા કહેવી. આવી રીતે કન્યા તથા નોકર ચાકર સંબંધી જુઠું બોલવું તે.

૨ **ગવાલિક**—ચોપગાદિ જાનવર સંબંધી જુઠું બોલવું તે.

૩ **ભૂમ્યલિક**—ઘર, હાટ, છૂટી જમીન, ખેતર, ધન ધાન્ય વિગેરે સંબંધી જુઠું બોલવું તે. ટીકીટ દેવાના નુર કર–હાંસલ વિગેરે સંબંધી ફેરફાર બોલવું પડે તેની જયણા.

૪ **થાપણમોસો**—કોઈની મૂકેલી થાપણ સંબંધી જુઠું બોલે તે.

૫ **જુઠી સાક્ષી**—જુઠી સાક્ષી પૂરવી તે. જે સાક્ષી પૂરવાથી કોઈ માણસના જીવને હાનિ થાય અથવા કોઈ સહન ન કરી શકે તેવું નુકશાન થાય, તેવી ખોટી સાક્ષી પૂરૂં નહિ. આપણી સાચી સાક્ષી પૂરવાથી કોઈના પ્રાણ જતા હોય તેવે પ્રસંગે ફેરફાર બોલવાની જયણા. લાંચ

લઈને કોઇ પણ પ્રકારની જુઠી સાક્ષી પૂરૂં નહિ, પણ ઉલટપાલટ સાક્ષીમાં ભૂલથી કાંઈ બોલાય તેની જયણા. સ્વપ્નમાં, આજીવિકા નિમિત્તે તથા પ્રમાદથી જુઠું ચિંતવાય, બોલાય તેની જયણા.

ઉપર લખેલાં પાંચે મોટાં જુઠામાં સાધારણ રીતે વાત ચીત કરતાં અજાણપણે અથવા કોઈ કાર્ય પ્રસંગે ગૂઢ અર્થવાળું માર્મિક વચન અનુપયોગે બોલાઈ જાય, ભણતાં ભણાવતાં વાંચતાં બોલતાં કાનો માત્રા વગેરે ઓછું બોલાય તેની જયણા. ઉપર લખેલાં કારણો વિના મોટાં જુઠાં બોલવાની બાબતમાં નિરપરાધે સંકલ્પીને મારે પોતાને તથા સગા સ્નેહી કુટુંબ પરિવાર સંબંધે અશકય પરિહારથી અનુપાયે ઓછું વધતું વિપરીત બોલવું કે લખવું પડે તેનો આગાર છે. ક્રોધ લોભ ભય અને હાસ્ય વિગેરે જુઠાં બોલવાનાં કારણો છે.

### અસત્ય બોલવાથી થતા ગેરફાયદા.

**असत्य वचनाद् वैर,–विषादाप्रत्ययादयः**
**प्रादुष्यन्ति न के दोषा, कुपथ्याद् व्याधयो यथा ॥ १ ॥**
**निगोदेष्वथ तिर्यक्षु, तथा नरकवासिषु**
**उत्पद्यन्ते मृषावाद, प्रसादेन शरीरिणः ॥ २ ॥**

**અર્થ**—જેમ કુપથ્ય સેવનથી વ્યાધિઓ પેદા થાય છે, તેમ અસત્ય વચનથી વેર વિખવાદ અપ્રતીતિ આદિ કયા દોષો પ્રકટ નથી થતા? અસત્ય બોલવાના પ્રતાપથી પ્રાણિઓ નિગોદ તિર્યંચ અને નરકાવાસાદિમાં ઉત્પન્ન થાય છે.

## આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

૧ **સહસાત્કાર**—કોઇને એકાએક વગર વિચાર્યે વગર તપાસે અયોગ્ય કલંક દેવું તે. સાંભળેલી વાત અથવા તેવું બીજું કાંઈ કહેવાઇ જાય તેની જયણા.

૨ **રહસ્ય ભાષણ**—એકાંત છાની વાત કરનાર ઉપર રાજ્ય વિરૂદ્ધ ગુન્હો મૂકવો કે જેથી તેમને રાજ્ય દંડનો ભય રહે અથવા ઉપજે. પ્રથમ ગુપ્ત વાત હોય અને પછી ઉઘાડી પડી હોય તે કહેવાઈ જાય તેની જયણા.

૩ **દાર મંત્રભેદ**—સ્ત્રી મિત્રાદિકની પૂર્વે સેવિત દોષોની કાલાંતરે વાત ઉઘાડી કરવી કે જેથી તેમનો આત્મઘાતાદિક થાય. હયાત ન હોય ત્યારે તેની વાતનો પ્રસંગ થવાથી કહેવાઈ જાય તેની જયણા.

૪ **મૃષા ઉપદેશ**—ધાર્મિક અને વ્યવહારિક સંબંધી ખોટો ઉપદેશ આપવો તે.

૫ **કુટલેખ**—ખોટા દસ્તાવેજ, ખોટી સહીઓ વિગેરે બનાવે તે. હિસાબ વગેરે ભૂલથી લખાઇ જાય તે બધામાં સુધારવું પડે તેનો આગાર.

આ વ્રત દ્રવ્યાદિકથી, છ છીંડો, ચાર આગાર, ચાર બોલ અને છ સાક્ષી સહિત ઉપર લખ્યા પ્રમાણે અનુકુલ ભાંગે પાળું.

## ત્રીજું સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત.

મોટી ચોરી એટલે દિવાલ ફાડી ખાતર પાડવું, રસ્તે વટેમાર્ગુને લુંટી લેવા. નજર ચુકાવી કોઈની ચીજ લેવી. અનામત મૂકેલી ચીજ ઓળવવી, અથવા ખરી બદલીને ખોટી આપવી, ગાંઠ કાપીને, તાળાં ભાંગીને તેમજ ચોરી કરવાથી લોકોમાં ચોર કહેવાઇએ, તેથી અપયશ થાય, રાજદંડ ઉપજે તેવી ચોરી કરૂં નહિ, તેમજ કરાવું નહિ. દાણ સંબંધી ચોરી, ઇન્કમટેક્ષ વિગેરે કોઇપણ જાતના કરની ચોરીના સંબંધમાં તે કરના ઉઘરાવનાર તરફથી પૂછવામાં આવતાં છુપાવીને કહેવું. પૂછ્યા વિના તે કરો ન ભરવા. રેલ્વેમાં વધારે બોજો ભરવા વિગેરેની છૂટ રાખવી કે ન રાખવી, તેની યથાશક્તિ નોંધ કરવી.

### સામાન્યથી અદત્તના ચાર ભેદ.

**૧ સ્વામી અદત્ત ૨ જીવ અદત્ત ૩ તીર્થંકર અદત્ત અને ૪ ગુરૂ અદત્ત.**

**૧ સ્વામી અદત્ત**—કોઇની ચીજ તેની રજા વિના લેવી તે. તેના બે ભેદ.

### ૧ દ્રવ્ય અદત્ત અને ૨ ભાવ અદત્ત.

પારકી ચીજ ઉપરોક્ત પ્રકારે ગએલી, પડેલી, વિસરેલી ન લેવી તે **દ્રવ્ય સ્વામી અદત્ત.** તથા પુદગળ દ્રવ્ય અને કર્મની વર્ગણાઓ એ પર દ્રવ્ય છે. તે વસ્તુ ગતે (શુદ્ધનયે) જીવને અગ્રાહ્ય છે. તેની જે ઈચ્છા ઉદયિક ભાવમાં રહેવી તે **ભાવથી સ્વામી અદત્ત** જાણવું.

**૨ જીવ અદત્ત**—સચિત બીજ ફળાદિક ચીજો તોડે, ભેદે અથવા છેદે તે એટલે તે જીવોએ આજ્ઞા આપી નથી કે અમારૂં છેદન ભેદન કરો.

૩ **તીર્થંકર અદત્ત**—શ્રી તીર્થંકર દેવે નિષેધ કરેલી ચીજને ગ્રહણ કરે જેમકે સાધુને આધાકર્મી આહાર નિષેધેલો છે અને શ્રાવકને અભક્ષ્ય વસ્તુનો નિષેધ કરેલો છે તેમ છતાં તે આચરે તે.

૪ **ગુરૂ અદત્ત**—કોઈ સાધુ આગમોક્ત શુદ્ધ વ્યવહાર પૂર્વક નિર્દોષ આહાર લાવીને પછી તેને ગુરૂની આજ્ઞા વિના ખાય તે.

અહીંયાં શ્રાવકને આ ચારે અદત્તમાં દ્રવ્ય સ્વામી અદત્તની મુખ્યતા છે. ગૌણ ભાવે બીજી પણ સાચવવી.

નીચેની બાબતોની જયણાઓ. તૃણ કાષ્ટ પ્રમુખ લેવામાં જેને કોઈ મનાઈ ન કરે તે ચીજ લેવાની જયણા. ઉંઘમાં સ્વપ્નામાં કોઈ પણ લેવાઈ જાય તેની જયણા. ઘરમાંથી ચીજ માતા પિતા વિગેરેની આજ્ઞા વિના તથા મહોબતવાળાને ઘેર તેની આજ્ઞા વિના લેવાની જયણા. કોઇની સાથે બ્હાર દુકાન વિગેરેમાં અથવા પરદેશ ગયો હોઉં, તો ત્યાં સાથ-વાળાની ચીજ પૂછયા વિના લેવાની જયણા. જેને ઘેર ઉતર્યો હોઉં તેના ઘરની વસ્તુ પૂછયા વિના લેવા જોવાની જયણા. પોતાના ઘરમાં, મોસાળ અથવા સગા સંબંધીને ત્યાં પોતાનો હક્ક પોસાતો હોય તો તાળું ઉઘાડીને લેવાની જયણા. પણ પોતાના હક્કથી વધારે હોય તો તેના માલીકને પાછી આપવી. કોઈ માણસ કાંઈપણ સ્થાવર જંગમ અનામત મૂકી ગયેલ હોય અને તેના ગુજર્યા બાદ તેના વાલી વારસો આવે તો તેમને તે ચીજ પાછી આપું **पापेनैवार्थं रागान्धः फल माप्नोति यत्क्वचित् । बडिशामिषवत्तत्तु विना नाशं न जीर्यति**

૧ ધનને વિષે રાગાન્ધ પુરૂષ પાપ વડે જે કાંઈ ફળ પામે છે, તે માછલાના કાંટાના માંસની જેમ નાશ કર્યા વિના જતું નથી.

માલકીપણાના અથવા ભાડાના ઘરમાંથી કાંઈ નિધાન આદિ સ્વ કે પર પ્રેરણાથી મળી આવે, તો તેના માલીક તરીકે લઉં, પરન્તુ પાંચમા વ્રતમાં કરેલ નિયમ ઉપરાંત હોય, તેટલું શુભ માર્ગે વાપરી દઉં. પોતાના સગાં સંબંધીની જાણીતી વસ્તુ પડેલી જડે તો તે લઈને ખાત્રી કરીને તેને આપું. પરંતુ માલીક તરીકે ઘરમાં રાખું નહિ. કોઈની પડેલી વસ્તુ જડે તો ગ્રાહીત માણસને જાણ કરીને લેવી. ધણી થાય તો પાછી આપવી. ન થાય તો ધર્મ માર્ગે પરની સાક્ષીએ વાપરવી અથવા યોગ્ય અધિકારીને આપવી.

**આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ ખરૂં.**

૧ **સ્તેનાહૃત**—ચોરે ચોરી કરેલી વસ્તુ ઓછા મૂલ્યથી લેવી. જાણવામાં ન આવે તો લેવાની જયણા.

૨ **પ્રયોગ**—ચોરને ચોરી કરવાની પ્રેરણા કરવી, ખાવાને મદદ કરવી. શસ્ત્રાદિ અધિકરણ આપવા તે. લુટારૂઓના જુલમથી કે ચોરવાની ટેવ છોડાવવા માટે અનુકંપાથી કાંઈ આપવું પડે તેની જયણા.

૩ **તત્પ્રતિરૂપ**—વેચવાની વસ્તુમાં તેના જેવી હલકી વસ્તુ ભેળવીને વેચે તે. જેમકે:—કેસરમાં કસુંબો, ઘીમાં છાશ, હીંગમાં ગુંદર, ખાંડેલાં મરચાંમાં ગલાલ, દુધમાં પાણી વિગેરે. ઘરની કોઈ ચીજ વેચવી પડે તો ભેળસેળ કરીને કે દુરસ્ત કરાવીને વેચવાનો આગાર.

**૪ રાજ્ય વિરૂદ્ધ ગમન**—રાજાએ નિષેધ કરેલા દેશ શહેર કે ગામમાં વેપારાદિ કરવા તે. અજાણપણામાં કાંઈ થઈ જાય તેની જયણા.

**૫ કુડાં તોલ કુડાં માપકરણ**—તોલ માપ ખોટા, ભારે કે હલકાં રાખી ઓછું આપવું અને વધારે લેવું તે. ઘર કાર્યમાં કાંઇ વસ્તુ લેવી દેવી પડે તેમાં છાપેલાં કાટલાં વિગેરે ન હોય, તો ઘરમાં રહેલાં ત્રાજવા કાટલાં વિગેરેથી લેવા દેવાની જયણા. અજાણપણે કાંઈ ઓછું વધતું થઈ જાય તે અતિચાર નહિ.

**તોલ**—તોળીને અપાય તે. (શેર, મણ, વિગેરે)

**માપ**—ભરીને (માપીને) અપાય તે. (પાલી, માણું, હાથ ગજ, વાર વિગેરે)

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ૭ છીંડી, ૪ આગાર, ૪ બોલ, ૭ સાક્ષી રાખીને, ૨૧માંથી અનુકુળ [      ]ભાંગાએ પાળું.

**ચોરી કરવાનું ફલ.**

**चौर्य-पाप-द्रुमस्येह, वध-बंधादिकं फलं ।**
**जायते परलोके तु, फलं नरक-वेदना ॥ २ ॥**

**અર્થ**—ચોરી રૂપ પાપ વૃક્ષોનાં ફલો આ ભવમાં વધ બંધનાદિ અને પરલોકમાં નરકની વેદનાઓ ભોગવવી પડે છે.

**ચોરી ન કરવાનું ફલ.**

**परार्थग्रहणे येषां, नियमः शुद्ध-चेतसाम् ।**
**अभ्यायान्ति श्रियस्तेषां स्वयमेव स्वयंवराः ॥ ३ ॥**
**अनर्था दूरतो यान्ति, साधुवादः प्रवर्त्तते ।**
**स्वर्ग-सौख्यानि ढौकन्ते, स्फुटमस्तेयचारिणाम् ॥ ४ ॥**

**અર્થ**—જે શુદ્ધ ચિત્તવાળા મનુષ્યોને બીજાનું ધન ગ્રહણ કરવાનો નિયમ છે. તેઓને સ્વયંવરાની માફક પોતાની મેળેજ લક્ષ્મી સન્મુખ આવી મળે છે, સર્વ અનર્થો દૂર થઈ જાય છે. દુનીયામાં કીર્તિ ફેલાય છે. અને ચોરીનો ત્યાગ કરનારને પ્રકટ રીતે સ્વર્ગનાં સુખો પણ આવી મળે છે.

# ચોથું સ્થૂલ બ્રહ્મચર્ય વ્રત.

બ્રહ્મચર્યના બે ભેદ. દ્રવ્યથી મૈથુનનો ત્યાગ. અને ભાવથી મૈથુનનો ત્યાગ.

**દ્રવ્યથી મૈથુન**—સ્વ સ્ત્રી તથા પરસ્ત્રીની સાથે રતિ ક્રીડા કરવી તે. સ્ત્રી પુરૂષના પરસ્પર સંગમનો ત્યાગ કરવો તે દ્રવ્યથી મૈથુન વિરમણ વ્રત કહેવાય.

તે દ્રવ્ય મૈથુન ઔદારિક શરીરધારી મનુષ્યની સ્ત્રી અને તિર્યંચની સ્ત્રી તથા વૈક્રિય શરીરધારી દેવાંગના અને વિદ્યાધરીની સાથે સ્વપ્નમાં (બરોબર જાગૃત અવસ્થા ન થાય ત્યાં સુધીમાં) તથા બેભાન અવસ્થામાં કદાચ મન વચન અને કાયાથી સંભોગ તથા સ્હેજ સ્પર્શ થઈ જાય તેની જયણા. કોઈ પણ કાર્ય પ્રસંગે એક બીજાને સંઘટ્ટો તથા સ્પર્શ આદિ કરવું કરાવવું પડે તેની જયણા. પરન્તુ તેમાં કુબુદ્ધિ ધરૂં નહિ. બિભત્સ ગાળ શબ્દ આદિનો ઉચ્ચાર કરૂં નહિ.

## કામભોગ ( વિષય )નું પરિણામ.

**कम्पः-स्वेदः-श्रमो मूर्च्छा, भ्रमि र्ग्लानि र्बलक्षयः ।**
**राजयक्ष्मादिरोगाश्च भवेयु र्मैथुनोत्थिताः ॥ १ ॥**

**અર્થ**—કંપ, પરસેવો, પરિશ્રમ, મૂર્છા, ભ્રાન્તિ, ગ્લાનિ, નિર્બળતા, ક્ષય અને ભગંદરાદિ મહારોગો મૈથુન સેવવાથી લાગુ પડે છે.

## સ્ત્રી એ સંસાર અને દુઃખની વૃદ્ધિનું કારણ છે.

**भवस्य बीजं नरक-द्वार-मार्गस्य दीपिका**
**शुचां कंदः कले मूलं दुःखानां खनि-रंगना ॥ २ ॥**

**અર્થ**—સ્ત્રીઓ સંસારનું બીજ છે. નરકના દ્વારના માર્ગમાં જવા માટે રસ્તો બતાવનાર દીપિકા તુલ્ય છે, શોકની ઉત્પત્તિના કંદ સરખી છે. કજીયાનું મૂળ અને દુઃખની ખાણ સમાન સ્ત્રી છે.

**૨ ભાવ મૈથુન**—વિષયાભિલાષ તૃષ્ણા મમતા અને પરપરિણતિ રૂપ વિભાવ દશામાં મગ્નતાનો ત્યાગ કરવો તે.

**બ્રહ્મચર્યઃ**—મૈથુનનો ત્યાગ કરવો તે. તેના બે ભેદ. દેશથી અને સર્વથી. સર્વથી બ્રહ્મચર્ય વ્રત પાળવું ઉત્તમ છે,કારણ કે સ્ત્રી સંભોગથી ૯ લાખ ગર્ભજ મનુષ્યો અને અસંખ્યાત સંમૂચ્છિમ બેઈંદ્રિયાદિ જીવોનો વિનાશ થાય છે.

**સર્વથી**—પોતાની પરણેલી સ્ત્રીનો તથા પરસ્ત્રીનો કાયાથી સોયદોરાના આકારે ત્યાગ કરૂં.

સર્વથા બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનારેશૃંગાર રસને પોષનારી કથા વાંચવી તથા સાંભળવી નહિ. દેવાંગના, વિદ્યાધરી, તિર્યંચની સ્ત્રી સાથે દુવિહં તિવિહેણં પાઠે કરીને (મન વચન કાયાએ કરીને મૈથુન ન કરૂં ન કરાવું) તથા મનુષ્યમાં સ્વસ્ત્રી અને પરસ્ત્રી સાથે છ છીંડી ચાર આગાર અને ચાર બોલ રાખીને સોય દોરાના આકારે કાયાથી મૈથુન સેવવાનો ત્યાગ. હસ્તક્રિયા કે કુદરત વિરૂદ્ધ વર્તનથી સ્વવીર્યનો વિનાશ કદાપિ ન કરૂં. મન વચનની ચેષ્ટા તથા સ્વપ્નની જયણા.

નવવાડો પાળવાનો યથાશક્તિ ખપ કરૂં.

(૧) સ્ત્રી, પશુ, નપુંસકવાળા સ્થાનથી અળગા સ્થાને વસે.

(૨) સ્ત્રીની સાથે વિષય વિકાર ઉપજાવે એવી રાગથી વાતો કરે નહિ.

(૩) સ્ત્રી બેઠી હોય તે આસને બે ઘડી સુધી પુરૂષે બેસવું નહિ. અને પુરૂષ બેઠા હોય તે આસને ત્રણ પહોર સુધી સ્ત્રીએ બેસવું નહીં.

(૪) રાગ વડે પુરૂષે સ્ત્રીના અંગોપાંગ તાકીને જોવાં નહિ. કદાચિત દ્રષ્ટિપાત થઈ જાય, તો આંખો મીંચી દેવી. અથવા દ્રષ્ટિ ઝટ પાછી ખેંચી લેવી.

(૫) પુરૂષ સ્ત્રી સૂતા હોય અગર કામ ભોગની વાતો કરતા હોય ત્યાં ભીંતના આંતરે બેસે કે સુવે નહીં.

(૬) અગાઉ ભોગવેલા વિષયાદિકને સંભારે નહિ.

(૭) કામ વિકાર ઉપજાવે તેવો સ્નિગ્ધ આહાર કરે નહિ.

(૮) નિરસ એવો પણ અધિક આહાર કરે નહિ.

(૯) શરીરની શોભા માટે તેલ મર્દન, સાબુથી સ્નાન, અત્તર વિગેરેથી ટાપટીપ કરે નહિ. તે બ્રહ્મચારી માટે અનુચિત ગણાય છે.

**પરસ્ત્રીગમન અને તેના દોષો.**

**नासक्त्या सेवनीया हि, स्वदारा अप्युपासकैः**
**आकरः सर्वपापानां, किं पुनः परयोषितः ॥ ३ ॥**

**અર્થ**—શ્રાવકોએ આસક્તિ પૂર્વક પોતાની સ્ત્રી પણ સેવવી ન જોઇએ. તો પાપોની ખાણ સમાન પરસ્ત્રી માટે તો શુંજ કહેવું?

**પરસ્ત્રી અને પર પુરૂષમાં આસકત થનારને ફલ.**

**नपुंसकत्वं तिर्यक्त्वं, दौर्भाग्यं च भवे भवे**
**भवेन्नराणां स्त्रीणां चान्यकान्तासक्तचेतसाम् ॥ ४ ॥**

**અર્થ**—પર પુરૂષ અને પર સ્ત્રીયોમાં આસક્ત મનવાળા સ્ત્રી પુરૂષોને ભવોભવમાં નપુંસકપણું, તિર્યંચપણું અને દૌર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે.

**દેશથી**—પોતાની પરણેલી સ્ત્રીની મર્યાદા તથા પરસ્ત્રીનો સર્વથા કાયાથી ત્યાગ કરૂં.

તેમજ સ્ત્રીએ પોતાના પરણેલા પુરૂષ સંબંધી જાણવું.

બળાત્કારે અથવા પરતંત્રતાના કારણે હું સ્ત્રી હોવાથી કોઈ મારા ચોથા વ્રતનો સર્વથી (દ્રવ્યથી કાયાએ કરીને) ભંગ કરે તો પણ હું ભાવથી તે વ્રત પાળુંજ અને દ્રવ્યથી ભંગ થએલ વ્રતની ગુરૂ મહારાજ પાસે આલોયણા લઉં.

સ્વદારા સંતોષીએ વર્તમાન સ્ત્રી ટાળીને બીજી સ્ત્રી સાથે વિવાહ ન કરૂં. દિવસે પણ પોતાની સ્ત્રી સાથે બ્રહ્મચર્ય પાળું, કેમકે દિન સંભોગથી સંતાનની ઉત્પત્તિ નિર્બળ થાય છે. તેમ છતાં વિષયની અભિલાષા અધિક હોય તો પ્રમાણ રાખવું.

## વ્રતોને દોષિત કરનાર.

૧ **અતિક્રમ**—વ્રત ભાગવાની ઈચ્છા.
૨ **વ્યતિક્રમ**—વ્રત ભાગવાને માટે જવું.
૩ **અતિચાર**—વ્રત ભાગવાની સંપૂર્ણ તૈયારી.
૪ **અનાચાર**--નિઃશંક પરિણામે વ્રત ભાગવું તે.

ઉપરના ત્રણ ભાંગાથી વ્રતોમાં અતિચાર લાગે છે અને તેની શુદ્ધિ પાયશ્ચિત વિગેરેથી થઇ શકે. પરંતુ ચોથા ભાંગાથી વ્રતનો સર્વથા નાશ થાય છે

ચૈત્ર અને આસો માસની ઓળી, પર્યુષણા, કારતક, ફાગણ અને અશાડ ચોમાસાની એમ છ અઠ્ઠાઈમાં બ્રહ્મચર્ય પાળું.

આ વ્રતમાં બાર તિથિ કે પાંચ તિથિ આદિનું પચ્ચક્ખાણ કરવું હોય તે નીચે લખવું.

બાર તિથિ:—દરેક મહિનાની શુદ ૨, ૫, ૮, ૧૧, ૧૪ ૧૫ વદી ૨, ૫, ૮, ૧૧, ૧૪, ૦)) બ્રહ્મચર્ય પાળું, બાકીના દિવસની જયણા. અથવા પાંચ તિથિઃ—શુદ ૫, ૮, ૧૪ વદ ૮, ૧૪ બ્રહ્મચર્ય પાળું, બાકીના દિવસની જયણા. વિશેષ હકીકત નીચે લખવી.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં;

**૧ અપરિગૃહીતા ગમન**—કુમારી, વિધવા કે વેશ્યા સ્ત્રી કોઇની કહેવાતી નથી. તેવું માની તેની સાથે મૈથુન ક્રીડા કરે તે.

**૨ ઈત્વર પરિગૃહીતા ગમન**—થોડા વખત માટે કંઈ પૈસા વિગેરે આપીને રખાત તરીકે રાખેલી સ્ત્રી સાથે મૈથુન ક્રીડા કરે તે.

**૩ અનંગ ક્રીડા**—કામને જાગૃત કરવા અથવા તેને વધારવા માટે જે કંઈ ક્રીડા વિલાસ કરે તે. કામને જાગૃત કરવા મુખ્ય અંગના સેવન સિવાય આલિંગન, ચુંબન, ઠઠ્ઠા મશ્કરી આદિ કરવું તે.

**૪ પરવિવાહ કરણ**--પારકા વિવાહ કરે કરાવે તે. મારા પોતાના છોકરા છોકરી તથા તેમનો પરિવાર તેમજ સગા સંબંધીના વિવાહ કુલ (        ) થી વધુ ન કરૂં. ન કરાવું. ચાંલ્લો વગેરે લેવા, આપવા અપાવવાની જયણા.

**૫ તીવ્રાનુરાગ**--મૈથુનની તીવ્ર અભિલાષા કરવી તે. તેમજ કામ વૃદ્ધિ માટે અનેક ઔષધિઓ ખાવી તે.

સ્વદારા સંતોષીને છેવટના ત્રણ (ત્રીજો, ચોથો અને પાંચમો) અતિચાર છે અને પ્રથમના બે અતિચાર તેને અનાચાર છે. તથા પરદારા વિરમણ વ્રતવાળાને તો પાંચે અતિચાર છે.

# વ્રત ઉચ્ચારવા માટેના ૨૧ ભાંગા.

૧. મનથી ન કરૂં
૨. વચનથી ન કરૂં
૩. કાયાથી ન કરૂં
૪. મન વચનથી ન કરૂં
૫. મન કાયાથી ન કરૂં
૬. વચન કાયાથી ન કરૂં
૭. મન વચન કાયાથી ન કરૂં
૮. મનથી ન કરાવું
૯. વચનથી ન કરાવું
૧૦. કાયાથી ન કરાવું
૧૧. મન વચનથી ન કરાવું
૧૨. મન કાયાથી ન કરાવું
૧૩. વચન કાયાથી ન કરાવું
૧૪. મન વચન કાયાથી ન કરાવું
૧૫. મનથી ન કરૂં ન કરાવું.
૧૬. વચનથી ન કરૂં ન કરાવું
૧૭. કાયાથી ન કરૂં ન કરાવું
૧૮. મન વચનથી ન કરૂં ન કરાવું
૧૯. મન કાયાથી ન કરૂં ન કરાવું
૨૦. વચન કાયાથી ન કરૂં ન કરાવું
૨૧. મન વચન કાયાથી ન કરૂં ન કરાવું

આ એકવીશ ભાંગામાંથી જે ભાંગે વ્રત ગ્રહણ કરવું હોય ત્યાં ચિન્હ કરવું.

## ચાર બોલ

૧. ભૂત પ્રેતાદિકથી પીડાઉં નહિ.

૨. કોઈના કપટથી છેતરાઉં નહિ.

૩. સન્નિપાતથી પરાભવ પામું નહિ.

૪. બીજા કોઈપણ જાતના કષ્ટે કરી મારો આત્મ પરિણામ પડે નહિ.

### બ્રહ્મચર્ય પાળવાનું ફલ.

**प्राणभूतं चारित्रस्य परब्रह्मैककारणं**
**समाचारन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते** ॥ ५ ॥
**चिरायुषः सुसंस्थाना दृढ-संहनना नराः**
**तेजस्विनो महावीर्या भवेयु ब्रह्मचर्यतः** ॥ ६ ॥

**અર્થ**—ચારિત્રના પ્રાણ સરખા અને મોક્ષના એક અસાધારણ કારણ સરખા બ્રહ્મચર્યને આદરવાથી પૂજિત એવા દેવો વડે પણ પૂજાય છે, બ્રહ્મચર્યના પાલન કરવાથી લાંબા આયુષ્યવાળા, સારી આકૃતિવાળા, દૃઢ સંઘયણવાળા તેજસ્વી અને મહાન્ પરાક્રમવાળા પુરૂષો થઈ શકે છે.

આ વ્રત સર્વ વ્રતોમાં મુકુટ સમાન છે. આ વ્રત પાળનાર બ્રહ્મચારીઓને ઇંદ્રો પણ સિંહાસન ઉપર બેસતી વખતે **नमो नमो बंभव्रयधारीणं** એમ કહીને વારંવાર નમસ્કાર કરે છે. બ્રહ્મચર્ય પાળવાથી આ લોકમાં સર્વ કષ્ટો દૂર થાય છે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ થાય છે.

## પાંચમું સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત.

**પરિગ્રહ**—ધનાદિ ઉપર મૂર્ચ્છા. **मुच्छा परिग्गहो वुत्तो.**

૧ **ધન**—સોના રૂપાના દાગીના તથા રોકડા રૂપીયા, નોટો મહોરો વિગેરે મળીને કુલ [ ] સુધી રાખું.

૨ **ધાન્ય**—એક વર્ષમાં મણ [ ] તથા રૂ.[ ] સુધીનું.

૩ **ક્ષેત્ર**—એકર કે વીઘાં [ ] રૂા. [ ] સુધીનાં.

૪ **વાસ્તુ**--ઘર હાટ વિગેરે [ ] રૂા. [ ] સુધીનાં.

૫ **રૂપ્ય**--રૂપું મણ કે શેર [ ] રૂા. [ ] સુધીનું.

૬ **સુવર્ણ**--સોનું મણ કે શેર [ ]રૂા. [ ] સુધીનું.

૭ **કુપ્ય**--તાંબા પીતળ વગેરેનાં વાસણો મણ [ ] તથા ઘરની બીજી ચીજો મળી રૂા. [ ] સુધીની.

૮ **દ્વિપદ**-દુકાનાદિ માટે માસિક પગાર તરીકે રાખેલા ગુમાસ્તા દાસ દાસી વિગેરેની દરરોજની સંખ્યા કુલ [ ]

૯ **ચતુષ્પદ**--ચાર પગવાળા ઘોડા ગાય વિગેરેની દરરોજની સંખ્યા કુલ [ ] રૂા. [ ] સુધીની.

નવે પ્રકારના પરિગ્રહની રકમ કુલ રૂા. [ ] સુધીની.

**આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં**

૧ **ધન ધાન્ય પ્રમાણાતિક્રમ**—ધન ધાન્યના રાખેલ પરિમાણ ઉપરાંત રાખવું.

૨ **ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ**—ક્ષેત્ર ઘર હાટ વિગેરેની રાખેલ સંખ્યા કરતાં વધારે રાખવું અથવા નાનાનું મોટું કરવું તે.

૩ **રૂપ્ય સુવર્ણપ્રમાણાતિક્રમ**—રૂપા અને સોનામાં રાખેલ રકમ કરતાં અધિક થવાથી બીજાના નામનું કરી દેવું તે.

૪ **કુપ્ય પ્રમાણાતિક્રમ**—સોના રૂપા સિવાયની બાકીની ધાતુમાં રાખેલ કાચા તોલને ફેરવીને પાકા તોલથી વધારવું તે.

૫ **દ્વિપદ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ**—દાસ દાસી ગુમાસ્તા ગાય ઘોડા વિગેરેની રાખેલ સંખ્યા કરતાં અધિક થવાથી ભાઈ પુત્ર વિગેરેના નામથી રાખવું તે.

## પરિગ્રહથી થતો દોષ.

**परिग्रह–ममत्वाद्धि, मज्जत्येव भवाम्बुधौ ।**
**महापोत इव प्राणी, त्यजेत् तस्मात्परिग्रहम् ॥ १ ॥**

**અર્થ**—જેમ ઘણા ભારથી ભરેલું મોટું વહાણ સમુદ્રમાં ડુબી જાય છે, તેમ પરિગ્રહ ઉપરના મમત્વથી પ્રાણીઓ સંસારરૂપ સમુદ્રમાં ડુબે જ છે. માટે પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

**પરિગ્રહ**—અનેક જાતિનાં દ્રવ્યોને ગ્રહણ કરવાની ઈચ્છા. તેના બે ભેદ. દ્રવ્ય અને ભાવ.

**દ્રવ્ય પરિગ્રહ** ધન ધાન્યાદિ નવપ્રકારનો છે.

**ભાવ પરિગ્રહ** ચૌદ પ્રકારે (ચાર કષાય, નવ નોકષાય અને મિથ્યાત્વરૂપ) અભ્યંતર ગ્રંથીને તજવી તે.

અહીયાં સંસારી જીવને કેવળ અવિરતિના ઉદયથી ઈચ્છા આકાશ સમાન અનંત અપરિમિત છે. એ અવિરતિના ઉદયથી ઈચ્છાને વશ પડ્યો થકો જીવ કર્મ બંધન કરીને ચારે ગતિમાં ભટકે છે. એમાં કોઇ અવિરાધક જીવ પુન્ય પ્રકૃતિના ઉદયથી

મનુષ્ય ભવ આદિ સર્વ દુર્લભ સામગ્રી પામ્યો. સદ્ગુરૂની સોબતથી જિનવાણી સાંભળી, ત્યારે ચેતના જાગૃત થવાથી હું સમસ્ત પરભાવનું મૂળ જે ઈચ્છા તેને દૂર કરૂં. એવો દઢ નિશ્ચય કરીને સમસ્ત પરભાવ ત્યાગરૂપ ચારિત્ર આદરે, પરંતુ જે જીવ બહુજ રસીક અવિરતિપણાના બળથી સમસ્ત પરિગ્રહ ઉપરની મૂર્છા એકાએક તોડી શકે નહિ અને દોષથી ડરે, તે જીવ ચારિત્ર ધર્મનો લઘુ માર્ગ દેશવિરતિપણું આદરે. ઈચ્છા પરિગ્રહ વ્રત ગ્રહણ કરે.

દ્રવ્ય ઈચ્છા પરિગ્રહ પરિમાણ વ્રત નવ પ્રકારે છે. તેની વિગત.

**૧ ધન ઈચ્છા પરિગ્રહ પરિમાણ**—ધન ચાર પ્રકારનું છે. ૧. ગણિમ. ૨. ધરિમ. ૩. મેય. અને ૪ પારિછેદ્ય.

**૧ ગણિમ ધન**–જે વસ્તુ ગણત્રીથી અપાય તથા લેવાય તે. જેમકે:–રોકડ નાણું, શેરો, ડીપોઝીટ, નાળીયેર, ફળ વિગેરે.

**૨ ધરિમ ધન**–જે વસ્તુ તોળીને અપાય લેવાય તે.જેમકે:–ગોળ ઘી તેલ સાકર. ગાંધીનો સામાન કરીયાણું તથા સરૈયા (અત્તરવાળા) નો સામાન વિગેરે.

**૩ મેય ધન**–જે વસ્તુ માપીને વેચાય તે. જેમકે:–દૂધ વસ્ત્ર વિગેરે.

**૪ પારિછેદ્ય**–જે વસ્તુ પરીક્ષા કરીને તથા છેદીને લેવાય તે જેમકે;–સોનું રૂપું ઝવેરાત માણેક મોતી વિગેરે.

સોના રૂપાના દાગીના કોઈ ઘરાણે અથવા રકમ અનામત મૂકવા આવે, તે વખતે રકમ વધી જાય તેની જયણા. ધનમાં રાખેલ પરિમાણ કરતાં પુણ્ય જોગથી વધારે થાય તો શુભમાર્ગમાં

ખર્ચું અથવા શુભ માર્ગે તેની વ્યવસ્થા વર્ષ આખરે કરૂં. સ્વજન વર્ગમાં નબળી સ્થિતિવાળાને પરોપકારાર્થે આપી શકું તથા ધન પરિગ્રહ પરિમાણનું વ્યાજ અને મૂડી મરજીમાં આવે તેમ વાપરી શકું.

**૨. ધાન્ય પરિગ્રહ પરિમાણ**–પોતાના કુટુંબ પરિવાર અને સ્વજન સંબંધીના ઉપભોગ માટે સર્વ જાતિનું ધાન્ય ઘઉં બાજરી વિગેરે મળીને (     ) મણ ઘર ખર્ચ માટે એક વર્ષમાં રાખું. ઓળખાણવાળાને આપવા તથા અપાવવાની જયણા. વેપાર અર્થે વેચાય નહિ. ઓચ્છવ, જમણવાર, લગ્નાદિ પ્રસંગોમાં તથા ધર્માર્થે વધારે રાખવાની જયણા.

**૩. ક્ષેત્ર પરિગ્રહ પરિમાણ**—વાવવાનાં ક્ષેત્ર વાડી બાગ બગીચા વિગેરેની જમીનનું પરિમાણ ઉપર પ્રમાણે મારા ખપ માટે રાખું. ધીરેલી રકમ વસુલ કરવા માટે ક્ષેત્ર વિગેરે સાનમાં તથા વેચાણ રાખવા અને તેની વ્યવસ્થા કરવાની જયણા.

**૪. વાસ્તુ પરિગ્રહ પારમાણ**—ઘર, હાટ, હવેલી, બંગલા, ડહેલા, વખારો, ભોંયરાં, કુવા અને ટાંકાવાળું રહેવાનું એક માળથી સાત માળ સુધીનું મકાન, દેશ પરદેશખાતે પોતાની માલિકીપણાની (     ) તથા ભાડાની (     ) રાખું. ભાડે આપવા લેવાની તથા કોઈને સલાહ આપવાની જયણા. પોતાનાં તથા ભાડે રાખેલાં અથવા શેઠનાં, સગાં-વહાલાંનાં, ગુમાસ્તા, વિગેરેનાં મકાન સુધરાવવાની જયણા.

**૫. રૂપ્ય પરિગ્રહ પરિમાણ**—વગર ઘડેલું, સિક્કા વિનાનું રૂપું. દાગીના ચાંદી મણ કે શેર (     ) કાચા કે પાકા તોલથી રાખું.

૬. **સુવર્ણ પરિગ્રહ પરિમાણ**—વગર ઘડેલું, સિક્કા વિનાનું પાટ તેજાબ લગડી દાગીના વિગેરે સોનું મણ શેર કે તોલા (          ) સુધીનું રાખું.

૭. **કુપ્ય પરિગ્રહ પરિમાણ**—તાંબા પિત્તળ કાંસા જસત લોઢું જર્મન સીલ્વર વિગેરે ધાતુનાં વાસણોનું પરિમાણ કાચા કે પાકા તોલથી કરવું તથા ઘરવખરાની તમામ ચીજોની કુલ કીંમતનું પરિમાણ રાખવું.

૮. **દ્વિપદ પરિગ્રહ પરિમાણ**—દાસ દાસી નોકર ગુમાસ્તા મુનીમ રસોઇયા વિગેરે કામ કરનારને માસીક પગાર આપીને મારા પોતાના માટે કુલ (      ) સુધીના રાખું. ધર્મ કાર્યે, ઘર તથા નાત માટે કામના પ્રમાણમાં મજુરો વધુ રાખવાની જયણા.

**૯ ચતુષ્પદ પ્રમાણાતિક્રમ**-ઘોડા ગાય ભેંસ બકરી વિગેરે કુલ (      ) સુધીમાં રાખું. તેમાંથી કોઈ મરી જાય તો લખેલી સંખ્યા સુધીમાં બીજાં રાખું. તેથી ઉપરાંત કોઈ લહેણામાં અથવા બીજી રીતે શિરપાવ નજરાણા પ્રમુખ બક્ષીસ તરીકે મળે તો તેને રાખવાની જયણા.

ઉપર પ્રમાણે પરિગ્રહ પ્રમાણમાં કોઈ પણ કારણથી ઘટાડો થાય તો તે ઘટાડો થયેલી સંખ્યા પૂરતી રકમ વધારી શકાય. સોનું રૂપું દાગીના ને શેરો વિગેરેના ભાવમાં વધઘટ થાય તો હું મારી ખરીદી પ્રમાણે ભાવ ગણું અને જ્યારે વેચું ત્યારે તે વખતના ભાવ પ્રમાણે આવેલાં નાણાં મારા રાખેલ પરિગ્રહ કરતાં જેટલા વધુ હોય, તેટલાં દર વર્ષે શુભ માર્ગમાં કાઢું અને તે રૂપિઆ ઉપર મારો હક્ક ન ધરાવું.

આ નવે પ્રકારના પરિગ્રહનો પૂર્વે કરેલા પ્રમાણથી વધારો થયે નાના મોટા કરવા. પારકે નામે ચઢાવવા વિગેરે અંતઃકરણને મલિનપણે ધન મૂર્છા વધવાથી ગોટા વાળવા તે આ વ્રતના અતિચાર જાણવા.

આ વ્રત દ્રવ્યાદિક ૪ થી, ૭ છીંડી, ૭ સાક્ષીએ, ૪ આગાર, ૪ બોલપૂર્વક ૨૧માંથી અનુકૂળ ( ) ભાંગાએ પાળું

**સંતોષીને સુખ અને તેની સ્તુતિ.**

**असंतोषवतः सौख्यं, न शक्रस्य न चक्रिणः ।**
**जन्तोः संतोषभाजो यदभयस्येव जायते ॥ २ ॥**
**संनिधौ निधयस्तस्य, कामगव्यनुगामिनी ।**
**अमराः किंकरायन्ते, संतोषो यस्य भूषणम् ॥ ३ ॥**

**અર્થ**--જે સુખ સંતોષી પ્રાણીને અભયકુમારની જેમ પ્રાપ્ત થાય છે. તે સુખ અસંતોષવાળા ઇંદ્ર કે ચક્રવર્તિને મળતું નથી. જેને સંતોષરૂપ ભૂષણ છે, તેને નિધાનો પાસે રહે છે. કામધેનુ તેની પાછળ ચાલે છે અને દેવો નોકરની માફક તેની આજ્ઞા ઉઠાવે છે.

## છટ્ઠું દિક્ (દિશી) પરિમાણ વ્રત.

**દિક્ પરિમાણ**—દશે દિશામાં જવા આવવાનો નિયમ કરવો તે.

ઉર્ધ્વ (ઉંચું) દિશાએ ( ) ગાઉ જવાનું, અધો (નીચેની) દિશાએ ( ) ગાઉ જવાનું. તથા પૂર્વે ( ) ગાઉ, દક્ષિણે ( ) ગાઉ, પશ્ચિમે ( ) ગાઉ, ઉત્તરે ( ) ગાઉ, તથા અગ્નિખુણે ( ) ગાઉ, નૈઋત્યે ( ) ગાઉ, વાયવ્યે ( ) ગાઉ, ઇશાને ( ) ગાઉ જવાનું પરિમાણ.

આ વ્રતમાં આઠે દિશામાં જલ અને સ્થળ માર્ગે અમુક દેશ ( ) સુધી જવા આવવાનું પરિમાણ.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

૧. **ઉર્ધ્વ દિશી પ્રમાણાતિક્રમ**—અનાભોગ (ઉપયોગ વિના) કે બેસરત આદિ કારણથી ઉંચે વધારે જવાય તે.
૨. **અધો દિશી પ્રમાણાતિક્રમ**—ઉપયોગ વિના કે બેસરત આદિ કારણથી નીચે વધારે જવાય તે.
૩. **તિર્યગ્ દિશી પ્રમાણાતિક્રમ**—અનાભોગ કે બેસરત આદિ કારણથી ચાર દિશા અને ચાર વિદિશામાં અધિક જવાય તે.
૪. **દિશીમાં વૃદ્ધિ**—એક દિશા સંક્ષેપી બીજી દિશા વધારે એટલે પૂર્વ દિશામાં સો ગાઉ રાખ્યા હોય અને દક્ષિણ દિશાએ પચાસ ગાઉ રાખ્યા હોય અને કામ પડે ત્યારે પૂર્વ તથા દક્ષિણ દિશાના ગાઉ મેળવીને પૂર્વ દિશાએ દોઢસો ગાઉ જાય અને પછી એમ વિચારે કે હું નિયમ ઉપરાંત ગયો નથી તે.

૫. **સ્મૃતિ અંતર્ધાન**--પોતાના નિયમ કરેલા ગાઉની સંખ્યા ભૂલી જાય તે. જેમકે કોણ જાણે પૂર્વ દિશાએ કેટલા ગાઉ રાખ્યા છે, સો કે પચાશ? એવી શંકા છતાં નિયમ ઉપરાંત ચાલી જાય તે.

આ છેલ્લો અતિચાર સર્વ વ્રતોમાં સાધારણ છે એટલે દરેક વ્રતોમાં લાગે છે, પરંતુ દરેક વ્રતોના પાંચ અતિચારની ગણત્રી કરવા માટે આ વ્રતમાં મૂકવામાં આવ્યો છે.

છઠ્ઠા સાતમા અને આઠમા વ્રતને ગુણવ્રત કહેવામાં આવે છે, કારણકે તે ત્રણે ગુણવ્રતો પાંચ અણુવ્રતોની પુષ્ટિ કરે છે. છઠ્ઠા વ્રતમાં દિશીનું પરિમાણ કરવાથી દિક્ પરિમાણ વ્રત કહેવાય છે. તેથી દિશીમાં ધારેલા નિયમિત ક્ષેત્રથી બહારના સર્વ જીવોને અભયદાન દેવાથી પહેલા પ્રાણાતિપાત વિરમણ વ્રતની પુષ્ટિ થઈ. તે ક્ષેત્રની બહારના જીવોની સાથે જુઠું બોલવાનો ત્યાગ થવાથી બીજા વ્રતની પુષ્ટિ થઈ. તે ક્ષેત્રની બહારની ચીજ કોઈએ આપ્યા વિના લેવાનો ત્યાગ થવાથી ત્રીજા વ્રતની પુષ્ટિ થઈ. તે ક્ષેત્રની બહારની સ્ત્રીની સાથે કામભોગનો અભિલાષ મટવાથી ચોથા વ્રતની પુષ્ટિ થઇ. તે ક્ષેત્રની બહારની વસ્તુના ક્રય વિક્રયના નિષેધથી મૂર્ચ્છા કમી થવાથી પાંચમા વ્રતની પુષ્ટિ થઈ. તથા તે ક્ષેત્રના વેપાર સંબંધી અઢારે પાપ સ્થાનકોનો ત્યાગ થયો, એ કારણથી આ વ્રત પાંચ અણુવ્રતોને ગુણકારી છે.

**દિશી પરિમાણ વ્રતના બે ભેદ**--વ્યવહાર અને નિશ્ચયથી.

**વ્યવહારથી દિશી પરિમાણ**—દશે દિશામાં જવા આવવાનો નિયમ કરવો તે.

**વ્યવહાર દિશી પરિમાણના બે ભેદ**--જળમાર્ગ અને સ્થળમાર્ગ. જળમાર્ગે વહાણ કે આગબોટ આદિમાં બેસીને અમુક દ્વીપ કે બંદર (      ) સુધી ગમન કરવું. પવન વરસાદ કે આંધી પ્રમુખના તોફાનમાં વહાણાદિ ક્યાંનું ક્યાં લઈ જઈ નાંખે તો તેની જયણા. સ્થળમાર્ગે દશે દિશામાં જેટલા જેટલા ગાઉ કે માઈલ સુધી જવાનું પરિમાણ કર્યું હોય ત્યાં સુધી જઈ શકાય, પણ ચોર મ્લેચ્છાદિક પકડીને નિયમ બહાર ક્ષેત્રમાં લઈ જાય તેની જયણા.

ભૂમિની સપાટીથી રાખેલ ઉર્ધ્વ અને અધો પ્રમાણમાં પણ જમીનની સ્વાભાવિક ધીમે ધીમે ઉંચાઈ વધતી કે ઘટતી જાય તો તે ગણત્રીમાં ન ગણું.

રાખેલા પરિમાણવાળા ક્ષેત્રની બહાર કાગળ વર્તમાન પત્ર (છાપાં) વાંચવા લખવાની, માણસ અને વસ્તુ મોકલવા કે મંગાવવાની, તાર ટેલીફોન રેડીયો સાંભળવા વિગેરેની જયણા. દેવાદિકના પ્રયોગે જાત્રા વિગેરે ધર્મ કાર્ય અને પરવશતાએ વધારે જવા આવવાની જયણા. સ્વપ્નમાં અધિક ક્ષેત્રે જવાનું ચિંતવાય, બોલાય તેની જયણા.

**નિશ્ચયથી દિશી પરિમાણ**—જીવનો અગતિ સ્વભાવ જાણી અપ્રતિબંધકપણે સ્થિર રહે તે.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, છ છીંડી, ૪ આગાર, ૪ બોલ અને છ સાક્ષી રાખીને ૨૧ માંથી અનુકુલ (      ) ભાંગાએ પાળું.

## સાતમું ભોગોપભોગ વિરમણ વ્રત.

આ સાતમું વ્રત આદરવા થકી સચિત્ત વસ્તુ ખાવાનો ત્યાગ કરે અથવા પરિમાણ કરે, બહુ આરંભ કે હિંસાવાળો વ્યાપાર ન કરે, અભક્ષ્યનો ત્યાગ કરે, ચૌદ નિયમ ધારે. આવાં કારણથી આ વ્રત પાંચે અણુવ્રતોને ગુણકારી છે; માટે તેને ગુણવ્રત કહે છે. તેના બે ભેદ છે. ૧ વ્યવહારથી અને ૨ નિશ્ચયથી.

૧ **વ્યવહાર ભોગોપભોગ વિરમણ વ્રતઃ**—ભક્ષ્ય ( ખાવા યોગ્ય ) અભક્ષ્ય ( નહીં ખાવા યોગ્ય ) પદાર્થોનું જ્ઞાન કરીને અભક્ષ્યનો ત્યાગ કરે. તથા ભક્ષ્યનો આદર કરે. વળી આશ્રવ સંવરનું જ્ઞાન કરી, ખાનપાનાદિ જે ઇંદ્રિય સુખનાં કારણ છે, તેમાં પોતાની શક્તિ અનુસારે બહુ આરંભનો ત્યાગ કરી અલ્પારંભી થાય તે.

૨ **નિશ્ચય ભોગોપભોગ વિરમણ વ્રતઃ**—શ્રી જિનવાણી સાંભળી વસ્તુ સ્વરૂપનું તત્ત્વજ્ઞાન મેળવી મનમાં વિચારે કે જગતમાં જે પરવસ્તુ છે તે બધી હેય (છાંડવાં યોગ્ય) છે, તે કારણથી તત્ત્વવેત્તા પુરુષ પરવસ્તુ ખાય નહીં, પીએ નહીં, પાસે રાખે નહીં અને જે વસ્તુ સડે, પડે, અને નાશ પામે, જતી રહે, ઇત્યાદિ પરવસ્તુ સ્વરૂપ જાણીને વિચારે કે આ સર્વ પુદ્‌ગલ પર્યાય છે, જગતની એંઠ (જુઠ) છે, તેનો ભોગ ઉપભોગ તત્ત્વ જ્ઞાનીને ઉચિત નથી, એમ જાણી પરભાવનો ત્યાગ કરે, સ્વગુણની વૃદ્ધિ કરે, એવું જ્ઞાન પામીને આત્માને સ્વરૂપાનંદી કરે.

વળી ભોગના બે ભેદ છે. ૧ ભોગ. ૨ ઉપભોગ.

૧ **ભોગઃ**–આહાર, પુષ્પ વિલેપનાદિ એક વાર ભોગવવામાં આવે તે.

૨ **ઉપભોગઃ**–ભવન, વસ્ત્ર, સ્ત્રી આદિ જે વારંવાર ભોગવવામાં આવે તે.

શ્રાવકે ઉત્સર્ગ માર્ગે નિરવદ્ય આહાર લેવો. તેવી શક્તિ ન હોય તો સચિત્તના ત્યાગી થવું, કદાપિ તે પણ ન થાય તો સચિત્ત વસ્તુનું પરિમાણ કરી લેવું અને બાવીસ અભક્ષ્ય બત્રીસ અનંતકાય પ્રમુખને દુર્ગતિના હેતુ જાણી અવશ્ય ત્યાગ કરવાં. તેમાં પણ પૂરી શક્તિ ન હોય તો પોતાના મંદ વીર્યનો પશ્ચાતાપ કરીને પરિમાણ કરી લેવું.

## ચૌદ નિયમ ધારવાની જરૂર.

**જૈન દૃષ્ટિથી**—આખી દુનિયામાં આરંભ સમારંભની જે કાંઈ પ્રવૃત્તિઓ નિરંતર ચાલી રહી છે; તેમાં રહેલા પાપોમાં આપણો ભાગ નથી, એમ સાબીત કરી શકાતું નથી અર્થાત્ જો આપણે ઈરાદા પૂર્વક ત્યાગ ન કર્યો હોય, તો તેમાં ભાગીદારી રહે જ છે. જેટલી ચીજોની આપણને જરૂર જણાય, તેટલી જ ચીજોની છૂટ રાખી લઈને બાકીની દુનિયા-ભરની તમામ ચીજોનો ઈરાદાપૂર્વક ત્યાગ કરવાની જાગૃતિ રાખવાથી તે પાપ લાગતું નથી અને સંયમ કેળવાય છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ ઉત્કૃષ્ટ કલ્યાણકારી મંગળ છે.

## નિયમ ધારવા અને સંક્ષેપવા.

**સવારે**—આખા દિવસમાં પોતાને જરૂર પડે, તેટલી ચીજો માટે છૂટ રાખી લેઈ, બાકીની વસ્તુઓનો નિયમ કરવો, તેનું નામ “નિયમ ધાર્યા” કહેવાય છે.

**સાંજે**—સવારે ધારેલા નિયમોનું મર્યાદા પ્રમાણે બરોબર પાલન થયું છે કે નહિ, તેનો વિગતવાર વિચાર કરવો, તેને "નિયમ સંક્ષેપવા" કહે છે.

**લાભ**—નિયમો સંક્ષેપતી વખતે જેટલી ચીજ વાપરવાની જે પ્રમાણે છૂટ રાખી હતી, તેમાં પણ ઓછી વપરાશ કરી હોય, તો બાકીની છૂટ "લાભમાં" કહેવાય છે; કેમકે છૂટ રાખવા છતાં વપરાશ વખતની પ્રવૃત્તિરૂપ થતા પાપમાંથી છૂટવાનો લાભ મળે છે.

**જયણા**—ધર્મ કાર્ય વિગેરેને લીધે નિયમની મર્યાદાની હદ ઓળંગાય કે વધારે સૂક્ષ્મની ગણત્રી કરી શકાય નહિ; તો તે સંબંધી રખાતી ઉપયોગ પૂર્વક જે છૂટ તેને "જયણા" રાખી કહેવાય છે.

જે વસ્તુ બીલકુલ ન વાપરવાની હોય તેનો "ત્યાગ" રખાય છે.

પોતાની જરૂરીયાત પ્રમાણે સવારે ધારેલા નિયમો સાંજે સંક્ષેપીને, અને સાંજે ધારેલા નિયમો સવારે સંક્ષેપીને ફરીથી ધારવા. થોડા દિવસ બરોબર અભ્યાસ પડયા. પછી "દેશાવગાશિક" નું પચ્ચક્ખાણ કરવું.

## ચૌદ નિયમોની ટુંક સમજ અને તેને ધારવાની સમજુતી.

**[૧]સચિત્ત [૨]દવ્વ [૩]વિગઇ, [૪]વાણહ [૫]તંબોલ [૬]વત્થ [૭]કુસુમેસુ;**
**[૮]વાહણ [૯]સયણ [૧૦]વિલેવણ, [૧૧]બંભ [૧૨]દિસિ [૧૩]ન્હાણ [૧૪]ભત્તેસુ.॥૧॥**

૧. પૃથ્વીકાય. ૨ અપ્કાય ૩ તેઉકાય. ૪ વાઉકાય ૫ વનસ્પતિકાય ૬ ત્રસકાય ૧ અસિકર્મ ૨ મસીકર્મ ૩ કૃષિકર્મ.

નિયમ ધારવાનું પ્રમાણ ત્રણ રીતે નક્કી થાય છે. ૧. સંખ્યાથી, ૨. વજનથી અને ૩. લંબાઈથી.

૧. **સચિત્ત**—જેમાં જીવ છે એમ જણાય તે સચિત્ત કહેવાય છે. અનાજ વિગેરે જે વાવવાથી ઉગી શકે તે સચિત્ત કહેવાય છે કાચું શાક, કાચું પાણી, કાચું મીઠું વિગેરે. તે અચિત્ત થઈ જાય, ત્યાર પછી સચિત્તમાં ગણાય નહિ. કેટલીક ચીજોમાંથી બી કાઢી નાંખ્યા બાદ બે ઘડી (૪૮ મીનીટ) પછી અચિત્ત થાય છે. દાખલા તરીકે, પાકી કેરીમાંથી ગોટલો જુદો કર્યા પછી બે ઘડીએ તેનો રસ તથા કકડા અચિત્ત થાય છે. કઇ વસ્તુ કયારે સચિત્ત અને કયારે અચિત્ત થાય તે જાણવા માટે જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા તરફથી છપાયેલ "અભક્ષ્ય અનંતકાય" નામનું પુસ્તક વાંચવું, તેમજ ગુરૂગમથી વિશેષ માહિતી મેળવવી.

ખાવામાં આવતા દરેક સચિત્ત પદાર્થની આમાં ગણત્રી કરવામાં આવે છે. જેમકેઃ-આજે મારે ૧, ૨, કે ૫ કરતાં વધારે વસ્તુ ખાવી નહિ, તેમજ તોલથી (          ) શેરથી વધુ ખાવી નહિ, મિશ્ર શેર (          ) સુધી ખાવાની છૂટ. અડવાની તથા મંદવાડે ચોળવા તથા બાંધવાની જયણા.

૨ **દ્રવ્ય**—આખા દિવસમાં જેટલી જાતની ચીજો મ્હોડામાં નાંખવી હોય, તે દરેક જાતની ચીજ જુદાં જુદાં દ્રવ્ય ગણાય. જેમકે પાણી, દૂધ, ભાત, ખીચડી, ઘી, સોપારી, વિગેરે. ચૂલા ઉપર રહેલ વસ્તુમાં બીજી ચીજ નાખી ગરમ કરવામાં આવે તો એક દ્રવ્ય ગણાય. અને ચૂલાથી હેઠે ઉતાર્યા પછી જેટલી ચીજો પોતાની સમક્ષ નાખવામાં આવે તેટલાં દ્રવ્યો ગણાય.

ધાતુ તથા આંગળી મુખમાં નાંખીએ તે દ્રવ્ય તરીકે ગણાય નંહિ, પણ જે ખાવામાં આવે તે દરેકની ગણત્રી કરવી.

૩ **વિગઈ**—કુલ વિગઈઓ ૧૦ છે. તેમાં મધ, મદિરા, માંસ, અને માંખણુ એ ચાર તો અભક્ષ્ય છે તથા ભક્ષ્ય વિગઈઓ ૬ છે. દૂધ, દહીં, ઘી, તેલ, ગૉળ, અને કડા વિગઈ. કડા=ઘી તથા તેલમાં તળાય તે, અથવા કડાઈમાં શેકીને થતી ચીજો, મીઠાઈ શીરો લાપસી વિગેરે. દરેક વિગઈના નિવિયાતાંના પાંચ પાંચ ભેદ છે.

**વિગઈ**=વિકારને ઉત્પન્ન કરનારી. **નિવિયાતું**=વિકારના સ્વભાવને હણવાને માટે અન્ય વસ્તુ નાંખી બનાવવામાં આવે તે.

છ વિગઈમાંથી ઓછામાં ઓછી એકાદનો તો વારાફરતી રોજ ત્યાગ કરવો જ જોઇએ.

વિગઈનો ત્યાગ ત્રણ રીતે થઈ શકે છે. ૧ મૂળથી ત્યાગ. ૨. કાચી ત્યાગ. અને ૩ નિવિયાતી ત્યાગ.

**દૂધ વિગઈ**:—

**દૂધ પાંચ પ્રકારનું**—ગાયનું, ભેંસનું, બકરીનું, ઘેટીનું અને ઊંટડીનું. તે સિવાયનાં દૂધ, વિગઈમાં ગણાય નહિ.

**દૂધનાં પાંચ નિવિયાતાં**—૧ બાસુદી, ૨ ખીર, ૩ દૂધપાક, ૪ કુકરણું અને ૫ બળી, બાસુદી=દ્રાક્ષાદિ નાંખીને ઉકાળેલું દૂધ. કુકરણું=ઘીમાં સેકેલો ઘઉંનો આટો દૂધમાં નાંખી બનાવાય તે. બળી=દૂધમાં છાશ વિગેરેની ખટાશ નાખી ચૂલા ઉપર પાણીમાં થાળી મૂકી દૂધને જમાવવામાં આવે તે, પરંતુ તરતની વિયાએલી ગાય વિગેરેના દૂધની બળી અભક્ષ્ય હોવાથી ખપે નહિ.

મૂળથી ત્યાગ હોય તો જેની અંદર દૂધ નાંખેલ હોય, તેવી કોઇ ચીજ વપરાય નહિ.

કાચી ત્યાગ હોય, તો ફક્ત નીવિયાતાં વિનાનું દૂધ પીવાય નહિ.

નિવિયાતી ત્યાગ હોય, તો દૂધમાં અન્ય વસ્તુ નાખવાથી સ્વાદ ફેર થઇ ગયેલી ચીજ ન વપરાય, જેમ કે, ખીર, દૂધપાક, બાસુદી વિગેરે.

**દહીં વિગઈઃ—**

**દહીં ચાર પ્રકારનું**–ગાયનું ભેંસનું બકરીનું અને ઘેટીનું.

**દહીંના પાંચ નિવિયાતાં**—૧ કરંબો, ૨ શીખંડ, ૩ મીઠું નાંખીને હાથથી મથેલું દહીં, ૪ ઘોલ, અને ૫ ઘોલવડાં. કરંબો=દૂધમાં ભાત છાંટી વઘારવામાં આવે તે. ઘોલ=દહીંને કપડાથી છણવામાં આવે તે. ઘોલવડાં=કપડાથી છણેલ દહીંને ગરમ કરીને તેમાં વડાં નાંખવામાં આવે તે.

મૂળથી ત્યાગ હોય તો જેની અંદર દહીં નાંખેલ હોય તેવી કોઇ પણ ચીજ ખવાય નહિ.

કાચી ત્યાગ હોય તો કાચું દહીં ખવાય નહિ. દહીંનો સ્વાદ ફરી જાય તેવી રીતે કરીને નિવિયાતાં ખવાય.

નિવિયાતી ત્યાગ હોય તો શીખંડ, રાયતું, દહીં ભાગીને કરવામાં આવેલી કઢી વિગેરે ન ખવાય.

## ખાસ સૂચના

ગરમ કર્યા વિનાના ગોરસ એટલે કાચા દૂધ, દહીં અને છાશની સાથે કઠોળ ખાવાથી વિદળ નામનો દોષ થાય માટે જરૂર તેના ત્યાગનો ઉપયોગ રાખવા ચૂકવું નહિ, કારણ કે તે ભેગાં થતાંની સાથે જ તેમાં બેઇંદ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. દાખલા તરીકે શીખંડની સાથે ચણાનો આટો નાંખેલી છાશની કઢી, પત્તરવેલીઆં, ભજીઆં, ફુલવડી વિગેરે ખવાય જ નહિ.

**ઘી વિગઇઃ—**

**ઘી ચાર પ્રકારનું**—ગાયનું ભેંસનું બકરીનું અને ઘેટીનું.

**ઘીનાં પાંચ નિવિયાતાં**—૧ તળ્યા પછી બાકી રહેલું બળેલ ઘી, ૨. કુલેર—લોટમાં ઘી અને ગોળ નાંખી બનાવાય તે. ૩ ઔષધિ વડે પકાવેલ ઘી, ૪ ઔષધિ વડે પકાવેલ ઘી ઉપર વળેલી તર, અને ૫. કીટું=ઉકાળેલ ઘી ઉપરનો મૅલ.

મૂળથી ત્યાગ હોય તો જેની અંદર ઘી આવેલ હોય, તે સઘળી ચીજ ખવાય નહિ.

કાચી ત્યાગ હોય તો કાચું ઘી ન ખવાય, પરંતુ ત્રણ ઘાણ તળ્યા પછીનું ઘી વિગેરે ઘીનાં પાંચે નિવિયાતાં ખવાય.

ઘીનું નિવિયાતું ત્યાગ હોય તો ઘીનાં પાંચે નિવિયાતાં ખવાય નહિ.

**તેલ વિગઈઃ—**

**તેલ ચાર પ્રકારનું**—તલનું, સરસવનું, અલસીનું, અને ખસખસનું. તે સિવાયનાં મગફળી અને ટોપરાં વિગેરેનું તેલ વિગઈમાં ન ગણાય.

**તેલનાં પાંચ નિવિયાતાં**-૧. તળ્યા પછી બાકી રહેલું બળેલ તેલ, ૨. તલની માતર, ૩. ઔષધિ નાંખીને પકાવેલ તેલ. ૪. ઔષધિ વડે પકાવેલ તેલ ઉપર વળેલી તર. અને ૫. ઉકાળેલ તેલ ઉપરનો મૅલ.

મૂળથી ત્યાગ હોય તો જેની અંદર તેલ આવે તેવી કોઈ ચીજ ખવાય નહિ.

કાચી ત્યાગ હોય તો કાચું તેલ કોઈ ચીજમાં ઉપર નાંખી અગર લઈને ખવાય નહિ. પરંતુ તેલનાં પાંચે નિવિયાતાં ખવાય.

તેલનું નિવિયાતું ત્યાગ હોય તો તેલનાં પાંચે નિવિયાતાં ખવાય નહિ.

**ગૉળ વિગઈ:—**

**ગૉળ બે પ્રકારનો**—ઢીલો ગૉળ અને કઠણ ગૉળ.

**ગૉળનાં પાંચ નિવિયાતાં**—૧ સાકર, ૨ ગળમાણું, ૩ પાય, ૪ ખાંડ, અને ૫ ઉકાળવાથી અર્ધ રહેલ શેરડીનો રસ. ગળમાણું-ઘીમાં સેકેલ ઘઉંના લોટની સાથે ગૉળનું પાણી અખાત્રીજના દિવસે કરવામાં આવે છે તે. પાય—ગૉળની ચાસણી.

મૂળથી ત્યાગ હોય, તો ગળપણવાળી કોઇ ચીજ ખવાય નહિ. એટલે ગૉળ તથા ખાંડ આદિ નાંખેલ ચીજ કલ્પે નહિ.

કાચી ત્યાગ હોય તો કાચો ગૉળ ન ખવાય. ગૉળનો પાય કરીને બનાવેલો લાડુ, સુખડી બીજા દીવસથી ખપે. ગૉળનું પાણી ખપે. કોઈ ચીજમાં ગૉળની કણીઓ ન રહી હોય તો ખવાય. આજની કરેલી સુખડી ( માતર ) આજ ન ખવાય, પરંતુ બીજે ત્રીજે દિવસે ખવાય.

નિવિયાતી ત્યાગ હોય તો ખાંડ, સાકર, બુરૂ આદિ નાંખેલ ચીજ ખવાય નહિ. કારણ કે ખાંડ, સાકર, આદિ ગૉળનાં નિવિયાતાં કહેવાય.

**કડા વિગઈ:—**

**કડા વિગઇ બે પ્રકારની**—ઘીમાં તળેલી અને તેલમાં તળેલી.

**કડા વિગઈનાં પાંચ નિવિયાતાં**—૧ કડાઈ પૂરાય તેવડો ૧ પૂડલો તળાયા પછીના પુડલાઓ. ૨ ત્રણ ઘાણ

તળાયા પછીની પુરીઓ. ૩ ગૉળ અને ઘીને ઉકાળીને પાય કર્યા પછી ધાણી નાખીને લાડુ કે માતર કરવામાં આવે તે ગૉળ ધાણી. ૪ કડાઈની ચીકાશ દૂર કરવાને ગૉળનું પાણી નાખી લાપસી કરવામાં આવે તે જલ લાપશી, અને ૫. ઘી અથવા તેલનું પોતું દઇને બનાવેલો પુડલો.

કડા=ઘી કે તેલમાં શેકીને કે તળીને થાય તે. જેમકેઃ– શીરો પુરી. વઘારેલું હોય તે કડા વિગઈમાં ગણાય નહિ. જેમકેઃ– શાક, કરંબો.

મૂળથી ત્યાગ હોય તો તળેલી ( ત્રણ ઘાણ પહેલાં કે પછીની, ) તેમજ કોઈ જાતનું પકવાન પણ ખવાય નહિ.

કાચી ત્યાગ હોય તો ત્રણ ઘાણ પછીની પુરી, ભજીયું આદિ ખવાય.

નિવિયાતી ત્યાગ હોય તો ઉપરનાં પાંચે નિવિયાતાં (ત્રણ ઘાણ પછીનું ભજીયું, પુરી આદિ ) ખવાય નહિ. તમામ જાતનાં પકવાન કડા વિગઈના નિવિયાતામાં આવે, માટે તે પણ ખવાય નહિ.

નિવિયાતાં માટે વધુ ખુલાસો ગુરૂગમથી જાણી લેવો.

**૪ વાહણ** (**ઉપાનહ**)—જોડાં, બુટ, ચંપલ, સપાટ, મોજાં વિગેરેનો સમાવેશ થાય છે. તેની સંખ્યા નક્કી કરવી. ભૂલથી પગ મૂકાઈ જાય તથા ખરીદ કરતી વખતે તે ઉપરાંત જોડાં પહેરી જોવાને ઉપયોગ કરવો પડે તેની જયણા રાખવી.

**૫ તંબોલ**—પાન, સોપારી, ઈલાયચી, તજ, લવીંગ, વિગેરે મુખવાસની વસ્તુઓ વજનથી રાખવી. ( નવટાંક, પાશેર, અચ્છેર વિગેરે ).

**૬ વસ્ત્ર**—પહેરવા અને ઓઢવાનાં કપડાંની સંખ્યા નક્કી કરવી. ધર્મ કાર્યમાં જયણા રાખવી. ભૂલથી પોતાના બદલે બીજાનું પહેરાય તેની જયણા ( તે ગણાય નહિ. )

**૭ કુસુમ**—સુંઘવામાં આવતી દરેક વસ્તુનો આમાં સમાવેશ થાય છે. વજન ( નવટાંક પાશેર ) નક્કી કરવું. ઘી, તેલ, આદિના ભરેલા ડબ્બા સુંઘાય નહિ, જે વસ્તુ સુંઘવાની જરૂર જણાય તે વસ્તુ આંગળી ઉપર લઇને જ સુંઘવાનો અભ્યાસ રાખવો.

**૮ વાહન**—મુસાફરીનાં સાધનો. ફરતાં ચરતાં અને તરતાં, એમ ત્રણ પ્રકારનાં છે

ફરતાં—ગાડી, વ્હેલ, મોટર, રેલ્વે, ટ્રામ, ઉડતાં એરોપ્લેનનો પણ આમાં સમાવેશ થાય છે.

ચરતાં—ઘોડા, ઉંટ, હાથી, ખચ્ચર, બળદ, સ્વારીનાં પશુ વાહનો.

તરતાં—વહાણ, આગબોટ હોડી વિગેરે જળમાર્ગે જવાનાં મુસાફરીનાં વાહનો.

આ ત્રણેની ભેગી કે જુદી જુદી સંખ્યા નક્કી કરવી.

**૯ શયન**—સુવા માટે પાથરવાની ચીજો સાથે બેસવાનાં આસનોનો પણ સમાવેશ થાય છે, એટલે પથારી, ખાટલા, પલંગ, ગાદલાં, ગોદડાં, પાટ, પાટલા, ખુરસી, કોચ, ગાદી, ચાકળા, સાદડી, શેત્રંજી વિગેરેની સંખ્યા નક્કી કરવી. અથવા પાટલા, ખુરશી ચાકળા, કોચ, ગાદી, સાદડી, શેત્રંજી વિગેરેની જયણા રાખવી.

**૧૦ વિલેપન**—શરીરે ચોપડવાનાં દ્રવ્યો. તેલ, અત્તર, સુખડ, સેન્ટ વિગેરે. તેમજ મીઠું હળદર આદિ વસ્તુઓનો લેપ વજનથી રાખવો.

**બ્રહ્મચર્ય**—અહીં બ્રહ્મચર્યનો મુખ્ય અર્થ મૈથુન ત્યાગ તથા કૃત્રિમ રીતે થતા શુક્રના ક્ષયનો નિરોધ પણ સમજવો. સ્વદારા સંતોષવાળાએ પણ પ્રમાણ કરી **લેવું.** કાયાથી પાળવું. મન અને વચનની જયણા. પરસ્ત્રીનો ત્યાગ.

**૧૨ દિશા**—ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, ઊંચે તથા નીચે એમ છ દિશા થાય છે, (અથવા ૪ ખુણા ઉમેરતાં દશ દિશા થાય છે) ઉંચે એટલે મેડા, સીડી, કે પર્વત ઉપર ચઢવાનું હોય તે. નીચે એટલે વાવ, ભોંયરા આદિમાં ઉતરવાનું થાય તે. જમીનની સપાટીમાં ઉંચો નીચો ભાગ હોય તો તે ન ગણું.

દરેક દિશામાં તથા ઊંચે નીચે અમુક ગાઉ કે માઈલ જવું તેવો નિયમ કરવો, ધર્માર્થે જયણા.

**૧૩ સ્નાન**—સર્વાંગે ન્હાવાની ગણત્રી. એક, બે, ચાર વખત ન્હાવું, તેની સંખ્યા નક્કી કરવી. ધર્માર્થે જયણા.

**૧૪ ભક્તપાન**—આમાં ખોરાક અને પાણીના વજનનો સમાવેશ થાય છે. આખા દિવસમાં વપરાતા ખોરાક અને પાણીનું કુલ વજન ( દશ શેર, અડધો મણ, વિગેરે ) નક્કી કરવું. જેટલું વપરાય તેની સંખ્યા કે વજનનું ધ્યાન રાખવું કે જેથી નિયમ સંક્ષેપતાં સુગમ પડે.

ચૌદ નિયમો ઉપરાંત નીચેની બાબતો "છકાય વિગેરે'ના પણ નિયમો ધારવામાં આવે છેઃ—

**૧ પૃથ્વીકાય**—પૃથ્વીરૂપ શરીરવાળા સચિત્ત જીવો તથા તેનાં નિર્જીવ શરીરો પણ સમજવાં. માટી મીઠું સુરમો, ચુનો, ક્ષાર, પત્થર આદિ.

ખાવા તથા વાપરવાનો વજનથી નિયમ ધારવો ( પાશેર, અચ્છેર, શેર વિગેરે. ) હેરવવા ફેરવવા તથા અડવાની છૂટ.

**૨ અપ્‌કાય**—પાણીરૂપ શરીરવાળા જીવો, તથા તેના નિર્જીવ શરીરો પણ સમજવાં. પાણી, બરફ, કરા, ઝાકળ વિગેરેનો સમાવેશ થાય છે. પીવા તથા વાપરવાનો વજનથી નિયમ ધારવો. (મણ, બે મણ, ત્રણ મણ, વિગેરે) નિયમ ધારનારે ચકલી તળે બેસી ન્હાવું નહિ, તેમજ ખ્હોળા પાણીમાં પડીને પણ ન્હાવું નહિ, પરંતુ વાસણમાં થોડું પાણી લઇને પછીજ તે પાણીથી સ્નાન કરવું. વરસાદ વિગેરેમાં જવા આવવાની તથા અગ્નિ આદિ પ્રસંગે પાણી હેરવવા ફેરવવાની છૂટ. રોગાદિકે બરફ મણ (  ) વાપરવાની જયણા.

**૩ તેઉકાય**—અગ્નિરૂપ શરીરવાળા જીવો. દેવતા, વિજળીથી સળગતા ગ્યાસ વિગેરેનો સમાવેશ થાય છે. ચુલા, સ્ટવ ભઠ્ઠી તથા સઘળી જાતના દીવા વિગેરેથી તેઉકાયનો ઉપયોગ થાય છે. સંખ્યાથી નિયમ કરવો અથવા એક બે ત્રણ ઘરના ચુલા, કંદોઇના ચુલાની છૂટ રાખી હોય તો ત્યાં બનેલ મીઠાઈ આદિ ખવાય. દીવાસળી વિગેરે સળગાવવાની છૂટ.

**૪. વાઉકાય**—પવનરૂપ શરીરવાળા જીવો. પવન, વાયરો, વંટોળીયો, હવા વિગેરેનો સમાવેશ થાય છે. પવનનો ઉપયોગ પંખા, પુઠાં, લુગડાં દ્વારા થઈ શકે છે. હીંચકો, સુપડું, ધોકો, સાવરણી, ભુંગળી, વેલણ, વિગેરે પવનમાં ગણાય છે, સંખ્યાથી નિયમ ધારવો. ( ૧ ૨, ૩ ) લુગડાની ઝાપટ તથા ફુંક વિગેરેની જયણા.

**૫. વનસ્પતિકાય**—વનસ્પતિરૂપ શરીરવાળા જીવો. અહીં તેના અચિત્ત શરીરનો પણ સમાવેશ થાય છે. એક, બે, ચાર લીલોતરી વાપરવી. અથવા એક શેર, બશેર વાપરવી. છેદન ભેદન મળીને કુલ વજન નક્કી કરવું. અમુક જ એટલે ભીંડા, કારેલાં, તેવું નામ લઈને બને તો ઠીક. ફ્રુટમાં ગણત્રી રાખવી. વનસ્પતિ ઘર કામ માટે કે કોઈ મંગાવે તો લાવી આપવાની તથા હેરવવા ફેરવવાની છૂટ.

**૬ ત્રસકાય**—હાલતા, ચાલતા, તમામ સક્રિય પ્રાણીઓ, બેઈંદ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના પ્રાણીઓનો સમાવેશ થાય છે. અળસીયાં, ડાંસ, મચ્છર, માખી, મનુષ્યો, પશુ, પંખી, માછલાં વિગેરે. નિરપરાધી ત્રસ જીવને નિરપેક્ષપણે જાણી જોઇને હણવાની બુદ્ધિથી હણવા નહિ. દરેક પ્રવૃત્તિમાં ઉપયોગ રાખવો. કારણ કે "ઉપયોગે ધર્મઃ"

**૧. અસિકર્મ**—હથીયારથી આજીવિકા ચલાવવાનો ધંધો, અર્થાત્ અહીં વાપરવાનાં હથીયારો વિગેરેનો સમાવેશ થાય છે. તરવાર, બંદુક, વિગેરેનો ત્યાગ. તેમજ ચપ્પુ, સુડી, કાતર, સોય, છરી, ખાંડણી, પરા, ખાયણીઓ, સાંબેલું, ઘંટી, નિસાહ, વિગેરે કેટલાં વાપરવાં તેનો સંખ્યાથી નિયમ કરવો.

ટાંકણીઓ, કાગળો ભરાવવાની કલીપો, વિગેરે માટે જયણા રાખવી.

**૨. મસીકર્મ**—શાસ્ત્રો તથા વહેપારમાં નામું વિગેરે લખવામાં મસી (શાહી)નો ઉપયોગ થાય છે. અર્થાત્ શાહીનો ઉપયોગ પૂર્વક આજીવિકા ચલાવવાનો ધંધો. અહીં લખવાના કામમાં ઉપયોગી દ્રવ્યો. શાહી, કલમ, હોલ્ડર, પેન્સીલ, સ્લેટ, પેન, ઈન્ડીપેન, ચાક વિગેરેનો સમાવેશ થાય છે.

પેન્સીલ, હોલ્ડર, ખડીયા, કલમ આદિનો સંખ્યાથી નિયમ કરવો.

**૩. કૃષિકર્મ**—ખેતી કરીને આજીવિકા ચલાવવાનો ધંધો. ખેતીમાં ઉપયોગી હળ, કોશ, કોદાળી, પાવડા વિગેરેનો સમાવેશ થાય છે. તેનો સંખ્યાથી નિયમ કરવો. આ સર્વ નિયમો પોતાની જાત માટે પાળવાના છે. આદેશ ઉપદેશની જયણા.

**સારાંશ કે:**—જગતમાં જે જે પદાર્થો વિદ્યમાન છે તે બધા કદી પણ આપણા ભોગોપભોગમાં આવતા નથી. છતાં તે પ્રત્યેક પદાર્થોના આરંભથી ઉત્પન્ન થતા દોષો આપણને અવિરતિપણાએ કરીને લાગતા આવે છે, માટે ઉપર પ્રમાણે નિયમો ધારવાથી, છૂટ રાખેલ સિવાયના આરંભ સમારંભ કે પાપની પ્રવૃત્તિનો ત્યાગ થઈ જાય છે; તેથી અજાણતાં તેમાંથી આવતા ભાગમાંથી બચી જવાય છે અને ધર્મ આરાધનની શ્રેણિમાં આત્મા વિશુદ્ધ તન્મયતા મેળવી આગળ વધે છે.

## રાત્રે.

ઉપર પ્રમાણે દિવસના સંબંધમાં સમજવું. પરંતુ રાત્રે કેટલીક બાબતમાં તદ્દન ત્યાગ તથા ઓછા વધતી જરૂરીયાતના અંગે ઓછાવધતાપણું રહેશે, માટે જરૂરીયાત પ્રમાણે ધારવું, છતાં કેટલાકમાં થોડો ઘણો જાણવા જેવો ફેરફાર છે તેની વિગત નીચે મુજબ:—

ઘણી ખરી વસ્તુઓનો ત્યાગ જ રહેશે, છતાં જરૂરીયાત પ્રમાણે કેટલીક છૂટ રાખી શકાય.

રાત્રે ચોવિહારવાળાને કારણે વપરાય તેવી અણુહારી ચીજોનાં નામ. લીંબડાનાં અંગ (પત્ર–છાલ–કાષ્ટ–ફળ–ફુલ વિગેરે) ગોમૂત્ર વિગેરે મૂત્ર, ગળો, કડુ, કરિયાતુ ચીમેડ રાખ ઉપલેટ વજ હરડાં બહેડાં આમળાં બાવળની છાલ ધમાસો આસંધી સુખડ એળીઓ ગુગળ બોરડી કંથેરી કેરમૂળ પુંઆડ મજીઠ બોળ ચિત્રક કુંદરૂ. ફટકડી થુવર આકડા તથા જે વસ્તુઓ ખાવામાં અનિષ્ટ સ્વાદવાળી હોય તે અફીણ વિગેરે. બુજગર, કેરી ટોપરૂં, અંબર, કસ્તુરી, રૂમી મસ્તકી, ખેરસાર દાડમની છાલ, ભીમસેની બરાસ, અતિવિષની કળી, વખમો, ચણિકબાબા, કેશર, કેરી ગોટલી, મોટી હીમજ, કોયદન વિગેરે. વિશેષ ગુરૂગમથી જાણવું.

વાપરવાની જરૂર પડે તો તેની અમુક વજન કે સંખ્યામાં છૂટ રાખવી અને જેટલી ચીજો રાખી હોય તેટલાં દ્રવ્ય ધારવાં (૧, ૨, ૩, અણુહારી ચીજ [ દ્રવ્ય ] વાપરવાની છૂટ.)

**બ્રહ્મચર્ય**માં વ્રતધારીએ "કાયાથી સર્વથા બ્રહ્મચર્ય પાળવું" તેવું બોલવું.

ગૃહસ્થોએ બીજ વિગેરે તિથીઓ, પર્યૂષણાદિ પર્વો, આયંબીલની ઓળીઓ, કલ્યાણકના દિવસોએ સર્વથા બ્રહ્મચર્ય પાળવાનો નિયમ કરવો. તે સિવાયના દિવસોમાં પણ સંખ્યા તથા વખતથી પ્રમાણ કરવું.

## નિયમ ધારવાનું પરિશિષ્ટ.

જેઓને યાદ ન રહી શકે તેમને અભ્યાસ પાડવા માટે ખાનાં પાડી થોડાં પાનાં તૈયાર કરવામાં આવ્યાં છે, તેનો ઉપયોગ મુમુક્ષુ જીવો કરશે.

| દિવસના. | ધારેલા નિયમ સિવાયનો ત્યાગ. | કેટલું વાપર્યું | લાભમાં |
|---|---|---|---|
| સચિત્ત | ૧૦ | | |
| દ્રવ્ય | ૨૫ | | |
| વિગઇ | ૫ | | |
| વાણહ | ૨ | | |
| તંબોલ | ૦। શેર | | |
| વસ્ત્ર | ૨૫ | | |
| કુસુમ | ૧ શેર | | |
| વાહન | ૫ | | |
| શયન | ૫. ચાકળા વિગેરેની છૂટ | | |
| વિલેપન | ૨ શેર | | |
| બ્રહ્મચર્ય | કાયાથી પાળવું | | |
| દિશી | ઉંચ નીચે ૦। ગાઉ તિર્છું ૫ ગાઉ | | |
| સ્નાન સર્વાંગે | ૨ વખત | | |
| ભાત પાણી | ૨૫ શેર | | |
| પૃથ્વીકાય | ૧ શેર | | |
| અપ્‌કાય | ૨ મણ | | |
| તેઉકાય | ૫ ઘરના ચુલા | | |
| વાઉકાય | ૫ | | |
| વનસ્પતિકાય | ૧ શેર ખાવામાં. છેદન શેર ૨ | | |
| ત્રસકાય | રક્ષા. | | |
| અસિ | ૧૦ | | |
| મસિ | ૧૦ | | |
| કૃષિ | ૧ | | |

| રાત્રિના. | ધારેલા નિયમ સિવાયનો ત્યાગ. | કેટલું વાપર્યુ | લાભમાં |
|---|---|---|---|
| સચિત્ત | ૦ | | |
| દ્રવ્ય | ૧૦ અણહારી નવટાંક | | |
| વિગઇ | ૦ | | |
| વાણહ | ૨ | | |
| તંબોલ | ૦ | | |
| વસ્ત્ર | ૨૫ | | |
| કુસુમ | ૦ા શેર | | |
| વાહન | ૫ | | |
| શયન | ૫ | | |
| વિલેપન | ૧ શેર | | |
| બ્રહ્મચર્ય | કાયાથી પાળવું | | |
| દિશી | ઉંચે નીચે ૦ા ગાઉ. તિર્છું ૫ ગાઉ | | |
| સ્નાન | ૦ | | |
| ભાત પાણી | ૦ | | |
| પૃથ્વીકાય | ૧ શેર | | |
| અપ્કાય | ૦ાા મણ | | |
| તેઉકાય | ૫ ઘરના ચુલા | | |
| વાઉકાય | ૫ | | |
| વનસ્પતિકાય | ૧ શેર | | |
| ત્રસકાય | રક્ષા | | |
| અસિ | ૫ | | |
| મસી | ૫ | | |
| કૃષિ | ૧ | | |

## જીંદગી માટે દિવસના ધારેલા નિયમ સિવાયનો ત્યાગ.

| | |
|---|---|
| સચિત્ત | |
| દ્રવ્ય | |
| વિગઈ | |
| વાણુહ | |
| તંબોલ | |
| વસ્ત્ર | |
| કુસુમ | |
| વાહન | |
| શયન | |
| વિલેપન | |
| બ્રહ્મચર્ય | |
| દિશી | |
| સ્નાન સર્વાંગે | |
| ભાત પાણી | |
| પૃથ્વીકાય | |
| અપ્કાય | |
| તેઉકાય | |
| વાઉકાય | |
| વનસ્પતિકાય | |
| ત્રસકાય | |
| અસિ | |
| મસી | |
| કૃષિ | |

જીંદગી માટે રાત્રિના ધારેલા નિયમ સિવાયનો ત્યાગ.

| | |
|---|---|
| સચિત્ત | |
| દ્રવ્ય | |
| વિગઈ | |
| વાણહ | |
| તંબોલ | |
| વસ્ત્ર | |
| કુસુમ | |
| વાહન | |
| શયન | |
| વિલેપન | |
| બ્રહ્મચર્ય | |
| દિશી | |
| સ્નાન | |
| ભાત પાણી | |
| પૃથ્વીકાય | |
| અપ્કાય | |
| તેઉકાય | |
| વાઉકાય | |
| વનસ્પતિકાય | |
| ત્રસકાય | |
| અસિ | |
| મસી | |
| કૃષિ | |

ચાર આહારનાં નામ. ૧ અશન. ૨ પાન. ૩ ખાદિમ અને ૪ સ્વાદિમ.

**ધાન્યમાં**—ઘઉં બાજરી ચોખા તુવેર મગ મઠ ચણા ઝાલર ચોળા વટાણા અડદ બંટી તાંદલા મકાઈ જાર મેથી કોદરા જવ કાંગ લાંગ કુરીયા.

**૧. અશન**—જે વસ્તુને ખાવાથી ભૂખ શમે તે. જેમકેઃ—રોટલી, ભાત, પકવાન વિગેરે.

**૨. પાન**—(પાણી) કુવા, વાવ, તળાવ, નદી, સરોવર, વરસાદ વિગેરેનું.

**૩. ખાદિમ**—જેને ખાવાથી કાંઈક ભૂખ શમે તે. શેકેલાં ધાન્ય. ફલ વિગેરે.

**૪. સ્વાદિમ**—ખાધેલ અન્ન પચાવવા માટે લેવાય તે. તંબોળ પાન સોપારી એલચી શુંઠ જીરૂં અજમો ધાણાની દાળ વિગેરે.

## સચિત્તાદિ ૧૪ નિયમ ધારનારને ધ્યાનમાં રાખવા યોગ્ય કેટલીક બાબતો

**અચિત્ત વસ્તુઓ**—ખાંડેલા ધાણા—જીરૂં—સવા—અજમો—મરચાં. સેકેલી વરીયાળી, બદામ, અખરોટ, ભઠ્ઠીમાં સેકેલું મીઠું (બલવણ). ઘીમાં નાખેલ નાગરવેલનું પાન. કેટલીક ચીજોમાંથી બીજ કે ઠળીયા કાઢયા પછી બે ઘડીએ અચિત્ત થાય. તેનાં નામ. ખજુર ખારેક કેરી મોસંબી જરદાળુ અને તેની બદામ, કાળી અને રાતી દ્રાક્ષ, પાકાં ચીભડાં, સકરટેટી પાકી આંબલી. ચાળેલો લોટ, ચટણી, શેરડીનો રસ, નાળીયેરથી જુદું કરેલું ટોપરૂં અને તેનું પાણી. ઝાડથી ઉતારેલ ગુંદર. સાકર કે રાખ નાંખેલ પાણી બે ઘડી પછી અચિત્ત થાય. ચોમાસામાં બદામ એલચી ફોડીને તેજ દીવસે વપરાય.

નાળીયેરના સૂકા ગોળા વપરાય નહિ. પોંખ મિશ્રમાં ગણાય. **સચિત્ત વસ્તુઓ**—સરબત, ગુલાબજળ. નાગરવેલ તુલશી લીંબડા અને એલચી વિગેરેનાં પાન. લીલાં દાતણ. ફળો જમરૂખ દાડમ વિગેરે. શેરડી શેતુર સીતાફળ સુકાં અંજીર. બીવાળાં કેળાં. લીલી વનસ્પતિ.

**પાણીનો કાળ**—કારતક શુદ ૧૫ થી ફાગણ શુદ ૧૪ સુધી ૪ પ્રહર. ફાગણ શુદ ૧૫ થી અસાડ શુદ ૧૪ સુધી પાંચ પહોર અને અશાડ શુદ ૧૫ થી કારતક શુદ ૧૪ સુધી ૩ પ્રહર. તેનો કાળ પૂરો થયા પહેલાં ચુનો નાંખ્યો ત્યારથી ૨૪ પ્રહર સુધી અચિત્ત પાણી તરીકે વપરાય. થાળમાં નાખેલ ઉકાળેલ પાણી બારીક કપડાના ઢાંકણથી જીવ રક્ષાને માટે ઢાંકવું. ફાગણ શુદ ૧૫ થી આઠ માસ સુધી ઓસાવ્યા વિનાના તલ ત્રસજીવોની રક્ષાને માટે ત્યાગ કરવા. તલનું તેલ પણ ફાગણ શુદ ૧૪ થી આઠ માસ વાપરવા માટે ભરી લેવું. અંધારામાં અને સાંકડા મોંના વાસણમાં ભોજન કરવાથી તેમજ સૂર્યાસ્ત પછી વાપરવાથી રાત્રિ ભોજનના દોષો લાગે છે. ભોજન કરતાં વાતો કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે અને ઉપયોગ ન રહેવાથી માખી પ્રમુખ ત્રસજીવોની હિંસા થાય છે. બોલવાની કદાચ જરૂર જણાય તો પાણી પીને બોલવું. એઠું ન મૂકતાં થાળી વાટકો ધોઈને પીવું. અને પીધેલ વાસણને કપડાથી લુંછી નાખવું. દેવ દ્રવ્ય ભક્ષણ કરનારના ઘરનું અન્ન પાણી કદી લેવું નહિ. ભૂલથી જયણા અને ખબર પડે ત્યારે ખાધેલ અન્ન કરતાં વધુ દ્રવ્ય દહેરા-સરમાં નાંખું. સવારમાં દરેક વાસણ તથા ચૂલા સગડી વિગેરે પૂંજણીથી પૂંજીને જીવજંતુ જોઈ શકાય તે પહેલાં આરંભ

કરવો નહિ. ઘરમાંથી સુંવાળી સાવરણીથી કાજો કાઢીને જીવ જંતુની રક્ષા થાય તેવે સ્થળે મૂકવો. ધાન્ય ઈંધણ છાણા કોલસા મસાલા વિગેરે જોઈને વાપરવા. બળખો લીંટ ઉલટી ઉપર રાખ કે ધૂળ નાખવી. મેલાં લુગડાં વિગેરેમાંથી જુ માકડ આદિને તપાસ્યા પછી ધોવાં કે ધોવરાવવાં.

## નીચે પ્રમાણે ૨૨ અભક્ષ્ય ખાવાનો ત્યાગ.

૧. ઉંબરાના ફળ, ૨. પીપરનાં ફળ, ૩. વડનાં ફળ, ૪. પીપળાનાં ફળ, ૫. કાકોદુંબરનાં ફળ. ૬. **મદિરા** (દવા અને બાહ્યોપચાર માટે જયણા). ૭. માંસ, ૮ માખણ, ૯. મધ, ૧૦ **હીમ** (બરફ રોગાદિક કારણે વાપરવાની જયણા.) ૧૧.કરા, ૧૨ **વિષ** (દવા માટે લેવાની જયણા).૧૩. રાત્રિ ભોજન, (લગભગ વેળાએ વાળુની તથા રાત્રિએ કરેલા આહાર પાણીની જયણા, મંદવાડે યથાશક્તિ) ૧૪. બહુબીજ (વચમાં જેને પડ ન હોય તે. ખસખસ અંજીર વિગેરે) ૧૫. કાચી માટી (કાચું મીઠું વાપરવાની જયણા). ૧૬. બોળનું અથાણું ૧૭. વિદળ [કાચા દૂધ દહીં અને છાસ સાથે કઠોળ એટલે જેની બેફાડ થતી હોય અને જેમાંથી તેલ ન નીકળે તે ખાવું તે.] ૧૮ રીંગણાં, ૧૯. અજાણ્યાં ફળ, ૨૦. તુચ્છફળ (ખાવું થોડું અને ફેંકી દેવાનું ઘણું. પીલુ બોર વિગેરે.) ૨૧. ચલિત રસ (જેનો વર્ણ ગંધ રસ સ્પર્શ બદલાઈ ગયો હોય તે. જેમકેઃ વાશી રોટલી, નરમ પુરી, રાંધેલ વાશી રહેલ ધાન્ય, દૂધપાક બાસુદી, ખીર, દૂધ, શીખંડ, દૂધની મલાઈ શીરો શેકેલો પાપડ વિગેરેનો રાત્રી વીત્યે ત્યાગ. **મીઠાઈનો કાલ**— શિયાળા (કારતક શુદ ૧૫ થી ફાગણ શુદ ૧૪ સુધી)માં

૧ માસ સુધી. ઉનાળા ( ફાગણ શુદ ૧૫થી અશાડ શુદ ૧૪ સુધી)માં ૨૦ દીવસ અને ચોમાસા (અશાડ શુદ ૧૫ થી કારતક શુદ ૧૪ સુધી) માં ૧૫ દીવસનો કાળ. છે તે ઉપરાંત દિવસ થયે તે ચીજ ખાવાનો ત્યાગ. પણ ભૂલથી જયણા. જલેબીનો આથો તે દીવસે કર્યો હોય તો ખપે અન્યથા અભક્ષ્ય થાય તો ખાવાનો ત્યાગ. દહીંનું મેળવણુ નાખ્યા પછી દૂધ અને વલોણું કર્યા બાદ છાશ સોળ પહોર વીત્યા પછી અભક્ષ્ય થાય માટે ખાવાનો ત્યાગ. પણ ઉપલી ચીજોમાં ભૂલથી અનુપયોગે જયણા. ૨૨. બત્રીશ અનંતકાય-૧ સર્વજાતિનાં કંદ (ડુંગળી સુરણાદિ,) ૨ લીલી હલદર, ૩ લીલો કચુરો, ૪ લીલી વરીઆળી, ૫ થોર, ૬ લસણ, ૭ વજ્રકંદ, ૮ લીલું આદુ, ૯ ગલો, ૧૦ શતાવરી વેલ, ૧૧ કુંવાર અને તેનાં શેલરાં, ૧૨ વાંશ કારેલી, ૧૩ લુણી (સાજી) વૃક્ષ ૧૪ ગાજર, ૧૫ લોઢ (પદ્મની) કંદ ૧૬ ગિરિ કર્ણિકા (ગરમર વેલ) ૧૭ ખીરસૂઓ, ૧૮ કિશલય (ઉગતાં પત્ર) ૧૯ થેગ, ૨૦ લીલી મોથ, ૨૧ લુણીની છાલ, ૨૨ ખીલોડાં ૨૩ અમૃતવેલ ૨૪ મૂળાનાં કંદ, ડાંડલી, પત્ર, ફુલ અને ફલ, ૨૫ બિલાડીના ટોપ, ૨૬ વત્થુલાની ભાજી, ૨૭ વિદલના અંકૂરા, ૨૮ સુઅર વેલ, ૨૯ પલ્લંકાની ભાજી, ૩૦ કુણી આંબલી ૩૧ આલુ (બટાટાં) ૩૨ પિંડાલુ, એ રીતે ઉપર લખેલી અને બીજી પણ સર્વ કંદની જાતિ ખાવાનો ત્યાગ, પરંતુ મેથી તાંદળજો કોથમીર વિગેરેમાં જે પાંદડાં આવે છે તે અનંતકાય ગણાય છે તે ભેળ સંભેળ થાય તો જયણા. સુકી ગળો વાપરવાની જયણા. મારા તથા સ્વજન સ્નેહી અને પરિવારના શરીરે રોગાદિકના કારણે ઉપર લખેલી અભક્ષ્ય વસ્તુ તથા અનંતકાય વસ્તુઓ ચોળવા ચોળાવવા બાંધવા બંધાવવાની જયણા. તથા દવા વિગેરે જે કાંઈ લાવવું પડે તેની જયણા.

**લીલોતરીની યાદી નીચે પ્રમાણે રાખી છે તેમાં જે ન વાપરવાની હોય તેમાં × ચોકડી મૂકવી.**

૧ ભીંડા
૨ દૂધી
૩ પરવર
૪ કારેલાંની જાત
૫ તુરીયાં
૬ ગીલોડાં
૭ ગવાર
૮ દોડી
૯ કંકોડાં
૧૦ કાળીંગડાં
૧૧ કંટોળાં
૧૨ આરીઆની જાત
૧૩ મોગરા મોગરીની જાત
૧૪ પાપડીની જાત
૧૫ ગલકાં
૧૬ વટાણા
૧૭ ફણસી
૧૮ સરગવા
૧૯ કોળું
૨૦ ટીંડોડાં
૨૧ ટમેટાં
૨૨ કેરીના મરવા
૨૩ કરમદાં
૨૪ મરચાંની જાત
૨૫ લીલી તુવેર
૨૬ ચણાના ઓળા
૨૭ ચોળા ફળી
૨૮ કોઠીંબડાં
૨૯ તાંદળજાની જાત
૩૦ મેથીની ભાજી
૩૧ કોથમીર
૩૨ અડવીનાં પાંદડાં
૩૩ કોઠની જાત
૩૪ ટેટીની જાત
૩૫ ખીજડાની સાંગરી
૩૬ કેરાં
૩૭ આંબળાં
૩૮ લીલી બોલી
૩૯ લીંબડાની જાત
૪૦ આંબલીની જાત
૪૧ પાન
૪૨ શેરડીની જાત
૪૩ લીલી વરીયાળી
૪૪ લીલી હરડેની જાત

૪૫ લીલાં મરી
૪૬ રાહ ગુંદાં
૪૭ ગુંદાંની જાત
૪૮ સીતાફળ
૪૯ નારંગી
૫૦ મોસંબી
૫૧ લીંબુ
૫૨ અનનસ
૫૩ સફરજન
૫૪ પપનસ
૫૫ પપૈયા
૫૬ જામફળ
૫૭ ફાલસા
૫૮ તડબુજ
૫૯ કેળાંની જાત
૬૦ બીજોરાં
૬૧ નાળીએરની જાત
૬૨ શીંગોડાં
૬૩ દાડમની જાત
૬૪ બોરની જાત
૬૫ લીલી ખારેક
૬૬ લીલી બદામની જાત
૬૭ ચીકુ
૬૮ લીલી દ્રાક્ષ
૬૯ લીલાં અંજીર
૭૦ કેરીની જાત
૭૧ દાતણ (આવળ બાવળ કંબોઇ લીબડાનાં)
૭૨ પુંખ ( ઘઉંનો, જારનો, બાજરીનો )
૭૩ મકાઈ
૭૪ એલચીનાં પાંદડાં
૭૫ લીલા વાંસડાની જાત
૭૬ લીલી ચાહ
૭૭ લોલકુલ
૭૮ સીંગર
૭૯ ચીકણુ
૮૦ સ્ટોબરી
૮૧ પીચ
૮૨ લીલો કુદીનો
૮૩ શેતુર
૮૪ રાયણુ
૮૫ જાંબૂ
૮૬ લીલા ચણા
૮૭ કોબીજ
૮૮ કુલાવર

સુકી વનસ્પતિ શાક માટે બાર માસમાં મણ (   ) મારે વાપરવી કલ્પે ઉનાળામાં સવાર તથા સાંજની બે ઘડી સુધી, શીયાળામાં ચાર ઘડી સુધી અને ચોમાસામાં છ ઘડી સુધી ખુલ્લી અગાસીમાં બેસીને જમવું નહિ, પણ મુસાફરીમાં બહારગામ માંદગી તથા બીજા કોઈ સબલ કારણે જયણા. બીજા કોઈના ઘેર કોઇ પણ પ્રસંગે જમવા જવાની તથા તે જમણવારમાંથી આવેલી ભેળસેલ ચીજ વાપરવાની જયણા. આર્દ્રાથી ફાગણ સુદ ૧૫ સુધી કેરી ખાવાનો ત્યાગ. આર્દ્રાથી કારતક સુદ ૧૪ સુધી કાચી ખાંડ ખાવાનો ત્યાગ. બીડી હોકો પીવાનો તથા તમાકુ ખાવાનો ત્યાગ. છીંકણી ઘસવાની તથા સુંઘવાની જયણા.

## પંનર કર્માદાન ત્યાગ કરવાની રીતિ.

૧. **ઈંગાલ અંગારા કર્મ**-ઇંટના નળીયાના નિભાડા, ચુનાની ભઠ્ઠીઓ, કાષ્ટ બાળી કોલસા કરી વેચવા. સોની કુંભાર લુહાર ભાડભુજા સુખડીઆ અને કંસારાદિકના અગ્નિ સંબંધી કર્મનો વ્યાપારાર્થે ત્યાગ.

૨. **વન (ઝાડ) કર્મ**—ફળ ફુલ કંદ પત્ર ઝાડ વિગેરે છેદવા છેદાવવાનો વ્યાપાર અર્થે ત્યાગ. આઢ (     ) અને વાઢ (દાતરડાથી વાઢવાનો) ના વેપારનો ત્યાગ.

૩. **સાડી (શકટ=ગાડાં) કર્મ**—વાહન. ગાડાં, સીઘરામ નાવ વિગેરેના અવયવો (ધુંસરા પ્રમુખ)નો વેપાર અર્થે નવાં કરાવી વેચું નહિ ઘર માટે (   ) રાખવાની જયણા.

૪. **ભાડી કર્મ**—ગાડાં વ્હેલ ઉંટ ઘોડા બળદ વિગેરે

વાહનોનો આજીવિકા ચલાવવાને માટે તથા વેપાર અર્થે ભાડે આપવાનો ત્યાગ.

**૫. ફોડી કર્મ**—સરોવર કુવા વાવ જળાશય તથા પત્થર કોલસા અને માટીની ખાણ વિગેરેનો વેપાર અર્થે ખોદવા ખોદાવવાનો, વેપારાર્થે જવ ચણા ઘઉં મગ અડદ પ્રમુખ ધાન્યનો સાથવો તેમજ દાળ કરવા કરાવવાનો, શાળી (ડાંગર) પ્રમુખ ખેતીનો વેપાર કરવા કરાવવાનો, ઝવેરાતનો વેપાર કરવાનો તથા મોતી વિંધવા વિંધાવવાનો ત્યાગ.

**૬. દંત વાણિજ્ય**—હાથી દાંત, નખ, જીભ, કલેજું રોમ, સાબરનાં, શીંગડાં, શંખ કોડા કોડી કસ્તુરી કચકડો ઉન રેશમ ચામડું છીપ પ્રમુખ ત્રસ જીવોના અંગોપાંગનો આજીવિકા માટે વેપાર કરવાનો ત્યાગ.

**૭. લાખ વાણિજ્ય**—લાખ ગળી મહુડાં સાજીખાર સાબુ કસુંબો મણશીલ હળતાળ ધાવડી ટંકણખાર પ્રમુખનો આજીવિકાર્થે વેપાર કરવાનો ત્યાગ.

**૮. રસ વાણિજ્ય**—મધ મદિરા માંસ અને માખણના વેપારનો ત્યાગ. દૂધ દહીં ઘી તેલ ગોળ સાકર અત્તર રોગાન એ સર્વે રસના વેપારનો ત્યાગ કે જયણા લખવી.

**૯. કેશ વાણિજ્ય**—મનુષ્ય અને તિર્યંચ સંબંધી કેશ પીછાં વિગેરેના વેપારનો આજીવિકાર્થે લેવા વેચવાનો ત્યાગ.

**૧૦ વિષ વાણિજ્ય**—અફીણ સોમલ વચ્છનાગ વિગેરે સર્વ જાતના ઝેરનો આજીવિકાર્થે વેપાર કરવાનો ત્યાગ.

**૧૧. યંત્ર પીલણ કર્મ**—ઘાણી ચરખા કોલુ (શેરડી પીલવાનું યંત્ર) બૉયલર મીલ પ્રેસ મોટર રેલ્વે સ્ટીમર

વહાણુ એરોપ્લેન ઈલેકટ્રીક મશીનગન વિગેરે યંત્રો રાખવાનો ત્યાગ. ઉસલ (ખાયણીઓ) મુસલ (સાંબેલું) અને ઘંટી વિગેરે સંબંધી વેપારનો ત્યાગ. પણુ શેરો રૂપીયા ( ) સુધીના રાખવાની જયણા.

**૧૨ નિર્લાંછન કર્મ**—દ્વિપદ ચતુષ્પદનાં નાક કાન વિગેરે અવયવો છેદવા છેદાવવાનો ત્યાગ.

**૧૩ દાવાગ્નિ દાનકર્મ**—ક્ષેત્ર વન પહાડ અને ગામ બાળવાના ઈરાદાથી અગ્નિ આપવા અપાવવાનો ત્યાગ.

**૧૪ શોષણુ કર્મ**—બીજાનાં સરોવર વાવ કુંડ કુવા વિગેરેનાં પાણી ઉલેચાવવાનો ત્યાગ.

**૧૫ અસતી પોષણુ કર્મ**—હિંસક પશુ પક્ષી દાસ દાસીનો વેપાર તથા ક્રીડા હેતુએ લેવા વેચવાનો ત્યાગ.

સાતમા વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

**૧. સચિત્ત આહાર**—સચિત્ત વસ્તુનો ત્યાગ કર્યા છતાં અનુપયોગે ભૂલથી સચિત્ત ખાવું તે.

**૨. સચિત્ત પ્રતિબદ્ધ આહાર**—સચિત્તનો ત્યાગ કર્યા છતાં તેની સાથે સંબંધવાળી વસ્તુ ખાવી તે,

**૩ અપકવાહાર**—સચિત્ત મિશ્ર કાચો આટો વિગેરે અચિત્ત બુદ્ધિએ ખાવો તે.

**૪ દુષ્પકવાહાર**—કાંઈક કાચા પાકા પુંખ ખાવા તે.

આ ચાર અતિચાર સચિત્તના ત્યાગી અથવા સચિત્તનું પ્રમાણુ કરનાર સંબંધી છે.

**૫. તુચ્છ ઔષધિ આહાર**—જે વસ્તુ ખાવાથી તૃપ્તિ ન થાય અને તેને મેળવતાં તથા ખાતાં આરંભ ઘણો થાય એવી બોર વિગેરે વનસ્પતિ ખાવી તે.

**૧. ઈંગાલકર્મ**—આદેશ ઉપદેશ અને ધીરવાની જયણા. ઘરકામ અને જમણકામ કરાવવાની જયણા. ધૂપેલ પાડવા પડાવવાની જયણા મીલના શેરો, પ્રેસ વિગેરેના શેરો લેવાની તથા વસ્ત્ર રંગાવવા ધોવરાવવા નિખરાવવા વિગેરેની જયણા. ઘરેણાં અને ઘરકામ નિમિત્તે ધાતુ ગળાવવાની જયણા. ઘર હાટ ચણાવવા માટે તૈયાર ઈંટ ચુનો નળીયાં વિગેરે લેવા વેચવા તથા કોઈને વેચવા આપવાની તથા ઘરકામે અને સગા સંબંધી અર્થે કંસારા પાસે વાસણ કરાવવાની તથા વેચાતાં આપવાની જયણા.

**૨. વન કર્મમાં**—ઘરના પશુઓ માટે ઘાસ વિગેરે લેવા મંગાવવા તેમજ બીજાને વેચાતાં આપવાની જયણા. ઔષધ નિમિત્તે છેદવા છેદાવવાની, ઘરમાં કોઇ વસ્તુ હોય તે વેચવાની તથા આપવાની, અનાજ દળવા દળાવવા, ખાંડવા ખંડાવવા, ભરડવા ભરડાવવા વિગેરેની જયણા. પોતાના કુટુંબ પરિવાર અથવા સગાં સંબંધી માટે કોઈની ચીજ માગી લાવીને ઉપયોગમાં લેતાં ભાગી જાય તો તે દુરસ્ત કરાવવાની તથા નવી લાવી આપવાની જયણા.

૩. **સાડી કર્મમાં**—ગાડાં વિગેરે ઘર માટે કરાવ્યાં હોય અને પસંદ ન પડે તો વેચવાની તથા સુધરાવવાની જયણા.

૪. **ભાડી કર્મમાં**—પોતાનાં કે સગાં વહાલાંનાં ઘર દુકાનો વિગેરે ભાડે આપવાની તથા કાર્ય પ્રસંગે દ્વિપદ કે ચતુષ્પદ ઉપર બેસવાની જયણા. તેમાં સમજવાનું કે ઉંટ વિગેરેને તાડન કરવાથી મહાન્ દુઃખ અને ચલાવતાં ત્રસજીવોની હિંસા થાય છે.

**૫. ફોડી કર્મમાં**—ધર્મ સ્થાનકે કુંડ વિગેરે કરાવવાની, પરમાર્થ બુદ્ધિએ અન્ય સ્થાને પણ કુવા વિગેરે સુધરાવવા સમરાવવાની, તેમજ લોકની દાક્ષિણ્યતાએ તેવા કાર્યમાં દ્રવ્યાદિકની મદદ આપવાની, ઘરમાં ખાળ ભોંયરાં ટાંકાં વિગેરે કરાવવા તથા સમરાવવાની, ઘર માટે ઝવેરાત લેવા વેચવાની તથા દાગીના ઘડાવવાની જયણા. સ્વજન સ્નેહી પરિવારને માટે ઘઉં મગાદિ ભરડવા ભરડાવવાની તથા ડાંગર ખાંડવા ખંડાવવાની જયણા.

**૬. દંત વણિજ્ય**—હાથી દાંત મોતી વિગેરે ચીજો પોતાના ઘરમાં હોય, તેને વેચવા, વાપરવા તથા માગ્યાં આપવાની તથા પોતાના કુટુંબ પરિવાર અને સગાં સ્નેહીઓને માટે લેવા મંગાવવા અને આદેશની જયણા.

**૭. લાખ વાણિજ્ય**—ઘર તથા સગાં સંબંધી માટે કાર્ય પડવાથી લેવા વેચવા અને વાપરવાની જયણા.

**૮. રસ વાણિજ્ય**—સગાં સ્નેહી માટે લાવેલા અથવા ઘરમાં હોય તે ઘી ગોળ વિગેરે વેચવા વાપરવાની જયણા.

**૯. કેશ વાણિજ્ય**—ઘર તથા સગાં સંબંધી માટે કાર્ય પડવાથી ઉન પીછાં વિગેરે લેવા વેચવા અને વાપરવાની જયણા.

**૧૦. વિષ વાણિજ્ય**—ઔષધ નિમિત્તે આપવા અપાવવા તથા લેવાની જયણા.

**૧૧. યંત્ર પીલણ કર્મ**—છરી ચપ્પુ સુડી કાતર મોટર ઉસલ મુસલ ઘંટી ખાંડણી પરા, ખાયણીઓ વિગેરે ઘરમાં વપરાતી વસ્તુઓ માગ્યાં આપવાની તથા વેચવાની જયણા. મીલ પ્રેસ

ઘંટી વિગેરેમાં કામ કરાવવાની તથા તેવા ખાતામાં કોઈને નોકરી રખાવી આપવાની જયણા. મારી જીંદગીના છેલ્લા શ્વાસોશ્વાસે આત્માથી ભિન્ન તમામ પર પુદ્ગલ આદિ વસ્તુ, જે મેં ઉપભોગને માટે છૂટી રાખી હોય તેને તથા ગત ભવોના અધિકરણો એટલે હથીઆર દેહાદિ પર વસ્તુને વોસિરાવવા જેવી મારી સ્થિતિ ન હોય તો તે તમામને તે વખતને માટે હાલથી વોસિરાવું છું.

**૧૨. નિર્લાંછન કર્મ**—ઘરનાં પશુ તથા છોકરાંઓના નાક કાન વિગેરે વિંધાવવાની તથા રોગાદિક કારણે અવયવો છેદાવવાની જયણા.

**૧૩. દાવાગ્નિ દાન કર્મ**—ક્ષેત્ર વન પહાડ અને રસ્તામાં રસોઈ આદિ માટે અગ્નિ સળગાવવાની જયણા. પણ તેને ઓલવવા ઓલવાવવાનો ખપ કરૂં અથવા કરાવું. અકસ્માત્ ઘર સળગે અને વાયુના પ્રયોગથી આગ લાગતી વધતી જતી હોય, તો તેને અટકાવવાના ઉપાય લેવાની, પાણી છાંટવા છંટાવવા વિગેરેની જયણા. આવા પ્રસંગે રાખેલા પરિમાણના નિયમ ઉપરાંત પાણીની જયણા. ઓલવવાની શક્તિના અભાવે હિંસાદિક થાય, તોપણ મારા મનના નિર્મળપણાથી મારૂં વ્રત ભાગે નહિ.

**૧૪ શોષણ કર્મ**—પોતાના ઘરનાં ટાંકાં કુવા વિગેરેનાં પાણી ઉલેચવા કે ઉલેચાવવાની જયણા. ઉપકારની બુદ્ધિએ અન્ય કુવા વિગેરેમાં દ્રવ્ય આપવાની જયણા.

**૧૫ અસતી પોષણ કર્મ**—આદેશ ઉપદેશની જયણા. હિંસક ધંધો કરનાર માછીમાર પારધી કસાઈ વિગેરેને ધીરવાનો ત્યાગ. અનુકંપાએ મફત દેવાની તથા ભૂલથી જયણા.

એ રીતે પંનરે કર્માદાનમાં ઘર નોકરી દાક્ષિણ્યતા અને ચાલતા લહેણા વિગેરેમાં જે જે ચીજ આવે અને તેને લીધે જે જે કર્માદાનોની ક્રિયા કરવી પડે તેમજ કર્માદાનથી બનેલી ચીજ લેવી દેવી કે વેચવી પડે તેની જયણા. કર્માદાનનો ધંધો શિખવા માટે પોતાના પુત્રાદિકને મોકલવો પડે તેની જયણા. ભોગોપભોગનાં સાધન વધારવા માટે કર્માદાનની પ્રવૃત્તિ ન થઈ જાય તેટલા માટે તે પછી કર્માદાન જણાવ્યાં છે. અને આ વ્રત પાળવાથી કર્મબંધ આવતો અટકે છે.

(     ) તિથિએ ખાંડવું દળવું લીંપવું અને ધોવું નહિ. રસોઈને વખાણીને જમવી નહિ.

આ સાતમા વ્રતના પાંચ તથા પંનર કર્માદાનના પંનર અતિચાર મળીને ૨૦ અતિચાર સાતમા વ્રતમાં આવે છે.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ૪ આગાર, ૪ બોલ, ૭ છીંડી, ૭ સાક્ષી રાખીને, ૨૧ ભાંગામાંથી અનુકુલ (     ) ભાંગાએ પાળું.

## આઠમું અનર્થદંડ વિરમણ વ્રત.

(૧) સ્વજન કુટુંબના કારણે, (૨) ધનની વૃદ્ધિ માટે અને (૩) ધનની હાની દૂર કરવા માટે (૪) ઈંદ્રિયોના ભોગોપભોગને માટે પાપ કર્મ કરવું તે **અર્થદંડ** કહેવાય. પરંતુ સ્વજન કુટુંબઆદિ ૪ કારણો વિના નકામી પાપ પ્રવૃત્તિ કરવી તે **અનર્થદંડ** કહેવાય છે. કારણ વિના, ક્રીડાની ખાતર, શોખની ખાતર અન્ય જીવોને કદર્થના થાય તેવાં કાર્યો કરવાં કરાવવાં અને તેવાં કાર્યમાં રસીક બની આત્માને નકામા પાપનો ભાગીદાર બનાવવો તે અનર્થદંડ. તેનો ત્યાગ કરવો તે અનર્થદંડ વિરમણ વ્રત કહેવાય.

અનર્થદંડના ચાર ભેદ ૧ **અપધ્યાન, ૨ પાપોપદેશ, ૩ હિંસાપ્રદાન, ૪ પ્રમાદાચરિત,** અપધ્યાનના બે ભેદ. **૧ આર્તધ્યાન,** અને **૨ રૌદ્રધ્યાન.** આર્તધ્યાનના ચાર ભેદ. ૧ ઈષ્ટ વિયોગ, ૨ અનિષ્ટ સંયોગ ૩ રોગ નિદાન ૪ અગ્રશૌચ (ભવિષ્યને માટે ચિંતા.) રૌદ્ર ધ્યાનના ચાર ભેદ. ૧ હિંસાનંદ ૨ મૃષાનંદ, ૩ ચૌર્યાનંદ, ૪ સંરક્ષણાનંદ.

**આર્તધ્યાન**—ભોગના સાધનોની વિચારણા કરવી તે.

**૧. ઈષ્ટ વિયોગ આર્તધ્યાન**—પોતાનાં ઈષ્ટ સ્વજનાદિ તથા નવવિધ પરિગ્રહનો વિયોગ થતાં પ્રમાદાદિક વડે દુર્ધ્યાન કરવું તે. એટલે ખાય નહિ. પીએ નહિ. આત્મઘાત કરવાનો વિચાર કરે તે.

**૨. અનિષ્ટ સંયોગ આર્તધ્યાન**—ઈંદ્રિય સુખને વિઘ્ન કારક અનિષ્ટ શબ્દાદિક અને પ્રતિકુળ સ્વજનાદિકના સંયોગે તેમના વિયોગને માટે ચિંતા કરવી તે.

**૩. રોગ નિદાન આર્તધ્યાન**—શરીરનો રોગ ઓસડ આદિથી ન મટતો હોય ત્યારે અભક્ષ્યાદિ વસ્તુઓ ખાઈને પણ રોગ દૂર કરવાની ચિંતા કરવી તે.

**૪. અગ્ર શૌચ આર્તધ્યાન**—ભવિષ્યકાળને માટે અનેક પ્રકારની ચિંતા કરવી તે. જેમકે;–દુકાળ લડાઈ વિગેરેનો અત્યંત વિચાર કરવો તે.

**રૌદ્ર ધ્યાન**—નિર્દયપણે જીવહિંસાદિકની વિચારણા કરી ખુશી થવું તે.

**૧. હિંસાનંદ રૌદ્ર ધ્યાન**—ઘર હાટ બાગ બગીચા વિગેરે આરંભનાં કામો કરાવી, ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કર્યા વિના ભોજનમાં માલમસાલા નાંખી આનંદ પૂર્વક ખાવાથી, તથા લડાઈની વાતો સાંભળી ખુશી થાય તે.

**૨ મૃષાનંદ રૌદ્રધ્યાન**—જુઠું બોલી છળકપટ કરી પોતાની ચતુરાઈ માટે મનમાં બહુ હરખાય તે.

**૩ ચૌર્યાનંદ રૌદ્રધ્યાન**—તોલમાં ઓછું આપી વધારે લેવા રૂપ છલ કપટથી અથવા ચોરી લૂંટ કરાવી પારકું દ્રવ્ય લઈ ખુશી થાય તે.

૪. **સંરક્ષણાનંદ રૌદ્રધ્યાન**-નવવિધ પરિગ્રહ ઘણો વધારી, ધર્મકાર્યમાં ન વાપરી, અત્યંત મૂર્છા રાખી, સગા દીકરા આદિનો વિશ્વાસ ન કરતાં, તેના રક્ષણ માટે તીજોરી આદિનાં તાળાં વારંવાર ઢંઢોળીને આનંદ માને તે.

ઉપરનાં આર્ત અને રૌદ્ર ધ્યાન બનતા પ્રયાસે ન ધ્યાવવાનો ખપ કરૂં, કદાચ પ્રમાદાદિક વડે તેવું દુર્ધ્યાન થાય તો તેને સારૂં જાણું નહિ. અને સગાં સંબંધીના મરણ પ્રસંગે કદાચ દુર્ધ્યાન થાય તો તેની જયણા.

**૨. પાપોપદેશ**-સ્વાર્થ વિના આરંભી પાપ કાર્યની પ્રેરણા કે ઉપદેશ ન દેવાની ઈચ્છા રાખું. પારકી કન્યાઓના વિવાહ, ઘંટાકર્ણાદિ મંત્રો, યંત્રો, ગર્ભાધાનાદિ પાપના ઉપદેશ બનતા ઉપાયે દઉં નહિ, ઉપયોગ ન રહેવાથી દેવાય તો જયણા. પણ તેને સારા જાણું નહિ.

**૩. હિંસા પ્રદાન**-જે અધિકરણો (શસ્ત્રો) વાપરવાથી હિંસા તથા બીજાને આપવાથી હિંસાની પુષ્ટિ થાય, તેવાં અધિકરણો ઘંટી ખાયણીઓ, સાંબેલું છરી ચપ્પુ કાતર સુડી કોદાળી કોશ પાવડો અસિ (તરવાર) શસ્ત્ર વિગેરે સગાં સંબંધે શરમથી અથવા મોહની દાક્ષિણ્યતાએ લેવા દેવાની જયણા. બનતાં સુધી નહિ આપવાની ઈચ્છા રાખું. પ્રમાદથી કાંઈ અનર્થ થાય તેની જયણા. પણ તેને સારૂં જાણું નહિ.

**૪ પ્રમાદાચરિત**—ભવૈયા-બજાણીયા-વાંદરા-નાટક-રીંછ-નટ અને મદારીના ખેલ, સરકસ સીનેમા તાબુત જોવાનો ત્યાગ, સોગટાબાજી ગંજીપાથી રમવાનો ત્યાગ, કદાચ ઉપયોગ શૂન્ય થવાથી અથવા રસ્તામાં જતાં જોવાય તો જયણા. પણ યાદ આવે તો તેનો ત્યાગ કરૂં. દાવ માંડીને જુગટું રમવાનો ત્યાગ. ફાંસી દે ત્યાં જોવા જવાનો ત્યાગ. જતાં આવતાં જોવાય તેની જયણા. પશુ પક્ષીને ક્રીડાર્થે પાંજરે ઘાલવાનો ત્યાગ. ઉંદર નોળીયા વીંછી સર્પ વિગેરેને પકડવા પકડાવવાની જયણા. હોળીની રમત ગમતમાં જવાનો ત્યાગ. રેડીયો ફોનોગ્રાફ વિગેરે સાંભળવાની, ફટાકડા વિગેરે લેવા આપવાની જયણા. તથા સ્વપ્નાવસ્થામાં તેવું કાંઈ કામ થઇ જાય તેની જયણા. મદ્ય (મદિરા) વિષય (કામભોગ) કષાય (ક્રોધ માન માયા લોભ) પ્રમાદ નિદ્રા અને વિકથાઓ ( રાજકથા દેશકથા સ્ત્રીકથા અને ભક્ત [ ભોજન ] ની કથા ) ને સારી જાણું નહિ.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

૧ **કંદર્પ ચેષ્ટા**—જે ચેષ્ટાથી કામ ક્રોધાદિ ઉત્પન્ન થાય તેવી કાય ચેષ્ટા કરવી.

૨ **કૌકુચ્ય કથન**—શૃંગારાદિ રસની વાતો કરવી કે જેથી કામ વિકાર સ્વ પરને જાગૃત થાય તે.

૩ **મુખરી**—વાચાળપણાથી અપશબ્દ વિગેરે બોલવા તે.

૪ **અધિકરણ**-પોતાના ખપ કરતાં વધારે અધિકરણ મેળવીને સજ્જ કરી તૈયાર રાખે કે જેથી તત્કાળ તેનો બીજો કોઈ ઉપયોગ કરે. જેમકે:-ઘંટી સાથે ખીલી માંકડી. પાવડા સાથે હાથો. તેવાં હથીઆરો વિના સંબંધે, અણમાગે, વિના દાક્ષિણ્યતાએ બીજાને ચાહીને આપે તે. બંદુક તોપ મશીનગન ઍામ્બ અને હળનો વેપાર સજ્જ કરવા કરાવવાનો ત્યાગ. અધિકરણમાં ઘંટી સાંબેલું નિસાહ પાવડા કોદાળી વિગેરે ઘર ઉપયોગી વસ્તુઓ સજ્જ કરવા કરાવવાની તથા શરમથી, દાક્ષિણ્યતાથી અશક્ય પરિહારથી આપવું કહેવું કે બતાવવું પડે તેની જયણા.

૫ **ભોગોપભોગાતિરિક્ત**-ભોગોપભોગ વસ્તુ (સ્નાન આહાર વિલેપન વાસણ આદિનાં સાધનો) પોતાના ખપ કરતાં વિશેષ રાખવાં કે જેથી બીજાને તેના ઉપભોગની ઇચ્છા થાય તે.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ૪ આગાર, ૪ બોલ, છ છીંડી, છ સાક્ષી રાખીને, ૨૧ ભાંગામાંથી અનુકુલ (      ) ભાંગાએ પાળું.

## નવમું સામાયિક નામે પહેલું શિક્ષાવ્રત.

**શિક્ષાવ્રત**—પૂર્વે કહેલાં આઠે વ્રતને પુષ્ટિકારક તથા આત્મગુણને પ્રકટ કરવામાં શુદ્ધ અભ્યાસ પાડવા રૂપ.

**સામાયિક**--જેનાથી જ્ઞાન દર્શન અને ચારિત્ર તથા સમતાનો લાભ થાય તે.

દ્વિવિધ (બેકરણ) અને ત્રિવિધ (ત્રણ યોગ) વડે બે ઘડીના સાવદ્ય વેપારના ત્યાગ રૂપ સામાયિક એક માસ કે વરસમાં ( ) તથા પ્રતિક્રમણ ( ) કરવાં. કદાચ ન બને તો પૌષધ કરીને પણ વાળી આપું. દરરોજનું પ્રતિક્રમણ સામાયિકમાં ગણું કે ન ગણું તેની નોંધ કરવી. પરન્તુ અહો રાત્રી પૌષધનાં પ્રતિક્રમણ સહિત ૩૦ સામાયિક ગણું. અને દિવસના પૌષધનાં સામાયિક ૧૫ ગણું તથા એકલી રાત્રિના પૌષધનાં સામાયિક ૧૦ ગણી નિરૂપાયે તે રીતે પૂરાં કરૂં. પોતાની અશક્તિ, જાત્રા, અંતરાય, સગામાં રોગાદિક હોય તેવાં કારણથી બાંધેલી મુદતમાં ન બની શકે તેની જયણા. પણ પછીથી પૂર્ણ કરી આપું.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

**૧. મન દુષ્પ્રણિધાન**-ક્રોધ લોભ અભિમાન ઇર્ષાદિકથી મનમાં માઠું આર્ત કે રૌદ્ર ધ્યાન ધ્યાવવું તે.

**૨. વચન દુષ્પ્રણિધાન**-સાવદ્ય (પાપવાળું) વચન બોલવું તે.

**૩. કાય દુષ્પ્રણિધાન**-હાથ પગ વિગેરે અવયવ પૂંજ્યા પ્રમાર્જ્યા વિના હલાવે. ભીંતે ઓઠું દે. ઉંઘે તે.

**૪. અનવસ્થા**-અવિનયનપણે બે ઘડી કરતાં ઓછા વખતે સામાયિક પારવું તે.

**૫. સ્મૃતિ વિહીન**–સામાયિક લેતાં પારતાં ભૂલી જવું તથા વખત વિગેરેની શંકા (ભ્રાંતિ) થવી તે.

**પ્રથમ મનના દશ દોષ.**

**૧ અવિવેક**–સામાયિકમાં સર્વ ક્રિયા કરે, પણ વિવેક રહિતપણે કરે. મનમાં એમ વિચારે કે સામાયિક કર્યાથી કોણ તર્યું છે? એવા કુવિકલ્પ કરે તે.

**૨ યશવાંછાઃ**–સામાયિક કરીને યશ કીર્તિની ઈચ્છા કરે તે.

**૩ ધનવાંછાઃ**–સામાયિક કરી તેનાથી ધન મેળવવાની ઈચ્છા રાખે તે.

**૪ ગર્વ દોષઃ**–સામાયિક કરીને મનમાં અભિમાન કરે કે હું જ ખરો ધર્મી છું, મને સારી રીતે સામાયિક કરતાં આવડે છે, બીજા મૂર્ખ લોકોને શી ગમ પડે એવું વિચારે તે.

**૫ ભયદોષઃ**–લોકોની નિંદાથી ડરીને સામાયિક કરે તે.

**૬ નિદાન દોષઃ**–સામાયિક કરીને નિયાણું કરે કે આ સામાયિકના ફળથી મને ધન, સ્ત્રી, પુત્ર, રાજ્ય, ઈંદ્ર, ચક્રવર્તિ આદિની પદવી મળે તો સારું.

**૭ સંશય દોષઃ**–સામાયિક કરે પણ મનમાં સંશય કરે કે કોણ જાણે સામાયિકનું શું ફળ થશે? આગળ જતાં એનું ફળ મળશે કે નહીં? એવી શંકા રાખે તે.

**૮ કષાય દોષઃ**–સામાયિકમાં કષાય કરે અથવા ક્રોધ યુક્ત મન છતાં સામાયિક કરે તે.

**૯ અવિનયઃ**–વિનય રહિતપણે સામાયિક કરે તે.

**૧૦ અબહુમાનઃ**–બહુમાન ભક્તિભાવ ઉત્સાહ પૂર્વક સામાયિક ન કરે તે.

## વચનના દશ દોષ.

૧ **કુવચન**–સામાયિકમાં કુવચન, કર્કશ વચન બોલે તે.

૨ **સહસાત્કાર**–અવિચાર્યું, ઉપયોગ વિના સામાયિકમાં બોલે તે.

૩ **અસત્ આરોપણ**–સામાયિકમાં કોઇને ખોટું આળ દે.

૪ **નિરપેક્ષ વાકય**–સામાયિકમાં શાસ્ત્રની અપેક્ષા રાખ્યા વિના પોતાની મરજી પ્રમાણે બોલે તે.

૫ **સંક્ષેપ**–સામાયિકમાં સૂત્ર પાઠ સંક્ષેપથી કરે. અક્ષર પાઠાદિ યથાર્થ કહે નહીં તે.

૬ **કલહ**–સામાયિકમાં સાધર્મી સાથે કલેશ કરે તે.

૭ **વિકથા**–સામાયિકમાં રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભક્ત કથા કરે તે.

૮ **હાસ્ય**–સામાયિકમાં બીજાની હાંસી મશ્કરી કરે તે.

૯ **અશુદ્ધ પાઠ**–સામાયિકના સૂત્રપાઠ શુદ્ધ બોલે નહીં. સંપદા હીન, હસ્વ દીર્ઘનું ભાન રાખ્યા વિના માત્રાહીન અધિક કરીને પાઠ ઉચ્ચારે તે.

૧૦ **મુણમુણ**–સામાયિકમાં પ્રગટ સ્પષ્ટ અક્ષરોચ્ચાર ન કરે, માખીની પેઠે ગણગણાટ કરીને પાઠ પૂરો કરે તે.

## કાયાના બાર દોષ.

૧ **આસન**–સામાયિકમાં પગ ઉપર પગ ચઢાવીને બેસે અથવા વસ્ત્રવડે બાંધીને બેસે તે.

૨ **ચલાસન**–આસન સ્થિર રાખે નહીં, ઉપયોગ વિના જતના રહિત આસન ફેરવ ફેરવ કરે તે.

૩ **ચલદષ્ટિ**–ચપળપણે ચારે દિશાએ ચકિત મૃગની પેઠે નેત્રો ફેરવે તે.

૪ **સાવદ્યક્રિયા**-કાયાએ કરી કાંઈ સાવદ્ય ક્રિયા કરે અથવા સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે તે.

૫ **આલંબન**-ભીંત, થાંભલા, પ્રમુખનું ઓઠું લઈને બેસવું તે, કેમકે પૂંજ્યા વિનાની દીવાલે પીઠ દેવાથી તેના પર બેઠેલા જીવોનો ઘાત થાય. વળી નિદ્રા પણ આવે.

૬ **આકુંચન પ્રસારણ**-સામાયિક લીધા પછી પ્રયોજન વિના, હાથ પગ સંકોચે, લાંબા કરે તે. પ્રયોજન પડે તો પૂંજી પ્રમાર્જીને તેમ કરે.

૭ **આલસ્ય**-સામાયિકમાં આલસ મરડે, કમ્મર વાંકી કરે, પ્રમાદ સેવે તે.

૮ **મોટન**-સામાયિકમાં આંગળી પ્રમુખને વાંકી કરીને ટાચકા પાડવા તે.

૯ **મલ**-સામાયિકમાં મેલ, નખ ઉતારે, ખજવાળે (ખરજ સહન ન થાય તો પૂંજી પ્રમાર્જીને જતના પૂર્વક કરે.)

૧૦ **વિમાસણ**-સામાયિકમાં હાથનો ટેકો દે, અથવા ગળામાં હાથ દઈને બેસે તે.

૧૧ **નિદ્રા**-સામાયિક લેઈને ઉંઘે તે.

૧૨ **આચ્છાદન**-ટાઢ ઘણી વાહવાથી પોતાનાં બધાં અંગોપાંગ વસ્ત્રથી ઢાંકવાં તે.

ઉપર કહ્યા પ્રમાણે ૧૦ મનના, ૧૦ વચનના અને ૧૨ કાયાના મળી બત્રીસ દોષ સામાયિકમાં ટાળવાનો ખપ કરવો.

સામાયિકના ૩૨ દોષોમાંથી જેટલા દોષો તજાય તેટલા તજું અને જે કોઈ દોષ લાગે તેને સારા જાણું નહિ.

ઉપર કહી ગયા તે પ્રમાણે બત્રીસ દોષ રહિત એક સામાયિકનું ફળ શ્રી જૈન આગમમાં વ્યવહારથી બાણું ક્રોડ ઓગણસાઠ લાખ, પચીસ હજાર નવસેં પચીસ અને આઠ નવમાંસ (૯૨,૫૯,૨૫,૯૨૫૬/૯) પલ્યોપમ દેવતાનું આયુષ્ય બાંધે અને નરક ગતિ કાપે, માટે શ્રાવકે દરરોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવું કે જેથી જન્મ સફળ થાય. આ તો વ્યવહારથી શુદ્ધ સામાયિકનું ફળ કહ્યું, પણ નિશ્ચય શુદ્ધ ઉપયોગથી સામાયિકનું ફળ અનંતગણું છે એટલે તે યાવત્ સિદ્ધિસ્થાને પહોંચાડે માટે સામાયિક એકાંતે ઉપાદેય છે.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ૪ આગાર, ૪ બોલ, ૭ છીંડી, ૭ સાક્ષી રાખીને, ૨૧ ભાંગામાંથી અનુકુલ (     ) ભાંગાએ પાળું.

## દસમું દેશાવગાસિક નામે બીજું શિક્ષાવ્રત.

આ વ્રતમાં સચિત્તાદિ ૧૪ નિયમો તથા બારે વ્રતનો સંક્ષેપ કરવાનો છે. સાવદ્ય વ્યાપાર ઓછો થાય તેમ કરૂં.

છઠ્ઠા દિશિ પ્રમાણ વ્રતમાં રાખેલી દિશા પ્રમાણનું સંક્ષેપ કરી અમુક દિવસે ક્ષેત્રાદિનું પ્રમાણ કરી દશ સામાયિક સવાર તથા સાંજના પ્રતિક્રમણ સહિત કરવાં તેને દેશાવગાસિક કહેવાય. એવું દેશાવગાસિક એકાશનાદિ પૂર્વક એક વર્ષમાં (       ) વાર કરૂં. ક્ષેત્ર મર્યાદા કરવી અથવા ૧૪ નિયમાદિ ધારવા અને બને તો દશ સામાયિક કરૂં. રોગાદિ અશક્તિના કારણે જયણા. પણ શક્તિ આવે અને સાજા થવાય, તો બાકી રહેલું વ્રત પછીથી કરી આપું. કાગળ તાર લખવો વાંચવો પડે તેની જયણા. દિશીના સંક્ષેપથી કાંઈ ચીજ મંગાવવી તથા મોકલવી પડે તેની જયણા.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

૧. **આનયન પ્રયોગ**-નિયમ કરેલી ભૂમિકાની બહારથી કાંઈ મંગાવવું તે.

૨. **પેસવણ પ્રયોગ**-નિયમ કરેલી ભૂમિકાની બહાર કાંઈ મોકલવું તે.

૩ **શબ્દાનુપાતિ**-શબ્દ કરીને બોલાવે.

૪ **રૂપાનુપાતિ**-નિયમ કરેલી ભૂમિની બહાર રહેલાને ખોંખારાદિ શબ્દ કરીને પોતાનું રૂપ દેખાડે.

૫ **પુદ્દગલ પ્રક્ષેપ**-કાંકરો વિગેરે નાંખી પોતા (છતા) પણું જણાવે તે.

ઉપરના પાંચ અતિચાર મધ્યે પહેલા બે અજ્ઞાનપણાથી

લાગે છે અને પાછળના ત્રણ કપટપણાથી તેમજ પોતાના મતલબની વાતચિત કરવાથી લાગે છે. તેમને જાણવા, પણ આદરવા નહિ.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ૪ આગાર, ૪ બોલ, ૭ છીંડી, ૭ સાક્ષી રાખીને, ૨૧ ભાંગામાંથી અનુકુલ (      ) ભાંગાએ પાળું.

## ૧૧મું પૌષધ નામનું ત્રીજું શિક્ષા વ્રત.

**પૌષધ**–ધર્મની પુષ્ટિ કરે તે. તેના ચાર ભેદ. ૧ આહાર પૌષધ. ૨. શરીર સત્કાર પૌષધ. ૩. બ્રહ્મચર્ય પૌષધ. અને ૪. અવ્યાપાર પૌષધ.

**૧ આહાર પૌષધ**–તેના બે ભેદ છે, દેશથી અને સર્વથી. દેશથી એટલે એકાસણું, નિવિ, આયંબિલ, તિવિહાર ઉપવાસ સહિત દીવસ કે રાત્રિનો પૌષધ અને સર્વથી એટલે ચૌવિહાર ઉપવાસ અને આઠ પહોરનો પૌષધ.

**૨ શરીર સત્કાર પૌષધ**–સર્વથી સ્નાન વિલેપનાદિ વડે સુશ્રુષા ( શોભા ટાપ–ટીપ ) કરવી નહીં,

**૩ બ્રહ્મચર્ય પૌષધ**–સર્વથા બ્રહ્મચર્ય પાળવું.

**૪ અવ્યાપાર પૌષધ**–સંસારિક વ્યાપારાદિક કરવાનો સર્વથા ત્યાગ. એ પ્રમાણેનો પૌષધ એક વર્ષમાં (      ) ચાર પહોરના અથવા આઠ પહોરના કરવા. ચાર કે આઠ પહોરનો પૌષધ વખતે મોડો લેવાય તો નિયમ સાંજે પ્રતિક્રમણ અને સવારે સૂર્યોદય થાય ત્યાં સુધીનો છે. તપ એકાશનાદિ તે દિવસે કરવો, રોગાદિ અશક્તિના કારણે ન બની શકે તેની જયણા. પણ શક્તિ આવે ને સાજા થવાય, તો પછીથી બાકી રહેલું પૌષધ વ્રત ઉપવાસ કે એકાશનાદિથી કરી આપું.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

૧. સંથારાની જમીન ન પડિલેહવી અને ન પ્રમાર્જવી તે.

૨. સંથારાની જમીન બરાબર ( નિર્દોષ ) ન પડિલેહવી અને ન પ્રમાર્જવી તે.

૩. સ્થંડિલ પરઠવવાની જમીન ન પ્રમાર્જવી અને ન પડિલેહવી તે.

૪. સ્થંડિલ પરઠવવાની જમીન બરાબર (નિર્દોષ) ન પ્રમાર્જવી અને ન પડિલેહવી તે.

૫. પૌષધમાં ભોજન વિગેરે સંબંધી ચિન્તા કરવી. જેમકેઃ—પ્રભાતે અમુક ચીજો કરાવીને આહાર કરીશ, ફલાણું કામ કરવા ફલાણે ઠેકાણે જવું પડશે, અમુક માણસને ત્યાં ઉઘરાણી છે, ત્યાં તગાદો કર્યા વિના આપશે નહીં. વળી શરીર થાકી ગયું છે, માટે સવારે તેલ ચોળાવી ગરમ પાણીથી નાહીશું. અમુક પોશાક પહેરીશું, સ્ત્રી સાથે ભોગવિલાસ કરીશું ઇત્યાદિ સાવદ્ય ચિંતવન કરે તથા સંધ્યા સમયે સ્થંડિલ શોધન ન કરે. પોસહમાં વિકથા કરે, નિદ્રા કરે. પોસહમાં અઢાર દોષ ન ટાળે તે.

### પોસહના અઢાર દોષ નીચે મુજબ.

૧ પોસહમાં વ્રતી સિવાયના બીજા શ્રાવકનું આણેલું પાણી ન પીવું.

૨ પોસહ નિમિત્તે સરસ આહાર લેવો નહીં.

૩ પોસહ કરવાના આગલે દીવસે ઉત્તરપારણામાં વિવિધ પ્રકારે સ્વાદિષ્ટ પદાર્થોનો સંયોગ મેળવીને આહાર કરવો નહિ.

૪ પોસહમાં અથવા પોસહ નિમિત્તે આગલે દીવસે દેહ વિભૂષા કરવી નહીં.

૫ પોસહ નિમિત્તે વસ્ત્રાદિક ધોવાં કે ધોવરાવવાં નહિ.

૬ પોસહ નિમિત્તે આભૂષણ ઘડાવી પહેરવાં નહીં.

સ્ત્રીએ પણ સૌભાગ્યનાં ચિન્હ સિવાય ઘરેણાં પહેરવાં નહીં.

૭ પોસહ નિમિત્તે વસ્ત્ર રંગાવીને પહેરવાં નહીં.

૮ પોસહમાં શરીર ઉપરથી મેલ ઉતારવો નહીં.

૯ પોસહમાં અકાળે શયન કરવું નહીં. નિદ્રા લેવી નહીં.

૧૦ પોસહમાં સારી કે નઠારી સ્ત્રી સંબંધી કથા કરવી નહિં.

૧૧ પોસહમાં આહારને સારો નઠારો કહેવો નહિ.

૧૨ પોસહમાં સારી કે નઠારી રાજકથા કે યુદ્ધકથા કરવી નહિ.

૧૩ પોસહમાં દેશકથા કરવી નહીં.

૧૪ પોસહમાં પૂંજ્યા કે જોયા વિના લઘુનીતિ (મૂત્ર) વડી-નીતિ (ઝાડો) પરઠવવી નહીં.

૧૫ પોસહમાં બીજાની નિંદા કરવી નહિં.

૧૬ પોસહમાં ( વગર પોસાતી એવાં ) માત પિતા પુત્ર ભાઈ સ્ત્રી વિગેરે સંબંધીઓ સાથે વાર્તાલાપ કરવો નહિ.

૧૭ પોસહમાં ચોરની કથા કરવી નહિ.

૧૮ પોસહમાં સ્ત્રીનાં અંગોપાંગ નિરખીને જોવાં નહિ.

ઉપરના અઢાર દોષો પોસહમાં જરુર ટાળવા ખપ કરવો. તેમજ તેમાંથી જેટલા દોષો તજાય તેટલા તજું અને જે કોઈ દોષ લાગે તેને સારા જાણું નહિ.

વ્રતધારી શ્રાવકોએ દરેક જ્ઞાન પંચમી, મૌન એકાદશી, ત્રણ ચોમાસી, સંવત્સરી, આઠમ અને ચૌદશ આદિ પર્વોના દીવસોએ અવશ્ય ઉપવાસાદિ તપ સહિત પોસહ કરવો.

પાપવાળા વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને સ્નાનાદિ શરીરની શોભાનો ત્યાગ કરવો.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ૪ આગાર, ૪ બોલ, ૭ છીંડી, ૭ સાક્ષી રાખીને, ૨૧ ભાંગામાંથી અનુકુલ (      ) ભાંગાએ પાળું.

## બારમું અતિથિ સંવિભાગ નામે ચોથું શિક્ષા વ્રત.

**दानं चतुर्विधाहार,-पात्राच्छादन-सद्मनाम्**
**अतिथिभ्योऽतिथिसंविभागव्रतमुदीरितम् ॥ १ ॥**

**અર્થ**—૧. ચાર પ્રકારનો આહાર ( અશન પાન ખાદિમ અને સ્વાદિમ ) ૨. પાત્રો. ૩. વસ્ત્ર. ૪. રહેવાને સ્થાન. આ અતિથિઓને ( સાધુ સાધ્વીઓને ) આપવું. તે અતિથિ સંવિભાગ નામનું વ્રત કહેલું છે.

વરસમાં (  ) વખત પૌષધના પારણે અતિથિ સંવિભાગ એટલે સાધુ સાધ્વી વિગેરેને અન્ન આદિ વહોરાવીને પછીથી જઘન્યથી નવકારસી, મધ્યમથી બીયાસણે અને ઉત્કૃષ્ટથી એકાસણે આ વ્રત ગ્રહણ કરે. તેમાં પણ તેમને જે ચીજ વહોરાવી હોય તે વસ્તુઓ વાપરે. ગામડા વિગેરે સ્થળે સાધુ સાધ્વીની જોગવાઇ ન મળે તો ઉત્તર પારણાના દીવસે સાધર્મી-ભાઇને હર્ષથી જમાડીને ભોજન કરે. ગામમાં સાધુ સાધ્વીનો જોગ મળે ત્યારે ભાવથી વહોરાવે.

આ વ્રતના પાંચ અતિચાર ટાળવાનો ખપ કરૂં.

૧ **સચિત્ત નિધાન**—અજાણપણાથી કે નહિ દેવાની બુદ્ધિએ સચિત્ત વસ્તુ ઉપર વહોરાવવા યોગ્ય અચિત્ત વસ્તુ મૂકવી.

૨ **સચિત્ત પિધાન**—અજાણપણા વિગેરેથી વહોરાવવા યોગ્ય અચિત્ત વસ્તુને સચિત્ત વસ્તુ વડે ઢાંકવી.

૩ **વ્યપદેશ**—નહિ વહોરાવવાની બુદ્ધિએ પોતાની વસ્તુને પારકી કહેવી અને વહોરાવવાની બુદ્ધિએ પારકી વસ્તુને પોતાની કહેવી.

૪ **મત્સર**–ઈર્ષ્યા, અભિમાન, અદેખાઈથી સાધુ મુનિરાજને દાન દેવું.

૫ **કાલાતિક્રમ**–ગોચરીનો વખત વીત્યા પછી મુનિરાજને વહોરાવવા માટે નિમંત્રણા કરવી.

રોગાદિકના કારણથી પૌષધ ન બની શકે તોપણ સાધુ મુનિરાજને દાન આપું અને શક્તિ આવે ને સાજા થવાય તો ઉપર લખ્યા પ્રમાણે બાકી રહેલું વ્રત કરી આપું.

આ ચારે શિક્ષા વ્રતોથી આત્મા જ્ઞાન અને ત્યાગ દશામાં જોડાઈને, ભાવનાની વૃદ્ધિ થવાથી, પોતાના ગુણોને પ્રગટ કરે છે. તેમજ દરરોજ સામાયિકાદિકનો અભ્યાસ પાડવાથી ધીમે ધીમે ઉપધાન વહન આદિ ક્રિયાઓમાં પણ જોડાય છે અને સંયમ માર્ગમાં આગળ વધીને છેવટે કર્મક્ષય કરી **અમૃત** ( મોક્ષ ) પદ પામે છે.

આ વ્રત દ્રવ્યાદિક ચારથી, ચાર આગાર, ચાર બોલ, છ છીંડી. છ સાક્ષી રાખીને, ૨૧ ભાંગામાંથી અનુકુલ (    ) ભાંગાએ પાળું.

## ગોચરીના ૪૭ દોષ.

સાધુ સાધ્વીએ આહાર પાણી વહોરતાં તેના ૪૨ દોષ વર્જવા તથા આહાર કરતાં મંડલીના ૫ દોષ વર્જવા તે આ પ્રમાણે–પ્રથમ ઉદ્ગમના એટલે આહાર ઉપજવાના સંબંધના ૧૬ દોષ આ પ્રમાણે–૧ સર્વ દર્શનીઓને અથવા સર્વ લિંગીઓ ( મુનિઓ ) ને ઉદ્દેશીને કરવું તે 'આધાકર્મી' દોષ. ૨ પૂર્વે તૈયાર કરેલા ભાત લાડુ આદિકને વહોરનાર મુનિનું નામ ઉદ્દેશીને દહીં ગોળ વિગેરેથી સ્વાદિષ્ટ કરવા, તથા તૈયાર

થયેલ ચૂરમા મધ્યે ઘૃતાદિ મેળવી લાડુ કરવા તે ‘ ઉદ્દેશ દોષ’ ૩ શુદ્ધ અન્નાદિકને આધાકર્મીથી મિશ્રિત કરવું તે ‘પૂતિકર્મ-દોષ. ’ ૪ જે પોતાને માટે તથા સાધુને માટે પ્રથમથીજ કલ્પીને બનાવવું તે ‘ મિશ્ર દોષ. ’ ૫ સાધુને વહોરાવવા માટે ક્ષીર આદિક જુદાં કરી પોતાના ભાજનમાં સ્થાપી રાખવાં તે ‘ સ્થાપિત દોષ ’ ૬ વિવાહાદિકને વિલંબ છતાં સાધુને રહેલા જાણી તેમનો લાભ મેળવવા માટે તે વખતમાં જ વિવાહાદિ કરવા તે ‘ પાહુડી દોષ. ’ ૭ અંધકારમાં રહેલી વસ્તુને દિવા આદિકથી શોધી લાવી સાધુને આપવી તે પ્રાદુષ્કરણ દોષ.’ ૮ વહોરવા આવ્યા પછી સાધુને માટે કીંમત આપીને ખરીદ કરવું તે ‘ક્રીત દોષ.’ ૯ વહોરવા આવ્યા પછી સાધુને માટે ઉધારે અન્નાદિક લાવીને આપવું તે ‘ પ્રામિત્ય દોષ ’ ૧૦ પોતાની વસ્તુ બીજા સાથે અદલાબદલી કરીને મુનિને આપવી તે ‘ પરાવર્તિત દોષ. ’ ૧૧ રોગાદિ ખાસ કારણ વિના સાહમું લાવીને આપવું તે ‘ અભ્યાહૃત દોષ. ’ ૧૨ કુડલા-દિકમાંથી ઘી આદિક કાઢવા માટે તેનાં મુખ ઉપરથી માટી વિગેરે દૂર કરીને તથા તાળું ઉઘાડીને આપવું તે ‘ ઉદ્ભિન્ન દોષ. ’ ૧૩ ઉપલી ભૂમિથી ( મેડાઓથી ) શીંકાથી કે ભોંયરામાંથી લાવીને સાધુને આપવું તે ‘ માલોપહૃત દોષ. ’ ૧૪ રાજાદિ જોરાવરીથી કોઈની પાસેથી આંચકી (ઝુંટવી) લઈને આપે તે ‘ આચ્છેદ્ય દોષ. ’ ૧૫ આખી મંડળીએ નહીં દીધેલું ( નહીં રજા આપેલું ) તેમાંનો એક જણ સાધુને આપે તે ‘ અનાસૃષ્ટિ દોષ ’ ૧૬ સાધુનું આવવું સાંભળી પોતાને માટે કરાતી રસોઈમાં વધારે રસોઈ

કરાવે તે ' અધ્યવપૂરક દોષ.' આ સોળ દોષ આહાર દેનારથી અજાણપણે ભક્તિ કે દ્રષ્ટિરાગથી લાગે છે.

હવે સાધુ તથા ગૃહસ્થ બંનેના સંયોગથી ઉત્પન્ન થતા એષણાના દસ દોષ આ પ્રમાણે–૧ આધાકર્માદિક દોષની શંકા સહિત જે પિંડ ગ્રહણ કરવો તે ' શંકિતદોષ.' ૨ સચિત્ત અથવા અચિત્ત એવા મધ આદિ નિંદનીય પદાર્થોના સંઘટ્ટવાળો પિંડ ગ્રહણ કરવો તે ' મ્રક્ષિત દોષ.' ૩ છ કાયની (સચિત્તની) મધ્યમાં સ્થાપન કરેલું જે અચિત્ત અન્ન પણ લેવું તે ' નિક્ષિપ્ત દોષ.' ૪ સચિત્ત ફળાદિકથી ઢંકાયેલું જે અન્નાદિ ગ્રહણ કરવું તે 'પિહિતદોષ.' ૫ દેવાના પાત્રમાં રહેલા સચિત્ત પદાર્થને બીજા પાત્રમાં નાંખીને તે વાસણથી જે દેવું તે ' સંહૃતદોષ.' ૬ અસમજુ બાલક, વૃદ્ધ, નપુંસક, ધ્રૂજતો, આંધળો, મદોન્મત્ત, હાથપગવિનાનો, બેડીવાળો; પાદુકાવાળો, ખાંસીવાળો, ખાંડનાર, તોડનાર; ફાડનાર, અનાજ વિગેરે દળનાર, ભુંજનાર, કાતરનાર, પિંજનાર વિગેરે છકાયના વિરાધક પાસેથી, તેમજ ગર્ભિણી, તેડેલ છોકરાંવાળી અથવા ધાવતા બાળકવાળી સ્ત્રી પાસેથી આહાર લેવો તે 'દાયકદોષ.' ૭ જોયા વિના દેવાલાયક જે ખાંડ આદિક વસ્તુને સચિત્ત અનાજના દાણા આદિકથી મિશ્ર થયેલ આપવું તે ' ઉન્મિશ્રદોષ.' ૮ અચિત્તપણાને પામ્યા વિનાનું ઉકાળેલ પાણી, કાકડીનું શાક વિગેરે જે દેવું તે ' અપરિણત દોષ.' ૯ દહીં, દૂધ, ઘી ખીર આદિ દ્રવ્યોને નહિ વહોરાવવા યોગ્ય દ્રવ્યથી ખરડાયેલ વાસણ તથા હાથથી ખરડીને આપે તે ' લિપ્તદોષ.' ૧૦ ઘી દૂધ આદિકના જમીન ઉપર છાંટા પડે તેમ વહોરાવવું તે ' છર્દિતદોષ.'

હવે સાધુથી થતા ઉત્પાદનાના ૧૬ દોષ આ પ્રમાણે– ૧ ગૃહસ્થના બાળકને દૂધ પાવું, નવરાવવું, શણગારવું, રમાડવું તથા ખોળામાં બેસાડવું ઈત્યાદિ કર્મ કરવાથી મુનિને 'ધાત્રીપિંડ' નામે દોષ લાગે છે. ૨ દૂતની પેઠે સંદેશો લઈ જવાથી સાધુને 'દૂતિપિંડ' નામે દોષ લાગે છે. ૩ ત્રણે કાળના લાભાલાભ જીવિત મૃત્યુઆદિ નિમિત્ત કહેવાથી 'નિમિત્તપિંડ' નામે દોષ લાગે છે. ૪ ભિક્ષા માટે પોતાના કુળ, જાતિ, કર્મ, શિલ્પ આદિકનાં વખાણ કરવાથી 'આજીવપિંડ' નામે દોષ લાગે છે. ૫ ગૃહસ્થની પાસે દીનપણું જણાવીને ભિક્ષા લેવાથી 'વનીપકપિંડ' નામે દોષ લાગે છે. ૬ ભિક્ષા પ્રાપ્તિ માટે ઔષધાદિક બતાવવાથી 'ચિકિત્સાપિંડ' નામે દોષ લાગે છે. ૭ ગૃહસ્થને ડરાવી શ્રાપ દઈશ એમ કહી આહાર ગ્રહણ કરવાથી 'ક્રોધપિંડ' નામે દોષ લાગે છે. ૮ સાધુઓની પાસે એવી પ્રતિજ્ઞા કરે કે 'હું તો લબ્ધિમાન, કે જો અમુક ઘરેથી સારો આહાર તમને લાવી આપું' એમ કહી ગૃહસ્થને વિડંબના કરી આહાર ગ્રહણ કરે તેથી 'માનપિંડ' નામે દોષ લાગે છે. ૯. ભિક્ષા માટે જૂદા જૂદા વેષ તથા ભાષા બદલવાથી 'માયાપિંડ' નામે દોષ લાગે છે. ૧૦ અતિ લોભ વડે ભિક્ષા લેવા માટે ઘણું ભટકવાથી 'લોભપિંડ' નામે દોષ લાગે છે. ૧૧ પહેલાં ગૃહસ્થના માબાપની તથા પછી સાસુ સસરાની પ્રશંસાપૂર્વક તેમની સાથે પોતાનો પરિચય જણાવવાથી 'પૂર્વપશ્ચાત્ સંસ્તવ' નામે દોષ લાગે છે. ૧૨–૧૩–૧૪–૧૫ ભિક્ષા માટે વિદ્યા, મંત્ર, નેત્રાંજન આદિ ચૂર્ણ તથા પાદલેપાદિ યોગનો ઉપયોગ કરવાથી 'વિદ્યાદિ પિંડ' નામે ચાર દોષ લાગે છે. ૧૬ ભિક્ષા માટે ગર્ભનું

સ્તંભન, ગર્ભનું ધારણ, પ્રસવ તથા રક્ષાબંધનાદિ કરાવવાથી ‘ મૂળકર્મપિંડ ’ નામે દોષ લાગે છે.

હવે ગ્રાસૈષણાના અર્થાત્ આહારાદિ વાપરતી વખતના પાંચ દોષ આ પ્રમાણે–૧ રસના લોભથી પુડલા આદિકને અંદર તથા ઉપરથી ઘી ખાંડ આદિમાં ઝબોળવા તે ‘ સંયોજના દોષ ’ ૨ જેટલો આહાર કરવાથી ધીરજ, બળ, સંયમ તથા મન વચન કાયાના યોગને બાધ ન આવે તેટલો આહાર કરવો, ઉપરાંત કરે તો ‘ પ્રમાણાતિરિક્તતા દોષ ’. ૩ સ્વાદિષ્ટ અન્નને અથવા તેના દેનારને વખાણતો થકો જે ભોજન કરે તે રાગરૂપી અગ્નિથી ચારિત્રરુપ ચંદનના કાષ્ટોને બાળીને કોલસારૂપ કરી નાંખે છે તેથી તે ‘ અંગારદોષ ’ ૪ અન્નની કે તેના દેનારની નિંદા કરતો આહાર કરે તે પણ ચારિત્ર–રૂપ ચિત્રશાળાને કાળી કરે છે તેથી તે ‘ ધૂમ્ર દોષ ’ ૫ મુનિને ભોજન કરવામાં છ કારણો છે–૧ ક્ષુધા વેદના શમાવવા માટે, ૨ આચાર્યાદિક સાધુની વેયાવચ્ચ કરી શકાય તે માટે, ૩ ઇર્યાસમિતિની શુદ્ધિ માટે, ૪ સંયમ પાળવા માટે, ૫ જીવિતવ્યની રક્ષા માટે તથા ૬ ધ્યાનને સ્થિર કરવા માટે ભોજન કરવાની જરૂરીયાત છે, તેના અભાવે ભોજન કરે તો ‘ કારણાભાવ ’ નામે પાંચમો દોષ લાગે.

આ ૪૭ દોષ બરાબર સમજી સાધુ સાધ્વીએ વહોરતાં અને શ્રાવક શ્રાવિકાએ વહોરાવતાં તે દોષ ન લાગે તેમ સાવધાનપણે વર્તવું.

**આહાકમ્મુ દ્દેસિય, પૂઇકમ્મે ય મીસજાએ ય,**
**ઠવણા પાહુડિયાએ, પાઓઅર કીય પામિચ્ચે. ૧**
**પરિયટ્ટિએ અભિહડુ, ભિન્ન માલોહડે ય અચ્છિજ્જે,**

અનિસિટ્ઠે જઝોયરએ, સોલસ પિણ્ડુગ્ગમે દોસા. ૨
સંકિયમક્ખિય નિક્ખિત્તે, પિહિય સાહરિય દાયગુમ્મીસે
અપરિણય લિત્ત છડ્ડિય, એસણ દોસા દસ હવન્તિ ૩
ધાઈ દૂઈ નિમિત્તે, આજીવ વણીમગે તિગિચ્છા ય,
કોહે માણે માયા, લોભે ય હવન્તિ દસ એએ. ૪
પુવ્વિં-પચ્છા-સંથવ, વિજ્જા મંતે ય ચુણ્ણ જોગે ય,
ઉપ્પાયણાએ દોસા, સોલસમે મૂલકમ્મે ય. ૫
સંજોયણા પમાણે, ઈંગાલે ધૂમ કારણે ચેવ,

## સંલેખણાના પાંચ અતિચારનું સ્વરુપ.

**सोऽथावश्यकयोगानां, भंगे मृत्योरथागमे**
**कृत्वा संलेखनामादौ, प्रतिपद्य च संयमं ॥ १ ॥**
**जन्म–दीक्षा-ज्ञान–मोक्ष–स्थानेषु श्रीमदर्हताम्**
**तदभावे गृहेऽरण्ये, स्थंडिले जन्तुवर्जिते ॥ २ ॥**
**त्यक्त्वा चतुर्विधाहारं, नमस्कार–परायणः**
**आराधनां विधायोच्चैश्चतुःशरणमाश्रितः ॥ ३ ॥**

**અર્થ**—શ્રાવક અવશ્ય કરવા લાયક જ્ઞાન ધ્યાન સંયમાદિ યોગો કરવામાં અશક્ત હોય અથવા મરણ નજીક આવ્યું જણાય તો પ્રથમ શરીર તથા કષાયને પાતળા કરવારૂપ સંલેખના કરી, પછી સંયમ અંગીકાર કરે. સર્વથા સંલેખણા કરવા માટે શ્રીમાન્ અરિહંતના જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને મોક્ષ કલ્યાણક જેવા સ્થળોમાં જવું. તેના અભાવે (તેવાં સ્થળો નજીક ન હોય તો) ઘેર, અરણ્ય કે નિર્જીવ જગ્યાએ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી, નમસ્કાર મંત્ર જપવામાં તત્પર અણુસણી જીવ આરાધના કરીને (પાપોને ગુરૂ સાક્ષીએ અથવા તે ન હોય તો પોતાની મેળે આલોવીને) અરિહંતાદિ ચાર (અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી ભાષિત ધર્મ) નું શરણ કરી, નિયાણાનો ત્યાગ કરી સમાધિ મરણ અંગીકાર કરે.

**સંલેખણા**--અણુસણ. તેના બે ભેદ. ૧. દ્રવ્ય અને ભાવ.

**૧ દ્રવ્યસંલેખણા**—સાધુ અથવા શ્રાવક અણુસણનો મનોરથ કરે, ત્યારે પ્રથમ આગમોક્ત વિધિએ સંલેખણા તપ કરે તે. આ સંલેખણાવાળો તપ કરતાં શરીરમાં રહેલો રસ

અને ધાતુ સર્વ શોષાય તથા હાડ ચામડું બાકી રહે, એવું અણુસણુ યોગ્ય શરીર કરે તે દ્રવ્ય સંલેખણા.

**૨ ભાવ સંલેખણા**—અંતઃકરણમાંથી વિષય, કષાય, નોકષાય, ગારવ, સંજ્ઞા ઈત્યાદિ અંતર દોષને અતિ ક્ષીણ કરે એટલે પ્રબલ કારણે પણ વિષય કષાયાદિ ઉદ્દીપન ન થાય, વિકાર ન પામે. મંદોદય કરે તે.

આ સંલેખણાના પાંચ અતિચાર વર્જવા તે નીચે મુજબ છે.

**૧ ઈહલોગા સંસપ્પઓગે**—સંલેખણાદિ ધર્મ પ્રભાવે ફરીથી આર્ય દેશ, ઉત્તમ કુળ અને મનુષ્ય જન્મ પામવાની ઈચ્છા રાખે તે.

**૨ પરલોગા સંસપ્પઓગે**—અણુસણી પુરુષ પરભવે દેવેંદ્રાદિકની પદવીને ઈચ્છે તે.

**૩ જીવિયા સંસપ્પઓગે**—અણુસણુના લીધે ઘણા પ્રકારે સત્કાર સન્માન સ્તવનાદિ સાંભળીને તથા ઘણા લોક વાંદવા આવતા જોઈને મનમાં એમ વિચારે કે બે દિવસ વધારે જીવીએ તો સારું. એવો વિકલ્પ (વિચાર) થાય તે.

**૪ મરણા સંસપ્પઓગે**—અણુસણુ કીધા પછી ક્ષુધાદિ પરીસહની પીડાએ પીડાયા થકા મનમાં એમ વિચારે કે હવે વહેલું મરણ થાય તો સારું, કેમકે પીડા સહેવાતી નથી માટે તેમાંથી વહેલા છૂટા થઈએ તો સારું. એવો વિકલ્પ થાય તે.

**૫ વિસયા સંસપ્પઓગે**—અણુસણુ કરીને તેનું ફળ કામભોગની પ્રાપ્તિ ઈચ્છે તે.

આ સંલેખણાના પાંચ અતિચાર વ્યવહાર પ્રસિદ્ધથી તો અણુસણુને આશ્રયીને કહેવાય છે, પરંતુ વસ્તુગતે તો સર્વ વ્રતમાં લાગે છે તે નીચે પ્રમાણેઃ—

૧ સર્વ વ્રત, નિયમ, દાન, પૂજા, વિનય, વેયાવચ્ચ અને પ્રત્યાખ્યાનાદિ ક્રિયા કરીને આ લોકના સુખની ઈચ્છા રાખે તે.

૨ પરલોકે દેવ ગત્યાદિકની ઇચ્છા રાખે તે.

૩ આવો મનુષ્ય ભવ પામીને ધર્મ નિયમ કરણી, જીવદયા, જિનપૂજા મહોત્સવ કરીએ છીએ, શાસ્ત્ર સાંભળીએ છીએ, માટે ઘણું જીવીએ તો સારું, એવો વિકલ્પ કરે તે.

૪ ધર્મ કરતાં છતાં પણ કોઈ પૂર્વ સંચિત પાપ કર્મના ઉદયથી ઘણી અશાતા પામવા લાગ્યો ત્યારે મરવાનું ઈચ્છે કે મરણ પામીએ તો એ દુઃખથી છૂટીએ, પણ એમ ન વિચારે કે મરણ પામ્યા પછી પણ કાંઈ કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી.

૫ ધર્મનું ફળ નિર્જરા છે તે નિર્જરા સાધ્ય રાખીને જે માણસ ધર્મ કરે તે માર્ગીજીવ આરાધક કહેવાય. ત્યાં કામ-ભોગનું ફળ સાધ્ય રાખીને ધર્મ કરે ત્યારે પાંચમો અતિ-ચાર લાગે. એમ સર્વ વ્રતમાં સંલેખણાના પાંચે અતિચાર લાગે માટે ઉપયોગ પૂર્વક પાંચે અતિચાર ત્યાગ કરવા.

## જ્ઞાનાચારના આઠ અતિચારનું સ્વરૂપ.

**૧ અકાળ અધ્યયન**–કાળ વિના સૂત્ર સિદ્ધાંત ભણે ગણે તો અતિચાર લાગે. તે કાળ વેળા કહે છે. સવારમાં અરુણોદય પહેલાંની એક ઘડી (૨૪ મીનીટ) રાત્રીની અને એક ઘડી અરુણોદય પછીની એ બે ઘડી પ્રભાતની કાળ વેળા, તેવીજ બે ઘડી મધ્યાન્હની, તેવીજ બે ઘડી સાંજની, તથા બે ઘડી મધ્ય રાત્રીની એ ચારે કાળ વેળા કહીએ. તેમાં નવું ભણવું ગણવું સાંભળવું કાંઈ પણ કરવું નહીં. એ કાળ વેળાએ કાળની ક્રિયા પડિક્કમણાદિક છે તે તથા મનોગત જપ ધ્યાન સુખે કરે, પણ વચન ઉચ્ચાર કરી ભણે નહીં. દિવસે ને રાત્રે સાધુ સાધ્વી પહેલા અને ચોથા પહોરે સિદ્ધાંત સૂત્ર ભણે અને બીજા ત્રીજા પહોરમાં અર્થ ચિંતવન કરે; તથા અકાળે મેઘવૃષ્ટિ થાય તો અસજ્ઝાય, તથા ત્રણ ચોમાસાના મહા પડવા સુધી અઢી દિવસની અસજ્ઝાય.તે આવી રીતે.પ્રતિક્રમણ પછીની અર્ધી ચૌદસ, પુનેમ અને પડવો તથા આસો અને ચૈત્રની શુદ પાંચમથી વદી પડવા સુધી અસજ્ઝાય. બાર ગાઉમાં મહા સંગ્રામ ચાલતો હોય ત્યાં સુધી અસજ્ઝાય. રાજા છત્રપતિ મોટો દેશાધિપતિ મરણ પામ્યો હોય, તેના સિંહાસન ઉપર જ્યાં સુધી નવો રાજા ન બેસે, ત્યાં સુધી તે દેશમાં અસજ્ઝાય. તથા બકરી ઈદની મહાહિંસાના દિવસે કેટલોક કાળ રાત્રી પ્રમુખમાં પણ સિદ્ધાંત ભણવું નહીં. તથા સો હાથમાં પંચેંદ્રિય જીવનું કલેવર જ્યાં સુધી પડ્યું હોય ત્યાં સુધી જિનપ્રણીત સૂત્ર સિદ્ધાંત કાંઈ ભણાય ગણાય નહીં. એ ક્ષેત્રથી અસજ્ઝાય કહીએ. ઈત્યાદિ અસ-જ્ઝાયના પ્રકાર આગમમાં ઘણા કહ્યા છે. તેમાં સિદ્ધાંત ભણવું

તથા સાંભળવું પણ નહીં, અને જો ભણે તથા સાંભળે તો આ કાળાતિચાર લાગે.

## અસ્વાધ્યાય દિવસો.

પ્રવચન સારોદ્ધારની છાપેલી પ્રત ભાગ ૨ જો. પાનું ૪૨૨ થી

અસ્વાધ્યાય=જેમાં સિદ્ધાંતમાં કહેલી મર્યાદા વડે સારી રીતે ભણવું ન થાય તે, લોહી વિગેરે. અસ્વાધ્યાય બે પ્રકારે. ૧. આત્મ સમુત્થ (સ્વાધ્યાય કરનારને પોતાનાથી ઉત્પન્ન થયેલો) અને ૨. પર સમુત્થ (સ્વાધ્યાય કરનારને અન્યથી ઉત્પન્ન થયેલો) પર સમુત્થમાં ઘણું કહેવા યોગ્યપણું હોવાથી પરસમુત્થ પહેલાં કહેવાય છે.

પરસમુત્થ પાંચ પ્રકારે-૧. સંયમ ઘાતી, ૨. ઔત્પાતિક (ઉત્પાતથી થયેલ). ૩. સદૈવ (દેવ પ્રયોગથી થયેલ). ૪. વ્યુદ્ગ્રહ (સંગ્રામ-ઝગડો), અને ૫. શરીરથી થયેલ. આ પાંચે અસ્વાધ્યાયોને વિષે સ્વાધ્યાય કરનાર સાધુને તીર્થંકરની આજ્ઞાભંગ વિગેરે દોષો થાય છે.

૧. સંયમઘાતી ૩ ભેદે—મહિકા, સચિત્તરજ, અને વર્ષાદ.

**મહિકા**=કાર્તિકથી માઘ માસ સુધીના મહિનાઓ (વર્ષાદને માટે) ગર્ભમાસ હોવાથી ધૂમરી (ધૂમસ) પડતાંની સાથે તે સર્વ અપ્કાયમય કરે છે.

**સચિત્ત રજ**=વનવાયુથી ઉડેલી ઝીણી ધૂલી વ્યવહારથી સચિત્ત છે, તે દિશાઓમાં કાંઈક લાલ દેખાય છે. તે પણ નિરંતર પડવા વડે ત્રણ દિવસથી આગળ સર્વ પૃથ્વીકાયમય કરે છે. **વર્ષાદ ૩ ભેદે**-જે વર્ષાદથી પરપોટા થાય તે **બુદ્બુદ**. જે વર્ષાદમાં પરપોટા ન થાય તે **બીજો ભેદ**.

તથા જે બુદ્બુદ વર્ષાદ પછી આઠ પહોરે પડે છે તે **જલ-સ્પર્શિકા.** અન્ય આચાર્યો ત્રણ પાંચ અથવા સાત દિવસ પછી જલસ્પર્શિકા કહે છે અને તે અપ્કાય સ્પૃષ્ટ થાય છે.

આ સંયમઘાતી ભેદો થતે અસ્વાધ્યાય. જે ક્ષેત્રમાં જેટલા કાળ સુધી મહિકાદિ પડે ત્યાં સુધી શ્વાસ અને પાપણના મટકા સિવાય વર્જવું. અહીંયાં કાંઇ પણ ચેષ્ટા પડિલેહણાદિ કારણ વિના ન કરે. ગ્લાનાદિ કારણે યતનાથી, હસ્ત-સંજ્ઞાથી, આંખના ઈસારાથી કે અંગુલીની સંજ્ઞાથી, વ્યવહાર કરે, મોઢે મુહપત્તિ રાખીને બોલે; કામળી ઓઢીને ગમન કરે.

**૨. આત્પાતિક પાંચ ભેદે**—૧. પાંશુવૃષ્ટિ, ૨. માંસવૃષ્ટિ, ૩. રૂધિરવૃષ્ટિ, ૪. કેશવૃષ્ટિ અને ૫. શિલાવૃષ્ટિ. **પાંશુવૃષ્ટિ=** ધૂમાકાર અચિત્ત રજ પડે તે. **માંસ વૃષ્ટિ**=માંસ ખંડ પડે તે. **રૂધિર વૃષ્ટિ**=લોહીનાં ટીપાંનો વરસાદ પડે તે. **કેશ વૃષ્ટિ=** ઉપરના ભાગથી વાળોનો વરસાદ પડે તે. **શિલા વૃષ્ટિ=** પાષાણ કરા વિગેરે શિલાનો વરસાદ. પાંશુ વૃષ્ટિ બે ભેદે. પાંશુ અને રજ ઉદ્ઘાત. પાંશુ=ધૂમાડા જેવી કાંઇક ગૌર વર્ણ-વાળી અચિત્ત રજ. અને રજ ઉદ્ઘાત=ચારે બાજુએ અંધકાર જેવું દેખાય તે. પાંશુ વૃષ્ટિ અને રજ ઉદ્ઘાત (રજવાળી દિશાઓ ) વાયુ સહિત કે વાયુ રહિત હોય, તો તેમાં સૂત્ર ન ભણાય, પણ બાકીની સર્વે ક્રિયાઓ કરાય. માંસ અને લોહીનો વરસાદ પડે છતે એક અહોરાત્ર અસજ્ઝાય. બાકીના પાંશુ કેશ અને શિલાનો વરસાદ જેટલા કાળ સુધી હોય તેટલા કાળ સુધી નંદિ વિગેરે સૂત્રો ન ભણાય, પણ બાકીના કાળે ભણાય.

૩. **સદૈવં**=દેવકૃત **ગંધર્વ નગર** કે જે ચક્રવર્તિ વિગેરેના નગરને ઉત્પાત જણાવવા માટે સંધ્યા સમયે તે નગરના ઉપર (આકાશમાં) પ્રાકાર અને અટ્ટાલિકાદિ વડે સ્થિત થયેલું બીજું નગર દેખાય તે.

**દિગ્દાહ**=કોઇ એક દિશામાં બળતા મહાનગરની જેમ ઉપર પ્રકાશ અને નીચે અંધકાર હોય તે. (અકાળે) **વિજળી.** **ઉલ્કા**=તારો ખરે તેની જેમ પાછળથી રેખા સહિત કે પ્રકાશ યુક્ત હોય. (અકાળે) **ગર્જિત**=મેઘ ગર્જના. **યૂપક**=શુદિ બીજ ત્રીજ અને ચોથ એ ત્રણ દિવસમાં સંધ્યાગત ચંદ્ર હોવાથી સંધ્યા ન જણાય, તેથી તે ત્રણ દિવસો સુધી ચંદ્ર સંધ્યાના વિભાગ વડે અવરાયેલો છે. યૂપક વેળામાં કાળ વેળા નહિ જાણવાથી પ્રાદોષિક કાલગ્રહણ કે પ્રાદોષિક સૂત્ર પોરસી ન થાય. **યક્ષાદિપ્ત**–એક દિશામાં આંતરે આંતરે વિજળી જેવો પ્રકાશ દેખાય. મેઘગર્જના પછી બે પ્રહર સુધી અને બાકીનાં (ગંધર્વ નગર દિગ્દાહ વિજળી વિગેરે) માં ૧ પ્રહર સુધી અસજ્ઝાય. ગંધર્વ નગર દેવકૃતજ હોય અને બાકીનામાં ભજના એટલે કોઈ વખત સ્વાભાવિક હોય અને કોઈ વખત દેવકૃત હોય. તેમાં સ્વાભાવિક સ્વાધ્યાયનો ત્યાગ કરાતો નથી, પરંતુ દેવ કૃતમાં ત્યાગ કરાય છે. જો સ્વાભાવિક કે દેવકૃત છે એવી ખબર ન પડે તો સામાન્યથી તેઓનો પરિહાર થાય છે. એટલે અસજ્ઝાય તરીકે ગણાય છે. **નિર્ઘાત**–મેઘ સહિત અથવા મેઘ રહિત આકાશને વિષે વ્યંતર વડે કરાયેલ મહાન્ ગર્જના સમાન અવાજ. **ગુંજિત**–ગર્જનાની પેઠે ગુંજારવ થતો મોટો અવાજ થાય તે. નિર્ઘાત

અને ગુંજિત જે દિવસે જે વેળાએ થયો હોય ત્યારથી ૮ પ્રહર સુધી અસજ્ઝાય. **ચાર સંધ્યા**–૧ સવારે, ( સૂર્ય ઉગ્યા પહેલાં ૨૪ મીનીટ અને પછી ૨૪ મીનીટ સુધી. ) ૨. સાંજે ( સૂર્ય આથમ્યા પહેલાં ૨૪ મીનીટ અને આથમ્યા પછી ૨૪ મીનીટ સુધી. ) ૩. દિવસના મધ્ય ભાગે બે ઘડી (૪૮ મીનીટ) સુધી. અને ૪. રાત્રિના મધ્ય ભાગે બે ઘડી સુધી. આ ચારે સંધ્યામાં સ્વાધ્યાય ન કરાય; પરંતુ પડિલેહણાદિ ( દેવવંદન પ્રતિક્રમણ સ્મરણ વિગેરેનો નિષેધ નથી. )

**ચાર મહા ઉત્સવના પડવા**—ચૈત્ર શુદ ૧૫ અશાડ શુદ ૧૫ આસો શુદ ૧૫ અને કાર્તિક શુદ ૧૫ સુધીના ચારે મહાન્ ઉત્સવો જે દેશમાં જે દિવસથી માંડીને જેટલા કાળ સુધી પ્રવર્તે તેટલા કાળ સુધી અને તે પછીનો પડવો અસજ્ઝાય. જે નગર કે ગામ વિગેરેમાં **પશુ વધ** જેટલા કાળ સુધી થાય ત્યાં સુધી અસજ્ઝાય ( જેમકેઃ–બકરી ઈદિ)

**ચંદ્રગ્રહણ** થાય તો ઉત્કૃષ્ટથી ૧૨ પહોર અને જઘન્યથી ૮ પહોર સુધી અસજ્ઝાય કરે છે. કેવી રીતે ? ઉગતો ચંદ્રમા રાહુ વડે ગ્રહણ કરાય, તો ૪ પહોર રાત્રિના અને બીજા દિવસના ૪ પહોર મળીને ૮ પહોર સુધી જઘન્યથી તથા પ્રભાતકાળે ચંદ્રમા ગ્રહણ સહિત આથમે તો તે પછીનો દિવસ રાત અને બીજો દિવસ મળીને ૧૨ પ્રહર સુધી ઉત્કૃષ્ટથી અસજ્ઝાય. અથવા ઔત્પાતિક ગ્રહણ વડે ચંદ્રને સર્વ રાત્રિ ગ્રહણ રહ્યું અને ગ્રહણ સહિત આથમ્યો તો તે રાત્રિના ૪ પ્રહર અને બીજા દિવસ રાતના ૮ પ્રહર મળીને ૧૨ પ્રહર સુધી અસજ્ઝાય.

**સૂર્યગ્રહણ** થાય તો જઘન્યથી ૧૨ પ્રહર અને ઉત્કૃષ્ટથી ૧૬ પ્રહર સુધી અસજ્ઝાય કરે છે. કેવી રીતે? સૂર્ય ગ્રહણ સહિત અસ્ત પામ્યો તો ચાર પ્રહર તે રાત્રિના તથા આગામી દિવસના ૪ પ્રહર અને બીજી રાત્રિના ૪ પ્રહર મળી કુલ ૧૨ પ્રહર જઘન્યથી અસજ્ઝાય. ઉગતો સૂર્ય રાહુ વડે ગ્રહાય અને આખો દિવસ ગ્રહણ રહીને ગ્રહણ સહિત અસ્ત પામે તો તે દિવસ રાત અને બીજો દિવસ રાત મળી ૧૬ પ્રહર ઉત્કૃષ્ટથી અસજ્ઝાય.

**ચંદ્ર સૂર્ય ગ્રહણ માટે અન્ય મત**—ચંદ્ર રાતમાં ગ્રહણ કરાયો અને રાત્રે મૂકાયો હોય તો, બીજો ચંદ્ર ઉદય ન પામે ત્યાં સુધી એટલે તે રાત્રિ અને બીજા દિવસ સુધી અસ્વાધ્યાય, એ પહેલો મત તથા બીજો મત–ચંદ્ર રાતમાં ગ્રહણ કરાયો અને મૂકાયો હોય તો તે રાત્રિનો બાકીનો ભાગ અસ્વાધ્યાય, કારણકે બીજો સૂર્ય ઉગે છતે અહોરાત્રિની સમાપ્તિ થઈ. સૂર્ય પણ દિવસે ગ્રહણ કરાયો અને દિવસે મૂકાયો હોય તો તે દિવસનો બાકીનો ભાગ અને રાત્રિ અસ્વાધ્યાય [અસજ્ઝાય).

૪ વ્યુદ્‌ગ્રહ (**લડાઈ–ઝગડો**)—બે રાજા, બે સેનાપતિઓ, બે પ્રસિદ્ધ નાયક સ્ત્રીઓ, મલ્લયુદ્ધ, બે ગામનું યુદ્ધ તથા હોળીનો ઝગડો જ્યાં સુધી ઉપશમ ન થાય, ત્યાં સુધી અસ્વાધ્યાય, કારણકે સ્વાધ્યાય કરવાથી વ્યંતરો છળે તથા લોકોની અપ્રીતિ થાય. રાજા, ગ્રામ સ્વામી, દંડિકાદિ કાળ પામે છતે નવો રાજા અભિષેકવાળો ન થાય, ત્યાં સુધી પ્રજાને ક્ષોભ હોય તેથી અસજ્ઝાય; તથા મ્લેચ્છાદિકના ભય

વડે આકુળ હોય ત્યારે અસજ્ઝાય. આ લડાઈ વિગેરેમાં જેટલા કાળ સુધી અસ્વસ્થતા હોય તેટલો કાળ તથા સ્વસ્થ થયા પછી એક અહો રાત્રિ સુધી અસજ્ઝાય.

**મહત્તરાદિ** (ગ્રામનો અધિકારી, ઘણા સ્વજનવાળો, શય્યાતર અથવા સાત ઘરની અંદર કોઈ સામાન્ય મનુષ્યનું ) મરણ થયે અહોરાત્રિ અસજ્ઝાય; સ્વાધ્યાય કરવાથી નિંદા અને અપ્રીતિ થાય, માટે ગુપ્ત ધીમે પ્રતિક્રમણાદિક કરે. સો હાથની અંદર મરેલ (મનુષ્યનું કલેવર જ્યાં સુધી ન લઇ જાય ત્યાં સુધી અસજ્ઝાય. સ્ત્રીનું રૂદન સંભળાય ત્યાં સુધી અસ્વાધ્યાય.

૫. મત્સ્યાદિ પંચેંદ્રિય કલેવર ૬૦ હાથ સુધી હોય તો અસજ્ઝાય. પછી નહિ. ત્રણ નાની શેરી અથવા રાજમાર્ગના આંતરે કાગડા અને કુતરાદિ વડે તે માંસાદિ પુદ્ગલો વિખરાયેલાં હોય તો સ્વાધ્યાય કરાય. રાજમાર્ગમાં લોહી બિંદુ વિગેરે હોય તો સ્વાધ્યાય કલ્પે, કારણકે જતાં આવતાં માણસો વિગેરેના પગથી અણુઓ વિખરાય એવી જિનાજ્ઞા છે. આખું ગામ જલચરના ચર્મ રૂધિર માંસ અને હાડથી વિખરાયેલ હોય, ત્રણ નાની શેરીના આંતરે તે ન મળે, તો ગામ બહાર સ્વાધ્યાય કરે. ૬૦ હાથની અંદર જલચરના લોહી માંસાદિ ધોયા છતાં પણ અણુઓ રહે માટે ૩ પ્રહર સુધી અસજ્ઝાય તથા ૬૦ હાથની અંદર માંસ પાકમાં પણ ત્રણ પ્રહર સુધી અસજ્ઝાય, તેથી વધારે છેટું હોય તો સ્વાધ્યાય કરવામાં કોઈ પણ દોષ નથી.

મહાકાયવાળા પંચેંદ્રિય મૂષકાદિનું બિલાડા આદિ વડે મરણ થાય, તો ૮ પ્રહર સુધી નંદ્યાદિ સૂત્રોનો અસ્વાધ્યાય.

૬૦ હાથની અંદર ઇંડું પડે અને તે ઇંડું ફુટે નહિ તો લઇ ગયા પછી સ્વાધ્યાય કલ્પે. ઇંડું ફુટે અને કલલના અંશો જમીનમાં રહે માટે ત્રણ પહોર અસજ્ઝાય. માખીનો પગ બૂડે તેટલું પણ લોહી કે ઇંડાનો રસ પડે તો, ત્રણ પહોર અસજ્ઝાય. વસ્ત્ર ઉપર ઇંડું ફુટયું હોય અને તે વસ્ત્ર ૬૦ હાથથી બહારની ભૂમિમાં ધોયું હોય તો સ્વાધ્યાય કલ્પે.

અજરાયુ હાથણી પ્રસવે તો ૩ પહોર સુધી અસજ્ઝાય. ગાય વિગેરેની જરા લટકે ત્યાં સુધી અને પડયા પછી ૩ પહોર અસજ્ઝાય. તિર્યંચનાં ચર્મ માંસ લોહી અને અસ્થિ રાજમાર્ગથી અન્ય સ્થળે ૬૦ હાથની અંદર પડયાં હોય તે વર્ષાદથી ધોવાય કે અગ્નિથી રાખ થયે સ્વાધ્યાય કલ્પે.

માણસના કલેવરનું ચામડું લોહી માંસ છતે ક્ષેત્રથી ૧૦૦ હાથની અંદર અને કાળથી ૧ અહોરાત્રી સુધી અસજ્ઝાય. મનુષ્ય અને તિર્યંચનું લોહી વર્ણાન્તર ખદિરના લેપ સરખું થાય તો તે પડે છતે સ્વાધ્યાય કલ્પે. વર્ણાદિ બદલાય નહિ તો અસજ્ઝાય.

* સ્ત્રીને રૂતુના ૩ દિવસ સુધી અસજ્ઝાય, પછીથી ગળે તો તે રૂતુ સંબંધી નથી પણ તે લોહી ફેરફાર વર્ણવાળું હોવાથી સ્વાધ્યાય કરવો કલ્પે.

* પુત્ર જન્મે તો ૭ દિવસ સુધી અસજ્ઝાય અને પુત્રી જન્મે તો તે વધારે લોહીવાળી હોવાથી ૮ દિવસ સુધી અસજ્ઝાય.

પડેલો દાંત સો હાથની અંદર હોય તો શોધી દૂર કરવો, રૂડે પ્રકારે શોધવા વડે પણ દાંત ન દેખાય તો શુદ્ધ છે તેથી સ્વાધ્યાય કરવો કલ્પે. અથવા અન્ય કહે છે કે પરઠવવાનો 'દંત ઓહાડાવણત્થં કાઉસ્સગ્ગ કરૂં, ઈચ્છં દંત ઓહાડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં, અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.'

દાંત મૂકીને બાકીનાં અંગોપાંગ સંબંધી હાડકું હોય તો બાર વર્ષ સુધી અસજઝાય. અગ્નિથી બળેલું હાડકું સો હાથની અંદર હોય તો અસજઝાય. અનુપ્રેક્ષા ( અર્થની વિચારણા ) તો કોઈ વખત નિષેધ કરાતી નથી.

## સૂતક વિચાર.

### ઋતુવંતી સ્ત્રી સંબંધી સૂતક.

* ૧. દિન ૩ સુધી ભાંડાદિક અને પુસ્તકને અડકે નહીં, કારણ કે જ્ઞાનાવરણીય કર્મ બંધાય. દિન ચાર લગી પડિક્કમણાદિક કરે નહીં, પણ તપસ્યા કરે તે લેખે લાગે, દિન ૫ પછી જિન પૂજા કરે. રોગાદિક કારણે ૩ દીવસ વીત્યા પછી પણ જો રૂધિર દીઠામાં આવે તો તેનો દોષ નથી. વિવેકે કરી પવિત્ર થઈ દેવદર્શન અને જિન પ્રતિમાદિકની અગ્રપૂજાદિક કરે તથા સાધુને પડિલાભે, પણ જિનપ્રતિમાની અંગ પૂજા ન કરે.

### કોઈને ઘેર જન્મ થાય તે વિષે

* ૨. પુત્ર જન્મે ત્યારે દિન ૧૦ નું તથા પુત્રી જન્મે દિન ૧૧ અને રાત્રે જન્મે તો દિન ૧૨ નું સૂતક.

૩. ન્યારા (જુદા) જમતા હોય, તો બીજાના ઘરના પાણીથી જિન પૂજા કરે અને સુવાવડ કરનારી તથા કરાવનારીને તો નવકાર ગણવો પણ સૂઝે નહી.

૪. પ્રસવ વાળી સ્ત્રી માસ ૧ સુધી જીનપ્રતિમાની પૂજા કરે નહીં અને સાધુને પણ વહોરાવે નહીં.

૫. ઘરના ગોત્રીને દિન ૫ નું સૂતક જાણવું.

૬. ગાય, ઘોડી, ઉંટડી, ભેંસ ઘરમાં પ્રસવે, તો દિન ૨ નું અને વનમાં પ્રસવે તો દિન ૧ નું સૂતક.

૭. ભેંસ પ્રસવે તો દિન ૧૫, બકરી પ્રસવે તો દિન ૮, ગાય તથા ઉંટડી પ્રસવે તો દિન ૧૦ પછી તેનું દૂધ કલ્પે.

૮. દાસ દાસી જે આપણી નિશ્રાએ ઘરમાં રહ્યાં હોય તેનો જન્મ કે મૃત્યુ થાય તો ત્રણ દિવસ સૂતક.

## મૃત્યુ સંબંધી સૂતકનો વિચાર.

૧. જેને ઘેર જન્મ તથા મરણ થાય, તેને ઘેર જમનારા દિન બાર સુધી જિનપૂજા કરે નહીં. સાધુ આહાર લે નહીં. તથા તેના ઘરના જળથી જિન પૂજા થાય નહીં.

૨. મૃત્યુવાળા પાસે જેઓ સુવે તેઓ દિન ૩ પૂજા ન કરે.

૩. ખાંધીયા, દેવપૂજા ૩ દિન ન કરે. પરંતુ પડિક્કમણાદિક ને નવકારનું ધ્યાન મનમાં કરે, તો તેમાં કાંઇ પણ બાધ નથી.

૪. મૃતકને અડકયા ન હોય તો સ્નાન કીધે શુદ્ધ થાય.

૫. અન્ય પુરૂષ જો મૃતકને અડકયા હોય તો તે સોલ પહોર પયત પડિક્કમણાદિક મોટેથી ન કરે. પણ મનમાં કરે.

૬. વેષના પાલટનારા આઠ પહોર સૂતક પાલે.

૭. જન્મે તે દિવસે મૃત્યુ થાય અથવા દેશાંતરે મરણ પામે તો દિન ૧ નું સૂતક.

૮. આઠ વરસ સુધીનું નાનું બાળક મરણ પામે તો દિન ૮ નું સૂતક.

૯. ગાય પ્રમુખનું મૃત્યુ થાય તો કલેવર ઘરની બહાર લઈ ગયા પછી દિન ૧ લગે સૂતક અને અન્ય તિર્યંચનું કલેવર પડ્યું હોય તેને ઘેરથી બહાર લેઈ જાય ત્યાં સુધી સૂતક.

૧૦. જેટલા મહીનાનો ગર્ભ પડે તેટલા દિવસ સૂતક.

૧૧. ગોમૂત્રમાં ૨૪ પહોર, ભેંસના મૂત્રમાં ૧૬ પહોર, ઘેટી ગધેડી તથા ઘોડીના મૂત્રમાં ૮ પહોર અને નર નારીના મૂત્રમાં અંતર્મુહૂર્ત્ત પછી સમૂચ્છિંમ જીવો ઉપજે.

## ઉપદેશ પ્રાસાદમાંથી.

૧. ધુંવાર પડે તો સૂત્ર પઢવાની તથા પડિલેહણ પ્રતિક્રમણાદિ ક્રિયા પણ ન કરવી. વચ્ચે રાજમાર્ગ હોય તો છૂટી.

૨. આસો તથા ચૈત્ર શુદ પાંચમના મધ્યાહ્ન સમય (૧૨ વાગ્યા)થી પડવા સુધી અસજ્ઝાય.

૩. જે પાડામાં નારી પ્રસવે વચમાં ગાડા પ્રમાણ માર્ગ ન હોય તો અસજ્ઝાય.

૪. ધરતીકંપ થાય તો ૮ પહોર સુધી અસજ્ઝાય.

૫. ત્રણે ચોમાસીમાં ચોમાસી પ્રતિક્રમણ કર્યા પછી એકમ સુધી ૨॥ દિવસ અને પક્ખી પ્રતિક્રમણની રાત્રિએ અસજ્ઝાય.

૬. અજવાળે પખે પડવા બીજ અને ત્રીજની રાત્રે પહેલે પ્રહરે ઉત્તરાધ્યયનાદિ સૂત્રની અસજ્ઝાય.

૭. ઉપાશ્રય કે ઘરમાં વિષ્ટાદિકની અશુચિ હોય ત્યાં સુધી અસજ્ઝાય.

૮. બુદ્‌બુદાકાર નિરંતર ૮ મુહૂર્ત ઉપરાંત વરસે તો અસજ્ઝાય.

૯. થોડો થોડો મેઘ નિરંતર ૭ દિવસ ઉપરાંત જ્યાં સુધી વરસે ત્યાં સુધી અસજ્ઝાય.

૧૦. બુદ્‌બુદ વિનાનો મેઘ ૧૬ પ્રહર નિરંતર વરસે તે ઉપરાંત જ્યાં સુધી નિરંતર વરસે ત્યાં સુધી અસજ્ઝાય.

૧૧. મસાણ ઢુકડું હોય તો અસજ્ઝાય.

૧૨. આર્દ્રાથી સ્વાતિ સુધી મેઘ, ગર્જના કે વિજળી થાય તો સ્વાધ્યાય કલ્પે.

**સેનપ્રશ્નમાં સેનસૂરિજી** મહારાજ સાહેબ જણાવે છે કે આ સૂતક વિચારમાં કોઈ કોઈ મતાન્તર હોય તો તે ઠેકાણે અન્ય દર્શનીઓ જૈનધર્મની નિંદા ન કરે તે પ્રમાણે વર્તવું.

**૨ વિનયહીન**—ગુરુ, પુસ્તક તથા જ્ઞાનનાં ઉપકરણ જે પાટી, પોથી ઠવણી, કવળી, સાંપડા સાંપડી, દસ્તરી વહી, નોકારવાળી તથા અઢાર જાતિની લીપિના અક્ષર સહિત કાગળ પ્રમુખ ઉપકરણને પગ લગાડે, પગથી દાબે, થુંક લગાડે, થુંકથી અક્ષર ભૂંસે, એંઠે હાથે સ્પર્શ કરે, અક્ષર ઉપર ધૂળ નાંખે, ઉપર બેસે; સૂવે, તથા ફાડી નાંખે, એંઠા મુખે બોલે, કોઈ દ્રવ્યના ઉપર અક્ષર હોય તેને પાસે રાખ્યા થકા વડી-નીતિ, (ઝાડો) લઘુનીતિ (મૂત્ર) કરે; લઘુનીતિ, વડીનીતિ, સ્નાન, મૈથુન, પૂજા કરતાં બોલે, પુસ્તકને બાળે, જળમાં બૂડાડે, વેચે ઇત્યાદિક આશાતના કરે અને ગુરૂની આશાતના ન ટાળે તે.

**૩ અબહુમાન**—ગુરુ તથા પુસ્તકાદિનું ઘણું માન ન કરે, તેમની અદબ ન રાખે. જ્ઞાન દ્રવ્ય ઇંદ્રિય સુખમાં વાપરે, કોઈ જ્ઞાન દ્રવ્ય ખાતો હોય તેને જાણીને દેખીને છતી શક્તિએ ઉવેખે, શિક્ષા ન આપે, બેદરકાર રહે, તથા જ્ઞાની ઉપર દ્વેષ રાખે, જ્ઞાનીના અવર્ણવાદ બોલે, ભણતાંને અંતરાય કરે, જ્ઞાન ભણતા ગણતા અને સાંભળતાને છતી શક્તિએ સહાય ન કરે, જ્ઞાનના ગંભીર ભાવમાં અસદ્દહણા કરે, શાસ્ત્રોના અટપટા અક્ષરની મશ્કરી કરે, હસે, કુયુક્તિ લગાડે, ગુરુ તથા સિદ્ધાંતની પ્રત્યનીકતા કરે, અને મતિજ્ઞાનાદિ પાંચની અસદ્દહણા કરે તે.

**૪ ઉપધાનહીન**—ઉપધાન વહ્યા વિના શ્રાવક ષડાવશ્યાં કાદિ ક્રિયા કરે, સાધુ યોગની તપ ક્રિયા કીધા વિના સિદ્ધત-ભણે, ભણાવે, સંભળાવે તે.

**૫ ગુરૂ નિન્હવણ**—ગુરૂ ઓળવવા, પોતે થોડા પ્રખ્યાત એવા સાધુ કે શ્રાવકની પાસે ભણી ગણી હુંશીઆર થયો હોય અને પછી કોઈ પૂછે ત્યારે તે ગુરૂનું નામ ન બતાવતાં બીજા ઘણા પ્રખ્યાત પંડિતનું નામ દે, પણ ખરા ગુરૂનું નામ સંતાડી રાખે તે.

**૬ કુટસૂત્ર**—સૂત્રના અક્ષર ખોટા ઉચ્ચારે, હ્રસ્વ દીર્ઘનું ભાન ન રાખે, અક્ષર માત્રાહીન અથવા અધિક કરીને ભણે, છંદોભંગ કરીને ભણે, પદ, સંપદા સહિત ન બોલે.

**૭ અર્થકૂટ**—પોતાના અજ્ઞાન દોષથી અથવા કોઈ કુમતિ કદાગ્રહના ઉદયથી અશુદ્ધ અર્થ કરે, વિપરીત પ્રરૂપે.

**૮ ઉભયકુટ**—સૂત્ર અને અર્થ બંને અશુદ્ધ ભણે, પ્રરૂપે.

## દર્શનાચારના આઠ અતિચારનું સ્વરૂપ.

**૧ શંકા**—જિનાગમના સૂક્ષ્મ અતીંદ્રિય ગંભીર ભાવ સાંભળીને પોતાના મંદ ક્ષયોપશમના યોગથી તથા મિથ્યાત્વના પ્રદેશોદયથી શંકા ધરે તે.

**૨ આકાંક્ષા**—દાન, શીળ, તપ, પ્રમુખ ધર્મ કરણી કરીને પુણ્ય રૂપી ફળની ઈચ્છા રાખે તે, અથવા અન્ય દર્શનીના ધર્મની ઉન્નતિ દેખી તેની ઇચ્છા રાખે તે.

**૩ વિતિગિચ્છા**—ધર્મ કરણીના ફળનો સંદેહ ધરે તે. પૂર્વકૃત કર્મના ઉદયથી વર્તમાન કાળે દુઃખ દીઠામાં આવે અને ધર્મ કરણી તો વિધિપૂર્વક રોજ કરતો હોય, ત્યારે શિથિલ પરિણામના યોગે એવો વિકલ્પ ઉઠે કે ધર્મકરણી તો વિધિ સહિત કરીએ છીએ, પણ કાંઈ ફળ નજરમાં આવતું નથી, કોણ જાણે કેવુંએ ફળ પામીશું ? પણ એમ ન વિચારે કે હાલમાં ઉદયમાં આવેલું કર્મ તે તો પૂર્વના ભવોમાં મિથ્યાત્વાદિની પ્રબળતાથી બાંધેલું છે. હાલની ક્રિયાનું ફળ તો હવે પછી ઉદયમાં આવશે. અથવા સાધુ સાધ્વીનાં મલીન વસ્ત્ર ગાત્ર દેખી મનમાં સૂગ આણે અથવા તો ઘણા સુખમાં હરખાય અને દુઃખમાં ઉદાસ થાય તે.

**૪ મૂઢદ્રષ્ટિ**–અન્ય દર્શનીઓના કષ્ટ, મંત્ર, ચમત્કાર, પ્રત્યક્ષ પરછો દેખી મનમાં મુંઝાય કે આ દેવ, ધર્મ તો પ્રત્યક્ષ દેખાય છે, તો તેને પૂજવા માનવાનું ગુરૂ કેમ ના કહે છે, પણ એમ ન વિચારે કે સુખ દુઃખ કર્મના ઉદયના આધીન છે અને દેવતા તો નિમિત્ત માત્ર છે; અથવા તો જિનાગમના અતિ સૂક્ષ્મ વિચાર સાંભળીને, પોતાના જ્ઞાનાવરણના દોષથી

સમજમાં ન આવે, ત્યારે કોણ જાણે? એ વાત શી રીતે હશે? એવા વિકલ્પ કરે તે.

**૫ અનુપબૃંહક**–ગુણવંતના ગુણ જાણે, પણ વખાણ કરી કહે નહિ અથવા રાગદ્વેષાદિક કર્મ સર્વ દુઃખનું મૂળ છે એમ પ્રગટ કહે નહિ તે.

**૬ અસ્થિરીકરણ**–પાપકર્મના ઉદયે કોઈ માણસ ઉપર કોઈ અનેક પ્રકારનાં કષ્ટ આવી પડે, મિથ્યાત્વના પ્રદેશ ઉદય બળે કરીને ધર્મ માર્ગના આચારમાં શિથિલ થાય, આવું જાણતાં છતાં પણ તેની દ્રઢતાના કારણ સદ્‌ગુરૂ સેવન, શાસ્ત્ર શ્રવણાદિ ન સેવે તે. અથવા કોઈ ધર્મરૂચિ જીવ ધર્મથી પડતો હોય, ત્યારે છતી શક્તિએ તેને સ્થિર ન કરે તે.

**૭ અવાત્સલ્ય**–એક શ્રદ્ધાવાળા સાથે શાસ્ત્ર શ્રવણ, દેવ-દર્શન, સામાયિક પોસહ પ્રમુખ કરનારા એટલે ધર્મના મોટા સંબંધવાળા એવા સાધર્મીની છતી શક્તિએ ભક્તિ, સંકટ નિવારણ, વાત્સલ્ય ન કરે તે, સત્તાએ સહુ જીવ સરખા છે એમ જાણે, તોપણ તેમની રક્ષા ન કરે, તથા દેવ દ્રવ્ય, ગુરૂ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય કોઈ ભક્ષણ કરતો હોય, તો તેને છતી શક્તિએ શિક્ષા ન આપે તથા દેવ ગુરૂ સ્થાપનાચાર્ય પ્રમુખની આશાતના ન વર્જે તે.

**૮ અપ્રભાવના**–છતી શક્તિએ ધર્મની ઉન્નતિનાં કારણો ન કરે, જેમકેઃ—સ્નાત્રપૂજા, નવપદની પૂજા, વીશ સ્થાનકની પૂજા, સત્તરભેદી, એકસો અષ્ટોત્તરી વિગેરે મોટા હર્ષથી કરવી. થોડી શક્તિ હોય તો, અષ્ટપ્રકારી પૂજા, પ્રભાવના, સંઘભક્તિ આદિ કરવાં, બીજાને ઉપદેશી કરાવવાં, આવા ઉત્સવ, મહોત્સવ,

બહુમાન, અવારિત દાનની ઉદારતા વિગેરે દેખીને હરકોઈ મિથ્યાત્વી જીવ પણ ધર્મની અનુમોદના કરી પુણ્ય ઉપાર્જન કરે. સુલભબોધી પણ થાય. આવા કારણે આપણા પરિણામ પણ નિર્મળ થાય. બધી ઉમરમાં ન આવી હોય તેવી શુભ લેશ્યા કોઈ આવી જાય, એથી પરિણામ સુધરી જાય. એવું જાણતાં છતાં છતી શક્તિએ પણ પ્રભાવના ન કરે, અથવા નિશ્ચે પ્રભાવના અંતર્ગતમાં જ્યાં જ્યાં પુષ્ટનિમિત્ત જે દેવગુરૂ દર્શન, શાસ્ત્રશ્રવણ, સાધુસેવન, જેનાથી આત્માના ગુણની વૃદ્ધિ થાય, ઘણી નિર્જરા થાય, આત્મામાં જ્ઞાન પ્રકાશ થાય, એવું સઘળું પોતે જાણતાં છતાં તે પ્રમાણે કરે નહિ તે.

## ચારિત્રાચારના આઠ અતિચારનું સ્વરૂપ.

**૧ અનુપયુક્ત ગમન**–માર્ગમાં ચાલતાં મન, વચન ને કાયાને એકત્ર ઉપયોગરૂપ પ્રણિધાન સહિત ન રાખે તે. (તેમાં સાધુને સદૈવ અને શ્રાવકને સામાયિક પોસહમાં રાખવાના સમજવા.)

**૨ અનુપયુક્ત ભાષી**–૧ સત્ય ભાષા, ૨ અસત્ય ભાષા ૩ મિશ્ર ભાષા, ૪ વ્યવહાર ભાષા એ ચાર ભાષામાંથી પહેલી તથા ચોથી ભાષા સાધુ સદૈવ બોલે અને શ્રાવક સામાયિક પોસહ-માં બોલે, તે પણ પ્રણિધાન યુકત ઉપયોગ અને જયણા યુકત બોલે, એમ ન બોલે તો આ અતિચાર લાગે.

**૩ અનુપયુક્ત એષણા**–પૂર્વોકત પ્રણિધાન યુકત બેંતા-ળીસ દોષ રહિત ભિક્ષા ન લે, પાંચ દોષ ટાળીને આહાર ન લે, તથા ચારિત્રના ઉપકરણ સદોષ લે તે પણ સાધુને સદૈવ અને શ્રાવકને સામાયિક પોસહમાં સમજવું.

**૪ અનુપયુક્ત આદાન મોચન**–સાધુ સદાકાળ અને શ્રાવક સામાયિક પોસહમાં જે કાંઈ ચીજ લે મૂકે તે પૂર્વોકત પ્રણિધાન યુકત ઉપયોગી થકો દ્રષ્ટિ પડિલેહણા પૂર્વક ન મૂકે તે.

**૫ અનુપયુક્ત પરિષ્ઠાપન**–સાધુ સદાકાળ અને શ્રાવક સામાયિક પોસહમાં લઘુનીતિ, વડીનીતિ, મેલ, શ્લેષ્માદિ પરઠવવા લાયક વસ્તુ શુદ્ધ નિર્જીવ ભૂમિના સ્થાનકમાં દ્રષ્ટિ પડિલેહણા પૂર્વક પ્રમાર્જન કરીને પરઠવે, એવો આચાર છે, તેથી વિપરીત પ્રણિધાન રહિત અનુપયોગે પરઠવે તો અતિચાર.

**૬ અનુપયુક્ત મન પ્રવર્તન**–સાધુ સર્વ કાળે અને શ્રાવક સામાયિકાદિ ધર્મ કરણીના અવસરે પૂર્વોકત પ્રણિધાન

પૂર્વક સર્વ કુવિકલ્પ છોડીને સૂત્રાર્થ ચિંતવન પ્રમુખ આલંબન યુક્ત ઉપયોગી થકો મનને સ્થિર રાખે તે મન ગુપ્તિ. એથી વિપરીત આર્ત્તધ્યાનાદિકે કરી કુવિકલ્પમાં મન દોડાવે તો આ અતિચાર લાગે.

**૭ અનુપયુક્ત અકારણ વચન**–સાધુ સર્વ કાળે અને શ્રાવક સામાયિક પોસહમાં પ્રાયે મૌનજ રહે અને બોલે તે પણ ઉપયોગી, પૂર્વોક્ત પ્રણિધાન યુક્ત, અવશ્ય કારણ યોગે, જિનાજ્ઞા યુક્ત, સર્વ જીવને હિતકારી એવું મધુર વચન કહે તે વચન ગુપ્તિ. એથી વિપરીત નિષ્કારણે જેવું તેવું બોલે તો આ અતિચાર લાગે.

**૮ અનુપયુક્ત નિષ્કારણ કાયયોગ ચપળતા**–સાધુ સર્વ કાળે અને શ્રાવક સામાયિક પોસહમાં ઇંદ્રિયોને ગોપવી રાખે, અને અવશ્ય કારણ યોગે, ઉપયોગી થકો, પ્રણિધાન યુક્ત, આજ્ઞાપૂર્વક જતનાથી હાથ પગાદિક લાંબા ટુંકા કરે, ઉઠે બેસે તે કાય ગુપ્તિ. પણ વગર કારણે ઉપયોગ વિના અવિધિએ ચપળતાથી હાથ પગાદિ લાંબા ટુંકા કરે તો આ અતિચાર લાગે.

આ અતિચાર જાણવા, પણ આદરવા નહીં. એ આઠે ચારિત્ર ધર્મની માતા કહેવાય છે એ આઠે સહિત જે જે ધર્મકરણી કરવી તે આચાર. એથી વિપરીત તે અતિચાર જાણવો.

## તપાચારના બાર અતિચારનું સ્વરૂપ.

શ્રી જિનેશ્વરે બાર પ્રકારે તપ પ્રરૂપ્યો, તે પરમ નિર્જરાનું કારણ છે. પણ તે ઈચ્છા નિરોધ કરીને, વિષ ગરલ અને અન્યોન્ય અનુષ્ઠાન રહિત, માન પૂજા રહિત, આજીવિકા હેતુ રહિત, પરલોકે દેવાદિકની પદવીના આશય રહિત, ઉમંગ સમતા તથા પ્રસન્ન ચિત્ત સહિત, કર્મ ક્ષય નિમિત્તે કષાય રહિત કરે તે શુદ્ધ તપ કહીએ. તેના બાર ભેદ છે. માટે અતિચાર બાર લાગે. તે નીચે મુજબઃ—

૧ **અણુસણુ તપાતિચાર**–ઉપવાસાદિક તપ કરીને પૂર્વે કરેલા આહાર યાદ કરે, ભક્તકથા કરે, આગલે દહાડે પારણાની ચિંતા કરે, મનમાં વિચારે કે, ઉપવાસ કઠણ થયો, આ શું કર્યું ? એવો પશ્ચાતાપ કરે તો અતિચાર લાગે.

૨ **ઊણોદરી તપ**–પોતાની ભૂખ કરતાં બે ચાર કોળીયા ઓછા જમવા તે ઊણોદરી તપ. તેથી અધિક અથવા સ્નિગ્ધ આહાર વધુ લે તો અતિચાર.

૩ **વૃત્તિ સંક્ષેપ**–વિવિધ પ્રકારના અભિગ્રહ ધારે, ચૌદ નિયમ ધારે અથવા આહારની ચીજોની ગણત્રી રાખે તે વૃત્તિ સંક્ષેપ; તેમાં ગણત્રી બરાબર રાખવાને કેટલીક ચીજો જેવી કે મીઠું, મરચું, જીરું, હીંગ ભેગાં નાંખી તૈયાર રખાવવાનો સંકેત જણાવે, સૂચના કરે; જેથી દ્રવ્યની ગણત્રી બરાબર રહેશે એમ વિચારે તો અતિચાર.

૪ **રસત્યાગ**–છ વિગઈ તે વિકારના હેતુ છે તથા રસ ગૃદ્ધિના બહુ કડવા વિપાક છે, એમ જાણીને ત્યાગ કરે તે. પછી કાંઈ કારણ વિના કે ગુરુ આજ્ઞા વિના નિવિયાતાં કરી અથવા બીજી સારી ચીજ કરી ખાય તો રસ ત્યાગાતિચાર.

**૫ કાય કલેશ**–સાધુ લોચ કરાવે, તડકે આતાપના લે, ટાઢ ડાંસ મચ્છરાદિના પરિસહ સહે, વિકટ આસને સ્થિર થઇને ધ્યાન ધરે, સજ્ઝાય કરે. તે સાધુને સર્વથા અને શ્રાવકને સામાયિક પોસહમાં પંચ પરમેષ્ઠિના ધ્યાનના અવસરે કાય કલેશ સહવાનો છે. ત્યાં છતી શક્તિએ આગળથી વસ્ત્રાદિક લપેટી આખું શરીર ઢાંકીને ક્રિયા કરે અથવા કોમળ આસને બેસી જાપાદિક કરે તો અતિચાર લાગે.

**૬ સંલીનતા**–સાધુને હંમેશાં સંલીનતા તપ છે તેથી પોતાનાં અંગોપાંગ સંવરી રાખે. કારણ વિના ન હલાવે. શ્રાવક પણ સામાયિક પોસહ પૂજા તથા જાપાદિકમાં પોતાનાં અંગોપાંગ વિનય સહિત સંવરી રાખે, તે સંલીનતા. પણ કારણ વિના અંગોપાંગ લાંબાં ટુંકાં કરતાં સામાયિકાદિમાં દૂષણ લગાડે તો અતિચાર લાગે.

## હવે છ અભ્યંતર તપના છ અતિચાર કહે છે.

**૧ પ્રાયશ્ચિત્ત તપ આચાર**–જે કોઈ સાધુ અથવા શ્રાવક પોતપોતાના વ્રતમાં દૂષણ લાગ્યું જાણે, ત્યારે જ્ઞાની ગુરૂ પાસે આલોયણા લે, તે બે પ્રકારની છે. ૧ સ્વલ્પ વિષયી સ્વલ્પકાલીન. તે કોઈ વ્રત કે નિયમાદિકમાં અતિચાર લાગ્યો જાણે કે તરત ગુરૂને પૂછીને તેનું પ્રાયશ્ચિત્ત લે તે. ૨ બહુ વિષયી બહુકાલીન. ઉમરગત દૂષણની આલોયણા. આ આલોયણા તો જ્ઞાન ક્રિયા યુક્ત શુદ્ધ ગુરૂ પાસે લે; કદાપિ તેનો જોગ ન બને તો બહુ શ્રુત જ્ઞાનવાન્ શુદ્ધ ભાષી એવા પાસત્થા પાસે લે, તેનો પણ જોગ ન બને તો બે ગુણયુકત અથવા એક ગુણયુકત શુદ્ધ પ્રરુપક જયાં હોય ત્યાં જઈને લે.

તે ક્ષેત્રથી સાતસેં જોજન સુધી અને કાળથી બાર વરસ સુધી શોધ કરે. તેમ કરતાં કરતાં જો કાળ કરે તો પણ આરાધક થાય અથવા પચ્છાકડા (ચારિત્ર છોડી ગૃહસ્થ બનેલા) કે જે પ્રથમ બહુશ્રુત અને ક્રિયાવંત સાધુ હતા તે પછીથી પતિત થએલા હોય તેમને સમજાવી ફરી ચારિત્ર ગ્રહણ કરાવી તેમની પાસે આલોચણા લે, પણ જો તેમ ન બને તો તેમને જિનમંદિરમાં લઈ જઈ સામાયિક લેવરાવી વંદન કરી આલોચણા લે, તે એવી રીતે કે:—બાળક માબાપ પાસે જેવી હકીકત બની હોય તેવી કહીને ઘણા ઉત્સાહપૂર્વક આલોચણા લે અને લીધા પ્રમાણે લેખા શુદ્ધ પુરું કરી પહોંચાડે તે તપાચાર; પણ તે ગુરુએ આપેલા માર્ગને છોડીને પોતાની મતિકલ્પનાએ કરે, નિર્માણ કરેલા કાળથી વધારે કાળ લગાડે, કમવેશ (ઓછી વધતી) કરે, ફરી તેવુંજ આશ્રવ સેવે તો અતિચાર લાગે.

**૨ વિનયતપ**–સાધુ તથા શ્રાવક પોતપોતાની દશા માફક આચાર્ય ઉપાધ્યાયાદિક ગુણવંત પુરુષો પ્રત્યે વિનય જે વંદન, નમન, અભ્યુત્થાનાદિ ઉચિત ભક્તિરુપ, આગમ શૈલી મુજબ કરે તે વિનય તપાચાર, અને જે આગમોક્તિથી કમવેશ કરે, વિપરીત કરે, અણછુટકે કરે કે દંભથી કરે તો વિનયતપાતિચાર.

**૩ વેયાવચ્ચ તપ**–તે સાધુ અને શ્રાવકને, કુળ, ગણ, ચૈત્ય, સંઘ ઈત્યાદિકમાંથી જેનું જેનું જેવું જેવું વેયાવચ્ચ કરવું આગમમાં કહ્યું છે તેવું તેવું વેયાવચ્ચ કરે. વેયાવચ્ચ એટલે સેવા. રોગાદિક ઉપજે થકે વિવિધ ઔષધ, અંગમર્દન, પથ્ય વિગેરે ભક્તિપૂર્વક લાવી આપે તે વેયાવચ્ચ તપાચાર; પણ વેયાવચ્ચની વખતે બહાનું કાઢી ખસી જાય, ભક્તિ વિના અણછૂટકે કરે,

દંભથી કરે, આચાર્યાદિકના ભયથી કરે, અથવા પોતાને કરવાનું તે બીજાની પાસે કરાવે તો અતિચાર લાગે.

**૪ સજઝાય તપ**–તે સાધુ કે સાધ્વી પોતપોતાની યોગ્યતા પ્રમાણે શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરે તે પાંચ પ્રકારે છે.

૧ વાચના–શ્રુત ભણવું, ભણાવવું તે.

૨ પૃચ્છના–ભણવામાં સંદેહ થયે ગુરુને પૂછી ખુલાસો મેળવવો તે.

૩ પરાવર્તના–પૂર્વે ભણેલા શ્રુતનું ગણવું, ગુરુએ શિષ્યની પરાવર્તના સાંભળવી અથવા તેમ કરવાની પ્રેરણા કરવી તે.

૪ અનુપ્રેક્ષા–ભણેલા શ્રુતના અર્થનું ચિંતવન કરવું, સાધુ શ્રાવકે અન્યોઅન્ય ચર્ચા કરવી, ગુરૂ સ્યાદ્વાદશૈલી પૂર્વક ઉક્તિ યુક્તિપૂર્વક શિષ્યનો સંશય ટાળે તે.

૫ ધર્મકથા–તે રુચિવંત જીવને ભાવ કરુણા પૂર્વક ધર્મોપદેશ દે તે, ધર્મ પમાડે તે.

ઉપરની પાંચ પ્રકારની સજઝાય શિષ્ય તથા ગુરૂ પોતપોતાની દશા માફક યથાગમ કરે તે સજઝાય તપ અથવા

(૧) **વાચના**–વિનય સહિત હર્ષિત થકો, ગુરૂના આશયની મનથી અટકળ કરતો શિષ્ય, અનુકુળપણે આસનસ્થ પ્રશાંત ઈત્યાદિ વિધિ પૂર્વક વાચના લે તથા ગુરૂ પણ પ્રસન્ન ચિત્તથી તેની યોગ્યતા માફક પ્રમાદ છોડી અગ્લાનપણે વાચના આપે. તે બંનેને વાચના સજઝાય થાય.

૨ **પૃચ્છના**–ગુરુને આસનસ્થ જોઈને શિષ્ય વિનયાદિ ગુણ યુક્ત આશય અનુકૂળ થઇને પૂછે, ગુરૂ પણ ભાવ દયા ધરીને ધર્મ રાગથી ઘણી બુદ્ધિ વાપરીને, સ્યાદ્વાદશૈલી મુજબ એવો જવાબ આપે કે તેણે કરી શિષ્યના ચિત્તનો સંદેહ તરત મટી જાય, તે બંનેને પૃચ્છના સજઝાય તપ થાય.

૩ **પરાવર્ત્તના**—જે શિષ્ય તીવ્ર ઉપયોગી થકા પૂર્વે પઠિત શાસ્ત્રને ગણે તથા ગુરૂ પણ તીવ્ર ઉપયોગી થકા સાંભળે, ભૂલચૂક કહી દે, તે બંનેને પરાવર્ત્તના સજ્ઝાય તપ.

૪ **અનુપ્રેક્ષા**—જે અર્થની ચર્ચા શિષ્ય સહાધ્યાયી અને બીજા પણ નિપુણ સાધુ મળીને વિવિધ યુક્તિ જૈનશૈલી પૂર્વક કરે, ત્યાં ક્યારેક ચર્ચા કરતાં ઉક્તિ યુક્તિ પૂર્વક નિર્ણય થાય અને ક્યારેક નિર્ણય ન થાય, ત્યારે ગુરૂને પૂછે. ગુરૂ પણ આગમને અનુકૂળ ઉપયોગી થઇને સ્પષ્ટરીતે ચર્ચાનો નિર્ણય કરી આપે તે બંનેને અનુપ્રેક્ષા સજ્ઝાય.

૫ **ધર્મોપદેશ**—જો પોતાની ઉપદેશ આપ્યાની યોગ્યતા હોય તો તે બંને (શિષ્ય અને અન્ય )ને પૂર્વોક્ત વિધિપૂર્વક ઉપકાર બુદ્ધિથી ધર્મોપદેશ આપે, અને જો આગમ શૈલીના નય, નિક્ષેપ પ્રમાણ સપ્તભંગી પ્રમુખમાં તથાવિધ ક્ષયોપશમ ન હોય ત્યારે બહુશ્રુત જે ઉપદેશ આપે, તે પોતે કાંઇક હરખીત થઈ આશ્ચર્ય પામતો સાંભળે તે ધર્મકથા.

ઉપર કહેલી પાંચે પ્રકારની સજ્ઝાય વિપરીત કરે, અથવા દંભથી અભિમાનથી ઇર્ષ્યાથી કરે, ઉતાવળો ઉતાવળો ગડબડ કરી પૂરી કરે, પોતાની મરજી માફક કરે, યશ અર્થે કરે, તો સજ્ઝાય તપ અતિચાર લાગે.

૫ **ધ્યાન તપ**—ધર્મધ્યાન શુક્લ ધ્યાન એ બે મુક્તિ-દાયક છે. ત્યાં પ્રથમ સાધુજીને ધર્મ ધ્યાનના ચારે પાદ ધ્યાવવાના છે. તે ધ્યાવતાં અપ્રમત્ત સ્થાને પહોંચે, ત્યાર પછી આઠમું ગુણઠાણું પામે. ત્યાં શુક્લ ધ્યાનનો પહેલો પાયો ચિંતવતાં ચિંતવતાં બારમું ગુણસ્થાનક પામે, ત્યારે બીજા

પાયાનું ધ્યાન કરે. તે ધ્યાવતાં બારમું ગુણઠાણું પૂરૂં થાય ત્યારે ચારે ઘનઘાતી કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પામે, તેરમું ગુણઠાણું પામે. પછી આયુષ્યની સ્થિતિ પ્રમાણે તેરમે રહે. તેમાં શેષ અંતર્મુહૂર્ત્ત કાળ બાકી રહે ત્યારે શુકલ ધ્યાનના છેલ્લા બે પાદ ધ્યાવે, ત્યાં ચૌદમે ગુણઠાણે પહોંચે, ત્યાં સકળ કર્મ ક્ષય કરી મોક્ષે જાય. એ સાધુના ધ્યાનની પદ્ધતિ છે. તથા શ્રાવકને તો ધર્મધ્યાન શુકલ ધ્યાન ધ્યાવવાની યોગ્યતા નથી, કેમકે તેના મૂળઘાતી પ્રત્યાખ્યાનીય ચાર કષાય ઉદયવંત છે, માટે શ્રાવક તો અનિત્યાદિ બાર ભાવના એક ચિત્તે શુભ આર્ત્તરૂપે ધ્યાવે. તેમ કરતાં કોઈ ઉત્તમ જીવને ઉપયોગની નિર્મળતાથી લયલીનતા થાય, તેથી ધર્મધ્યાનની સમાપ્તિ થાય. તે સમાપ્તિ પ્રભાતના અરૂણોદયના આભાસ જેવી જાણવી. કેમકે તેના વડે ભાવનાજન્ય શુદ્ધોપયોગથી ધર્મધ્યાન સરખો અનુભવ થાય, મુનિભાવનો આસ્વાદ માત્ર પામે તે ધ્યાન તપ. એ ધ્યાનમાં યોગ ચપળતાદિક કરે તો અતિચાર લાગે.

૬ **ત્યાગ તપ**–ત્યાગના બે ભેદ છે. ૧ દ્રવ્યત્યાગ. અને ૨ ભાવત્યાગ. તેમાં દ્રવ્યત્યાગ તો સાધુ તથા શ્રાવક પોતપોતાની દશા માફક આહાર ઉપધિ નવવિધ બાહ્ય પરિગ્રહ ઇંદ્રિય સુખ તથા અવસ્થા વિશેષે દેહનો પણ ત્યાગ કરે તે. પણ ભાવત્યાગ તો વિષય તૃષ્ણા તથા ક્રોધાદિક કષાયનો ત્યાગ કરે તે. એ ત્યાગ તપ છતી શક્તિએ ન કરે, વિધિ રહિત કરે. તત્ત્વ પ્રતીતિ ધરી કરે નહિ. લોકની બીકથી ન છૂટકે કરે, નિયાણું કરી કરે તો અતિચાર લાગે.

## વીર્યાચારના ત્રણ અતિચાર

મન વચન અને કાયા એ ત્રણનું સામર્થ્ય તે વીર્ય. ત્યાં સાધુ તથા શ્રાવક પોતપોતાના ગુણસ્થાનક માફક તથા પોતાની દશા માફક જે જે ધર્મકરણી કરે તેમાં ત્રણે યોગનું વીર્ય ફોરવીને કરે, કેમકે વીર્યોલ્લાસ તેવું ફળ પામે.

૧ મનોયોગે સીદાતો થકો કરે, ઉત્સાહ વિના કરે, જે આ કામની વેઠ કયારે ઉતરશે, એ કામ હાથમાં ન લીધું હોત તો સારું થાત. હવે બીજો કોઈ માથે લે તો હું મૂકી દઉં. કોઈ રીતે છૂટે તો સારું થાય. આ કામમાં મહેનત ઘણી પડશે, પૈસા ઘણા ખરચાશે. શું કરીએ? વગર વિચાર્યે ફસાયા, હવે ફરી આવું જોઇને આરંભીશું. ઈત્યાદિ કુવિકલ્પ મનમાં કરે તે **મનોયોગ વીર્યાચારાતિચાર.**

૨ વચનયોગે ઉત્સાહથી સજ્ઝાય સ્તવનાદિ કરે નહીં, મંદ ભાષાથી ગડબડ કરીને કહે, બીજો કોઈ ધર્મકાર્ય કરતો હોય તેને મુશ્કેલી દેખાડી ઉત્સાહભંગ કરે તથા ધર્મકાર્ય કરીને અને કર્યા પછી ખેદ કરે કે કરતાં શું કર્યું, પણ કઠણ પડયું, મારું તો મન જાણે છે, કોઈએ મદદ ન કરી. શું કરીએ ? આગેવાન થયા એટલે અમારે તો કર્યા વિના ચાલે નહીં, શું કરીએ? શરીર નબળું થઈ ગયું તે હજુ ઠેકાણે આવ્યું નથી. આમ કહીને ઘણાનાં ચિત્ત ભંગ કરે. ઈત્યાદિ હીનતાનાં વચન કહે તે **વચનયોગ વીર્યાચારાતિચાર.**

૩. ધર્મકરણીમાં છતી શકિતએ કાયાએ કરી આળસ કરે, વેઠ માફક કરે, બહુમાન રહિત ભયાદિ કારણે કરે, અભિમાનથી, દેખાદેખીએ અથવા લાલચથી ધર્મ અનુષ્ઠાન કરે તે **કાયયોગ વીર્યાચારાતિચાર.**

## શ્રાવકનાં ૧૨ વ્રતાદિકના ૧૨૪ અતિચાર.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતના | | ... | ૫ |
| ૨ | ,, મૃષાવાદ ,, | ,, | ... | ૫ |
| ૩ | ,, અદત્તાદાન ,, | ,, | .... | ૫ |
| ૪ | ,, મૈથુન ,, | ,, | ... | ૫ |
| ૫ | ,, પરિગ્રહ પરિમાણ | ,, | ... | ૫ |
| ૬ | દિગ્ ,, | ,, | ... | ૫ |
| ૭ | ભોગોપભોગ વિરમણ | ,, | ... | ૫ |
| | પંનર કર્માદાનના | | ... | ૧૫ |
| ૮ | અનર્થદંડ વિરમણ | ,, | ... | ૫ |
| ૯ | સામાયિક | ,, | ... | ૫ |
| ૧૦ | દેશાવગાશિક | ,, | ... | ૫ |
| ૧૧ | પૌષધોપવાસ | ,, | ... | ૫ |
| ૧૨ | અતિથિ સંવિભાગ | ,, | ... | ૫ |
| | સંલેખના (અણુસણ)ના | .... | ... | ૫ |
| | જ્ઞાનાચારના | ... | ... | ૮ |
| | દર્શનાચારના | .... | ... | ૮ |
| | ચારિત્રાચારના | .... | .... | ૮ |
| | તપાચારના | .... | .... | ૧૨ |
| | વીર્યાચારના | .... | .... | ૩ |
| | | | | ૧૨૪ |

## દાનનું વધારે ફલ મેળવવાની રીત.

### विधि-द्रव्य-दातृ-पात्र-विशेषात् तद्विशेषः

૧. વિધિ ( કલ્પનીયપણું વિગેરે એટલે સાધુ વિગેરેને જે વખતે જે ચીજ જોઈતી હોય તે વખતે તે વસ્તુ નિર્દોષ આપવી. ) ૨. દ્રવ્ય ( ન્યાયોપાર્જીત દ્રવ્ય ) થી આપેલી કલ્પનીય નિર્દોષ વસ્તુ હોય તો ફળ દાતારને સારૂં મળે. આ બંને શુદ્ધ હોય, પણ ૩. દાતારનો ભાવ જેમ જેમ નિર્મળ હોય તેમ તેમ વધારે સારૂં ફળ પામે. પૂર્વોક્ત ત્રણે શુદ્ધ હોય, પણ ૪ પાત્ર ( લેનાર ગ્રાહક ) ની જેટલી શુદ્ધ દશા વર્ત્તતી હોય, તેટલુંજ શુદ્ધ ફળ પામે. માટે પાત્રાપાત્રનો વિચાર કરી પોતાને અધિક લાભ મળે, તે માટે દાન દેવાની વિધિ વિગેરે ચાર દેખાડવામાં આવ્યાં છે.

આ પ્રમાણે બાર વ્રતમાં રહેલો ( પાળતો ) સાત ક્ષેત્રમાં ધન ખરચતો દયા વડે અતિ દુઃખી જીવોને ધન આપતો તે મહા શ્રાવક કહેવાય છે. જે પાસે રહેલું, મરણ સમયે સાથે નહિ આવનાર, એવા ધનને ઉત્તમ સ્થળે (સારાપાત્રમાં) ખરચી શકતો નથી. તે બીચારો દુઃખે પાળી શકાય તેવું ચારિત્ર કેવી રીતે આદરી શકશે? ચારિત્રની ભાવના વિના શ્રાવકપણું ટકી શકતું નથી. માટે શક્તિ પ્રમાણે ધનાદિને અવશ્ય પરોપકારાર્થે વાપરવું. લક્ષ્મી ( ધન ) ની ત્રણગતિ છે. ૧. દાન. ૨. ભોગ અને નાશ, જો દાનમાં લક્ષ્મીનો સદ્‌વ્યય ન થાય તો ભોગ કે રાજા ચોર આદિકથી નાશ થવાનું છે અને તેવી રીતે નાશ થતાં આત્મની દુર્ગતિ થાય છે. માટે થોડામાંથી થોડું પણ સુપાત્રમાં વાપરવું, કેમકે સુપાત્રમાં વાપરવાથી અનંતગણું ફલ મળે છે. પણ એવો વિચાર ન

કરવો કે ખૂબ ધન ઉપાર્જીને પછીથી વાપરીશું. કારણ કે ધન ઉપાર્જન કરતાં આરંભ સમારંભનાં કામો કરવાં પડે છે તેથી પાપ બંધાય છે. માટે પાપ રૂપ કાદવમાં પગ નાંખીને દાન રૂપ પાણીથી ધોવા કરતાં આરંભ સમારંભ રૂપ કીચડમાં પગ ન નાખવો તે વધારે સારું.

## શ્રાવકના મનોરથો.

જૈન ધર્મથી રહિત એવો ચક્રવર્તી પણ હું ન થાઉં, પરંતુ જૈન ધર્મથી વાસિતકુલમાં દાસ કે દરિદ્રી થાઉં તો તે પણ મને સંમત છે. હું આ સર્વ સંયોગોને ત્યાગ કરી, જીર્ણ પ્રાયઃ વસ્ત્રવાળો થઈ, મળથી ભિંજાએલ શરીરવાળો (શરીર ઉપર નિરપેક્ષ બની) માધુકરી વૃત્તિવાળી મુનિ ચર્યાનો ક્યારે આશ્રય કરીશ? દુઃશીલોની સોબતનો ત્યાગ કરી, ગુરૂ મહારાજની ચરણરજને સ્પર્શ કરતો, યોગનો અભ્યાસ કરી, આ ભવોનો નાશ કરવાને હું કયારે સમર્થ થઈશ? મધ્યરાત્રીએ શહેરના બહાર કાયોત્સર્ગ ધ્યાનમાં સ્તંભની માફક સ્થિર રહેલા મને બળદો સ્તંભ જાણીને પોતાના સ્કંધનું ઘર્ષણ કયારે કરશે? વનની અંદર પદ્માસને બેઠેલા અને ખોળામાં મૃગનાં બચ્ચાં રહેલા મને વૃદ્ધ મૃગ-યૂથપતિઓ અચેતન વસ્તુ જાણી મોંઢા ઉપર કયારે સુંઘશે? શત્રુ અને મિત્ર ઉપર, તૃણ અને સ્ત્રી ઉપર, સોના અને પત્થર ઉપર, મણિ અને માટી ઉપર, મોક્ષ અને ભવ ઉપર એક સરખી બુદ્ધિવાળો (રાગદ્વેષ વિનાનો) હું કયારે થઈશ? આ પ્રમાણે મોક્ષરૂપ મહેલ ઉપર ચડવાને ગુણઠાણાની શ્રેણિ રૂપ નિસરણી સરખા મનોરથો શ્રાવકોએ કરવા.

प्राप्तः स कल्पेष्विन्द्रत्व-मन्यद्वा स्थानमुत्तमम्
मोदतेऽनुत्तर प्राज्य-पुण्यसंभारभाक् ततः ॥ १ ॥
च्युत्वोत्पद्य मनुष्येषु भुक्त्वा भोगान् सुदुर्लभाम्
विरक्तो मुक्तिमाप्नोति, शुद्धात्मान्तर्भवाष्टकम् ॥ २ ॥

**અર્થ**—આ પ્રમાણે ઉત્તમ શ્રાવક ધર્મ પાળી સૌધર્માદિ દેવલોકોને વિષે ઇંદ્રપણું અથવા કોઈ બીજું ઉત્તમ સ્થાન (સામાનિક દેવાદિપણું) પામી, અનન્ય સદૃશ અને મહાન્ પુણ્ય સમુહને ભોગવતા તેઓ આનંદમાં રહે છે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે ચવી, મનુષ્ય ભવમાં ઉત્પન્ન થઈ, અત્યંત દુર્લભ ભોગોને ભોગવી, સંસારથી વિરક્ત થઈ, તે શુદ્ધાત્માઓ આઠ ભવની અંદર મોક્ષ પામે છે.

# શ્રાવક યોગ્ય અગીયાર પડિમા.

**૧૧. પ્રતિમાઓનાં નામ.** ૧. દર્શન (સમકિત) પ્રતિમા. ૨. વ્રત પ્રતિમા. ૩. સામાયિક પ્રતિમા. ૪. પૌષધ પ્રતિમા. ૫. કાયોત્સર્ગ પ્રતિમા. (અભિગ્રહ વિશેષરૂપ) ૬. બ્રહ્મચર્ય પ્રતિમા, ૭. સચિત્તવર્જન પ્રતિમા. ૮. સ્વયં આરંભ વર્જન પ્રતિમા. ૯. અન્ય આરંભ વર્જન પ્રતિમા. ૧૦. પોતાને નિમિત્તે કરેલ અશનાદિ વર્જન પ્રતિમા. ૧૧. શ્રમણભૂત (મુનિવત્ વર્તન) પ્રતિમા.

**પ્રતિમા**—અમુક અભિગ્રહ અથવા નિયમ જાણવો. ઉક્ત દરેક પ્રતિમાનું કાળમાન તે પ્રતિમાની સંખ્યા પ્રમાણ જેટલા માસનું છે, (એટલે કે પહેલી પ્રતિમા એક માસની, બીજી બે માસની એમ અનુક્રમે અગીયારમી પ્રતિમા ૧૧ માસની છે. આ દરેક પ્રતિમાઓ વહન કરતાં ગમે તેવાં ઉપસર્ગાદિ કષ્ટો આવે, તોપણ નિરતિચારપણે, પ્રથમથી જેટલી પ્રતિમાઓ વહન કરી હોય તેટલી પ્રતિમાઓમાં કહેલ સર્વ અનુષ્ઠાનો કરતો આગલી પ્રતિમાનું સેવન કરે. (જેમકેઃ-પાંચમી પ્રતિમા કરતો હોય, ત્યારે પ્રથમની ચારે પ્રતિમામાં કહેલું અનુષ્ઠાન નિરતિચારપણે કરે.)

**૧. દર્શન પ્રતિમા**—શમ સંવેગ નિર્વેદ અનુકંપા અને આસ્તિકયતા (જિનેશ્વરે કહેલા તત્ત્વો ઉપર અચળ શ્રદ્ધા) ગુણ સહિત, શંકાદિક અતિચારોથી સર્વથા રહિત, ત્રિકાળ જિન પૂજા, સદ્ગુરૂ વંદન પ્રમુખ સદાચારથી લગારે ડગ્યા વિના, એક માસ પર્યંત નિર્દોષ સમકિતને પાળે તે.

**૨. વ્રત પ્રતિમા**—શ્રાવક યોગ્ય પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતને ગમે તેવી વિષમ સ્થિતિમાં કાંઈ પણ અતિચાર પ્રમુખ દૂષણ લગાડયા વિના, બે માસ સુધી, નિર્દોષ સમકિત ગુણ સહિત સેવવી તે.

**૩. સામાયિક**—મન વચન અને કાયા સંબંધી પાપ વ્યાપારને તજી, નિર્દોષ વ્યાપારને સેવવારૂપ સામાયિક પ્રતિદિન ઉભયકાળ (બંને ટંક) અતિચારાદિ દૂષણ રહિત ત્રણ માસ સુધી પૂર્વોક્ત પ્રતિમામાં કહેલ આચાર સહિત કરે તે.

**૪. પૌષધ**—દરેક અષ્ટમી ચતુર્દશી પ્રમુખ પર્વ દિવસે સર્વથા આહાર ત્યાગ, શરીર સત્કાર ત્યાગ, મૈથુન ત્યાગ, અને પાપ વ્યાપાર ત્યાગ એમ ચારે પ્રકારનો પૌષધ અતિચારાદિ દૂષણ રહિત, ચાર માસ સુધી, પૂર્વોક્ત પ્રતિમાઓમાં કહેલ આચાર સહિત કરવો તે.

**૫. કાયોત્સર્ગ પ્રતિમા**—પૂર્વોક્ત પ્રતિમાના સેવન પૂર્વક અષ્ટમી ચતુર્દશી પ્રમુખ પર્વના દિવસે પોષધ ગ્રહી, રાત્રે શૂન્યઘર શ્મશાન આદિ સ્થળે કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર રહી, ઉપસર્ગ પરિસહાદિકથી ન ડરતાં નિશ્ચળ રહે. તે દિવસે સ્નાન કરે નહિ. રાત્રિ ભોજન સર્વથા ત્યાગ કરે. કાયોત્સર્ગ વર્જિત દિવસોમાં બ્રહ્મચર્ય પાળે અને રાત્રે મૈથુન સેવનનું પ્રમાણ કરે. આ પ્રતિમા પાંચ માસ સુધી કરવાની છે.

**૬. બ્રહ્મચર્ય પ્રતિમા**—બ્રહ્મચર્યની ગુપ્તિનું છ માસ સુધી પાલન કરતો સ્ત્રીકથા તથા સ્ત્રી સાથે એકાંતમાં સરાગ વાર્તાલાપનો ત્યાગ કરતો, શૃંગાર કથા, સ્નાન વિલેપનાદિથી શરીર સત્કાર ન કરતો બ્રહ્મચર્યનું પાલન કરે.

૭. **સચિત્ત ત્યાગ પ્રતિમા**—પૂર્વોક્ત પ્રતિમાઓમાં કહેલા અનુષ્ઠાનોના સેવન પૂર્વક સાત માસ સુધી સચિત્ત ભોજન પાણીનો ત્યાગ કરે.

૮. **સ્વયં આરંભ વર્જન પ્રતિમા**—પૂર્વોક્ત પ્રતિમાઓમાં કહેલાં અનુષ્ઠાનોનું સેવન કરતો આઠ માસ સુધી કોઈ પણ પ્રકારનો પાપ આરંભ પોતે કરે નહિ.

૯. **અન્ય આરંભ વર્જન પ્રતિમા**—પૂર્વોક્ત આઠે પ્રતિમાઓમાં કહેલાં અનુષ્ઠાનોનું સેવન કરતો નવ માસ સુધી કોઈ પણ દાસદાસી પ્રમુખ પાસે પણ પાપારંભ ન કરાવે.

૧૦. **સ્વનિમિત્ત કૃત ભોજન વર્જન**—પૂર્વોક્ત પ્રતિમાઓમાં કહેલાં અનુષ્ઠાનોનું સેવન કરતો, દશ માસ સુધી પોતાના નિમિત્તે કરેલું ભોજન ગ્રહણ કરે નહિ. વળી આ પ્રતિમાધર શ્રાવક કોઈક ચોટલી રખાવે અથવા હજામત કરાવે.

૧૧. **શ્રમણભૂત પ્રતિમા**—પૂર્વોક્ત ૧૦ પ્રતિમાઓમાં કહેલાં અનુષ્ઠાનોનું સેવન કરતો, ૧૧ માસ સુધી સાધુ માફક રજોહરણ અને પાત્રાં ગ્રહણ કરી સ્વકુટુંબી જનોમાં નિર્દોષ આહાર પાણીની ગવેષણા કરતો તે વખતે મુનિની પેઠે 'ધર્મ લાભ' ન કહે, પરંતુ '**श्राद्धप्रतिमा-प्रतिपन्नाय देहि**' એટલે પ્રતિમાધર શ્રાવકને ભિક્ષા આપો, એમજ કહે. ક્ષુરમુંડન (હજામત) કરાવે અથવા કેશ લોચ કરે. કદાચ મમતા વશ થકો સ્વજ્ઞાતિ કુટુંબાદિકને જોવા જાય, તોપણ ત્યાં ગૃહ ચિંતા કરેજ નહિ. પ્રતિમાના અંતે મરણ નજદીક જણાય, તો અણસણ કરે અને આયુષ્ય અધિક હોય તો દીક્ષા અંગીકાર કરે.

આ પ્રતિમાઓના વહન કરવાથી પોતાનામાં મહાવ્રત પાળવાની યોગ્યતા સિદ્ધ કરી શકાય છે. તે પ્રતિમાઓ વહન કરવાનો અનાદર કરવો નજ જોઈએ.

## વ્રત ભંગનું ફળ.

**ઉંડે કુપે તે પડે, જે કરતો વ્રત ભંગ;**
**ભવ ભવ દુખીઓ તે ભમે, દુલ્લહો સદ્‌ગુરૂ સંગ. ૧**

શ્રી જીનેશ્વર ભગવંતના ફરમાન મુજબ દેશવિરતિ માર્ગમાં શ્રાવકને યોગ્ય સમકિત મૂલ બાર વ્રત, ઈહલોક પરલોકની વાંછા વિના હું શુદ્ધભાવે વૈરાગ્યવાસિત ચિત્તથી જાવજ્જીવ સુધીને માટે પ્રથમ નોંધ લખ્યા મુજબ અંગીકાર કરૂં છું. એ સર્વ વ્રતોનું યથાવિધિ પાલન, પરિપૂર્ણ કરીશ.

આ વ્રતોમાં અજાણતાં ભંગ થાય તો અથવા સહસા વિપરીત પ્રવૃત્તિ થઈ જાય તો જાણ્યા પછી (            ) તપ કરૂં. વિશેષ મોટી ભૂલ થાય તો ગુરૂ પાસે આલોયણ લઉં. અને ત્યાર પછી વિશેષ સાવધાન રહું.

ઉપરનાં વ્રતો (નિયમો) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અતીત કાળની નિંદા, વર્તમાન કાળમાં સંવર અને ભવિષ્ય કાળનાં પચ્ચક્ખાણ પૂર્વક ૬ સાક્ષીએ, ૭ છીંડી, ૪ આગાર અને ૪ બોલયુકત નીચે લખેલા ભાંગા પ્રમાણે અંગીકાર કરૂં છું.

પાના ૧૦૮માં લખેલા ૨૧ ભાંગામાંથી વચન અને કાયા સંબંધી ન કરવા અને ન કરાવવાના ૨–૩–૬–૯–૧૦–૧૩–૧૬–૧૭–૨૦ ભાંગાએ હું વ્રતો ગ્રહણ કરૂં છું, બધા વ્રતોમાં ધર્માર્થે જયણા.

આ બાર વ્રતની મોટી ટીપ વારંવાર વાંચી તથા મનન કરી શકિત પ્રમાણે વ્રત લેવા ઉદ્યમ કરવો. તેમજ વ્રતો લીધા પછી પણ દરેક વર્ષમાં ઓછામાં ઓછી એક વખત

આ ટીપ ( નોંધ ) વાંચવી કારણ કે પોતાના લીધેલા નિયમો સ્મૃતિમાં રહે અને લાગતા દૂષણોને દૂર કરવા પ્રયત્ન કરવો. ઉપર મુજબ સમકિત સહિત બારે વ્રતો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મર્યાદાએ આરાધવાં. તથા આત્માની વિશેષ શુદ્ધિ થાય તે પ્રમાણે ત્યાગ માર્ગનો વિશેષ આદર કરવો.

# શ્રાવકની દિનચર્યા.

૧. પાછલી ચાર ઘડી (૯૬ મીનીટ) રાત્રી બાકી રહે, ત્યારે ઉઠીને પંચ પરમેષ્ઠી નવકાર મંત્રનું સ્મરણ કરતા શ્રાવકે યાદ કરવું, કે મારા દેવ કયા છે? મારો શું ધર્મ છે? મારૂં કુલ કયું છે? મેં કયાં કયાં વ્રતો અંગીકાર કર્યાં છે. મારા ધર્માચાર્ય (જેની પાસેથી ધર્મ પામ્યા હોય તેવા) ગુરૂ કોણ છે? ઈત્યાદિ વિચાર કરતો નિદ્રાનો ત્યાગ કરે.

૨. શય્યાથી ઉઠતાં ડાબી કે જમણી જે નાસિકા વહેતી હોય તે તરફનો પગ ઉઠતી વખતે ધરતી ઉપર મૂકે, પછી રાત્રિનાં વસ્ત્રોને બદલીને શુદ્ધ વસ્ત્ર પહેરીને પૂર્વ કે ઉત્તર દિશિ સન્મુખ બેસીને મન સ્થિર રાખીને નવકાર મંત્રનો જાપ કરે. જાપ ત્રણ પ્રકારનો છે. ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય. કમલાદિકની વિધિએ ગણે તે ઉત્કૃષ્ટ જાપ. સુતર કે સુખડની નવકારવાળીથી નવકાર મંત્રનો જાપ કરે તે મધ્યમ અને મૌન ધારણ કર્યા વિના, ધ્યાન વિના, સંખ્યા વિના, મેરૂ ઉલં-ઘીને, મન સ્થિર રાખ્યા વિના જાપ કરે તે જઘન્ય જાપ જાણવો. નમસ્કાર ચાર પ્રકારે છે. ૧. દ્રવ્યથી ખરો પણ ભાવથી નહિ. તે કૃષ્ણપુત્ર પાલકની જેમ. ૨. ભાવથી ખરો પણ દ્રવ્યથી નહિ. તે અનુત્તર વિમાનના દેવની જેમ. ૩. દ્રવ્યથી ખરો અને ભાવથી પણ ખરો. તે મન વચન અને કાયાએ કરી સારી રીતે ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિ જીવની જેમ. ૪. દ્રવ્યથી પણ નહિ અને ભાવથી પણ નહિ. તે નમસ્કાર નહિ કરનારા કપિલાદિકની જેમ.

૪. સ્ત્રીના અંગની અપવિત્રતા વિચારવી. તેમાં આસક્ત થયેલાઓને આ ભવ અને પરભવમાં જે કષ્ટો (દુઃખો) પ્રાપ્ત થાય છે, તે વિચારી સ્ત્રી સંગથી નિવૃત્ત થયેલાઓ પ્રત્યે બહુમાન ભક્તિ પ્રીતિ ધારણ કરવી. તેમજ સંવેગ (મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા) અને વૈરાગ્યને માટે અનુક્રમે જગત અને કાયાના સ્વભાવની વિચારણા કરવી. તે પછી રાત્રિએ કરેલાં પાપની આલોચના (સર્વ અતિચારની શુદ્ધિ) ને માટે ઉપાશ્રયે અથવા ઘરે મંદ સ્વરે રાઈ પ્રતિક્રમણ કરી, ચૌદ નિયમ સંક્ષેપીને ફરીથી ચૌદ નિયમ ધારીને દેશાવગાસિકનું પચ્ચક્ખાણ કરે.

૫. વિધિપૂર્વક ગૃહચૈત્ય કે દહેરાસરમાં જઈ પ્રભુની વાસક્ષેપ પૂજા, અક્ષતાદિકથી દ્રવ્યપૂજા અને ચૈત્યવંદનરૂપ ભાવપૂજા કરી, નમુક્કારસહિય વિગેરે પ્રત્યાખ્યાન કરવું.

૬. ઉપાશ્રયે ગુરૂ મહારાજને વાંદી, આગમાદિનું વ્યાખ્યાન શ્રવણ કરી, પ્રત્યાખ્યાન કરી, અન્ય સાધુ સમુદાયને શરીરની સુખશાતા પૂછી, કોઇ બાળ ગ્લાન કે વૃદ્ધ મુનિ હોય તો તેને યોગ્ય ઔષધ વિગેરે નિઃસ્વાર્થ ભાવે લાવી આપવું. એમ કરવાથીજ પ્રથમ કરેલી પૃચ્છાની સાર્થકતા થાય છે. તેમજ વહોરવા માટે નિમંત્રણા કરવી.

૭. બીજા પહોરે સ્નાન કરી પવિત્ર થઈ વિધિપૂર્વક દ્રવ્ય અને ભાવથી જિન પૂજા કરી, મુનિઓને દાન દઈ, સાધર્મીકનું વાત્સલ્ય, દીન પ્રત્યે અનુકંપા દાન દઇ, પરિજન કુટુંબાદિની સંભાળ લઈ, કરેલ પચ્ચકખાણ પારી, અભક્ષ્ય અનંતકાય વર્જિત ભોજન કરે, ભોજન માટે અગ્નિખુણ

દક્ષિણદિશિ અને નૈઋત્ય કોણ વર્જ્ય છે. રવિના ઉદય અને અસ્તવેળાએ, સૂર્યચંદ્રના ગ્રહણ કાલે તથા આપણા સ્વજનાદિકનું મૃતક જ્યાં સુધી પડ્યું હોય, ત્યાં સુધી જમવું નહિ. જ્ઞાતિથી ભ્રષ્ટ થયો હોય તેને ઘેર જમવું નહિ. બાલ સ્ત્રી ગર્ભ અને ગૌવધ કરનાર, આચાર લોપનાર અને પોતાના કુલનો ત્યાગ કરનારની પંક્તિમાં જાણતો થકો શ્રાવક જમવા બેસે નહિ. ભોજનની આદિમાં પાણી પીવું તે વિષ સમાન છે. ભોજનને અંતે વધુ પાણી પીવું તે શિલા સમાન છે. ભોજનની વચમાં પાણી પીવું તે અમૃત જેવું છે. અજીર્ણ હોય તેમજ વમન (ઉલટી) થયું હોય તો ભોજન ન કરવું. પોતાની જમણી નાસિકા ચાલતી હોય ત્યારે ભોજન કરવું, ઝાડે જવું, ઉંઘવું, ધ્યાન કરવું. અને ડાબી નાસિકા ચાલતી હોય ત્યારે પાણી પીવું, મૂત્રનો ત્યાગ કરવો. જમ્યા પછી ઉનાળા સિવાય નિદ્રા ન કરવી, કેમકે દીવસે સુવાથી શરીરને વિષે રોગોત્પત્તિ થાય. બની શકે તો ગંઠસહી આદિ પચ્ચક્ખાણ કરવું.

૮. પોતાની ખામીઓ કમી થાય તેમ કરવું. જિજ્ઞાસુ સજ્જનો સાથે ધર્મચર્ચા કરવી. સારૂં વાંચેલું ભણેલું સાંભળેલું પુનઃ પુનઃ વિચારવું. ગુણીજનોના ગુણો જોઈને ગ્રહણ કરવા અને તેમનું બહુમાન કરવું. આત્મનિંદા અને પરના છતા ગુણની પ્રશંસા કરવી. ઉપાશ્રયાદિમાં રહેલા મુનિરાજ પાસે જઈ સામાયિક લઈ ધર્મોપદેશ સંબંધી પૃચ્છા કરવી. નિરંતર દાન શીલ તપ ભાવના ધ્યાન અને શ્રુતના અભ્યાસ વડે દીવસને સફલ કરવો અને બીજાઓને જ્ઞાન આપવું. કહ્યું છે કે :—

ज्ञानवान् ज्ञानदानेन, निर्भयोऽभयदानतः
अन्नदानात् सुखी नित्यं, निर्व्याधिर्भेषजाद्भवेत् ॥१॥

અર્થ—જ્ઞાનના દાન (આપવા) વડે જ્ઞાની થાય. અભયદાન દેવાથી ભય રહિત થાય. અન્નના દેવાથી નિરંતર સુખી થાય. ઔષધ આપવાથી પ્રાણી નિરોગી થાય.

૯. લોક અને લોકોત્તરથી અવિરૂદ્ધ વ્યાપાર કરવો. ઓછું આપવું નહિ અધિકું લેવું નહિ. લેવડ દેવડમાં પ્રમાણિકપણું રાખવું. ભૂલથી કોઇનું આવ્યું હોય તો પાછું આપવું. જુઠું બોલવું નહિ. સાબુ સાજી લોઢું ગળી મધ ધાવડી અને ૧૫ કર્માદાનનો વેપાર કરવો નહિ. લુહાર ઘાંચી મોચી જુગારી વેશ્યા ભાંડ ભયૈયા ચમાર ઈત્યાદિક સાથે વેપારમાં ઘણું ધન પ્રાપ્ત થતું હોય, તોપણ તેમની સાથે વેપાર ન કરે. ઉપાર્જેલ ધનની અસારતા જાણતો સદ્વ્યય (પરોપકાર) કરે.

૧૦. દીવસના આઠમા ભાગે એટલે ચાર ઘડી દીવસ બાકી હોય ત્યારે વાળુ (ભોજન) કરે. પરંતુ સંધ્યા સમયે તેમજ રાત્રે જમે નહિ. જો સંધ્યા સમયે આહાર કરે તો વ્યાધિ ઉપજે, મૈથુન કરે તો ગર્ભ દુષ્ટ થાય, નિદ્રા કરે તો ભૂત પિશાચાદિથી પીડા થાય અને સ્વાધ્યાય કરે તો બુદ્ધિની હીનતા થાય. ભોજન કરી બે ઘડી દિવસ બાકી હોય ત્યારે ચોવિહાર આદિ પચ્ચકખાણ કરે. જે માણસ રાત્રે હમેશાં ચોવિહારનું પચ્ચકખાણ કરે, તેને એક માસમાં પનર ઉપવાસનું ફળ મળે છે. અથવા છેવટે સૂર્યાસ્ત પહેલાં તો ચોવિહાર કરવો. સૂર્યાસ્ત પછી ભોજન કરનાર અભિગ્રહ પચ્ચકખાણ

કરે. સૂર્યાસ્ત પછી તિવિહાર પચ્ચકખાણવાળો ત્રણ નવકાર ગણીને પાણી પીને મોડામાં મોડું દશ વાગે અભિગ્રહ પચ્ચકખાણ કરે. રોગાદિકના કારણે રાત્રે દુવિહાર પચ્ચકખાણમાં પાણી તથા દવા વિગેરે સ્વાદિમ કલ્પે, પરંતુ દૂધ ચા મોસંબીનો રસ વિગેરે ન કલ્પે. સૂર્યાસ્ત પહેલાં ચૌદ નિયમ સંક્ષેપી નવા ધારી દેશાવગાશિકનું પચ્ચકખાણ લઈ, દેરાસરમાં જઈ ધૂપ ઉખેવી, આરતિ મંગળદીવો ચૈત્યવંદન કરી પચ્ચકખાણ પ્રભુ સમીપે ગ્રહણ કરે.

૧૧. ગુરૂ મહારાજ પાસે જઈ સૂર્યાસ્ત સમયે વંદિત્તુ આવે તે પ્રમાણે પ્રતિક્રમણ કરી સ્વાધ્યાય સંયમ અને વેયાવચ્ચાદિ વડે શ્રાંત થયેલા મુનિઓનું તેમજ તેવા શ્રાવકાદિકનો ખેદ દૂર કરવા વિશ્રામણ (પગચંપી વિગેરે) કરવું. વેયાવચ્ચ કરવાથી અક્ષય માંગલિક થાય. શરીર નિરોગી રહે. બાહુબળી ઘણું બળ પામ્યા અને ભરત ચક્રવર્તીને પણ હરાવ્યા.

૧૨. પછી ઘરે જઈ પોતાના પરિવારને એકત્ર કરી, ધર્મોપદેશ આપી, નમસ્કાર મંત્રનું સ્મરણ કરી, અરિહંત સિદ્ધ સર્વ સાધુ અને કેવલી ભાષિત ધર્મનું શરણ કરી વિશુદ્ધ ચારિત્રી અને ઉદ્યતવિહારી ગુરૂ પાસે દીક્ષા લેવાનો અને તીર્થયાત્રાદિ કરવાનો શુભ ભાવ રાખી, ક્ષણે ક્ષણે થતી વયહાનિનો, કર્મના ફલનો, પોતે અને બીજાઓએ કરેલાં શુભકાર્યોની અનુમોદનાનો, આ મનુષ્ય જન્મની સફળતા કરવાનો, ધર્મ અને પાપના નફા નુકશાનનો વિચાર કરવો. આત્માના હિતાહિતનું સરવૈયું કાઢવું. રાત્રિ દિવસમાં કરેલા પ્રાણી વધાદિ અશુભ આચરણોની નિંદા અને પશ્ચાતાપ કરતો, પ્રાયઃ અબ્રહ્મ સેવનની વિરતિ કરતો અલ્પનિદ્રા કરે.

अल्पाहारोऽल्पनिद्रश्च, अल्पारंभ–परिग्रहः
भवत्यल्पकषायी यो, ज्ञेयः सोऽल्पभवभ्रमः ॥२॥

અર્થ–જેનો આહાર નિદ્રા આરંભ પરિગ્રહ અને કષાય થોડો હોય, તેને સંસારમાં ભમવું પણ થોડું જ હોય. આ પ્રમાણે શ્રાવકની દિનચર્યાથી કર્મબંધ ઓછો થાય અને અનુક્રમે અમૃતપદ (મોક્ષ) પામે.

---

## શ્રાવકનાં ષટ્ કર્મ (છ કાર્ય)

देव पूजा गुरुपास्तिः, स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानाम्, षट् कर्माणि दिने दिने ॥१॥

**અર્થ**—દેવપૂજા ગુરૂસેવા સ્વાધ્યાય સંયમ તપ અને દાન એ છ કાર્યો ગૃહસ્થોને દરરોજ કરવાનાં છે.

**જિન પૂજાના અધિકારી** ત્રણ છે. ૧ અપુનર્બંધક. ૨. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને ૩.વિરતિવંત. **અપુનર્બંધક**=હિંસાદિક પાપકર્મ ગાઢ સંકિલષ્ટ પરિણામથી કરે નહિ. સંસારને સારો જાણે નહિ. માતા પિતા દેવ ગુરૂ પ્રમુખની સર્વત્ર ઉચિત મર્યાદા સાચવે. ક્યાંય પણ અનુચિત આચરે નહિ. **અવિરતિ સમ્યગ્દૃષ્ટિ**=ધર્મશાસ્ત્ર શ્રવણ કરવાની તીવ્ર ઈચ્છા, ધર્મ સાધન કરવાનો અત્યંત રાગ તેમજ દેવગુરૂની યથાસમાધિ ભક્તિ કરવાનો નિયમ હોય તે. **વિરતિવંત**=માર્ગાનુસારી, શ્રદ્ધાવાન્, સુખે સમજાવી શકાય એવો, અનાગ્રહી, સ્વધર્મ કરણીમાં સાવધાન, સદ્ગુણરાગી અને શકય અનુષ્ઠાન (ક્રિયા)માં આળસ વગરનો હોય તે.

## દ્રવ્ય અને ભાવ ચૈત્યવંદનાનાં ચિન્હ.

ચૈત્યવંદના કરતાં તેમાં ઉપયોગ (લક્ષ) ન હોય. તેના અર્થની વિચારણા ન હોય. વંદનયોગ્ય અરિહંતાદિકના પ્રગટ ગુણ ઉપર બહુમાન ન હોય. મને આ અતિઅદ્ભૂત દર્શન અને વંદનનો અપૂર્વ લાભ થયો, એવો પ્રમોદ પ્રાપ્ત ન થાય, તેમજ સંસારનો ત્રાસ ન લાગે તે દ્રવ્ય ચૈત્યવંદનાનાં ચિન્હ સમજવાં. તેથી વિપરીત સઘળાં સારાં લક્ષણ ભાવ ચૈત્યવંદનાનાં સમજવાં. જેમ તેમ ચૈત્યવંદના કરવાથી મોક્ષ પ્રાપ્તિ થતી નથી, પરંતુ શુદ્ધ વંદનાથી જ તેની પ્રાપ્તિ થાય છે.

**જિનેશ્વરની પૂજા કરવાની વિધિ**—૧ ન્યાયોપાર્જીત દ્રવ્યશુદ્ધિ, ૨. વસ્ત્રશુદ્ધિ, ૩. પૂજાનાં ઉપકરણોની શુદ્ધિ, ૪. ભૂમિ શુદ્ધિ, ૫. મનશુદ્ધિ, ૬ વચનશુદ્ધિ અને ૭ કાયશુદ્ધિ. એ સાત શુદ્ધિ સાચવીને, તંબોલ પાણી ભોજન ઈત્યાદિ ૧૦ આશાતના ટાળીને, ન્હાવાનું વસ્ત્ર પહેરી, પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ પરનાળવાળા બાજોઠ ઉપર બેસી, સ્વચ્છ જળથી સ્નાન કરી, રૂમાલથી શરીર લુંછી છૂટક જમીન ઉપર તે પાણી પરઠવવું. રજસ્વલા સ્ત્રીનો અથવા ચંડાલનો સ્પર્શ થયો હોય, હજામત કરાવી હોય, ઘરમાં સૂતક થયું હોય કે સ્વજનાદિકનું મૃત્યુ થયું હોય તો મસ્તકથી માંડીને સર્વાંગે સ્નાન કરે. પરંતુ ઝાડે જવાના મલીન વસ્ત્ર પહેરી ન્હાવાથી શરીર અપવિત્રજ થાય છે. રૂમાલથી શરીર લુંછ્યા વિના ભીંજાયેલા પગે ચાલવાથી કીડી વિગેરે જીવજંતુઓ મરી જાય છે અને કચરો મેલ ચોંટવાથી પગ અપવિત્ર થાય છે. દરરોજ એક જ સ્થાને સ્નાન કરનારે લીલફુલવાળી જમીન ઉપર તથા ગટરમાં પાણી

ન જાય તેમ ઉપયોગ રાખવો. પગ મૂકવાની ભૂમિ પૂંજ્યા પછી પુરૂષે શુદ્ધ ધોતીયું અને ઉત્તરાસંગ એ બે વસ્ત્ર પહેરી અને સ્ત્રીએ ત્રણ વસ્ત્ર પહેરી મુખકોશ માટે અષ્ટપડ થાય તેવો રૂમાલ લેવો. પરંતુ ફાટેલું, સીવેલું કે સ્ત્રીનું વસ્ત્ર પુરૂષે પહેરવું નહિ તેમજ સ્ત્રીએ પુરૂષનું વસ્ત્ર પહેરવું નહિ, કારણકે પહેરવાથી કામરાગની વૃદ્ધિ થાય. બગીચામાં જઇ પુષ્પને કિલામણા ન થાય તેમ રૂપાના નખલા પહેરી પુષ્પ ચુંટી, છાબડીમાં ભરવાં. હાથથી પડેલું. પગ લાગેલું; ભૂમિ ઉપર પડેલું, મસ્તક ઉપર આણેલું, કીડાએ ડંખેલું, માળીએ રાત્રિ વાસી રાખેલું પુષ્પ[1] પ્રભુની પૂજાને યોગ્ય નથી. પૂજા કરતાં એક ફુલના બે કકડા ન કરવા. કળી પણ છેદવી નહિ. ફુલથી પાંદડીઓ જુદી કરવી નહિ. સોય દોરાથી સીવેલાં પુષ્પોની માળા ચડાવવી નહિ. રાત્રીએ વાસી રહેલાં ગુલાબને ખંખેરવાથી પાંદડીઓ જુદી થાય છે માટે તેવાં પુષ્પો ન ચડાવવાં. શહેરોમાં ડમરા પણ પ્રાયઃ વાસી આવે છે. પાલીતાણામાં પુષ્પની માળાઓ સીવીને માળીઓ બનાવે છે. પરંતુ દયાળુ શ્રાવકે તેવી સીવેલી માળાથી પ્રભુની ભક્તિ ન કરતાં ગુંથેલી માળાથી પ્રભુ ભક્તિ કરવી. અભિગમ સાચવી ( પોતાને વાપરવા યોગ્ય સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો. વસ્ત્ર આભૂષણાદિ અચિત્ત દ્રવ્યનો ત્યાગ ન કરવો. ઉપરનું વસ્ત્ર બંને છેડા સહિત પહેરી, મનનું એકાગ્રપણું કરી, દહેરાસરમાં જવાનો વિચાર કરે ત્યારે એક

---

૧ વિધિ પ્રમાણે ચોકખાં ફુલ ન મળે તો ચોકખાં ફુલ ન રાખતા એવા માળી પાસેથી પ્રભુ ભક્તિ નિમિત્તે ફુલ લેવાની તથા કોઈ ડોળીવાળા જોડાં પહેરીને ગિરિરાજ વિગેરે ઉપર ચઢે, તેની ડોળીમાં બેસવાની જયણા.

ઉપવાસનું ફળ પામે. દહેરાસર જવાને ઉઠે ત્યારે છઠ્ઠનું ફળ થાય. માર્ગે જતાં અઠમ ફળનો લાભ થાય. દહેરાસર જોયે છતે ચાર ઉપવાસનું ફલ પામે. દહેરાસરના બારણે ગયા થકાં પાંચ ઉપવાસનું ફળ પામે. દહેરાસરમાં પેસતાં ૧૫ ઉપવાસનું ફળ તથા પૂજતાં માસખમણનું ફળ પામે. પછી મન વચન અને કાયાથી ઘર કે પૌષધ સંબંધી વ્યાપારનો ત્યાગ કરવા માટે દહેરાસરના અગ્રદ્વારે ત્રણ નિસીહિ અથવા યોગથી તે વ્યાપારનો નિષેધ કરવા માટે એક નિસીહિ કહે. પ્રભુને જોયે છતે બે હાથ જોડી મસ્તક નમાવી ' નમો જિણાણં ' કહે. અષ્ટપડ મુખકોશ બાંધી ઓરસીયો અને સુખડ પાણીથી ધોઇ, ઓરસીયા ઉપર બરાસ અને કેશર સુખડથી ઘસી તેમાંથી એક વાટકીમાં જરા કેશર જુદું કાઢી, આરીસો પ્રભુની સન્મુખ રાખી એમ વિચારવું કે જેવી રીતે આ આરીસામાં આપનું પ્રતિબિંબ સ્વચ્છ દેખાય છે, તેવી રીતે મારા આત્માનું સ્વરૂપ પ્રગટ મને ક્યારે દેખાશે ? તેમજ મેરૂ પર્વતના આકારે પોતાના કપાળે ચાંલ્લો કરતાં વિચારવું કે હે જિનેશ્વર ! હું આપની આજ્ઞાને મસ્તકે ચડાવું છું ( પાળીશ. ) પછી પુષ્પાદિ સામગ્રી લઈ પ્રભુની જમણી બાજુએ પુરૂષે અને પ્રભુની ડાબી બાજુએ સ્ત્રીએ ઉભા રહી બે હાથ જોડી ૧-૨-૩થી માંડીને વધુમાં વધુ ૧૦૮ શ્લોકો પોતાની સ્થિરતા પ્રમાણે બોલવા. પ્રભુની જમણી બાજુથી ત્રણ પ્રદક્ષિણા જ્ઞાન દર્શન અને ચારિત્ર આરાધવા અથવા સંસાર (ભવ) ભ્રમણના ફેરા ટાળવા માટે જીવજંતુની રક્ષા પૂર્વક, દહેરાસરમાં નીચે મધ્યે અને ઉપર ફરતીમાં જોઈને દેવી તેમાં કચરો કે જાળાં વિગેરે હોય તો સાફ કરાવવાનો ઉપયોગ કરાવવો. દહેરાસરનું કામ ચાલતું

હોય તો સલાટ મજુર વિગેરેને સૂચના આપવી અને દહેરાસરના ભંડારની વ્યવસ્થા કરવી.

હવે દહેરાસર સંબંધી વ્યાપાર ત્યાગ કરવા માટે પૂજા કરનાર તથા પૌષધવાળાએ દહેરાસરના ગભારા પાસે અર્ધાવનત પ્રણામ ( કેડ ઉપરનો ભાગ નમાડવા ) પૂર્વક બીજી નિસીહિ કહેવી. પછી પ્રભુની દ્રવ્યપૂજા કરનાર પુરૂષે ઉત્તરાસંગથી અષ્ટપડ મુખકોશ બાંધી, પ્રભુની એક આંગળથી માંડીને પાંચસો ધનુષ્ય પ્રમાણની રત્ન સોનાની રૂપાની ઉત્તમ-ધાતુની પાષાણની અને લેપવાળી વેલુ ( મૃત્તિકા ) ની પ્રતિમા ઉપરનાં વાસી ફુલ એક થાળમાં ઉતારી મોરપીંછી કરી, તેમાં રહેલા કુંથુઆ વિગેરેની રક્ષા માટે યોગ્ય સ્થાને તે નિર્માલ્ય મૂકી, પ્રભુ ઉપરના વાસી કેશરને દૂર કરવા માટે પાણીનો કળશ ઢોળી, પછી એક કુંડીમાં જલ ભરી કેસર પોથાને ભીનો કરી, તેનાથી કેશર કાઢી, તેમ છતાં કદાચ કેશર રહે તોજ પોચા હાથ વડે વાળા-કુંચીથી કેશર દૂર કરી પંચામૃત ( દૂધ-દહીં-ઘી-સાકર અને પાણી ) થી ભરેલા કળશ વડે પ્રભુને પખાલ કરી, જળથી પખાળ કરાવતાં વિચારવું કે ધન્ય છે દેવોને ! કે જેમણે મેરૂ પર્વતના શિખર ઉપર રહેલા પાંડુક વનની શિલાના સિંહાસન ઉપર ઇંદ્રે પ્રભુને ખોળામાં બેસાડી આઠે જાતિના ( ૧ રત્નના-૨ સોનાના- ૩ રૂપાના- ૪ રત્ન અને સોનાના- ૫ રત્ન અને રૂપાના- ૬ સોના અને રૂપાના- ૭સોના રૂપા અને રત્નના તથા ૮ માટીના ) એ આઠે જાતિના આઠ આઠ હજાર (૬૪૦૦૦) કળશોથી ૨૫૦ વાર અભિષેક કર્યો એટલે કુલ ૧ક્રોડ અને ૬૦લાખ કળશોથી પ્રભુનો

જન્માભિષેક કર્યો. તેમ હું પણ અનાદિ કાળના કર્મ રૂપ મેલને નાશ કરવા માટે જળપૂજા કરૂં છું. એવી રીતે પ્રભુની જન્માવસ્થા વિચારવી. પછી ત્રણ અંગલુંહણાંથી પ્રભુને લુંછવા. (સાફ કરવા.) અંગલુંહણાં મેલાં તથા ફાટેલાં ન વાપરવાં. તેમજ પાણી જલદીથી ચૂસે તેવી સુંવાળી ખાદી જગન્નાથી અને મલમલનાં અનુક્રમે સ્વચ્છ અંગલુંહણાં વાપરવાં. કદાચ પાણી રહે તો બીજા અંગલુંહણા વખતે રૂપાની કે ત્રાંબાની સળી ઉપર અંગલુંહણું રાખીને અથવા અંગલુંહણાના છેડાની વાટ કરીને સાફ કરવા. પછી બરાસ કસ્તુરી અત્તરાદિકથી પ્રભુને વિલેપન કરી, પૂર્વ અને ઉત્તર દિશિ સન્મુખ બેસી પૂજા કરે, કારણ કે પૂર્વ દિશિ સામો બેસી પૂજા કરે તો લક્ષ્મી પામે, અગ્નિ ખુણે સંતાપ પામે, દક્ષિણ દિશિએ મરણ પામે, નૈઋત્ય ખુણે ઉપદ્રવ ઉપજે, પશ્ચિમ દિશિએ પુત્રનું દુઃખ હોય, વાયુખુણે સંતાન ન હોય, ઉત્તર દિશિએ ઘણો લાભ થાય, ઈશાન ખુણે ઘરને વિષે ન રહે.

પ્રભુની નવ અંગે કેશર મિશ્રિત ચંદન પૂજા કરતાં વિચારવું કે પ્રભુ! આપ ત્રણ લોકના પૂજ્ય છો, તેથી મારે પણ પૂજવા યોગ્ય છો. એમ મનમાં કહી પ્રભુના જમણા અને ડાબા પગના અંગુઠે અનામિકા આંગળીથી પૂજા કરવી. હે પ્રભુ! આપે દીક્ષાથી આરંભીને કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું, ત્યાંસુધી મૌનપણે એકાકી દેશોદેશ વિચરી, અપ્રમત્તપણે કાઉસ્સગ્ગ ધ્યાને ઢીંચણે ઉભા રહી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું, તેથી આ બંને ઢીંચણ મારે પૂજવા યોગ્ય છે. એમ કહી જમણા અને ડાબા ઢીંચણે પ્રભુની કેશરથી પૂજા કરવી. હે પ્રભુ! આપે જે હાથોથી વાર્ષિક દાન દઈ જગતનું દ્રારિદ્ર દૂર કર્યું અને ભવ્યજીવોને

ભવ્યપણાની ખરી છાપ કરી, કારણકે અભવ્ય જીવ પ્રભુના હાથથી વાર્ષિક દાન લેવા આવતો નથી. એમ વિચારી પ્રભુના જમણા અને ડાબા હાથના કાંડે કેશરથી પૂજા કરવી. હે પ્રભુ! આપે બંને ખભાથી માનનો ત્યાગ કર્યો, એમ કહી જમણા અને ડાબા ખભે પ્રભુની પૂજા કરવી. હે પ્રભુ! આપે સિદ્ધ-શિલાની ઉપર લોકાન્તે વાસ કર્યો, તેથી આપની શિર શિખાની હું પૂજા કરૂં છું. હે પ્રભુ! આપ ત્રણ ભુવનમાં તિલક સમાન છો, માટે આપના કપાળે હું તિલક કરૂં છું. હે પ્રભુ! આપે કંઠથી મધુર દેશના આપીને ભવ્ય જીવોને ધર્મ પમાડ્યો છે, માટે આપના કંઠની હું પૂજા કરૂં છું. હે પ્રભુ! આપે હૃદયથી રાગદ્વેષને ટાળ્યા છે, માટે આપના હૃદયને હું કેશરથી પૂજું છું. હે પ્રભુ! આપ ગંભીર છો, તે જણાવવા માટે હું આપની નાભિની પૂજા કરૂં છું. આ ચંદનપૂજા કરવાનું કારણ એ છે કે પ્રભુમાં શીતળ (શાંત) ગુણો રહેલા છે, તેથી મારા આત્મામાં તે ગુણો લાવવાને હું ચંદનથી પૂજા કરૂં છું. તે પછી પ્રભુના હાથમાં પુષ્પ મૂકવું. તથા વધુ પુષ્પો હોય તો શરીરે આંગી કરવી. મુકુટ કુંડલ પાખર વિગેરેમાં ભરાવવાં અને પુષ્પગૃહ વિગેરેની રચનાથી જેમ શોભા થાય તેમ કરવી. તે વખતે વિચારવું કે ભગવાનના દેહ ઉપર રાખેલ પુષ્પના જીવો ભવ્ય જ છે, કારણકે પુષ્પમાં રહેલ અભવ્ય જીવને પ્રભુના દેહ ઉપર રાખવામાં આવે, તો તે તરત જ પડી જાય છે. એ ત્રણે પ્રભુની અંગપૂજા કહી. તેમાં ચંદન અને પુષ્પ પૂજા કરતાં રાજ્યાવસ્થા, ભગવંતના મુખને દાઢી મૂછ અને વાળ રહિત જોઈને શ્રમણાવસ્થા, આઠ પ્રાતિહાર્ય વડે યુક્ત થયેલા પરિકરવાળા પ્રભુને જોઈને કેવલી અવસ્થા,

અને પર્યંકાસને કે કાઉસ્સગ્ગીયાના આકારે એકલા રહેલ પ્રભુને જોઈને સિદ્ધ અવસ્થા વિચારવી. પછી ગભારાથી બહાર નીકળી અગરબત્તી તગર કે દશાંગી સુગંધ ધૂપ કરતાં વિચારવું કે આ ધૂપ પ્રભુ આગળ ધૂપધાણામાં ઉખેવીને હું મિથ્યાત્વ રૂપ દુર્ગંધને દૂર કરૂં. પ્રભુની ડાબી બાજુએ ધૂપધાણું મૂકવું. દીપક પૂજા કરતાં વિચારવું કે આ દ્રવ્ય દીપક પૂજા પ્રભુ આગળ કરવાથી મને ભાવ દીપક રૂપ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાઓ. એમ કહી દીપક પ્રભુની જમણી બાજુએ મૂકવો. પછી પ્રભુની સન્મુખ જમણી બાજુએ પુરૂષે તથા ડાબી બાજુએ સ્ત્રીએ બેસી અખંડ ચોખાથી સ્વસ્તિક નંદાવર્ત ભદ્રાસન વિગેરે અષ્ટ મંગલિક આળેખી ત્રણ ઢગ અને સિદ્ધ શિલા કરતાં વિચારવું કે જ્ઞાન દર્શન અને ચરિત્ર રૂપ ત્રણ ઢગ પ્રાપ્ત કરી, સ્વસ્તિકનાં ચાર પાંખડાં રૂપ ચાર ગતિ ચૂર્ણ કરી, હું સિદ્ધશિલામાં વાસ કરૂં. નૈવેદ્ય પૂજા કરતાં વિચારવું કે પ્રભુ! વિગ્રહ ગતિવાળા ભવોમાં મેં ૧–૨–૩ સમયનું અણાહારીપણું અનંતીવાર કર્યું, તે દૂર કરીને સદાને માટે મને અણાહારી સ્થાન (મોક્ષ) આપો. ફળ પૂજા કરતાં વિચારવું કે આ ફળ પ્રભુ આગળ મૂકીને હું પ્રભુ પાસે યાચના કરૂં છું, કે હે પ્રભુ! અમને મોક્ષ રૂપ ફળ આપો. એ પાંચે પ્રભુની અગ્ર પૂજા જાણવી.

દ્રવ્ય પૂજામાં ઘણો વખત ગાળી ભાવ પૂજા બીલકુલ નહિ કરનારા અથવા તો ટુંક સમયમાં પતાવી દેનારાઓએ આમાંથી કેટલુંક ધડો લેવા લાયક છે. દ્રવ્યપૂજા અને ભાવ પૂજાના ફળમાં પારાવાર અંતર છે. દ્રવ્યપૂજા ભાવપૂજાનું

કારણ છે, તેથી તે શ્રાવકોએ અવશ્ય કરવા લાયક છે. પરંતુ ખરી કાર્યસિદ્ધિ ભાવપૂજા વડે જ હોવાને લીધે દિનપ્રતિદિન તેના પર વધારે લક્ષ આપવાની આવશ્યકતા છે.

હવે ભાવપૂજા કહેવાય છે. જઘન્યથી ૯ હાથ અને ઉત્કૃષ્ટથી ૬૦ હાથ, મધ્યમથી ૯ થી ૬૦ હાથ અથવા દહેરાસરના પ્રમાણમાં જઘન્યથી ૦॥ હાથ અને ઉત્કૃષ્ટથી ૬૦ સુધી પ્રભુથી અવગ્રહ રાખી, પુરૂષે પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીએ ડાબી બાજુએ ઉભા રહી, પગ મૂકવાની ભૂમિનું ત્રણ વખત પ્રમાર્જન કરી, ઉર્ધ્વ અધો અને તિર્છી એ ત્રણ દિશા અથવા પોતાની જમણી ડાબી અને પાછળની એ ત્રણ દિશામાં જોવાનું ત્યાગ કરી, પ્રભુની સન્મુખ જ દ્રષ્ટિ રાખી, જિનેશ્વરની દ્રવ્યપૂજાના ત્યાગને માટે ત્રીજી નિસીહિ કહી, જઘન્ય ચૈત્યવંદન નમસ્કારાદિ કે એક નમુત્થુણં વડે, મધ્યમ ચૈત્યવંદન બે દંડક અને ચાર થોયો વડે અથવા બે કે ત્રણ નમુત્થુણં૦ કહેવા વડે, અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પાંચ દંડક ( નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ લોગસ્સ૦ પુકખરવર૦ અને સિદ્ધાણં૦ તેમાં રહેલા ૧૨ અધિકારો ૮ નિમિત્તો ( કાર્ય ) ૧૨ હેતુઓ ( કારણ ) આઠ થોયો અને સ્તવન કહેવા વડે અથવા ચાર કે પાંચ નમુત્થુણં આવે તેવી રીતે ચૈત્યવંદન કરવું. તેમાં ખમાસમણ દેતી વખતે બે હાથ બે ઢીંચણ અને મસ્તક એ પાંચ અંગ ભૂમિએ અડાડવાં જોઇએ. ચૈત્યવંદન સૂત્રોના શુદ્ધ અક્ષરો બોલવા. પદ અને સંપદાઓ ધ્યાનમાં રાખવાં, તે વર્ણાલંબન. તેના અર્થનું ચિંતવન કરવું તે અર્થાલંબન અને પ્રતિમાની સન્મુખજ દ્રષ્ટિ રાખવી

તે પ્રતિમાલંબન. ખમા૦ ચૈત્યવંદન નમુત્થુણં અને સ્તવન કહેતી વખતે યોગમુદ્રા ( માંહોમાંહે બે હાથની દશે આંગળીઓ આંતરિત કરી પેટની ઉપર કોણી સ્થાપેલા, કમલના ડોડા સરખા બંને હાથ રાખવાથી ) થાય છે જાવંતિ૦ જાવંત૦ અને જય વીયરાય૦ સૂત્ર બોલતી વખતે મુક્તાશુક્તિ મુદ્રા ( મોતીની છીપની જેમ બે હાથ પોલા રાખી પુરૂષે લલાટે લગાડવા અને સ્ત્રીઓએ લલાટથી છેટે બે હાથ પોલા જોડી રાખવા. ) અરિહંત ચેઈયાણં૦ કાઉસ્સગ્ગ ઈરિયાવહિં૦ વિગેરે સૂત્રો ઉભા રહીને કહેતાં જિનમુદ્રા ( બે પગના આગળના અંગુઠાની વચ્ચે ચાર આંગળ જેટલું છેટું રાખવું અને બે પગના પાછળના ભાગમાં ચાર આંગળથી કાંઇક ઓછું અંતર રાખવું.) કાયોત્સર્ગ સંબંધી ૧૬ આગારો રાખીને, ૧૯ દોષો ટાળીને તથા નવકારના ૮ શ્વાસોશ્વાસ અને ચંદેસુ નિમ્મલયરા સુધી લોગસ્સનો કાઉસ્સગ્ગ કરતાં ૨૫ શ્વાસોશ્વાસ એટલે નાડીના ધબકારા થાય, તેમ કાઉસ્સગ્ગ કરવો. સ્તવન કહેતી વખતે બીજા ચૈત્યવંદન કરનારા તથા નવકારવાળી ગણનારાને હરકત ન થાય તેમ મેઘની પેઠે ગંભીર મધુર ધ્વનિ સહિત, પ્રભુની દિક્ષા વૈરાગ્ય કેવળજ્ઞાન વિગેરે સંબંધી મોટા અર્થ સૂચક સ્તવન કહેવું. ચાર થોયોમાં પહેલી થોય એક અથવા પાંચ તિર્થંકરની, બીજી થોય સર્વજિનોની, ત્રીજી થોય જ્ઞાનની અને ચોથી થોય શાસનના અધિષ્ઠાયક સમ્યગ્દૃષ્ટિ દેવ કે દેવીની હોય. આવી રીતે અહોરાત્રિમાં સાતવાર ચૈત્યવંદના ( સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણિ અને વિશાલલોચન એમ ) બે, સાંજના પ્રતિક્રમણમાં ( નમોસ્તુ અને ચઉક્કસાય

એમ ) બે, તથા સવાર બપોર અને સાંજ એમ ત્રણે કાળની ત્રણ પ્રભુની ચૈત્યવંદના કરવી.

પછી ખમા૦ દઈ પચ્ચકખાણ કરી, ચામર વીંજતાં વિચારવું કે હે પ્રભુ! આપને જે ભવ્ય પ્રણી નમે છે તેમની ઉર્ધ્વગતિ નિશ્ચે થાય છે, એમ આ ચામર સૂચવે છે. પ્રભુ આગળ ગીત ગાન નાટક કરવું, કારણ કે રાવણે તેથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. પછી પ્રભુને ત્રણ વાર મસ્તક નમાવી ઘંટ વગાડવો તેનું કાદણ એ છે કે હે પ્રભુ! આજે મને આપનાં દર્શન અને પૂજાથી અત્યંત આનંદ થયો. પછી દેરાસરથી બહાર નીકળતાં પૌષધ કરનારે આવસ્સહી કહેવી, પરંતુ છૂટા શ્રાવકે આવસ્સહી ન કહેવી, કારણકે પૌષધવાળાને ધર્મકાર્યમાં અવશ્ય જોડાવાનું છે. પરંતુ છૂટા શ્રાવકને તો સંસારિક કાર્યમાં પ્રવૃત્તિ કરવાની છે તેથી તે ધર્મ દ્રષ્ટિએ અવશ્ય કરવા યોગ્ય કાર્ય કહેવાય નહિ.

આવશ્યક નિર્યુકિત પ્રમુખ શાસ્ત્રોમાં ચાર પ્રકારના સાચા ખોટા રૂપીઆનું દ્રષ્ટાંત શાસ્ત્રના જાણ પુરૂષો કહે છે, તે પણ ચત્યવંદનાના પ્રસંગે સારી રીતે વિચારવા યોગ્ય છે. પહેલો ભેદ જેમાં સોનું રૂપું વિગેરે સાચું અને છાપ પણ સાચી, તે રૂપીઓ સાચો સમજવો. બીજો ભેદ જેમાં સોનું રૂપું પ્રમુખ સાચું હોય પણ છાપ ખરી ન હોય, તે રૂપીયો સર્વથા શુદ્ધ નથી, તોપણ તેનું મૂળ શુદ્ધ હોવાથી સારો છે. ત્રીજો ભેદ જેમાં સોનું રૂપું વિગેરે ખોટું છતાં ઉપર છાપ સાચી હોય તો તે રૂપીઓ ખોટોજ જાણવો. તેમાં વળી છાપ પણ ખોટી હોય અને મૂળ ધાતુ તો ખોટી છેજ. તેનું તો કહેવુંજ શું ? તે

તો પ્રગટપણે ખોટોજ કહેવાય. ઉપર કહેલા ચાર પ્રકારમાં પહેલા પ્રકારથી પૂર્ણ ફળ, બીજાથી કંઈક અધુરૂં ફળ અને ત્રીજા ચોથાથી તો મુગ્ધ જનોને છેતરવા સિવાય બીજું કશું ફળ નથી. હવે ઉપનય વડે અનુક્રમે જણાવે છે. અપુનર્-બંધકાદિકને ઉચિત એવી શ્રદ્ધા અને ભક્તિરૂપ ભાવ વડે તેમજ છાપરૂપ શુદ્ધવર્ણાદિ પૂર્વક ક્રિયા વડે કરાતી કહેલા ગુણોવાળી શુદ્ધવંદના મોક્ષ ફલને આપનારી છે અને પ્રથમ પ્રકારના રૂપીયા તુલ્ય છે. પૂર્વોક્ત શ્રદ્ધા અને ભક્તિ ભાવથી કરવામાં આવતી બીજા પ્રકારના રૂપીયા જેવી ચૈત્યવંદના, તેના અક્ષર અર્થની વિચારણા વિગેરેથી અશુદ્ધ હોય, તોપણ તે અભ્યાસ દશાને બહુ સુખકારી છે અથવા મોક્ષાદિક ફલ આપવાવાળી હોવાથી શુભ છે, એમ તીર્થંકરાદિકોએ ફરમાવેલું છે. કેમકે ભાવ શૂન્ય ક્રિયા અને ક્રિયા શૂન્ય ભાવ તે બંનેમાં ખજવા અને સૂર્ય જેટલું અંતર રહ્યું છે, મતલબ કે ભાવનીજ પ્રધાનતા છે.

૧. જે ભવ્યજનો ઉકત જિનવંદનાને વિધિયુક્ત સેવે છે. અથવા ૨. તેની યથાર્થ વિધિ ઉપર શ્રદ્ધા રાખે છે. અને ૩. જિનવંદના વિધિનો દ્વેષ કરતા નથી તે ત્રણે આસન્ન ભવ્ય છે. એમ પંચાશકમાં કહ્યું છે.

અવિધિ દોષથી પાછા ઓસરી, જેમ બને તેમ વિધિનો ખપ કરી, શુદ્ધ ઉપયોગ સહિત ભાવ વંદના કરવી.

---

## પંડિત શ્રી વીરવિજયજી કૃત અષ્ટપ્રકારી પૂજાના દુહા

### ॥ પ્રથમ જલ પૂજા ॥

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ॥ ૧ ॥

### ॥ દ્વિતીય ચંદન પૂજા ॥

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ॥ ૨ ॥

### ॥ તૃતીય પુષ્પ પૂજા ॥

સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ;
સુમ જંતુ ભવ્યજ પરે, કરિયે સમકિત છાપ. ॥ ૩ ॥

### ॥ ચતુર્થ ધૂપ પૂજા ॥

ધ્યાનઘટા પ્રગટાવીયે, વામ નયન જિન ધૂપ;
મિચ્છત્ત-દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ. ॥ ૪ ॥

### ॥ પંચમ દીપક પૂજા ॥

દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ દીપક પ્રગટ હુવે, ભાસિત લોકાલોક. ॥ ૫ ॥

### ॥ ષષ્ઠ અક્ષત પૂજા ॥

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાળ,
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકળ જંજાલ. ॥ ૬ ॥

### ॥ સપ્તમ નૈવેદ્ય પૂજા ॥

અણહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઇયિ અનંત;
દૂર કરી તે દીજીયે, અણાહારી શિવસંત. ॥ ૭ ॥

### ॥ અષ્ટમ ફળ પૂજા ॥

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ;
પુરૂષોત્તમ પૂજી કરી, માગે શિવફલ ત્યાગ. ॥ ૮ ॥

## પંચમી દીપક પૂજા.

પંચમી દીપક પૂજના, કરતાં આત્મ પ્રકાશ; મતિશ્રુત જ્ઞાનના દીપકે, મિથ્યાતમનો નાશ. ૧. સમ્યગ્જ્ઞાની જીવને, સવળું સહુ પ્રણમાય; આશ્રવ તે પરિશ્રવપણે, થાવે આતમ માંહ્ય. ૨. દીપક મીસે જ્ઞાનનો, દીપક જો પ્રગટાય; આતમ જાણે વિશ્વનો, જ્ઞાની નિશ્ચય થાય. ૩.

## છઠ્ઠી સ્વસ્તિક પૂજા.

સ્વસ્તિક પ્રભુની આગળે, કરતાં સ્વસ્તિક થાય; દ્રવ્ય ભાવ સ્વસ્તિક કરે, ભવ્યો શિવપદ પાય. ૧. ચતુર્ગતિરૂપ સાથીયો, કરીને માગો એમ; સિદ્ધશિલાની ઉપરે, શિવ સ્થાનક સુખ ક્ષેમ. ૨. ચાર કષાયથી ચઉગતિ, કીધાં ભ્રમણ અનંત; સ્વસ્તિક કરી પ્રભુ આગળે, પામો શિવપદ સંત. ૩.

## સપ્તમી નૈવેદ્ય પૂજા.

દ્રવ્યભાવ નૈવેદ્યથી, પ્રભુને પૂજે જેહ; પ્રભુ સ્વરૂપે થૈ રહે, દેહ છતાં વૈદેહ. ૧. અનુભવ નૈવેદ્યે ભલી, આતમ પુષ્ટિ થાય, આત્મરસી આતમ બની, બાહ્યરક્તિ નહિ થાય. ૨. જડરસ નૈવેદ્ય મૂકીને, આતમરસ નૈવેદ્ય; પામવું તે પ્રભુ પૂજના, તેથી રહે નહિ વેદ. ૩.

## અષ્ટમી ફલપૂજા.

મુક્તિ ફલને પામવા, ફલથી પૂજું દેવ; ફલથી ફલ નિશ્ચય મળે, નાસે મોહની ટેવ. ૧. દ્રવ્યભાવ બે ભેદથી, નિશ્ચયને વ્યવહાર; સાપેક્ષે ફલ પૂજના, ઉપયોગે સુખકાર. ૨. વિનયને બહુમાનથી, શ્રદ્ધા પ્રીતિ યોગ; ફલ પૂજા જિન રાજની, કરતાં શિવ સંયોગ. ૩.

ગુરૂમહારાજને જ્યારે જે ચીજની જરૂરીયાત હોય, ત્યારે નિઃસ્વાર્થ બુદ્ધિથી વહોરાવવી અને તેમની સેવા કરવી. ૩ હમેશાં ભણેલું સંભાળવું, અર્થની વિચારણા કરવી અને નવું જ્ઞાન ભણવાનો સતત ઉદ્યમ રાખવો. જ્ઞાન આપનારને દાન શીલ તપ અને ભાવના આ ચારે પ્રાપ્ત થાય છે. જેમકેઃ—જ્ઞાન આપવાથી જ્ઞાનનું દાન કરે છે. ધર્મનું રહસ્ય સમજીને જ્ઞાન આપનાર શીલ પણ પાળે છે. બાર પ્રકારના તપમાંથી ભણાવવાથી સ્વાધ્યાય તપ કરે છે અને ભાવના તો તેની એવી હોય છે કે દરેક જીવો આશ્રવ સંવર ઈત્યાદિનું સ્વરૂપ જાણીને પાપને ન બાંધે અને કર્મ બંધનથી મુક્ત ઝટ કેમ થાય? જ્ઞાનથી સંયમ વધુ ટકી રહે છે. હમેશાં યથાશક્તિ તપ કરવો. કર્મનો નાશ કરવાને તપ જેવું ઉત્તમ રસાયણ કોઈ નથી. નિઃસ્વાર્થ બુદ્ધિએ પરોપકારાર્થે યથાશક્તિએ સુપાત્રને વિષે દાન કરવું. વ્યાજે આપવાથી ધનની થોડી વૃદ્ધિ થાય. વેપારમાં બમણું ત્રણગણું વધે. પાપારંભ એવા ખેતીથી કદાચ સોગણું પણ થાય, પરંતુ સુપાત્રમાં દાન આપવાથી અનંતગણું ફલ થાય છે.

બીજના આરાધનથી પ્રાણી બંને પ્રકારનો ધર્મ (શ્રાવક ધર્મ અને સાધુધર્મ) સુખે આરાધે તથા રાગ અને દ્વેષને જીતે.

પાંચમના આરાધનથી પ્રાણી પાંચ જ્ઞાન, પાંચ પ્રકારનાં ચારિત્ર, પાંચ મહાવ્રત અને પાંચમી ગતિ (મોક્ષ) પામે તથા પાંચ પ્રકારના પ્રમાદો (અહંકાર વિષય કષાય નિદ્રા અને વિકથા) ને ટાળે.

આઠમના આરાધનથી પ્રાણી આઠ કર્મ અને આઠ મદ (જાતિમદ કુલમદ રૂપમદ બલમદ તપમદ ઐશ્વર્યમદ જ્ઞાન-મદ અને લાભમદ) નો નાશ કરે, અષ્ટ પ્રવચન માતા (પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ) ને શુદ્ધ પાળે.

એકાદશીના આરાધનથી પ્રાણી ૧૧ અંગ ભણે અને શ્રાવકની ૧૧ પ્રતિમાને નિશ્ચે આરાધે.

ચતુર્દશીના આરાધનથી ચૌદ પૂર્વનું જ્ઞાન થાય અને ૧૪ રાજલોકમાં ઉપર રહેલ મોક્ષ સ્થાનકને પામે.

વિધિ અને ધ્યાન સહિત વીશ સ્થાનકનો તપ આરાધવાથી તિર્થંકર નામકર્મ બાંધે. તેમજ ૧. ઉત્કૃષ્ટ દર્શન વિશુદ્ધિ. ૨. વિનય સંપન્નતા. ૩. શીલવ્રતોમાં અનતિચાર-પણું. ૪. નિરંતર જ્ઞાનોપયોગ. ૫. સંવેગ (મોક્ષ સુખનો અભિલાષ અને મોક્ષ સાધવાનો ઉદ્યમ.) ૬. યથાશક્તિ દાન અને ૭ તપ. ૮ સંઘની સમાધિ ૯ સાધુઓની વેયાવચ્ચ. ૧૦ અરિહંતની ભક્તિ. ૧૧ આચાર્યની ભક્તિ. ૧૨ બહુશ્રુતની ભક્તિ. ૧૩ પ્રવચન (સિદ્ધાંત) ની ભક્તિ. ૧૪ આવશ્યક (પ્રતિક્રમણ વિગેરે જરૂરી યોગનું કરવું.) ૧૫ શાસન પ્રભાવના. ૧૬ પ્રવચન વત્સલતા. એ તિર્થંકર નામકર્મ બાંધવાનાં કારણો છે.

સામાયિક કરવાથી પ્રાણી સમતા પામે અને પૌષધ કરવાથી ધર્મની પુષ્ટિ થાય.

તેમાં કારતક શુદ. ૫ ઉપવાસથી, બાકીની શુદ. ૫ એકાસણાથી, તેમાં ભાદરવા શુદ. ૫ ની જયણા. મૌન એકાદશી ઉપવાસથી, શુકલ અને કૃષ્ણ પક્ષની અષ્ટમી અને ચતુર્દશી એકાસણાથી યાવજજીવ કરવી. રોગાદિ સબળ કારણે જયણા.

વ્રતાદિકને ગ્રહણ કરેલ અને પૂર્ણ કરેલ સંવત માસ અને તિથિ કે તારીખની યાદી સામે ખાલી જગ્યામાં લખવી.

સમકિત સહિત બારવ્રત યાવજ્જીવ.
ઉપધાન તપ
શ્રી નવપદજીની ઓળી
શ્રી વિંશતિ સ્થાનક તપ
બીજનો તપ.
જ્ઞાનપાંચમ.
આઠમ
અગીયારસ
ચતુર્દશી
પોષદશમ
રોહિણી તપ
રત્નપાવડી તપ
ચઉમાસી તપ
વરસી તપ
ઘડીયાં બે ઘડીયાં
૯૬ જિનની ઓળી
કર્મસૂદન તપ
જિનેશ્વરોનાં કલ્યાણનો તપ
બાવન જિનાલય તપ
અષ્ટાપદ તપ
મેર તેરસ

# શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.

દૂહા.

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસ્વતી માત;
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત. ૧
સમકિતદાયક ગુરૂતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨
દાનાદિક કિરિયા ન દિયે, સમકિત વિણ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચનમર્મ. ૩
દર્શનમોહ વિનાશથી, જે નિર્મળ ગુણઠાણ;
તે નિશ્ચય સમાકત કહ્યું, તેહનાં એ અહિઠાણ. ૪

ઢાળ પહેલી. વીરજીનેશ્વર ઉપદિશે. એ દેશી.

ચઉ સદ્દહણા ત્રિલિંગ છે, દશવિધ વિનય વિચારોરે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૫

હરિગીત છંદ

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,
ષટ જયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મનઆણીએ
ષટ ઠાણ સમકિતતણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬

ઢાળ.

ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭

હરિગીત છંદ.

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,

બીજી સદ્દહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા;
તેહની સેવા કીજીએ જીમ, પીજીએ સમતાસુધા. ૮

ઢાળ.

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહાછન્દા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૯

હરિગીત છંદ.

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી;
હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભલ્યું ગંગા, નીરલુણપણું લહે.૧૦

ઢાળ, બીજી. જંબુદ્વીપના ભરતમાં રે એ દેશી.

ત્રણ લિંગ સમકિતતણાં રે, પહિલો શ્રુતઅભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે-
પ્રાણી ધરીએ સમકિત રંગ, જીમ લહીએ સુખ
અભંગરે, પ્રાણી૦૧૧
તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીતરે,પ્રા૦૧૨
ભૂખ્યો અટવી ઉતર્યો રે, જીમ દ્વિજ ઘેબર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે,પ્રા૦૧૩
વેયાવચ્ચ ગુરૂ દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક પરે કરે રે, આળસ નવિય લગારરે, પ્રા૦૧૪

ઢાળ ત્રીજી. સમકિતનું મૂલ જાણીએ જી. એ દેશી.

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઇય જીનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ;

ચતુર નર, સમજો વિનયપ્રકાર, જીમ લહીએ
સમકિત સાર–ચતુર૦ ૧૫
ધર્મ ખિમાદિક ભાખિઓજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ. ચ૦ ૧૬
ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણીએજી, દરિસણ સમકિત
સાર. ચ૦ ૧૭
ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદયપ્રેમ બહુમાન;
ગુણથુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ.ચ૦૧૮
પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂલ;
સીંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂલ. ચ૦ ૧૯

ઢાળ ૪. ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે. એ દેશી.

ત્રણ શુદ્ધિ સમકિત તણીરે, તિહાં પહિલી મન શુદ્ધિરે,
શ્રીજિન ને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિરે,
ચતુર વિચારો ચિત્તમાં રે. ૨૦
જીનભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાયરે?
એવું જે મુખે ભાખિયે રે, તેની વચન શુદ્ધિ કહેવાયરે.
છેદ્યો ભેદ્યો વેદનારે, જે સહેતો અનેક પ્રકાર રે;
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધિ
ઉદાર રે. ચ૦ ૨૨

ઢાળ પાંચમી. કડવાં ફળ છે ક્રોધનાં. એ દેશી.

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહિલી છે શંકારે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકારે,
સમકિત દૂષણ પરિહરો. ૨૩

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ;
પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજીએ ? સ૦ ૨૪
સંશય ધર્મના ફલતણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમ૦ ૨૫
મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ;
ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગપોષ. સમ૦ ૨૬
પાંચમો દોષ મિથ્યામતિ,—પરિચય નવ કીજે;
ઈમ શુભમતિઅરવિંદની, ભલી વાસના લીજે. સ૦ ૨૭

ઢાળ છઠ્ઠી. અભિનંદન જિન દરિસણ તરસીએ એ દેશી.

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્ત્તમાન શ્રૂતના જે અર્થનો, પાર લહે ગુણખાણ,
ધન ધન શાસન મંડન મુનિવરા. ૨૮
ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ. ધ૦૨૯
વાદી ત્રીજો રે તર્કનિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે જયકમલા વરે, ગાજંતો જીમ મેહ. ધ૦ ૩૦
ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ;
તેહ નિમિત્તીરે ચોથો જાણીએ, શ્રીજિનશાસનરાજ. ધ૦
તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિનઆણ;
આસ્રવ લોપેરે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ.
છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો બલિ, જિમ શ્રી વયર મુણિંદ,
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિ
ચંદ, ધ૦ ૩૩
કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મહેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ. ધ૦૩૪

જબ નહિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધ૦ ૩૫

ઢાળ સાતમી. સતીય સુભદ્રાની દેશી

સોહે સમકિત જેહથી, સખી જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મન વસ્યાં તેહમાં
નહીં સંદેહ, મુજ સમકિતરંગ અચળ હોજોરે. ૩૬
પહિલું કુશળપણું તિહાં, સખી વંદન ને પચ્ચકખાણ;
કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી અતિ ઘણો આચરે
તેહ સુજાણ. મુજ૦ ૩૭
બીજું તીરથસેવના, સખી તીરથ તારે જેહ;
તે ગીતારથ મુનિવરા, સખી તેહશું કીજે નેહ.
મુજ૦ ૩૮
ભગતિ કરે ગુરુદેવની, સખી ત્રીજું ભૂષણ હોય;
કિણહિ ચલાવ્યો નવિ ચલે, સખી ચોથું એ ભૂષણ
જોય. મુજ૦ ૩૯
જિનશાસન અનુમોદના, સખી જેહથી બહુ જન હુંત.
કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત.મુ૦૪૦

ઢાળ આઠમી. ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું. એ દેશી.

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધુર ઉપશમ
અનુકુળ, સુગુણ નર;
અપરાધીશું પણ નવિ ચિત્તથકી, ચિંતવીએ પ્રતિકૂળ
સુગુણનર, શ્રી જિનભાષિત વચન વિચારીએ. ૪૧
સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક, સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક. સુ૦૪૨
નારક ચારક સમ ભવઊભગ્યો, તારક જાણીને ધર્મ;
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ. સુ૦ ૪૩

દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ;
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ.
જે જિનભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ;
તે આસ્તિકતા લક્ષણ પંચમું, કરે કુમતિનો એ
ભંગ. સુ૦ ૪૫

ઢાળ નવમી. ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી. એ દેશી.

પરતીરથી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ;
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેયરે;
ભવિકા, સમકિત યતના કીજે. ૪૬
વંદન તે કરયોજન કહિએ, નમન તે શીશ નમાવે;
દાન ઈષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભક્તિ દેખાવે રે.
ભવિકા૦ ૪૭
અનુપ્રદાન તે તેહને કહીએ, વાર વાર જે દાન;
દોષ કુપાત્રે પાત્રમતિએ, નહિ અનુકંપા માનરે. ભ૦ ૪૮
અણબોલાવે જેહ બોલવું, તે કહિએ આલાપ;
વાર વાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે. ભ૦ ૪૯
એ જયણાથી સમકિત દીપે, વલી દીપે વ્યવહાર;
એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકારરે.
ભવિકા૦ ૫૦

ઢાળ દશમી. લલનાની દેશી.

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના. ૫૧
બોલ્યું તેહવું પાળીએ, દંતીદંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જનતણા, કચ્છપ કોટિને તોલ લલના.
બોલ્યું૦ ૫૨

રાજા નગરાદિક ધણી, તસ શાસનઅભિયોગ લલના;
તેહથી કાર્ત્તિકની પરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના.
ભો૦ ૫૩

મેલા જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ લલના,ભો૦૫૪
વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણકાંતાર લલના;
તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના,
ભો૦ ૫૫

ઢાળ અગીયારમી. રાગ મલ્હાર.

પાંચ પોથી રે, ઠવણી પાઠાં વિટાંગણાં. એ દેશી.

ભાવીજે રે, સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે, ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે, તાજું સાજું મૂલ રે,
તો વ્રતતરૂ રે, દીએ શિવફળ અનુકૂલ રે. ૫૬

હરિગીત છંદ.

અનુકૂલ મૂલ રસાળ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધંધ એ;
એ પ્રથમ ભાવન ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
બારણું સમાકત ધર્મપુરનું, એહવી તે પાવના. ૫૭

ઢાળ.

ત્રીજી ભાવના રે સમકિતપીઠ જો દૃઢ ગ્રહી,
તો મોટો રે ધર્મપ્રાસાદ ડગે નહીં;
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીએ,
તેણે કારણ રે સમકિતશું ચિત્ત થોભીએ. ૫૮

હરિગીત છંદ.

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના
ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ;
તે વિના છૂટાં રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ સવે,
કેમ રહે ? તાકે જેહ હરવા, ચોરજોર ભવે ભવે. ૫૯

ઢાળ.

ભાવો પંચમી રે ભાવના શમ દમ સારરે,
પૃથ્વી પરે રે સમકિત તસ આધાર રે;
છઠ્ઠી ભાવના રે સમકિતભાજન જો મળે,
શ્રુત શીલનો રે તો રસ તેહમાંથી નવિ ઢળે. ૬૦

હરિગીત છંદ.

નવિ ઢળે સમકિતભાવના રસ, અમિયસમ સંવરતણો,
ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અત ઘણો;
ઈમભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલએ
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલએ. ૬૧

ઢાળ બારમી. મંગળ આઠ કરી જસ આગળ એ દેશી.

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટવિધ કહીએરે,
તિહાં પહિલું થાનકછે ચેતન, લક્ષણ આતમ લહીએરે,
ખીરનીરપરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અળગોરે,
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગોરે. ૬૨
બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાનવાસના, પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે,
દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમ-
રાયા રે. ૬૩

ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા, કર્મતણે છે યોગે રે,
કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિક સંયોગે રે;
નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારેરે,
દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪
ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળકેરો રે,
વ્યવહારે નિશ્ચય નય દષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે;
પાંચમું થાનક અછે પરમપદ, અચલ અનંત સુખ-
વાસો રે;
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે
સુખ ખાસો રે. ૬૫
છઠ્ઠું થાનક મોક્ષતણું છે, સંજમ જ્ઞાન ઉપાયોરે,
જો સહજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાનજ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફરિયા રે. ૬૬
કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશેરે;
જલ પેસી કર પદ નહલાવે, તારૂ તે કિમ તરશે રે?
દૂષણ ભૂષણ જે ઇહાં બહોળાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બેહુ પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭
ઇણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહેરે,
રાગદ્વેષ ટાળી મન વાળી, તે સમસુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં નિશ્ચલ, કોઇ નહીં તસ
તોલે રે,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચકજસ ઇમ
બોલે રે. ૬૮
ઇતિ શ્રી સમ્યકત્વના સડસઠ બોલની સજ્ઝાય સંપૂર્ણ.

## શ્રી ચઉ શરણ.

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સિદ્ધ સુસાધુજી
કેવળી ધર્મ પ્રકાશીઓ, રત્ન અમૂલક લાધુંજી. ૧
ચિહું ગતિ તણાં દુઃખ છેદવા, સમરથ શરણાં એહોજી
પૂર્વે મુનિવર જે હૂઆ, તેણે કીધાં શરણાં એહોજી. ૨
સંસાર માંહિ જીવને, સમરથ શરણાં ચારોજી
ગણિ સમય સુંદર ઈમ કહે, કલ્યાણ મંગલ કારોજી. ૩
લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકોજી
મિચ્છામિ દુક્કડં દીજીએ, જીન વચને લહીએ ટેકોજી. ૧
સાત લાખ ભૂ દગ તેઉ વાઉના, દશ ચૌદે વનના ભેદોજી
ષટ્ વિગલ સુર તિરિ નારકી, ચાર ચાર ચૌદે નરના ભેદોજી. ૨
મુજ વૈર નહિ કેહશું, સહુશું મૈત્રી ભાવોજી
ગણિ સમય સુંદર ઈમ કહે, પામીએ પુન્ય પ્રભાવોજી. ૩
પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી
આલોયાં પાપ છૂટીએ, ભગવંત ઈણી પેરે ભાખેજી. ૧
આશ્રવ કષાય દોય બંધવા, વળી કલહ અભ્યાખ્યાનોજી.
રતિ અરતિ પૈશુન નિંદાને, માયામોસ મિથ્યાત્વજી. ૨
મન વચ કાયાએ જે કીયાં, મિચ્છામિ દુક્કડં દેહોજી.
ગણિ સમય સુંદર ઈમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી. ૩
ધન ધન તે દિન મુજ કદી હોશે, હું પામીશ સંયમ સુધોજી
પૂર્વ રૂષિ પંથે ચાલશું, ગુરૂ વચને પ્રતિબુદ્ધ્યોજી. ૧
અંતપ્રાન્ત ભિક્ષા ગોચરી, રણ વને કાઉસ્સગ્ગ લેશુંજી
સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ સુધો ધરશુંજી. ૨
સંસારના સંકટ થકી, છૂટીશ જીન વચને અવધારોજી
ધન્ય સમય સુંદર તે ઘડી, હું પામીશ ભવનો પારોજી. ૩

# શ્રી પુન્યપ્રકાશનું સ્તવન.

## દુહા.

સકળ સિદ્ધિ દાયક સદા, ચોવીશે જિનરાય;
સહગુરૂ સ્વામિની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧
ત્રિભુવનપતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨
એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩
મુક્તિ મારગ આરાધીએ, કહો કિણ પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪
[૧]અતિચાર આલોઇએ, [૨]વ્રત ધરીએ ગુરૂ સાખ;
[૩]જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫
[૪]વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાનક અઢાર;
[૫]ચાર શરણ નિત્ય અનુસરો, [૬]નિંદો દુરિત આચાર. ૬
[૭]શુભ કરણી અનુમોદીએ, [૮]ભાવ ભલો મન આણ;
[૯]અણસણ અવસર આદરી, [૧૦]નવપદ જપો સુજાણ. ૭
શુભગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૮

## ઢાળ પહેલી

( કુમતિ, એ છિંડી કીહાં રાખી–એ દેશી )

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વિરજ, એ પાંચે આચાર;
એહ તણા ઈહ ભવ પરભવના, આલોઈએ અતિચારરે.
પ્રાણી **જ્ઞાન** ભણો ગુણ ખાંણી, વીર વદે એમ વાણીરે. પ્રા૦ ૧

ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનયે, કાળે ધરી બહુમાન;
સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા૦ ૨
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી;
તેહ તણી કીધી આશાતના, જ્ઞાન ભક્તિ ન સંભાળીરે. પ્રા૦ ૩
ઈત્યાદિક વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ,
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે;
પ્રાણી **સમકિત** લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે. પ્રા૦ ૪
જીન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાખ;
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખરે. પ્રા૦ ૫
મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીએ;
સાહમ્મીને ધર્મે કરી થીરતા, ભક્તિ પ્રભાવના કરીએરે. પ્રા૦ ૬
સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો;
દ્રવ્ય દેવકો જે વિણસાડયો, વિણસંતાં ઉવેખ્યો રે. પ્રા૦ ૭
ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડયું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છા મિ દુક્કડં તેહરે,
પ્રાણી **ચારિત્ર** લ્યો ચિત્ત આણી, વીર વદે એમ વાણીરે. પ્રા૦ ૮
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;
સાધુ તણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન મન કાયરે. પ્રા૦ ૯
શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી,
જે જયણા પૂર્વક એ આઠે, પ્રવચનમાય ન પાળીરે. પ્રા૦ ૧૦
ઈત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડોહોલ્યું જેહ;
આ ભવ પરભવ વળીરે ભવોભવ, મિચ્છા મિ દુક્કડં તેહરે. પ્રા૦ ૧૧
બારે ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શકતે;
ધર્મે મન વચ કાયા વિરજ, નવિ ફોરવીયું ભગતેરે. પ્રા૦ ૧૨

તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, મિચ્છા મિ દુક્કડં તેહરે.પ્રા૦૧૩
વળીય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઇએ;
વીર જીણેસર વયણ સુણીને, પાપ મલ સવિ ધોઇએરે પ્રા૦ ૧૪

## ઢાલ બીજી

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યાએ;
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં,કુવા તલાવ ખણાવીયાંએ.૧
ઘર આરંભ અનેક, ટાંકાં ભોંયરાં, મેડી માળ ચણાવીઆએ;
લીંપણ ગુંપણ કાજ,એણીપરે પરે પરે પૃથ્વીકાય વિરાધીઆએ.૨
ધોયણ નાહણ પાણી,ઝીલણ અપકાય,છોતિધોતી કરી દુહવ્યાએ
ભાઠીગર કુંભાર, લોહ સોવનગરા,ભાડભુંજા લીહાલાગરાએ,૩
તાપણ સેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતીએ;
એણી પરે કર્માદાન, પરે પરે કેલવી, તેઉ વાઉ વિરાધીઆએ. ૪
વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચુંટીયાંએ;
પોંક પાપડી શાક, શેકયાં સુકવ્યાં, છેદ્યાં છુંદ્યાં આથીયાંએ. ૫
અળસીને એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ,
ઘાલી કોલું માંહે, પીલી સેલડી, કંદ મૂળ ફળ વેચીયાંએ. ૬
એમ એકેંદ્રિય જીવ,હણ્યા હણાવીયા,હણતાં જે અનુમોદિયાએ.
આભવ પરભવ જેહ,વલીરે ભવોભવે,તે મુજ મિચ્છામિ દુક્કડંએ
કૃમી સરમીયા કીડા, ગાડર ગંડોલા, ઈયલ પોરા અલશીયાંએ;
વાળા જળો ચુડેલ,વિચલિત રસ તણા,વળી અથાણાંપ્રમુખનાંએ
એમ બેઇંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
ઉધેહી જું લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કંથુઆએ. ૯
ગદ્ધૈહિઆં ધીમેલ, કાનખજુરડા, ગીંગોડા ધનેરીયાંએ,
એમ તેઇંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
માંખી મત્સર ડાંસ, મસા પતંગીયાં, કંસારી કોલિયાવડાએ;

દીંકણ વીછુ તીડ, ભમરા ભમરીઓ, કોતાં બગ ખડમાંકડીએ.
એમ ચૌરિંદ્રિય જીવ,જે મેં દુહાવ્યા, તે મુજ મિચ્છામિ દુક્કડં એ
જળમાં નાખી જાળ,જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયાએ.
પીડયા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ;
એમ પંચેંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિદુક્કડં એ.

## ઢાળ ૩ જી

( વાણી વાણી હિતકારીજી, એ દેશી. )

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય;
કુડ કરી ધન પારકાંજી, લીધાં જેહ અદત્તરે
જિનજી, મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજરે;
જિનજી, દેઈ સારૂં કાજરે, જિનજી મિચ્છામિ દુક્કડં આજ. ૧
દેવ મનુષ્ય તિર્યંચનાંજી, મૈથુન સેવ્યાં જેહ;
વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહરે. જિનજી૦ ૨
પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવ મેલી આથ;
જે જીહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવે સાથરે, જિનજી૦ ૩
રયણી ભોજન જે કર્યાંજી, કીધાં ભક્ષ અભક્ષ,
રસના રસની લાલચેજી, પાપ કર્યાં પ્રત્યક્ષરે. જિનજી૦ ૪
વ્રત લેઇ વિસારીયાંજી, વળી ભાગ્યાં પચ્ચક્ખાણ;
કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં પાપ વખાણરે. જિનજી૦ ૫
ત્રણ ઢાલ આઠે દુહેજી આલોયા અતિચાર;
શિવગતિ આરાધન તણોજી, એ પહેલો અધિકારરે. જિનજી૦ ૬

## ઢાળ ચોથી

( સાહેલડીની દેશી )

પંચ મહાવ્રત આદરો, સાહેલડીરે, અથવા લ્યો વ્રત બાર તો;
યથાશક્તિ વ્રત આદરી, સા૦ પાળો નિરતિચાર તો. ૧
વ્રત લીધાં સંભારીએ, સા૦ હૈડે ધરીએ વિચાર તો;
શિવગતિ આરાધન તણો, સા૦ એ બીજો અધિકાર તો. ૨

જીવ સર્વે ખમાવીએ, સા૦ યોનિ ચોરાશી લાખ તો;
મન શુદ્ધે કરી ખામણાં, સા૦ કોઈશું રોષ ન રાખ તો. ૩
સર્વ મિત્ર કરી ચિંતવો, સા૦ કોઈ ન જાણો શત્રુ તો;
રાગ દ્વેષ એમ પરિહરો, સા૦ કીજે જન્મ પવિત્ર તો. ૪
સ્વામી સંઘ ખમાવીએ, સા૦ જે ઉપની અપ્રીત તો;
સજ્જન કુટુંબ કરો ખામણાં,સા૦ એ જિન શાસન રીત તો. ૫
ખમીએ ને ખમાવીએ, સા૦ એહ જ ધર્મનો સાર તો.
શિવગતિ આરાધન તણો, સા૦ એ ત્રીજો અધિકાર તો. ૬
મૃષાવાદ હિંસા ચોરી, સા૦ ધન મૂર્ચ્છા મૈથુન તો;
ક્રોધ માન માયા તૃષ્ણા, સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહ ન કીજીએ, સા૦ કુડાં ન દીજે આળ તો;
રતિ અરતિ મિથ્યા તજો, સા૦ માયામોસ જંજાળ તો ૮
ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ, સા૦ પાપસ્થાન અઢાર તો,
શિવગતિ આરાધન તણો, સા૦ એ ચોથો અધિકાર તો. ૯

## ઢાળ પાંચમી.

( હવે નિસુણો ઇહાં આવીયા એ. એ દેશી )

જનમ જરા મરણે કરીએ, એ સંસાર અસાર તો;
કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો;
શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨
અવર મોહ સવિ પરિહરીએ, ચાર શરણ ચિત્ત ધાર તો;
શિવગતિ આરાધન તણો એ, એ પાંચમો અધિકાર તો. ૩
આ ભવ પરભવ જે કર્યાં એ, પાપ કર્મ કેઈ લાખ તો;
આત્મ સાખે તે નિંદિએ, પડિક્કમિએ ગુરૂ સાખ તો. ૪
મિથ્યામતિ વર્તાવિયાએ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો; ૫
ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ હથીયાર તો;

ભવ ભવ મેલ્હી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો;
જનમાંતર પોહોત્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએ એ, આણી હ્રદય વિવેક તો. ૮
દુષ્કૃત નિંદા એમ કરીએ. પાપ કરો પરિહાર તો,
શિવગતિ આરાધન તણો એ, એ છઠ્ઠો અધિકાર તો. ૯

## ઢાળ ૬ ઠી.

આધે તું જોયને જીવડા, એ દેશી.

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ.
દાન શીયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન૦ ૧
શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર;
જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. ધન૦ ૨
પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિણહર જિન ચૈત્ય;
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. ધન૦ ૩
પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન;
સાધુ સૂરિ ઉવઝાયને, દીધાં બહુ માન. ધન૦ ૪
ધર્મ કાજ અનુમોદિએ, એમ વારોવાર;
શિવગતિ આરાધન તણો, એ સાતમો અધિકાર. ધન૦ ૫
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ;
સમતા ભાવે ભાવિએ, એ આતમરામ. ધન૦ ૬
સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦ ૭
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ;
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦ ૮
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર;
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર. ધન૦ ૯

## ઢાળ સાતમી

( રેવતગિરિ હુઆં, પ્રભુનાં ત્રણ કલ્યાણક. એ દેશી. )

હવે અવસર જાણી, કરી સંલેખન સાર;
અણસણ આદરીયે, પચ્ચખી ચારે આહાર.
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિશંક;
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક.
દુલહો એ વળી વળી; અણસણનો પરિણામ;
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધના શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર;
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર.
શિવમંદિર જાશે, કરી એક અવતાર;
આરાધન કેરો, એ નવમો અધિકાર. ૩

દશમે અધિકારે, મહામંત્ર નવકાર;
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર.
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર;
સુપરે એ સમરો, ચૌદ પુરવનો સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર;
તો પાતિક ગાળી, પામે સુર અવતાર.
એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર;
આ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય;
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય.
રાણી રત્નવતી બેહુ, પામ્યાં છે સુરભોગ;
એક ભવ પછી લેશે, શિવવધુ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાલ;
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાળ.
શિવકુમરે જોગી, સોવન પુરિસો કીધ;
એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ. ૭
એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો;
આરાધન કેરો, વિધિ જેણે ચિત્ત માંહિ રાખ્યો.
તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો;
જિન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો. ૮

## ઢાળ ૮ મી

(નમો ભવિ ભાવશું એ. એ દેશી)

સિદ્ધારથ રાય કુળ તિલોએ, ત્રિશલા માત મલ્હાર તો;
અવની તળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપગાર.
જયો જિન વીરજીએ ૧
મેં અપરાધ કર્યા ઘણા એ, કહેતાં ન લહું પાર તો;
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર. જયો૦ ૨
આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો;
આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ. જયો૦ ૩
કરમ અલુજણ આકરાં એ, જન્મ મરણ જંજાળ તો.
હું છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાલ. જયો૦ ૪
આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠાં દુઃખ દંદોલ તો.
તુઠયો જિન ચોવીશમો એ, પ્રકટયાં પુન્ય કલ્લોલ, જયો૦ ૫
ભવે ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો;
દેવ દયા કરી દીજીએ એ, બોધિ બીજ સુપસાય. જયો૦ ૬

## કળશ

ઇહ તરણ તારણ, સુગતિ કારણ, દુઃખ નિવારણ, જગ જયો;
શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો. ૧

શ્રી વિજય દેવ સૂરીંદ પટધર, તીરથ જંગમ એણી જગે;
તપગચ્છ પતિ શ્રી વિજય પ્રભ સૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨
શ્રી હીરવિજય સૂરિ શિષ્ય વાચક,શ્રી કીર્તિ વિજય સુરગુરૂસમો;
તસ શિષ્ય વાચક વિનય વિજયે, થુણ્યો જિન ચોવીશમો. ૩
સયસત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસએ;
વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસ એ. ૪
નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસ એ;
નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુન્ય પ્રકાશ એ. ૫

## પુન્યપ્રકાશનું સ્તવન સમાપ્ત.

## પર્યુષણ પર્વની કરણી

શ્રી વીર પ્રભુને વાંદવા માટે શ્રેણિક રાજા સમવસરણ તરફ જતા હતા. ત્યાં સમવસરણને દેખતાંજ છત્ર ચામર શસ્ત્ર મોજડી અને મુગુટ ઉપરની કલગી એ પાંચ રાજ-ચિન્હ મૂકી, પાંચ અભિગમ સાચવી, પ્રભુની જમણી બાજુથી ત્રણ પ્રદક્ષિણા દઈ, વાંદીને શ્રેણિક રાજાએ સ્તુતિ કરી કે હે પ્રભુ ! આજનો દીવસ મારો ધન્ય છે. આપને જોયે છતે મારી બન્ને આંખો સફલ થઈ. ત્રણ લોકના નાથ એવા આપના દર્શનથી મેં સંસાર રૂપ સમુદ્રને અંજલિજળ પ્રમાણ કર્યો ઈત્યાદિ ૧૦૮ શ્લોકોથી શ્રી વીર પ્રભુની સ્તુતિ કરી, પછી સર્વ મુનિઓમાં અગ્રેસર શ્રી ગૌતમ ગુરૂને સ્તવીને પ્રભુથી અવગ્રહ રાખી યથાયોગ્ય સ્થાને બેઠા. પ્રભુએ બાર પર્ષદાની આગળ એવી દેશના દીધી કે હે ભવ્ય જીવો ! આ સંસારરૂપ સમુદ્રમાં અત્યંત દુર્લભ એવી મનુષ્ય જન્માદિ સામગ્રી પામીને, પાર ઉતારવાને વહાણ સમાન એવા ધર્મને વિષે નિરંતર ઉદ્યમ કરો કે જેથી તમે અવિચલ સુખ પામો. જે ગૃહસ્થો વેપારાદિ કાર્યોને લીધે નિરંતર ધર્મ

કરવાને માટે અશક્ત હોય; તેમણે પણ દ્રઢ મન કરીને આંતરે આંતરે ધર્મનાં કાર્યો અહોરાત્રિમાં ઓછામાં ઓછા એક પ્રહર સુધી તો કરવાં. જેમ ગાયને ગળે ડહે'રો બાંધ્યો હોય, તો પણ ભમતી ભમતી ખડને ખાતી ભૂખ શમાવે તેમ કુટુંબાદિના બંધનથી બંધાયો છતો ગૃહસ્થ ઘરના ધંધા કે વેપારમાંથી ફુરસદ મેળવી આંતરે આંતરે ધર્મ કરે તો અનાદિકાલની ભૂખ મટે. જેઓ મહાવ્રતાદિ ગ્રહણ કરીને હંમેશાં ધર્મ સંબંધી ક્રિયાઓ કરે છે તેમનો મનુષ્ય જન્મ સફળ છે. જેઓ સર્વ દિવસમાં ધર્મ ક્રિયા ન કરી શકે તેમણે પર્વ દિવસે વિધિએ કરી પૌષધાદિ કરવાં. બ્રહ્મચર્ય પાલવું. વિશેષે કરીને આરંભ તો કરવોજ નહિ અને કરાવવો પણ નહિ. તેમજ વળી આસો તથા ચૈત્ર માસની અઠ્ઠાઈના દિવસોને વિષે અને પર્યુષણ પર્વોમાં વિશેષ કરી ધર્મારાધનજ કરવું. એવો ઉપદેશ પ્રભુએ કહ્યો તે વારે અવસર પામી શ્રેણિક રાજા કહેતા હતા કે પ્રભુ! પ્રથમ શ્રી પયુર્ષણા પર્વને વિષે શી શી કરણી કરવી ? અને તે કરવા થકી શું ફલ મળે ? તે મુજને કહો. તે વારે ભગવાન બોલ્યા કે હે મગધેશ! સાંભળ. શ્રી પર્યુષણ પર્વ આવે થકે ૧. ચતુર્વિધ સંઘે મળીને શ્રી વીતરાગ પ્રભુનાં દેહરાસર જુહારવાં ૨. સાધુ સાધ્વીની ભક્તિ કરવી. ૩. કલ્પસૂત્રનું વ્યાખ્યાન સાંભળવું. ૪. પ્રભુને વિલેપન ચંદનપૂજા આંગીરચના વિશેષે કરવી. ૫. ચતુર્વિધ સંઘમાં પ્રભાવના કરવી. ૬. સાધર્મિકનું વાત્સલ્ય કરવું. ૭ જીવોને અભયદાન આપવા માટે અમારી પડહ વજડાવવો. ૮. અઠ્ઠમની તપશ્ચર્યા કરવી. ૯. જ્ઞાનની પૂજા કરવી. ૧૦ સંવત્સરી પ્રતિક્રમણ કરવું. ૧૧ માંહોમાંહે શ્રી સંઘને ખમાવવો. પારણાને દિવસે સાંવત્સરિક દાન દેવું. સામાયિક, આઠે દાવસ ઉભય ટંક પ્રતિક્રમણ પૌષધ

કરવાં.સચિત્તનો ત્યાગ કરવો. બ્રહ્મચર્ય પાળવું. સાવદ્ય વ્યાપાર અને ઘરમાં આરંભ સમારંભનો ત્યાગ કરવો. કલ્પસુત્રના વાંચનારા સાધુઓને ખાનપાનની સહાય કરવી. ગુરૂની સેવા ઈત્યાદિક ધર્મકરણી શ્રાવક શ્રાવીકાએ કરવી. હવે સાધુ સાધ્વીની કરણી કહેવાય છે. ૧. કલ્પસુત્ર વાંચવું કે સાંભળવું. ૨. અઠ્ઠમનો તપ કરવો. ૩. સંવત્સરી પ્રતિક્રમણ કરવું. ૪. મસ્તકે લોચ કરવો. અને ૫. માંહોમાંહે ખમાવવું. વળી વિગઈ ત્યાગાદિ તપ તથા જ્ઞાનનું આરાધન વિગેરે કરવું.

# પૌષધ વિધિ.

હાલમાં માત્ર આહાર પોસહ જ દેશથી અને સર્વથી કરવામાં આવે છે. બાકીના ત્રણ પ્રકારના પોસહ સર્વથી જ થઈ શકે છે. આહાર પોસહમાં ચૌવિહાર ઉપવાસ કરવો તે સર્વથી અને તિવિહાર ઉપવાસ, આયંબિલ, નીવી, એકાસણું કરવું તે દેશથી સમજવો. માત્ર રાત્રિના ચાર પહોરનો પોસહ કરનારે પણ દિવસે એમાંનું કાંઈ પણ વ્રત કરેલું હોવું જોઈએ એવો નિયમ છે.

## પોસહમાં જોઇતાં ઉપકરણો.

દિવસના પોસહવાળાએ નીચે પ્રમાણે ઉપકરણો લેવા.

૧ મુહપત્તિ, ૨ ચરવળો, ૩ કટાસણું, ૪ ધોતીયું, ૫ સુતરનો કંદોરો, ૬ ઉત્તરાસણ, ૭ માત્રું કરવા જવાનું વસ્ત્ર, ૮ ખેળીયું.

રાત્રિપોસહવાળાએ નીચે પ્રમાણે ઉપકરણ વધારે લેવાં.

૧ કામળી ઉનની ( શીતકાળે ૨, ઉષ્ણકાળે ૧ ). ૨ ઉત્તરપટ્ટો સુતરાઉ, ( એક પડો ઓછાડ ) ૩ કુંડળ, ( કાનમાં નાખવાનું રૂ ) ૪ ડંડાસણ, ૫ પાણી ચુનો નાખેલું, ૬ વડીનીતિ જવું પડે તો ખપ આવવા માટે લોટો.

આથી વધારે લેવાની જરૂર પડે તો યોગ્ય રીતે માંડલા કર્યા પહેલાં યાચી લેવાં.

પોસહ કરવા ઇચ્છનારે પ્રભાતમાં વહેલા ઉઠીને રાઈ પ્રતિક્રમણ જરૂર કરવું જોઇએ. વિધિના જાણ શ્રાવકો તો પડિલેહણ અને દેવવંદન પણ તે સાથે જ કરે છે.[1] ત્યાર પછી જિનમંદિરની જોગવાઈ હોય તો જિનપૂજા કરીને પછી ઉપાશ્રયે આવી ગુરૂ સમક્ષ પોસહ ઉચ્ચરવો. હાલમાં આ પ્રમાણે પ્રવૃત્તિ છે; પરંતુ મુખ્યપ્રવૃત્તિએ પ્રભાતે પ્રતિક્રમણ કરી, સામાયિક પાર્યા વિનાજ પોસહ લેવો. પછી પડિલેહણના આદેશ વખતે જ પડિલેહણ કરવી. પછી કાજો લઈ, દેવ વાંદવા અને સજ્ઝાય કરવી. પ્રતિક્રમણ સાથે પડિલેહણ ન કરનારે નીચે પ્રમાણે વિધિ કરવી.

# पोसह लेवानी विधि.

## અને તે લીધા પછી પડિલેહણા કરવાની ક્રિયા.

પ્રથમ ખમાસમણ દઈ, ઇરિયાવહિથી પ્રગટ લોગસ્સ પર્યંત કહી, ખમા૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ પોસહ મુહપત્તિ પડિલેહું? એમ કહી, ગુરૂ આદેશ આપે એટલે 'ઇચ્છં' કહીને મુહપત્તિ પડિલેહવી. પછી [2]ખમા૦ [3]ઇચ્છા૦ પોસહ સંદિસાહું? ઇચ્છં. ખમા૦ ઇચ્છા૦ પોસહ ઠાઉં? ઇચ્છં કહી બે હાથ જોડી એક નવકાર ગણી, 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પોસહ દંડક ઉચ્ચરાવોજી' કહેવું એટલે

---

૧ પોસહ લીધા અગાઉ દેવ વાંદે તેણે પણ સજ્ઝાય તો પોસહ ઉચ્ચર્યાં પછી જ કરવી. (૨) ખમા૦ ખમાસમણા દેવું. (૩) ઇચ્છા૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્.

ગુરૂ કે વડીલ પોસહની કરેમિ ભંતે[1] નીચે પ્રમાણે ઉચ્ચરાવે.

કરેમિભંતે ! પોસહં આહાર પોસહં દેસઓ સવ્વઓ, સરીર સક્કાર પોસહં સવ્વઓ, બંભચેર પોસહં સવ્વઓ, અવ્વાવાર પોસહં સવ્વઓ, ચઉવ્વિહે પોસહં ઠામિ. જાવ દિવસં ( અહોરત્તં ) પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

પછી ખમા૦ દઈ ઈચ્છા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી, મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઈચ્છા૦ સામાયિક સંદિસાહું ? ઈચ્છં. ખમા૦ ઈચ્છા૦ 'સામાયિક ઠાઉં ? ઈચ્છં કહી બે હાથ જોડી એક નવકાર ગણી 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિક દંડક ઉચ્ચરાવોજી' કહેવું. ગુરૂ ' કરેમિ ભંતે સામાઇયં''નો પાઠ કહે તેમાં એટલું વિશેષજે जाव नियमंने ઠેકાણે जाव पोसहं કહે. ( આ બંને કરેમિભંતે ગુરૂ કહે તેની સાથે શ્રાવકે પણ મનમાં બોલવાની છે. ) પછી ખમા૦ ઇચ્છા૦ બેસણે સંદિસાહું ? ઈચ્છં. ખમા૦ ઈચ્છા૦બેસણે ઠાઉં ? ઇચ્છં ખમા૦ ઈચ્છા૦ સજ્ઝાય સંદિસાહું ? ઈચ્છં ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઈચ્છં કહી ત્રણ નવકાર ગણવા પછી ખમા૦ ઈચ્છા૦ બહુવેલ સંદિસાહું ? ઈચ્છં. ખમા૦ ઈચ્છા૦ બહુવેલ કરશું ? ઈચ્છં.

ખમા૦ ઈચ્છા૦ પડિલેહણ કરૂં ? ઈચ્છં કહીને મુહપત્તિ

---

(૧) ચાર પહોરનો કરનારને માટે ' જાવ દિવસં ' કહેવું, આઠ પહોરનો કરનારને માટે ' જાવ અહોરત્તં ' કહેવું, રાત્રિના ચાર પહોરવાળાને ' જાવ શેષદિવસં રત્તં ' કહેવું અને દિવસના ચાર પહોરનો કરનાર જ રાત્રિના ચાર પહોરનો પણ કરે તો કોટીસહિત છે માટે ' જાવ અહોરત્તં ' કહેવું.

વિગેરે પાંચ ઉપકરણો પડિલેહવા. [ પોસહ લીધા ] અગાઉ ઘરે અથવા ઉપાશ્રયે પડિલેહણ કરી હોય તેણે અહીં મુહપત્તિ જ પડીલેહવી. ([1]મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો ૧૦ બોલથી, કટાસણું ૨૫ બોલથી,[2]સુતરનો કંદોરો ૧૦ બોલથી અને ધોતીયું ૨૫ બોલથી પડિલેહવું.) પછી ખમાસમણ દઈ, ઈચ્છકારી[3] ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી—એમ કહી વડિલનું અણપડિલેહ્યું એક વસ્ત્ર (ઉત્તરાસન) પડિલેહવું. પછી ખમા૦ઈચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહવી પછી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઈચ્છં કહીને પૂર્વે પાડિલેહતાં બાકી રહેલ ઉત્તરાસણ, માત્રું કરવા જવાનું વસ્ત્ર, કામળી વિગેરે ૨૫-૨૫ બોલથી પડિલેહવા. પછી એક જણે ડંડાસણ જાચી લેવું. તેને પડિલેહી, ઈરિયાવહી પડિક્કમીને કાજો લેવો. કાજામાં સચિત્ત એકેંદ્રિય ( અનાજ તથા લીલી વનસ્પતિ ) નીકળે તો ગુરૂ પાસે આલોયણા લેવી. ત્રસ જીવ નીકળે તો યતના

---

૧ મુહપત્તિના ૫૦ બોલ પાછળ લખ્યા છે. ઓછા બોલ હોય ત્યાં તે ૫૦ માંહેના પ્રથમના ગ્રહણ કરવા. સ્ત્રીએ કપાળના, હૃદયના અને બે ભુજાની પડિલેહણાના દશ બોલ વર્જી બાકીના ૪૦ બોલથી મુહપત્તિ પડિલેહવી. ૨ પોસહમાં આભૂષણ પહેરવાં ન જોઇએ. કંદોરો સુતરનો જોઈએ તે છોડી, પડિલેહી, પાછો બાંધીને તે સંબંધના ઇરિયાવહી તે જ વખતે પડિક્કમવા. ( બંને વખતની પડિલેહણામાં એ પ્રમાણે સમજવું ). ૩ આ આદેશ સ્થાપનાચાર્ય પડિલેહવા સબંધી છે. ગુરૂમહારાજે સ્થાપનાચાર્ય પડિલેહ્યા ન હોય તો તે આ વખતે પડિલેહે.ગુરૂને અભાવે શ્રાવકે પડિલેહવા અને પ્રથમથી પડિલેહ્યા હોય તો વડીલનું ( બ્રહ્મચારીનું ) એક વસ્ત્ર પડિલેહવું, સ્થાપનાચાર્યને વડીલનું વસ્ત્ર એ બે વાનાં પડિલેહવાં નહિ.

કરવી. કાજો શુદ્ધ કરીને ( જીવજંતુ જોઈને ) એટલે ત્યાં જ સ્થાપનાચાર્યની સન્મુખ ઉભા રહીને ઇરિયાવહી પડિક્કમવા. પછી પુંજતાં પુંજતાં જઈ કાજો યથાયોગ્ય સ્થાનકે अणुजाणह जस्सुग्गहो કહીને પરઠવવો. પરઠવ્યા પછી ત્રણ વાર वोसिरे કહેવું. પછી મૂળ સ્થાનકે આવીને સૌ સાથે દેવ વાંદવા અને સજ્ઝાય કરવી.

## પોસહ લીધા અગાઉ સવારમાં પડિલેહણ કરવાની વિધિ.

પ્રથમ ઈરિયાવહી પડિક્કમીને ખમાસમણ દઈ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઈચ્છં કહી મુહપત્તિ, કટાસણું, ચરવળો તથા સઘળાં વસ્ત્રની એક સાથે પૂર્વે કહ્યા તેટલા બોલથી પડિલેહણ કરવી. પછી ડંડાસણને પડિલેહી, ઇરિયાવહી પડિક્કમી, કાજો લઇ, શુદ્ધ કરી, ત્યાં જ ઇરિયાવહી પડિક્કમીને વિધિપૂર્વક પરઠવવો અને ત્યારપછી પૂર્વોક્ત વિધિએ પોસહ લેવો; પણ તેમાં પડિલેહણ ન કરવી અને કાજો ન લેવો. છેવટે વિધિ કરતાં જે કોઈ અવિધિ થઈ હોય તેનો ' મિચ્છામિ દુક્કડં ' દઈને દેવ વાંદવા અને સજ્ઝાય કરવી.

## રાઇ પ્રતિક્રમણ કરવાની વિધિ.

પોષહ લઈ પડિલેહણ કર્યા પછી અથવા બહુવેલ કરશું ત્યાંસુધી પોસહના આદેશ માગીને, પ્રથમ ઇરિયાવહિયં પડિક્કમીને, ખમા૦ દઈ કુસુમિણ દુસુમિણના કાઉસ્સગ્ગથી માંડીને રાઇપ્રતિક્રમણ કરવું. તેમાં સાતલાખ અને અઢાર પાપ સ્થાનકને બદલે ઇચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં કહી ગમણાગમણે આલોવવા.

इर्यासमिति, भाषासमिति, एषणासमिति, आदानभंडमत्त-निक्खेवणासमिति, पारिष्ठापनिकासमिति, मनगुप्ति, वचन-गुप्ति, कायगुप्ति—ए पांच समिति, त्रण गुप्ति ए आठ प्रवचन माता श्रावकतणे धर्मे सामायिक पोसह लीधे रूडीपरे पाली नहीं, खंडन विराधना थइ होय, ते सवि हू मन वचन कायाए करी मिच्छामि दुक्कडं ॥

તથા ચાર થોયો પછી નમુત્થુણં કહીને ખમા૦ દઇને ઇચ્છા૦બહુવેલ સંદિસાહું? ઇચ્છં.ખમા૦દઇને ઇચ્છા૦બહુવેલ[1] કરશું. ઇચ્છં કહીને ભગવાનાદિ ચારને ખમા૦ દેવાપૂર્વક વાંદી અઢ્ઢાઇજ્જેસુ કહેવું ( અને અવસર હોય તો બે ચૈત્યવંદન કરવાં અને જ્યાં જ્યાં કરેમિ ભંતેને પાઠ આવે ત્યાં ત્યાં જાવ નિયમં ને બદલે જાવ પોસહં કહેવું. )

ત્યારપછી સૌની સાથે દેવ વાંદવા તેની વિધિ આ પ્રમાણે—

## सवार बपोर अने सांजे देव वांदवानी विधि.

પ્રથમ ખમાસમણ દઈ, ઈરિયાવહીથી લોગસ્સ સુધી કહી, ઉત્તરાસણ નાખીને ખમા૦ ઇચ્છા૦ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન જંકિંચિ૦ નમુત્થુણં૦ જયવીયરાય ( આભવમખંડા સુધી ) કહી, ખમા૦ દઇ બીજું ચૈત્ય-વંદન જંકિંચિ૦નમુત્થુણં૦ અરિહંત૦અન્નત્થ૦ કહી પહેલી થોય, પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી, બીજી થોય, પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ૦ અન્નત્થ૦ કહી ત્રીજી

---

૧ આ આદેશ માગવાનો હેતુ વારંવાર નાની મોટી દરેક ક્રિયામાં કે પ્રવૃત્તિમાં ગુરૂનો આદેશ માગવાનું અશક્ય હોવાથી બહુ વખતનો આદેશ ભેગો માગી લેવો એ છે.

થાય, પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી ચોથી થાય-એમ ચાર થાયો કહેવી. પછી નમુત્થુણં કહીને બીજી વાર એજ પ્રમાણે ચાર થાયો કહેવી. પછી નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમો૦ કહી, સ્તવન (ઉવસગ્ગહરં) કહેવું અને જય વીયરાય અર્ધા (આભવમખંડા સુધી) કહેવા પછી ખમા૦ દઈ ત્રીજું ચૈત્યવંદન જંકિંચિ૦ નમુત્થુણં૦ કહીને જય વીયરાય સંપૂર્ણ કહેવા. ત્યારપછી વિધિ કરતાં અવિધિ થઈ હોય તેનો મિચ્છામિ દુક્કડં દઈને પ્રભાતના દેવવંદનમાં છેવટે સજ્ઝાય કહેવી. (બપોરે તથા સાંજે ન કહેવી). તે સજ્ઝાયને માટે એક ખમા૦ દઈ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છં કહી, નવકાર ગણીને ઉભડક પગે બેસી[1] એક જણ મન્હ જિણાણંની સજ્ઝાય કહે. ( ત્યારપછી નવકાર ન ગણવો. )

## श्री मन्हजिणाणंनी सज्झाय.

मन्ह जिणाणं आणं, मिच्छं परिहरह धरह सम्मत्तं ॥
छव्विह आवस्सयंमि, उज्जुत्तो होइ पइदिवसं ॥ १ ॥
पव्वेसु पोसहवयं, दाणं सीलं तवो अ भावो अ ॥
सज्झाय नमुक्कारो, परोवयारो अ जयणा अ ॥ २ ॥
जिणपूआ जिणथुणणं, गुरुथुअ साहम्मिआणवच्छल्लं ॥
ववहारस्स य सुद्धि, रहजत्ता तित्थजत्ता य ॥ ३ ॥
उवसम विवेग संवर, भासासमिई छजीवकरुणा य ॥
धम्मिअजणसंसग्गो, करणदमो चरणपरिणामो ॥ ४ ॥

---

૧ પ્રવૃત્તિ ઉભડક બેસવાની છે, પણ એ ક્રિયા ચૈત્યવંદનની જેમ યોગમુદ્રાએ કરવાની છે.

संघोवरि बहुमाणो, पुत्थयलिहणं पभावणा तित्थे ॥
सड्ढाण किच्चमेअं, निच्चं सुगुरुवएसेणं ॥ ५ ॥

પોસહ લેવાનો કાળ વહી જતો હોય, તો પોસહ ઉચ્ચરવો. પછીથી ગુરૂનો જોગ મળે તો તેમની સમક્ષ ઉપધિ પડિલેહું ? ત્યાં સુધીના બધા આદેશો માગવા તે પછી રાઈ મુહપત્તિ પડિલેહવી.

## છ ઘડી (લગભગ અઢી કલાક) દિવસ ચઢયા પછી પોરિસિ ભણાવવી તેની વિધિ.

પ્રથમ ખમા૦ દઈ ઇચ્છા૦બહુ પડિપુન્ના પોરિસિ કહી, બીજું ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમવા. પછી ખમા૦ દઈ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી.

ત્યારપછી ગુરૂ હોય તો તેમની સમક્ષ રાઈમુહપત્તિ પડિલેહવી તેની વિધિ આ પ્રમાણે—

## राइमुहपत्तिनी विधि.

સૂચના—આ વિધિ ગુરૂની સમક્ષ રાઈ પ્રતિક્રમણ કર્યું હોય તેને કરવાની નથી, તેમ ગુરૂ ન હોય તોપણ કરવાની નથી.

પ્રથમ ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમી, ખમા૦ દઇ, ઇચ્છા૦ રાઈ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણા દેવાં, પછી ઈચ્છા૦ રાઈયં આલોઉં ? ઇચ્છં આલોએમિ જોમે રાઈઓ અઈઆરો૦નો પાઠ કહેવો. પછી સવ્વસ્સવિ રાઈયં૦ કહીને પન્યાસ હોય તો બે વાંદણા દેવાં, પન્યાસ ન હોય તો એક ખમા૦ દઈ ઇચ્છકાર સુહરાઈ૦ કહીને ઈચ્છા૦ અબ્ભુટ્ઠિઓહં૦ ખામીને બે વાંદણા દેવાં, પછી 'ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી' એમ કહીને પચ્ચક્ખાણ કરવું.

પછી સર્વ મુનિરાજને બે ખમાસમણ, ઈચ્છકાર૦ તથા અબ્ભુટ્ઠિઓહં૦ ના પાઠપૂર્વક વંદન કરવું.

## માત્રું (પેશાબ) જવાની વિધિ.

લઘુશંકા કરવા જવા સારૂ કુંડી, પુંજણી અને અચિત્ત જળની યાચના કરવી. માત્રું કરવા જનારે અથવા જ્યારે જ્યારે ઉપાશ્રયમાંથી બહાર જવું પડે ત્યારે ત્રણ વાર 'આવસ્સહી' કહેવી અને અંદર પ્રવેશ કરતાં ત્રણ વાર 'નિસ્સિહી' કહેવી.

માત્રું કરવા જનારે પ્રથમ માત્રું કરવા જવાનું વસ્ત્ર પહેરી, કુંડી પુંજણી વડે પુંજીને લેવી. તેમાં માત્રું કરીને પરઠવવાની જગ્યાએ પ્રથમ કુંડી નીચે મૂકી, જંતુ વિનાની ભૂમિ જોઇને अणुजाणह जस्सुग्गहो કહીને માત્રું પરઠવીને ફરીથી કુંડી નીચે મૂકી वोसिरे वोसिरे वोसिरे કહી, કુંડી મૂળ જગ્યા ઉપર મૂકી, અચિત્ત જળવડે હાથ ધોઈ, કદાચ પગ અપવિત્ર થયા હોય તો તે પણ શુદ્ધ કરવા. વસ્ત્ર બદલી સ્થાપનાચાર્ય સન્મુખ આવી ખમાસમણ દઇને ઈરિયાવહી પડિક્કમવા.

## જિનમંદિર જવાની વિધિ.

પોસહ લીધા પછી જિનમંદિરે દર્શન કરવા જરૂર જવું જોઇએ, ન જાય તો આલોયણ આવે; તેથી કટાસણું ડાબે ખભે નાખી, ઉત્તરાસણ કરી, ચરવળો ડાબી કાખમાં અને મુહપત્તિ જમણા હાથમાં રાખીને, ઈર્યાસમિતિ શોધતાં મુખ્ય જિનમંદિરે જવું. ત્યાં પ્રથમ નિસ્સિહી કહીને દેરાસરના આદ્ય દ્વારમાં પ્રવેશ કરવો. પ્રથમ દૂરથી પ્રણામ કરીને મૂળનાયકજીની સન્મુખ જઈ દર્શન-સ્તુતિ કરીને ત્રણ પ્રદક્ષિણા દેવી. પછી બીજી વાર નિસ્સિહી કહી રંગ

મંડપમાં પ્રવેશ કરી ખમા૦ દઈ ઇરિયાવહિ પડિક્કમવા. પછી ત્રણ ખમાસમણ દઈ ત્રીજીવાર નિસ્સિહી કહીને ચૈત્યવંદન કરવું. પાછા જિનમંદિરમાંથી નીકળતાં ત્રણ વાર આવસ્સહી કહી ઉપાશ્રયે આવવું. ત્યાં ત્રણ વાર નિસ્સિહી કહીને પ્રવેશ કરવો અને સો ડગલાં ઉપરાંત ગયા હોઇએ તો ઇરિયાવહી પડિક્કમવા, તથા ગમણાગમણે [1]આલોવવા.

સૂચના—જો ચોમાસું હોય તો મધ્યાન્હના દેવ વાંદ્યા અગાઉ બીજી વારનો કાજો લેવો અને તે શુદ્ધ કરીને યોગ્ય સ્થાને પરઠવવો. (ત્યારપછી ઇરિયાવહી પડિક્કમવા નહીં).

ત્યારપછી મધ્યાન્હના દેવ વાંદવા. (વિધિ પૂર્વવત્). મધ્યાન્હના દેવ વાંદ્યા અગાઉ પચ્ચક્ખાણ પારી શકાય નહીં. પછી જેને ચઉવિહાર ઉપવાસ ન હોય તેણે પચ્ચક્ખાણ પારવું, તેની વિધિ આ પ્રમાણે—

## पच्चक्खाण पारवानी विधि.

પ્રથમ ખમા૦ દઈ ઈરિયાવહી પડિક્કમવા. યાવત્ લોગસ્સ કહી. ખમા૦ ઇચ્છા૦ ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય સંપૂર્ણ કહેવા સુધી કરવું. (સ્તવન ઉવસગ્ગહરંનું કહેવું) પછી ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં? ઇચ્છં કહી એક નવકાર ગણીને મન્હજિણાણંની સજ્ઝાય કહેવી. પછી ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦

---

૧ જ્યારે જ્યારે સો ડગલાં ઉપરાંત જવાનું થાય કે ઠલ્લે જઈ આવ્યા હોય ત્યારે ત્યારે ઇરિયાવહી પડિક્કમવા ને ગમણાગમણે આલોવવા.

ઈચ્છા૦ પચ્ચક્ખાણ પારૂં ? યથાશક્તિ કહી ખમા૦ ઈચ્છા૦ પચ્ચક્ખાણ પાર્યું. તહત્તિ કહી, જમણો હાથ મુઠી વાળીને ચરવળા ઉપર સ્થાપી, એક નવકાર ગણીને જે પચ્ચક્ખાણ કર્યું હોય તે નામ લઈને નીચે પ્રમાણે પારવું:—

## આયંબિલ નીવિ એકાસણાવાળાને આ રીતે.

"ઉગ્ગએસૂરે નમુક્કારસહિઅં પોરિસિં સાઢપોરિસિં સૂરેઉગ્ગએ પુરિમડ્ઢં અવડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર; આંબીલ, નીવી, એકાસણું કર્યું તિવિહાર. પચ્ચક્ખાણ ફાસિઅં,પાલિઅં,સોહિઅં,તીરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડં"

## ( તિવિહાર ઉપવાસવાળાને આ પ્રમાણે. )

"સૂરેઉગ્ગએ ઉપવાસ કર્યો તિવિહાર; પોરિસિ સાઢ-પોરિસિ પુરિમડ્ઢં મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ કર્યું પાણહાર, પચ્ચકખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તિરિઅં, કિટ્ટિએં, આરાહિઅં,જં ચ ન આરાહિઅં,તસ્સ મિચ્છામિ દુક્કડં." (ચઉવિહાર ઉપવાસવાળાને પચ્ચક્ખાણ પારવાની બીલકુલ વિધિ કરવાની નથી).

દરેક પચ્ચક્ખાણ પારનારે છેલ્લો એક નવકાર ગણવો.

## પાણી પીવાની રીત

પચ્ચક્ખાણ પાર્યા પછી પાણી પીવું હોય તેણે યાચેલું અચિત્ત જળ કટાસણાપર બેસીને પીવું ને પીધેલું પાત્ર લુંછીને મૂકવું પાણીવાળાં પાત્ર ઉઘાડાં રાખવાં નહિ.

## ભોજન કરવાની વિધિ.

હવે જો આંબિલ, નિવી કે એકાસણું કરવા પોતાને ઘેર જવું હોય તો તેણે ઈર્યાસમિતિ શોધતાં (જયણાથી) જવું અને ઘરમાં પ્રવેશ કરતાં 'જયણામંગળ' બોલીને

આસન ( કટાસણું ) નાંખી, બેસીને, સ્થાપના સ્થાપી, ઈરિયાવહી પડિક્કમવા. પછી ખમા૦ દઈ ગમણાગમણે આલોવવા. પછી કાજો લઈ પાટલો, થાળી વિગેરે ભાજન પ્રમાર્જીને (પુંજીને) જોગવાઈ હોય તો મુનિને વહોરાવી અતિથિસંવિભાગ ફરસીને નિશ્ચળ આસને મૌનપણે આહાર કરવો. લીધેલ વસ્તુમાંથી બીલકુલ પાછું મૂકી શકાય નહીં.

જેણે ઘેર જવું ન હોય તે પોસહશાળાએ પૂર્વપ્રેરિત પુત્રાદિકે આણેલો આહાર કરે. તે પ્રથમ જગ્યા પ્રમાર્જીને કટાસણા ઉપર બેસી ભાજન વિગેરે પ્રમાર્જી, સ્થાપના સ્થાપીને ઈરિયાવહી પડિક્કમે અને નિશ્ચળ આસને મૌનપણે આહાર કરે.

તથા પ્રકારના કારણ વિના સ્વાદિષ્ટ મોદકાદિ અને લવંગાદિક તાંબુલ ગ્રહણ ન કરે. પછી મુખ શુદ્ધ કરીને દિવસચરિમં તિવિહારનું[1] પચ્ચક્ખાણ કરે જમવાને સ્થાનકે કાજો લે. ત્યારપછી ઘરે જનાર પોસહશાળાએ આવીને અને પોસહશાળાવાળા આહાર કર્યાની જગ્યાએ જ અથવા મૂળ થાનકે ઈરિયાવહી પડિક્કમીને જગચિંતામણિનું ચૈત્યવંદન જયવીયરાય પર્યંત કરે.

ત્રીજા પહોર પછી મુનિરાજે સ્થાપનાચાર્યની પડિલેહણ કરી હોય તેની સમક્ષ બીજીવારની પડિલેહણ કરવી. સ્થાપનાચાર્યની પડિલેહણ કર્યા અગાઉ પડિલેહણ ન થાય.

## ત્રીજા પહોર પછી પડિલેહણા કરવાની વિધિ.

પ્રથમ ખમા૦ દઈ ઈચ્છા૦[2] બહુપડિપુન્ના પોરિસિ ?

---

૧. પોસહ વિના એકાસણું વિગેરે કરનારે પણ કરીને ઉઠયા અગાઉ દિવસ ચરિમં તિવિહારનું પચ્ચક્ખાણ કરવું જોઈએ.

૨ આ શબ્દનો અર્થ ' ઘણા ભાગે પોરિસી પૂર્ણ થઈ? ' એવો છે.

કહી ખમા૦ ઇચ્છા૦ ઇરિયાવહિયં પડિક્કમામિ કહી, ઇરિયાવહી પડિક્કમવા પછી ખમા૦ ઇચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં કહી ગમણાગમણે આલોવવા.

પછી ખમા૦ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહી, ખમા૦ ઇચ્છા૦ પોસહશાળા પ્રમાર્જું ? ઇચ્છં કહીને ઉપવાસવાળાએ મુહપત્તિ, કટાસણું ને ચરવળો પડિલેહવા અને એકાસણાદિક કરનારે મુહપત્તિ કટાસણું ચરવળો કંદોરો અને ધોતીયું એ પાંચ ઉપકરણો પડિલેહવાં, પાંચ વાનાં પડિલેહ્યાં હોય તેણે ઈરિયાવહિ કરવા. પછી ખમા૦ દઈ ઇચ્છકારી ભગવન્ પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી એમ કહીને વડિલનું એક વસ્ત્ર પડિલેહવું. પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છં કહી, ઉભડક પગે બેસીને નવકાર ગણીને મન્હજિણાણંની સજ્ઝાય કહેવી. પછી ખાધું હોય તો બે વાંદણાં દઈને[1] પાણહારનું પચ્ચક્ખાણ કરે અને તિવિહાર ઉપવાસવાળા માત્ર ખમાસમણ દઈ ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી, કહી પાણહારનું પચ્ચક્ખાણ કરે, (ચોવિહાર ઉપવાસવાળાને તો પચ્ચક્ખાણ કરવાનું નથી; પણ પ્રભાતે તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું

---

૧ જો પડિલેહણ કર્યાં પછી પાણી વાપરવાની જરૂર હોય તો મુટ્ઠિસહીઅંનું પચ્ચક્ખાણ કરે અને પડિલેહણ કરી રહ્યા પછી મુઠી વાળી ત્રણ નવકાર ગણીને પાણી વાપરે. તે પાણહારનું પચ્ચક્ખાણ પડિક્કમણા વખતે કરે. સાંજના દેવ વાંદ્યા પછી તો પાણી વાપરી શકાય જ નહીં.

હોય ને પાણી ન પીધું હોય તો આ વખતે ચઉવિહાર પચ્ચક્ખાણ કરે. )

પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું? ઇચ્છં૦ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહું? ઇચ્છં કહી પ્રથમ પડિલેહતાં બાકી રહેલાં વસ્ત્રોની પડિલેહણા કરે. તેમાં રાત્રિ પોસહ કરનાર પ્રથમ કામળી પડિલેહે. પડિલેહણ થઈ રહે એટલે સર્વ ઉપધિ (વસ્ત્રાદિ) લઇને ઉભા થાય એટલે એક જણ ડંડાસણ લાવી, પડિલેહી, ઇરિયાવહી પડિક્કમી કાજો લઇ, તપાસી, ઈરિયાવહી પડિક્કમીને વિધિયુક્ત પરઠવે પછી સર્વે દેવ વાંદે.

પછી અવસરે દેવસી અથવા પાક્ષિકાદિ પ્રતિક્રમણ કરે. તેમાં પ્રથમ માત્ર ઇરિયાવહી પડિક્કમે અને પછી ખમા૦ દઇને ચૈત્યવંદન કરે. સાત લાખ ને અઢાર પાપસ્થાનકને બદલે ઇચ્છાકારેણ૦ ગમણાગમણે આલોઉં! ઇચ્છં કહીને ગમણાગમણે આલોવે. કરેમિભંતે સઘળીમાં "જાવ નિયમં" ને ઠેકાણે 'જાવ પોસહં' કહે.

પ્રતિક્રમણ કરી રહ્યા પછી પોસહ પાર્યા અગાઉ યાચેલાં ડંડાસણ, કુંડી, પાણી વિગેરે ગૃહસ્થને પાછાં ભળાવી (સોંપી) દેવાં. સામાયિક પારવાને બદલે ચાર પહોરના પોસહવાળા પોસહ પારે તેની વિધિ આ પ્રમાણેઃ-

## सांजे पोसह पारवानी विधि.

ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમી, ચઉક્કસાયથી જયવીયરાય પર્યંત કહીને, ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી. પછી ખમા૦ ઇચ્છા૦ પોસહ પારૂં? યથાશક્તિ. ખમા૦ ઇચ્છા૦ પોસહ પાર્યો. તહત્તિ કહી, ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી નવકાર ગણીને સાગરચંદો કહે તે આ પ્રમાણેઃ—

## सागरचंदो

सागरचंदो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ॥
जेसिं पोसहपडिमा, अखंडिआ जीवियंतेवि ॥ १ ॥
धन्ना सलाहणिज्जा, सुलसा आणंद कामदेवा य ॥
जास पसंसइ भयवं, दढव्वयत्तं महावीरो ॥ २ ॥

पोसह विधिए लीधो, विधिए पार्यो, विधि करतां जे कांइ अविधि हुओ होय, ते सवि हु मन वचन कायाए करी मिच्छामि दुक्कडं ॥

પછી ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહાને, ખમા૦ ઇચ્છા૦ સામાયિક પારૂં? યથાશક્તિ કહી ખમા૦ ઇચ્છા૦સામાયિક પાર્યું. તહત્તિ કહી, ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી નવકાર ગણીને સામાઇય વયજુત્તો૦ કહે.

### રાત્રિ પૌષધ વિધિ.

જેણે સવારે ચાર પહોરના પોસહ ઉચ્ચર્યો છે તેને જ વિચાર આઠ પહોરના પોસહ કરવાના થાય તો તેણે સાંજની પડિલેહણ કરતી વખતે ઇરિયાવહી પડિક્કમી, ખમાસમણ દઇ, ગમણાગમણે આલોવીને પછી ઇરિયાવહી પડિક્કમવાથી માંડીને 'બહુવેલ કરશું?' એ આદેશપર્યંત સવારના પોસહ લેવાની વિધિ લખી છે તે પ્રમાણે સર્વ વિધિ કરવી. તેમાં બેસણે સંદિસાહું? અને સજ્ઝાય સંદિસાહું? આ બે આદેશ ન કહે. બેસણે ઠાઉં? પછી ખમા૦ દઈ 'સજ્ઝાયમાં છું.' એમ જ કહેવું અને ત્રણ નવકાર ને બદલે એક નવકાર ગણવો. ત્યારપછી સાંજની પડિલેહણમાં ખમા૦દઈ 'પડિલેહણ કરૂં?' એ આદેશ માગવાના છે ત્યાંથી

ઉપધિ પડિલેહું ? કાજો પરઠવવા સુધી સઘળી વિધિ કરે, દેવ વાંદે, માંડલાં અને પ્રતિક્રમણ કરે.

સૂચના—માત્ર રાત્રિના ચાર પહોરનો જ પોસહ કરવો હોય તેણે પડિલેહણ, દેવવંદન વિગેરે વિધિ દિવસ છતાં કરવાની હોવાથી વહેલાં આવવું જોઈએ; અને તે દિવસે ઓછામાં ઓછો એકાસણાનો તપ કરેલો હોવો જોઈએ તેણે કરવાની વિધિ આ પ્રમાણે.

પ્રથમ ખમાસમણ દઈ ઇરિયાવહી પડિક્કમીને પડિલેહણ (પડિલેહણની વિધિ પ્રમાણે) કરે. પછી ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમવાથી માંડીને યાવત્ 'બહુવેલ કરશું ?' પર્યંત સવારના પોસહ લેવાની વિધિ પ્રમાણે કરે અને ત્યારપછી સાંજની પડિલેહણમાં ખમા૦ દઈ 'પડિલેહણ કરૂં ?' એ આદેશ માગવાનો છે ત્યાંથી 'ઉપધિ પડિલેહું ?' નો આદેશ માગવા પર્યંત તે પ્રમાણે વિધિ કરે.[1] (પોસહના પચ્ચક્ખાણમાં જે ફેર છે તે પ્રથમ સૂચવેલ છે). એ પછી કાજો લે પરઠવે. દેવ વાંદે, માંડલા કરે. પ્રતિક્રમણ કરે.

સૂચના—આ ચોવીશ માંડલાં રાત્રિએ વડીનાતિ વિગેરે પરઠવવા યોગ્ય જગ્યા જોઈ આવીને રાત્રિએ પ્રતિલેખન નિમિત્તે કરવાનાં છે.

જેણે આઠ પહોરનો જ પોસહ લીધો હોય તેણે તથા રાત્રિ પોસહવાળાએ સાંજના દેવ વાદ્યા પછી ડંડાસણ અને કુંડળ લીધા ન હોય તો લઈને રાત્રિને માટે ચુનો નાંખેલું અચિત્ત પાણી જાચી રાખીને પછી ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમીને ખમા૦ ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહું ? ઇચ્છં કહી પ્રથમ સંથારા પાસેની જગ્યાએ છ માંડલાં કરવાનાં:—

---

૧ જો પહેલાં પડિલેહણ કરી હોય તો અહીં સુધી આદેશ માગે, પણ પડિલેહણ મુહપત્તિનીજ કરે; અને પ્રથમ પડિલેહણ કરી ન હોય તો સાંજની પડિલેહણની વિધિમાં લખ્યા મુજબ પડિલેહણ કરે.

૧. આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૨. આઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.
૩ આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૪. આઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.
૫. આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૬. આઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

પછી ઉપાશ્રયના બારણા માંહેની તરફ આ રીતેઃ—

૧. આઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૨. આઘાડે આસન્ને પાસવણે અહિયાસે.
૩. આઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૪. આઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.
૫. આઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૬. આઘાડે દૂરે પાસવણે અહિયાસે.

ઉપાશ્રયના બારણા બહાર નજીક રહીને કરવાનાં:—

૧. અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૨. અણાઘાડે આસન્ને પાસવણે અણહિયાસે.
૩. અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૪. અણાઘાડે મજ્ઝે પાસવણે અણહિયાસે.
૫. અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અણહિયાસે.
૬. અણાઘાડે દૂરે પાસવણે અણહિયાસે.

ઉપાશ્રયથી સો હાથ લગભગ દૂર રહીને કરવાનાં:—

૧. અણાઘાડે આસન્ને ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૨. અણાઘાડે આસન્ને પાસવણે અહિયાસે.
૩. અણાઘાડે મજ્ઝે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૪. અણાઘાડે મજ્ઝે પાસવણે અહિયાસે.
૫. અણાઘાડે દૂરે ઉચ્ચારે પાસવણે અહિયાસે.
૬. અણાઘાડે દૂરે પાસવણે અહિયાસે.

આઘાડે=આગાઢ કારણે. અણહિયાસે=સહન ન થઇ શકે તો.
આસન્ને=નજીકમાં  મજ્ઝે=વચ્ચે.
ઉચ્ચારે=વડીનીતિ.  દૂરે=છેટે.
પાસવણે=લઘુનીતિ.  અહિયાસે=સહન થઇ શકે તો.

અથવા સ્થાપનાજી પાસે રહીને બોલતી વખતે તે તે જગ્યાએ દ્રષ્ટિનો ઉપયોગ રાખવો.

એ પ્રમાણે ૨૪ માંડલા કર્યા પછી ઇરિયાવહી પડિક્કમીને ચૈત્યવંદનપૂર્વક પ્રતિક્રમણ પૂર્વવત્ કરે.

## ૧૭ સંથારા પોરિસિનો વિધિ.

રાત્રિ પોસહવાળાએ પહોર રાત્રિ પર્યંત સજ્ઝાય ધ્યાન કર્યા પછી સંથારો કરવાને અવસરે ખમા૦ ઇચ્છા૦ 'બહુ પડિપુન્ના પોરિસિ' કહી ખમાસમણ દઇ ઇરિઆવહીથી લોગસ્સ સુધી કહી, ખમા૦ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરિસિ રાઈય સંથારએ ઠામિ' ઇચ્છં. કહી ચઉક્કસાય૦ નમુત્થુણં૦ જાવંતિ૦ ખમા૦ જાવંત૦ નમોઽર્હત્૦ ઉવસગ્ગહરં૦ અને જય વીયરાય પૂરા કહી ખમા૦ ઇચ્છા૦ સંથારા વિધિ ભણવા મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને 'નિસીહિ નિસીહિ નિસીહિ નમો ખમાસમણાણં ગોયમાઈણં મહામુણીણં' નવકાર તથા કરેમિ ભંતે—એટલું ત્રણવાર કહે.

અણુજાણહ જિટ્ઠિજ્જા, અણુજાણહ પરમગુરૂ, ગુરૂગુણરયણેહિં મંડિયસરીરા॥ બહુપડિપુણ્ણા પોરિસિ, રાઇયિસંથારએ ઠામિ ॥૧॥ અણુજાણહ સંથારં, બાહુવહાણેણ વામપાસેણં, કુક્કુડિપાયપસારણ, અતરંત પમજ્જએ ભૂમિં ॥૨॥ સંકોઇઅ સંડાસા, ઉવ્વટ્ટંતે અ

કાયપડિલેહા ॥ દવ્વાઈ ઉવઓગં, ઊસાસનિરુંભણા-
લોએ ॥ ૩ ॥ જઇમે હુજ્જ પમાઓ, ઇમસ્સ દેહસ્સિ-
માઈ રયણીએ ॥ આહારમુવહિદેહં, સવ્વં તિવિહેણ
વોસિરિઅં ॥ ૪ ॥ ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં,
॥ ૫ ॥ ચત્તારિ લોગુત્તમા–અરિહંતા લોગુત્તમા, સિદ્ધા
લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો
॥ ૬ ॥ ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં
પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવ-
જ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ ॥ ૭ ॥
પાણાઇવાયમાલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં ॥
કોહં માણં માયં, લોભં પિજ્જં તહા દોસં ॥ ૮ ॥
કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઈઅરઈ સમાઉત્તં ॥ પર-
પરિવાયં માયા, મોસં મિચ્છત્તસલ્લં ચ ॥૯॥ વોસિરિસુ
ઇમાઈં, મુક્ખમગ્ગસંસગ્ગવિગ્ઘભૂઆઈં ॥ દુગ્ગઇનિબં-
ધણાઈં, અટ્ઠારસ પાવઠાણાઇં ॥ ૧૦ ॥ એગોઽહં નત્થિ
મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઇ ॥ એવં અદીણમણસો,
અપ્પાણમણુસાસઇ ॥ ૧૧ ॥ એગો મે સાસઓ
અપ્પા, નાણદંસણસંજુઓ ॥ સેસા મે બાહિરા
ભાવા, સવ્વે સંજોગલક્ખણા ॥ ૧૨ ॥ સંજોગમૂલા
જીવેણ, પત્તા દુક્ખપરંપરા ॥ તમ્હા સંજોગસંબંધં,
સવ્વં તિવિહેણ વોસિરિઅં ॥ ૧૩ ॥ અરિહંતો મહ

દેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો ॥ જિણપન્નત્ત તત્તં, ઇઅ સમ્મત્તં મએ ગહિઅં ॥ ૧૪ ॥ ખમિઅ ખમાવિઅ મઇ ખમિઅ, સવ્વહ જીવનિકાય ॥ સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્ઝહ વઇર ન ભાવ ॥૧૫॥ સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત ॥ તે મે સવ્વ ખમાવિઆ, મુજ્ઝવિ તેહ ખમંત ॥ ૧૬ ॥ જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં ॥ જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥ ૧૭ ॥

તેમાં ચૌદમી ગાથા ત્રણવાર કહેવી પછી સાત નવકાર ગણવા. પછી છેલ્લી ત્રણ ગાથા કહેવી. ત્યારબાદ નિદ્રા ન આવે ત્યાંસુધી સજ્ઝાય ધ્યાન કરે. જ્યારે નિદ્રાપીડિત થાય ત્યારે માત્રા વિગેરેની બાધા ટાળીને દિવસે પડિલેહેલી જગ્યાને પૂંજીને સંથારો કરે. તે આ પ્રમાણે-પ્રથમ જમીન પૂંજીને સંથારીયું પાથરે, તેની ઉપર ઉત્તરપટ્ટો ( એક પડો ઓછાડ) પાથરે, મુહપત્તિ કેડે ભરાવે, ચરવળો ડાબે પડખે મૂકે અને માતરીયું પહેરીને ડાબે પડખે હાથનું ઓશીકું કરીને કુકડાની માફક પગ સંકોચીને સુવે. રાત્રિએ ચાલવું પડે તો ડંડાસણ વડે ભૂમિ પૂંજીને ચાલે.

## રાત્રિ પોસહવાળાને સવારે કરવાનો વિધિ.

પાછલી રાત્રે જાગીને નવકાર સંભારી, ભાવના ભાવી, માત્રાની બાધા ટાળી આવે. પછી ઇરિયાવહી પડિક્કમી, કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરીને રાત્રિ પ્રતિક્રમણ કરે.

ત્યારપછી સ્થાપનાચાર્ય પડિલેહે. પછી તેમની સન્મુખ પડિલેહણ કરે. તેની વિધિ આ પ્રમાણેઃ—

પ્રથમ ઈરિયાવહી પડિક્કમી, ખમા૦ ઈચ્છા૦ પડિલેહણ કરૂં? ઈચ્છં કહી પૂર્વોક્ત પાંચ વાનાં પડિલેહે. પછી ખમા૦ દઈ ઈચ્છકારી૦ પડિલેહણા પડિલેહાવોજી કહી વડીલનું એક વસ્ત્ર પડિલેહે. પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહે. પછી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ સંદિસાહું? ઇચ્છં કહી ખમા૦ ઈચ્છા૦ ઉપધિ પડિલેહું? ઈચ્છં કહી બાકીના વસ્ત્રો પડિલેહે. પછી એક જણ ઈરિયાવહી પડિક્કમી કાજો લે અને કાજો શુદ્ધ કરી ઈરિયાવહી પડિક્કમીને વિધિયુક્ત પરઠવે.

ત્યારપછી પૂર્વોક્ત વિધિપ્રમાણે દેવ વાંદે અને સજ્ઝાય કરે પછી ડંડાસણ, કુંડી, પાણી, કુંડળ, કામળી વિગેરે જે વસ્તુ જાચેલી હોય તે પાછી ગૃહસ્થને ભળાવે. કુંડળ ખોવાય તો આલોયણ આવે.

## સવારમાં પોસહ પારવાની વિધિ.

ખમા૦ ઈરિયાવહી૦ તસ્સઉત્તરી૦ અન્નત્થ૦ ચંદેસુ નિમ્મલયરા સુધી એક લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરી લોગસ્સ૦ ખમા૦ ઈચ્છા૦ મુહપત્તિ પડિલેહું? ઈચ્છં. કહી મુહપત્તિ પડિલેહી, ખમા૦ ઈચ્છા૦ પોસહ પારૂં? યથાશક્તિ. ખમા૦ ઈચ્છા૦ પોસહ પાર્યો. તહત્તિ કહી, ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી નવકાર ગણીને સાગરચંદો૦ કહી, ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને, ખમા૦ ઈચ્છા૦ સામાયિક પારૂં? યથાશક્તિ કહી, ખમા૦ ઈચ્છા૦ સામાયિક પાર્યું. તહત્તિ કહી ચરવળા ઉપર હાથ સ્થાપી નવકાર ગણીને સામાઈઅ વયજુત્તો કહે.

## स्थंडिल जवानी विधि.

પોસહમાં કદી સ્થંડિલ જવું પડે તો માતરીયું પહેરી,

કાળનો વખત હોય તો માથે કામળી ઓઢી, મુહપત્તિ કેડે રાખી, ચરવળો ડાબી કાખમાં રાખી, જાચી રાખેલ અચિત્ત જળ લોટાદિ પાત્રમાં ભરી લઈને જાય. ત્યાં નિર્જીવ જગ્યા જોઈ અણુજાણહ જસ્સુગ્ગહો કહીને બાધા ટાળે. ઉઠતી વખત ત્રણ વાર વોસિરે કહે, પછી પોસહશાળાએ આવી હસ્ત-પાદ પ્રક્ષાલન કરી, વસ્ત્ર બદલી, સ્થાપનાજી પાસે ઇરિયાવહી પડિક્કમે. પછી ખમા૦ ઇચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં કહીને ગમણાગમણે આલોવે. ઉપાશ્રયથી જતાં આવસ્સહી અને આવતાં નિસ્સિહી કહે. રાત્રે સ્થંડિલ જવું પડે તો સો ડગલાંની અંદરજ જવાય, કાળને વખતે અગાસે જવું હોય તો માથે કામળી જ ઓઢવી, કટાસણું નહીં. પાછા સ્થાને આવી કામળી ખીંતીએ ભરાવી થોડા વખત પછી સંકેલવી.

## માથે કામળી નાખવાનો કાળ.

અશાડ શુદિ ૧૫ થી કાર્તિક શુદિ ૧૪ સુધી સવારે સૂર્યોદયથી અને સાંજે સૂર્યાસ્ત પહેલાં છ ઘડી ( બે કલાક ને ૨૪ મોનીટ ). કાર્તિક શુદિ ૧૫ થી ફાગણ શુદિ ૧૪ સુધી બંને ટંક ચાર ચાર ઘડી, ફાગણ શુદિ ૧૫ થી અષાડ શુદિ ૧૪ સુધી બંને વખત બે બે ઘડી. રાત્રિ પોષહવાળાએ ઉપાશ્રયની બહાર જતાં કાંબળી અવશ્ય માથે ઓઢવી.

## અચિત્ત પાણીનો કાળ.

અશાડ શુદિ ૧૫ થી કાર્તિક શુદિ ૧૪ સુધી ત્રણ ઉકાળાવાળા પાણીનો કાળ ચુલાથી ઉતર્યા પછી ત્રણ પહોરનો. કાર્તિક શુદિ ૧૫ થી ફાગણ શુદિ ૧૪ સુધી ચાર પહોરનો. ફાગણ શુદિ ૧૫ થી અશાડ શુદિ ૧૪ સુધી પાંચ

પહોરનો. આ પ્રમાણેના કાળ ઉપરાંત અચિત્ત પાણી પાછું સચિત્ત ભાવને પામે છે, તેથી પોસહમાં યાચેલું પાણી કાળ ઉપરાંત રહેવા ન દેવું. કાળ પૂર્ણ થવાના વખત અગાઉ અચિત્ત પાણીની અંદર છાસની આસ જેવો રંગ થાય તેટલો કળીચુનો નાંખવો, જેથી વાપરવા માટે ૨૪ પહોર સુધી અચિત્ત રહે; પણ જો ચુનો નાંખવો ભૂલી જાય અને કાળ વ્યતીત થાય તો દશ ઉપવાસની આલોયણ આવે, માટે ઉપયોગ રાખવો.

## પરચુરણ સમજુતિ

૧ આ વિધિમાં જ્યાં જ્યાં ઇરિયાવહી પડિક્કમવાના લખ્યા છે ત્યાં ત્યાં ખમા૦ઇરિયાવહી૦તસ્સઉત્તરી૦અન્નત્થ૦ કહી એક લોગસ્સનો चंदेसु निम्मलयरा પર્યંત કાઉસ્સગ્ગ કરીને પ્રગટ લોગસ્સ કહેવા સુધી સમજવું.

૨ પડિલેહણ કરનારે ઉભડક પગે બેસીને મૌનપણે પડિલેહણ કરવી, જીવજંતુ બરાબર તપાસવા અને ઉત્તરાસણ પહેરવું નહીં.

૩ કાજો લેનારને એક આયંબિલ તપનું વિશેષ ફળ મળે છે, માટે કાજો ઉપયોગપૂર્વક બરાબર લેવો.

૪ પોસહમાં પોસહના ૧૮ દોષ, પાંચ અતિચાર તથા સામાયિકના ૩૨ દોષ ટાળવાનો ખપ કરવો.

૫ પોસહમાં જિનમંદિરે જાય ત્યારે પ્રથમ અગ્રદ્વારે પોસહ સંબંધી વ્યાપાર ત્યાગરૂપ પહેલી નિસ્સિહી, મધ્યમાં જિન મંદિરની પ્રદક્ષિણા દેવા વિગેરે વ્યાપારના ત્યાગરૂપ બીજી નિસ્સિહી અને ચૈત્યવંદનના પ્રારંભમાં અન્ય સર્વ ક્રિયાના ત્યાગરૂપ ત્રીજી નિસ્સિહી કહેવાની છે. ઉપાશ્રયમાં પેસતાં નિસ્સિહી કહેવી તે અન્ય ગમનાગમન કાર્યના નિષેધરૂપ છે.

૬ આવસ્સહી—આવશ્યકી અર્થસૂચક છે. તે જિન-મંદિરે જવાના અથવા ઉપાશ્રયે જવાના અવશ્ય કાર્યને સૂચવે છે; અર્થાત્ એવા પ્રશસ્ત આવશ્યક કાર્ય માટે જાઉં છું, એમ સૂચન કરવા માટે આવસ્સહી કહેવામાં આવે છે.

## मुहपत्तिना ५० बोल.

૧ સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું (દૃષ્ટિ પડિલેહણા).

૩ સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરું.

૩ કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું-

(આ ૭ બોલ મુહપત્તિ ઉભી નચાવતાં બોલવા)

૩ સુદેવ, સુગુરૂ, સુધર્મ આદરું.

૩ કુદેવ, કુગુરૂ, કુધર્મ પરિહરું.

૩ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.

૩ જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું.

૩. મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું.

૩ મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.

(આ ૧૮ બોલ ડાબા હાથની હથેળીમાં કહેવા.)

**અહીં સુધીના પચ્ચીશ બોલ મુહપત્તિ પડિલેહવાના છે. નીચેના પચ્ચીશ બોલ શરીર પડિલેહવાના છે.**

૩ હાસ્ય, રતિ અરતિ પરિહરું. (ડાબી ભુજા ફરતા)

૩ ભય, શોક, દુગંચ્છા પરિહરું. (જમણી ભુજા ફરતા)

૩ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું. (મસ્તકે)

૩ રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરું (મુખે)

૩ માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું. (હૃદયે)

૨ ક્રોધ, માન પરિહરૂં. ( ડાબી ભુજા પાછળ )
૨ માયા, લોભ પરિહરૂં, ( જમણી ભુજા પાછળ )
૩ પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની જયણા કરૂં. (ડાબે પગે)
૩ વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરૂં ( જમણે પગે)

આ પચાસ બોલ કેવી રીતે કહેવા? તેની વિશેષ સમજણ સુજ્ઞ મનુષ્ય પાસેથી મેળવવી.

## શ્રી સાગરચંદાનો અર્થ.

જીવિતને અંત થતાં પણ જેમની પોષધપ્રતિમા અખંડિત રહી તે શ્રાવકોને ધન્ય છે. તેમનાં નામ કહે છે. સાગરચંદ્ર કુમાર, કામદેવ, ચંદ્રાવતંસ રાજા અને સુદર્શન શેઠ. ૧

સુલસા શ્રાવિકા, આનંદ શ્રાવક અને કામદેવ શ્રાવક—એ ત્રણે ધન્ય છે, શ્લાઘા કરવા યોગ્ય છે કે જેમના તેવા પ્રકારના દૃઢવ્રતને ભગવાન્ શ્રીમહાવીરસ્વામી પોતે શ્રીમુખે પ્રશંસે છે. ૨

આની પછી જે કહીએ છીએ તે તો સ્પષ્ટ છે તેના અર્થની જરૂર નથી.

## મન્હજિણાણંની સજ્ઝાયને અર્થ.

૧ શ્રી જિનેશ્વરની આજ્ઞા માનવી, ૨ મિથ્યાત્વને પરિહાર કરવો. ૩ સમકિત ધારણ કરવું, ૪ ષડ્વિધ આવશ્યકને વિષે પ્રતિદિવસ ઉદ્યમવંત થવું. (૧). ૫ ચતુર્દશી આદિ પર્વોના દિવસોને વિષે પોસહ વ્રત કરવું, ૬ સુપાત્રને દાન દેવું, ૭ શીળ પાળવું, ૮ તપ કરવો, વળી ૯ અનિત્યાદિ ભાવનાઓ ભાવવી, ૧૦ વાચના પૃચ્છનાદિ પાંચ પ્રકારને સ્વાધ્યાય કરવો, ૧૧ નમસ્કારનો પાઠ કરવો, ૧૨ પરોપકાર કરવો અને ૧૩ જયણાએ પ્રવર્તવું, (૨) ૧૪ શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા ભક્તિ કરવી, ૧૫ શ્રી જિનેશ્વરની સ્તુતિ કરવી,

૧૬ ગુરૂની સ્તુતિ કરવી અને ૧૭ સાધર્મીઓની વત્સલતા કરવી, ૧૮ વ્યવહારની શુદ્ધિ કરવી, ૧૯ રથયાત્રા અને ૨૦ તીર્થયાત્રા કરવી (૩). ૨૧ ઉપશમ એટલે ક્ષમા ધારણ કરવી, ૨૨ વિવેક ધારણ કરવો, ૨૩ સંવર ભાવ રાખવો, ૨૪ ભાષા સમિતિ જાળવવી, ૨૫ પૃથ્વીકાયાદિ છ પ્રકારના જીવો ઉપર કરૂણા રાખવી, ૨૬ ધાર્મિક જનોની સાથે સંસર્ગ કરવો, તથા ૨૭ રસનાદિક પાંચ ઇંદ્રિયોને દમવી અને ૨૮ ચારિત્રના પરિણામ રાખવા. (૪). ૨૯ ચતુર્વિધ શ્રી સંઘની ઉપર બહુમાન રાખવું, ૩૦ પુસ્તક લખાવવાં અને ૩૧ તીર્થની પ્રભાવના કરવી. શ્રાવકને કરવા યોગ્ય આ (૩૬)[1] કૃત્યો છે તે સુગુરૂના ઉપદેશ વડે જાણી લેવા. (૫).

## સંથારા પોરસિનો અર્થ.

હે ભગવન્! તમે પોતાની ઇચ્છાએ કરીને આદેશ આપો, પોરિસિ ઘણે ભાગે પૂરી થવા આવી છે; માટે રાત્રિ સંબંધી સંથારો હું કરૂં? ૧. આ પ્રમાણે કહી આદેશ લઇ સંથારો પાથરીને પછી પાપવ્યાપારનો નિષેધ કરી શ્રી ગોતમાદિક મ્હોટા મુનીશ્વર જે ક્ષમાશ્રમણ છે તે પ્રત્યે નમસ્કાર કરે. પછી કહે–હે જયેષ્ઠાર્ય! તમે મુજને આજ્ઞા આપો.

પ્રતિરૂપાદિક આચાર્યના મ્હોટા ગુણ તે રૂપ રત્નોએ કરીને શોભિત છે શરીર જેનું એવા હે પરમ ગુરૂ! તમે મુજને આજ્ઞા આપો. પ્રતિપૂર્ણ પોરિસિ થઈ છે માટે રાત્રિ સંબંધી સંથારાની ઉપર હું તિષ્ઠું? (બેસું?) ૧.

વળી કહે કે–હે ભગવન્! તમે મુજને સંથારાની આજ્ઞા આપો. (પછી ગુરૂ આજ્ઞા આપે એટલે) બાહુ અર્થાત્

---

૧. છ આવશ્યકને જુદા જુદા ગણવાથી ૩૬ થાય છે.

હાથનું ઓશીકું કરી ડાબે પાસે કુકડીની પેરે આકાશને વિષે પગ પસારીને સુવે. એ રીતે રહી ન શકાય તો ભૂમિ પ્રત્યે પ્રમાજીને ત્યાં પગ સ્થાપે, જ્યારે પગ સંકોચવો હોય ત્યારે સાથળસંધી પ્રત્યે પૂંજીને સંકોચે અને જ્યારે પાસું ફેરવવું હોય ત્યારે શરીર પ્રત્યે પ્રતિલેખીને પાસું ફેરવે. એ સુવાનો પ્રકાર કહ્યો. હવે જાગવાનો પ્રકાર કહે છે જ્યારે લઘુશંકાદિકને અર્થે ઉઠે ત્યારે દ્રવ્યાદિનો ઉપયોગ કરે, ઉપયોગ કરતાં પણ નિદ્રા ન જાય તો ઉચ્છ્વાસ નિઃશ્વાસ પ્રત્યે રૂંધીને નિદ્રા દૂર કરે. નિદ્રા દૂર થાય એટલે બહાર નીકળવાના દ્વાર પ્રત્યે જુએ, પછી લઘુશંકાદિ કરી આવીને પાછો ધર્મધ્યાનમાં પ્રવર્તે. ૧-૩

હવે સુઇ રહેવાની અગાઉ શું કરવું? તે કહે છે-આ રાત્રિને વિષે જો મ્હારે આ દેહ સંબંધી પ્રમાદ (મરણ) થાય તો અશનાદિક ચારે પ્રકારના આહાર પ્રત્યે, ઉપધિ પ્રત્યે અને દેહ પ્રત્યે ત્રિવિધે કરી હું વોસિરાવું છું. ૪.

ચાર માંગળિક છે-૧ એક શ્રી અરિહંત માંગળિક છે, ૨ બીજા સિદ્ધ માંગળિક છે, ૩ ત્રીજા સાધુ માંગળિક છે અને ૪ ચોથો કેવળી ભગવંતે પ્રરૂપ્યો એવો શ્રુતચારિત્રરૂપ ધર્મ તે માંગળિક છે. લોકમાં ચાર ઉત્તમ છે-એક શ્રી અરિહંત લોકમાં ઉત્તમ છે, બીજા સિદ્ધ ઉત્તમ છે, ત્રીજા સાધુ ઉત્તમ છે અને ચોથો શ્રી કેવળીએ પ્રરૂપ્યો ધર્મ તે ઉત્તમ છે. ચાર શરણને હું અંગીકાર કરૂં છું-૧ શ્રી અરિહંતના શરણને અંગીકાર કરૂં છું. ૨ શ્રી સિદ્ધના શરણને અંગીકાર કરૂં છું, ૩ સાધુ મુનિરાજના શરણને અંગીકાર કરૂં છું અને ૪ કેવળીના પ્રરૂપેલા ધર્મના શરણને અંગીકાર કરૂં છું. ૫-૬-૭.

જીવહિંસા, અસત્ય વચન, ચોરી, સ્ત્રીભોગ, દ્રવ્યની મૂર્ચ્છા, ક્રોધ, માન, માયા, લોભ, પ્રેમ, દ્વેષ, કલેશ, અભ્યાખ્યાન ( પરને આળ દેવું તે ), પૈશૂન્ય ( ચાડી ખાવી તે ), સુખનાં કારણોમાં રતિ ( આનંદ ) અને દુઃખનાં કારણોમાં અરતિ ( ખેદ ) તેણે યુક્ત, પરનિંદા, માયામૃષા ( કપટ સહિત જૂઠું બોલવું તે ) અને મિથ્યાત્વ શલ્ય ( વિપરીત મતની શ્રદ્ધા ):–આ અઢાર પાપનાં સ્થાનક મોક્ષમાર્ગને વિષે વિઘ્નભૂત છે અને નરક નિગોદાદિ દુર્ગતિનાં કારણ છે, તે પ્રત્યે રે જીવ ! તું વોસિરાવ એટલે તેનો ત્યાગ કર. ૮–૯–૧૦.

'હું એકલો છું, મારૂં કોઇ નથી અને હું અન્ય કોઈનો નથી ' એમ અદીન મન થકો આત્મા પ્રત્યે શીખામણ આપે. જ્ઞાનદર્શને કરી સહિત, શાશ્વતો, રાગાદિ પરભાવથી રહિત, એકલો મારો આત્મા છે; શેષ સંયોગલક્ષણવાળા જે ભાવ છે તે સર્વે મારા સ્વરૂપથી બાહ્ય છે ( ન્યારા છે ). તન, ધન, કુટુંબાદિકનો સંયોગ તે છે મૂળ કારણ જેનું એવી દુઃખની પરંપરા આ જીવે અનેક ભવોમાં પ્રાપ્ત કરી છે, તેથી તે સંયોગનો સંબંધ સર્વ હું ત્રિવિધે વોસિરાવું છું. ૧૧–૧૨–૧૩.

અરિહંત મારા દેવ છે, જાવજ્જીવ સુધી સુસાધુ મારા ગુરૂ છે અને જિનેશ્વર દેવોએ પ્રરૂપેલ તત્ત્વ તેજ મારો ધર્મ છે. એ પ્રકારનું સમ્યક્ત્વ મારે જીવે ( જાવજ્જીવ સુધી ) અંગીકાર કર્યું છે. ૧૪

સર્વ જીવનિકાયને હું ખમું છું, ખમાવું છું, તેઓ મારા પ્રત્યે ખમજો. સિદ્ધની સાક્ષીએ હું આલોયણ લઉં છું. મારે કોઈની સાથે વૈરભાવ નથી. સર્વે જીવો કર્મના વશથી ચૌદ રાજલોકમાં ભમે છે, તે સર્વેને મેં ખમાવ્યા છે; મારા

પ્રત્યે તેઓ ખમજો. જે જે (કર્મ) મને કરીને બાંધેલ હોય, જે જે પાપ વચને કરીને ભાષ્યા (કહ્યા) હોય અને જે જે દુષ્કૃત્ય કાયા વડે કરેલ હોય તે સર્વને માટે મિચ્છા દુક્કડં છે. ૧૫-૧૬-૧૭.

## શ્રી પોસહવ્રતની પૂજા.

### દુહા.

પડહ વજાવી અમારીનો, ધ્વજ બાંધો શુભ ધ્યાન;
પોસહવ્રત અગ્યારમે, ધ્વજપૂજા સુવિધાન ॥ ૧ ॥

### ઢાળ.

પ્રભુ પડિમા પૂજીને પોસહ કરીએ રે, વાતને વિસારી રે વિકથા ચારની; પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસે રે, ધર્મની છાયા રે તરૂ સહકારની ॥ શિતળ નહીં છાયા રે આ સંસારની, કૂડી છે માયા રે આ સંસારની, કાચની કાયા રે છેવટ છારની, સાચી એક માયા રે જિન અણગારની ॥ ૧ ॥ (એ આંકણી) એંશી ભાંગે દેશ થકી જે પોસહ રે, એકાસણું કહ્યું રે શ્રી સિદ્ધાંતમેં; નિજ ઘર જઈને 'જયણા મંગળ' બોલી રે, ભાજન મુખ પૂંજી રે શબ્દ વિના જમે ॥ શિતળ૦ ॥ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ॥ ૨ ॥ સર્વ થકી આઠ પહોરનો ચોવિહાર રે, સંથારો નિશિ રે કંબલ ડાભનો; પાંચે પરવી ગૌતમ ગણધર બોલ્યા રે, પૂરવ આંક ત્રીશગણો છે લાભનો ॥ શિ૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ॥ ૩ ॥ કાર્તિક શેઠે પામ્યો હરિ અવતાર રે, શ્રાવક દશ વીશ વરસે સ્વર્ગે ગયા; પ્રેતકુમાર વિરાધક ભાવને પામ્યો રે, દેવકુમાર વ્રત રે આરાધક થયો ॥ શિ૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ॥ ૪ ॥ પણ અતિચાર તજી જિનજી વ્રત પાળું રે, તારક

નામ સાચું રે જો મુજ તારશો; નામ ધરાવો નિર્યામક જો નાથ રે, ભવોદધિ પાર રે તો ઉતારશો ॥ શિ૦ ॥ કૂ૦ ॥ ॥ કા૦ ॥ સા૦ ॥ ૫ ॥ સુલસાદિક નવ જણને જિનપદ દીધું રે, કર્મે તે વેળારે વસિયો વેગળો; શાસન દીઠું ને વળી લાગ્યું મીઠું રે, આશાભર આવ્યો રે સ્વામી એકલો ॥ શિ૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૬ ॥ દાયક નામ ધરાવો તો સુખ આપો રે, સુરતરૂની આગે રે શી બહુ માગણી; શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે, દિયંતા દાન રે સાબાશી ઘણી ॥ શિ૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૭ ॥

## અષ્ટ પ્રકારી પૂજાની આઠ કથા.

### જલ પૂજા વિષે

**બ્રહ્મપુર** નગરમાં **સોમિલ** બ્રાહ્મણ તેને **સોમા** ભાર્યા **યજ્ઞવક્ત્ર** નામે પુત્ર અને **સોમશ્રી** નામે પુત્રવધુ હતી. સોમિલ મરણ પામ્યો ત્યારે તેની ઉત્તરક્રિયા માટે સાસુએ વહુને પાણીનો ઘડો ભરી લાવવાને કહ્યું. પાણીનો ઘડો લઇને આવતાં મુનિ પાસે તેણીએ સાંભળ્યું કે “ જે માણસ જિનેશ્વરની પાસે જળનો ઘડો ભાવથી મૂકે તે જ્ઞાન પામીને મોક્ષ મેળવે છે. તેથી તેણીએ પ્રભુ પાસે ઘડો મૂકી કહ્યું, કે હું અજ્ઞાની આપની સ્તવના જાણુતી નથી, પણ જલનો પૂર્ણ ઘડો ચડાવવાથી જે પુણ્ય થતું હોય તે મને થાઓ. બીજી સ્ત્રીઓ પાસેથી સાસુએ વહુની વાત સાંભળીને, લાકડી લઈ સોમશ્રીને કહ્યું કે તેં દેરાસરમાં ઘડો કેમ આપ્યો ? ઘડા વિના તને ઘરમાં પેસવા નહિ દઉં. સોમશ્રી રોતી રોતી કુંભાર પાસે ગઈ અને કહ્યું કે ભાઈ ! મારૂં કંકણ લઈને તું મને ઘડો આપ. કુંભારે રોવાનું કારણ પૂછવાથી સોમશ્રીએ

પોતાની બીના કહી. કુંભારે મફત ઘડો આપ્યો અને અનુમોદના કરવાથી શુભ કર્મ ઉપાર્જી મૃત્યુ પામ્યા પછી **કુંભપુર** નગરમાં **શ્રીધર** નામે રાજા થયો. તેને **શ્રીદેવી** નામે રાણી હતી. સોમશ્રી પ્રભુની જળપૂજા કરવાના પ્રભાવથી શ્રીધર રાજાની રાણી શ્રીદેવીના ગર્ભમાં પુત્રી પણે ઉત્પન્ન થઈ. ગર્ભમાં આવતાં તેની માતાને દોહદ ઉત્પન્ન થયો કે ' હું જળના કળશ ભરી જીનેશ્વર ભગવંતને નવરાવું ! રાજાએ તેણીનો દોહદ સંપૂર્ણ કર્યો. તેણીએ ઉત્તમ લક્ષણવાળી પુત્રીને જન્મ આપ્યો, રાજાએ તેનું **કુંભશ્રી** નામ પાડયું. અનુક્રમે તે બાળા યૌવન વયને પ્રાપ્ત થઈ. બીજા મુનિઓના પરિવાર સહિત વિજયસેન સૂરિ નામે ચતુર્જ્ઞાની મુનિવર કુંભપુરના ઉદ્યાનમાં પધાર્યા. રાજા પોતાની પુત્રી સહિત તે મુનીંદ્રને વાંદવા માટે આવ્યા અને ત્રણ પ્રદક્ષિણા કરી તેમણે ગુરૂને વંદના કરી. તેવામાં મળથી મલિન અને માથા ઉપર ઘડાના આકારે નીકળેલા માંસપિંડવાળી એવી એક સ્ત્રીને દીઠી. તેણી ગુરૂ મહારાજ સમીપે આવી. તે જોઈ રાજાએ ગુરૂને પૂછયું. હે ભગવન્ ! આ રાક્ષસી જેવી સ્ત્રી કોણ છે? ત્યારે મુનિ બોલ્યા, હે રાજા ! તારા નગરમાં રહેતા **વેણુદત્ત** નામના દરિદ્ર ગૃહસ્થની એ પુત્રી છે અને આનો જન્મ થતાં તેના માબાપ કાળધર્મ પામ્યા. મુનિ મહારાજનાં આવાં વચન સાંભળી રાજાએ ચિંતવ્યું કે અહો ! આ સંસારમાં કર્મનો પરિણામ મહા વિષમ છે. તે સ્ત્રીએ રૂદન કરતાં કહ્યું કે હે ભગવન્ ! મેં પૂર્વ ભવે જે પાપ કર્મ બાંધ્યું હોય તે કહો. મુનીશ્વર બોલ્યાઃ–" ભદ્રે ! સાંભળ. પૂર્વ ભવમાં તેં ભગવંત તરફ દર્શાવેલા દ્વેષથી અશુભ કર્મ બાંધેલું છે. તું પૂર્વે બ્રહ્મ-

પુરમાં સોમા નામે બ્રાહ્મણી હતી. તેજ ભવમાં સોમશ્રી નામની તારી પુત્રવધૂએ જીનેશ્વર ભગવંતની પાસે જળપૂર્ણ કળશ ચઢાવ્યો, તેથી તું ગુસ્સે થઈ અને કહ્યું કે તેં જીનેશ્વર ભગવંત પાસે જળકળશ શા માટે ચડાવ્યો? તારા આ વચનથી તને આવા ભયંકર દુઃખની પ્રાપ્તિ થઈ છે. તેં પાછળથી પશ્ચાતાપ ઘણો કર્યો, તેથી ઘણું કર્મ ખપાવી દીધું છે. પછી તેણીએ પૂછ્યું કે તે સોમશ્રી મૃત્યુ પામી હાલ કયાં ઉત્પન્ન થયેલ છે? અને કઈ ગતિને પ્રાપ્ત થશે. મુનિ બોલ્યા, કે ' તે સોમશ્રી મરણ પામી આ શ્રીધર રાજાની પુત્રી થઈ છે અને તે અહીં તેના પિતાની અને તારી પાસે જ બેઠી છે. તે અનુક્રમે પાંચમે ભવે જીનેશ્વર ભગવંતની જળ પૂજા કરવાના પ્રભાવથી મોક્ષ સુખને પામશે. આ પ્રમાણે સાંભળી હર્ષ પામેલી કુંભશ્રીએ ઉઠીને ગુરૂને નમસ્કાર કર્યો અને પૂછ્યું કે ' કુંભકાર હાલ કયાં છે? મુનિ બોલ્યા કે તે કુંભકાર જીનપૂજાની અનુમોદનાથી મૃત્યુ પામીને આ તારો પિતા રાજા થયેલ છે. આ પ્રમાણે પૂર્વભવનું સ્વરૂપ સાંભળવાથી તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું, પછી કુંભશ્રીએ પોતાના હાથ વડે દુઃખી સ્ત્રીના મસ્તક ઉપર સ્પર્શ કર્યો જેથી તેના માથા ઉપરનો વ્યાધિનો ઘડો ઉતરી ગયો આ પ્રમાણે પુત્રીનું ચરિત્ર જાણીને રાજા જીનેશ્વર ભગવંતની જળપૂજા કરવામાં ઉજમાલ થયો. કુંભશ્રી શુદ્ધ પરિણામે મૃત્યુ પામી ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાં સુખ ભોગવી ચવીને મનુષ્ય થઈ છેવટે પાંચમે ભવે મોક્ષ પામશે.

આ પ્રમાણે ભવ્ય પ્રાણીઓ શ્રી વીતરાગ પ્રભુની અષ્ટ પ્રકારી પૂજા કરવાથી વિઘ્ન રહિત અને નિત્ય સુખવાળા શાશ્વત સ્થાનકને પામે છે.

## ગંધપૂજા વિષે જયસુર રાજાની કથા

વૈતાઢયગિરિ ઉપર **ગજપુર** નગરમાં **જયસુર** નામે વિદ્યાધર રાજાને **શુભમતી** નામે રાણી હતી. તેણીના ગર્ભને વિષે કોઇ સમ્યગ્દૃષ્ટિ દેવ ત્રીજા દેવલોકમાંથી ચ્યવીને ઉત્પન્ન થયો. એક વખત દોહદના અનુસારે રાજાએ રાણીને વિમાનમાં બેસાડી અષ્ટાપદ પર્વત ઉપર હર્ષ પૂર્વક પ્રભુની ગંધ પૂજા કરાવી. ત્યાંથી પાછા આવતાં રસ્તામાં દુર્ગંધ આવવાથી રાણીએ તે બાબત રાજાને પૂછવાથી રાજાએ કહ્યું કે "હે પ્રિયા! પોતાના શરીરને ઉર્ધ્વપણે સ્થિર કરી ઘોર તપસ્યા કરતા આ મુનિનું શરીર તાપથી તપેલું અને મળથી વ્યાપ્ત છે ત્યાંથી આ આ દુર્ગંધ આવે છે, તેઓ સંયમરૂપી જળમાં સ્નાન કરવા-વાળા હોવાથી હંમેશાં પવિત્ર જ છે." પછી રાણીની ઈચ્છાથી તેઓએ મુનિવરના દેહને ધોઇ, સુગંધી ગંધનું વિલેપન કરી વંદના કરી પોતાના ઇચ્છિત સ્થળે જવા નીકળ્યા, અહીં મુનિના શરીર ઉપર ઉત્તમ ગંધથી ખેંચાઈને ભમરાઓ ચટકા ભરવા લાગ્યા, છતાં તે મહામુનિ ધ્યાનથી કિંચિત્ પણ ચલાયમાન થયા નહીં. કેટલાક વખત પછી રાજા રાણી સાથે ફરી તે જગ્યાએ આવ્યા. ભમરાથી વ્યાપ્ત મુનિને જોઈ, ભમરાઓ ઉડાડી મૂકી, પોતાના લીધે થયેલ મુનિની અવસ્થાનો વિચાર કરી મનમાં ઘણા દુઃખી થયા. તેજ સમયે મુનિને ઘાતી કર્મનો ક્ષય થતાં કેવલજ્ઞાન થયું અને દેવતાઓએ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. પછી મુનિએ રાજાને ખેદ પામેલા જોઇ કહ્યું "જેઓ મળથી મલીન મુનિવરને જોઈ દુગંછા કરે છે તેઓ ભવેભવે દુગંછા કરવા યોગ્ય થાય છે." આથી રાણી ઘણો ખેદ પામી અને મુનિવરને વારંવાર

ખમાવવા લાગી. એ પ્રમાણે શુદ્ધ ભાવથી ખમાવતાં તેણીના સર્વ કર્મ શોષાઈ ગયાં. ફક્ત એક ભવમાં અનુભવવા યોગ્ય થોડું કર્મ બાકી રહ્યું. રાણીએ યોગ્ય સમય થતાં એક પુત્રનો જન્મ આપ્યો. જેનું **કલ્યાણ** નામ રાખવામાં આવ્યું. તે પુત્ર યોગ્ય ઉમરનો થતાં રાજા તથા રાણીએ દીક્ષા ગ્રહણ કરી અને મૃત્યુ પામીને દેવલોકમાં દેવતા અને દેવાંગના થયાં.

તે બન્નેમાંથી પ્રથમ દેવી ત્યાંથી ચ્યવીને **હસ્તિનાપુરમાં જીતશત્રુ** રાજાની **મદનાવળી** નામની પુત્રી થઈ. પુત્રી ઉમર લાયક થતાં તેને માટે સ્વયંવર રચવામાં આવ્યો. તેમાં તે **શિવપુરના** રાજા **સિંહધ્વજને** વરી અને તેની માનીતી રાણી થઈ. કાળે કરી પૂર્વ ભવમાં બાંધેલા કર્મના ઉદયથી તેના શરીરમાંથી દુર્ગંધ છુટવા લાગી કે જે રાજવૈદ્યોથી પણ મટી શકી નહીં. આથી તેને જંગલમાં એક જુદા મહેલમાં રાખવામાં આવી. અહીં એક દીવસ તેણીએ એક સુડાને તેની સુડી સાથે પોતાની જયસુર રાજાની રાણીથી માંડી સિંહધ્વજ રાજાની રાણી બની, તેની વાત કરતાં સાંભળ્યા. આથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેની વાત આગળ સાંભળવાથી તેણીએ જાણ્યું કે સાત દિવસ સુધી ત્રણ કાળ ઉત્તમ ગંધ વડે જીનેશ્વરની પૂજા કરવાથી દુઃખમાંથી મુક્ત થવાશે. તે પ્રમાણે કરવાથી તેના શરીરમાંથી દુર્ગંધ નષ્ટ થઈ અને ફરીથી તેણી મહેલમાં રાજા સમીપે જઈ શકી. તે સમયે તે નગરમાં **અમરતેજ** નામના મહામુનિને કેવલજ્ઞાન થયું હતું. આથી રાજા પરિજનો સહિત વાંદવા ગયો. ત્યાં મુનિરાજને પૂછવાથી રાણીએ જાણ્યું કે તેના પૂર્વ ભવનો પતિ દેવ થયો હતો તે સુડાનું રૂપ ધારણ કરી આવ્યો હતો. આથી

રાણી તેમની પાસે જઈ તેમનો ઉપકાર માનવા લાગી, તેથી દેવતાએ કહ્યું કે હું સાતમે દીવસે ખેચરનો પુત્ર થઈશ, ત્યાં તું મને પ્રતિબોધ આપજે. આથી રાણીએ ત્યાંજ મુનિરાજ પાસે દીક્ષા ગ્રહણ કરી. અહીં પેલો દેવ **મૃગાંક** નામે ખેચર પુત્ર થયો. એક વખત તે દિવ્ય વિમાનમાં બેસી જતો હતો. ત્યાં રસ્તામાં મદનાવળીને જોવાથી તેની પાસે આવી તેને પોતાની સાથે લગ્ન કરવાનું કહેવા લાગ્યો. તે વખતે તે આર્યાને ઉપસર્ગો કરવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પછી કેવળી (મદનાવળી) એ તેને તેનો પૂર્વભવ કહ્યો અને બોધ આપ્યો, આથી તે મૃગાંકે પોતાના હાથેજ કેશનો લોચ કર્યો. કાળે કરી તે ખેચર તથા આર્યા મદનાવળી મોક્ષને પામ્યા.

અગરૂ, ચંદન, કર્પૂર તથા બીજા સુગંધી દ્રવ્યો વડે જે શ્રી જીનેશ્વર ભગવંતની પૂજા કરે છે તે મદનાવળીની જેમ ઇંદ્રોથી પૂજાય છે.

## —પુષ્પ પૂજા વિષે કથા—

**ઉત્તર મથુરા** નામે નગરીમાં **સુરદેવ** નામે રાજા હતો. તે પુરીમાં **ધનપતિ** નામે દ્રવ્યવાન શ્રેષ્ઠી રહેતો હતો. તેને **શ્રીમાળા** નામે સ્ત્રી અને **લીલાવતી** નામે પુત્રી હતી. એક દિવસ ઉદ્યાનમાં લીલાવતીના રૂપને જોઈ કોઈ શ્રેષ્ઠીનો પુત્ર **વિનયદત્ત** તેણીને પરણ્યો. સસરાને ઘેર રહેતાં એકદા તેણે માલતીના પુષ્પની માળાવાળું એક જીનબિંબ દીઠું. આ જોઇને કોપાયમાન થયેલી લીલાવતીએ દાસીને હુકમ કર્યો કે એ માળાને બહાર વાડીમાં ફેંકી દે. દાસી જેવી માળા પાસે ગઇ તેવીજ તેણીએ માળાને બદલે સર્પ દીઠો. આથી તે દાસી વારંવાર કહ્યા છતાં માળાને અડકી નહીં. લીલાવતી માળાને

પકડી જેવામાં ફેંકવા જાય છે તેવામાં તેના હાથમાં તે ચોટી રહી. આખું નગરલોક આવ્યું અને તેની નિંદા કરવા લાગ્યું. એટલામાં **જીનમતી** નામે ઉત્તમ શ્રાવિકાએ નવકાર મંત્રનું સ્મરણ કરી તે માળા લીધી તેથી તે માળા અધિક સુગંધીવાળી થઇ ગઇ. આ અરસામાં લીલાવતીના દ્વાર આગળ બે મુનિઓ આવી ચડયા. લીલાવતીએ વિનયપૂર્વક વંદના કરી. બેમાંથી જેષ્ઠ મુનિ બોલ્યા કે જે જિનેશ્વર ભગવંતની ઉત્તમ પુષ્પ વડે ત્રિકાળ પૂજા કરે તે દેવતાના સુખ ભોગવી મોક્ષને પ્રાપ્ત કરે છે. આવાં મુનિનાં વચનો સાંભળી લીલાવતીએ પોતાનો સર્વ વૃત્તાંત જણાવ્યો અને પૂછયું કે આ પાપથી મારી શુદ્ધિ કેવી રીતે થાય? મુનિએ કહ્યું કે ભાવશુદ્ધિ પૂર્વક જીનપૂજા કરવાથી એ પાપની શુદ્ધિ થશે. પછી પશ્ચાતાપ કરતી તેણી જીનમતીને વારંવાર ખમાવવા લાગી. લીલાવતી પ્રતિદિન પુષ્પ વડે જીનેશ્વર ભગવંતની પરમ ભક્તિથી પૂજા કરતી. એકદા તેણી તેના માબાપ પાસે આવી. તેના ભાઈ ગુણધરે તેણીને પૂછયુ કે જીનપૂજાનું ફળ મને કહો. તેણીએ કહ્યું કે જિનપૂજા કરવાથી જીવ દેવ અને ચક્રવર્તિની ઋદ્ધિ પામીને મોક્ષ પામે છે. આ પ્રમાણે ઉપદેશાયેલા ભાઇએ જીનપૂજા કરવાનો નિયમ લીધો. તેઓ બંને પૂજામાં તત્પર રહેવાથી મૃત્યુ પામીને દેવલોકમાં દેવતા થયા. **ગુણધરનો** જીવ ચવીને **પદ્મપુરના** રાજા **પદ્મરથની** પ્રિયા **પદ્માના** ગર્ભમાં **જય** નામે પુત્ર થયો. અને લીલાવતીનો જીવ ચવીને **સુરપુરના** રાજા **સુરાવક્રમની** પ્રિયા **શ્રીમાળાના** ગર્ભમાં પુત્રી રૂપે થઇ. યૌવન વયે વર યોગ્ય થયેલી **વિનયશ્રીને** જોઇને પિતાએ સ્વયંવર રચાવ્યો. દરેક રાજપુત્રોના મુખ ઉપર

દ્રષ્ટિ નાંખતી કુંવરી કોઇના ઉપર આનંદ પામી નહીં. અન્યદા જયકુમારનું રૂપ પટ ઉપર આલેખી બતાવવા મોકલ્યું: જેમ હંસલી હંસને જ પસંદ કરે તેમ હર્ષઘેલી થયેલી કુંવરીએ તે રાજકુમાર જોડે વિવાહ કર્યો. સસરાના ઘેરથી પાછા ફરતાં વિનયશ્રી સહિત જયકુમાર વનની મધ્યમાં થઈને આવતો હતો. તેવામાં કોઈ મહાન દેવતા વડે પૂજિત એવા **નિમળાચાર્ય** નામે આચાર્ય તેમના જોવામાં આવ્યા, આથી તેઓ વાંદવા ગયાં. આચાર્યે તે બંનેને નામ દઈ કહ્યું કે તમને ધર્મ સંપત્તિ પ્રાપ્ત થાઓ. નામ દેવાથી તે બંનેને લાગ્યું કે આ કોઈ જ્ઞાની આચાર્ય છે, તેથી રાજાએ પોતાનો પૂર્વભવ પૂછયો. મુનિએ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો અને છેવટે કહ્યું કે તમે જીનેશ્વરની પૂજાના ફળથી સિદ્ધિસુખને પ્રાપ્ત કરશો. પછી આગળ પૂછયું કે મારી બેન લીલાવતી કયાં છે? મુનિએ જવાબ આપ્યો કે તે પણ જીનેશ્વરની પૂજાના પ્રભાવથી આ તારી સ્ત્રી થઇ છે. આ સાંભળી તે બંનેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી વિનયશ્રીને લાગ્યું કે ધિક્કાર છે મારા જન્મને. કારણકે પૂર્વભવનો ભ્રાતા તે આ ભવનો ભર્ત્તા થયો છે. પછી તે બંનેએ પોતાના જન્મને નિંદિત ગણી મુનિને પૂછયું કે હવે અમારે શું કરવું? ત્યારે મુનિ બોલ્યા કે દીક્ષા ગ્રહણ કરો અથવા જો એમ કરવામાં અસમર્થ હો તો શ્રાવક ધર્મ અંગીકાર કરો. આ પ્રમાણે બોધ પામેલા તે બંનેએ દીક્ષા ગ્રહણ કરી. પછી વિનયશ્રી કાળ કરીને મોક્ષને પ્રાપ્ત થઈ.

## ધૂપ પૂજા વિષે વિનયંધરની કથા.

શ્રી **પોતનપુર** નગરમાં **વજ્રસિંહ** રાજાને **કમળા**

અને **વિમળા** નામે બે રાણીઓ હતી. આ બંને રાણીઓના ઉદરથી એકજ દિવસે બે પુત્રો થયા. તેથી રાજાએ વિસ્મય પામીને કોઇ નિમિત્તીઆને પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે આ કમળા રાણીનો પુત્ર તમારા સર્વસ્વ રાજ્યનો ગાદીએ આવતાં નાશ કરશે અને વિમળા રાણીનો પુત્ર તમારા રાજ્યનો ધૂરંધર થશે. આવાં વચનો સાંભળી રાજાએ પોતાના નોકરને કમળાના પુત્રને લઈ અરણ્યમાં મૂકી આવવાનો હુકમ કર્યો તે પુરૂષે તેમ કર્યું. તેથી પુત્રના વિરહથી કમળાએ અત્યંત રૂદન કર્યું. અહીં અરણ્યમાં આ બાળકને ભારંડપક્ષી ચાંચમાં લઇ ઉડયું. તે બીજા ભારંડ પક્ષીએ જોવાથી પરસ્પર ઝૂંટવવા લાગ્યા. આથી તે બાળક છુટીને નીચે કુવામાં પડયો. તેજ ક્ષણે પડેલા કોઈ તૃષાતુર પથિકે કુવામાં ઉદ્યોત કરતા તે બાળકને ઝીલી લીધું. આ વખતે તેજ અરણ્યમાં **સુબંધુ** નામે કોઈ સાર્થવાહ આવ્યો. તેણે તે બંનેનું રૂદન સાંભળી કુશળતાથી તે બંનેને બહાર કાઢયા. સાર્થવાહે તે બાળકનું નામ **વિનયંધર** પાડયું અને પોતાની પ્રિયતમાને આપ્યો. સાર્થવાહ પ્રયાણ કરતો અનુક્રમે પોતાના **કાંચનપુર** નગરમાં આવી પહોંચ્યો, એકદા તે વિનયંધર રમતો રમતો જીનગૃહ પાસે આવ્યો. ત્યાં તેણે મુનિના મુખમાંથી એવું સાંભળ્યું કે જીનેશ્વરની આગળ ચંદન, અગરૂ, કપૂર વિગેરે સુગંધી ધૂપથી જે પૂજા કરે તે ઇંદ્રો અને દેવોથી પૂજાય છે. આવાં વચન સાંભળી તેમ કરવાને માટે પ્રતિજ્ઞા લઈ તે ઘેર આવ્યો. આ અવસરે કોઈ ગાંધીએ આવી ધૂપનાં પડીકાં મૂકયાં તેમાંથી વિનયંધરે એક પડીકું લઇ જીનેશ્વર આગળ ધૂપ દહન કર્યો અને પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી દહન થઇ રહે નહિ

ત્યાં સુધી મારે આ સ્થાન છોડવું નહિ. તે સમયે સુગંધથી મગ્ન થયેલી એવી યક્ષિણીએ આકાશમાર્ગે ત્યાં આવતાં તેના સ્વામી યક્ષને કહ્યું કે આ પુરૂષ જીનેશ્વરની આગળ ધૂપ દહન કરે છે તેથી દહન થઇ રહ્યા પછી તે પોતાને સ્થાને જાય ત્યાં સુધી વિમાનને થોભાવો. યક્ષને લાગ્યું કે આ પુરૂષને ચલાયમાન કરૂં કે જેથી મારી સ્ત્રી અહીંથી ગમન કરવા દે. તેથી સર્પનું રૂપ ધારણ કરી યક્ષ વિનયંધર પાસે આવ્યો. છતાં તે ડગ્યો નહિ. તેથી તેના શરીરે વળગ્યો. છતાં પણ પ્રભુ પૂજામાં મગ્ન એવો તે ક્ષોભ પામ્યો નહીં. તેથી સંતુષ્ટ થઈ રત્ન આપી યક્ષે ઇચ્છિત માગવાને કહ્યું એટલે વિનયંધરે કહ્યું કે મારૂં દાસપણું દૂર કરો અને મારૂં કુળ પ્રગટ કરો. યક્ષ તથાસ્તુ કહી અંતર્ધાન થયો. હવે તે નગરના રાજા **રત્નરથ**ની રાણી **કનકાભા**ની પુત્રી **ભાનુમતી** હતી. તેને સર્પે દંશ કર્યો. આખું ગામ દોડાદોડ કરી રહ્યું. કેટલાએક વૈદ્યો આવ્યા, છતાં કંઈ વળ્યું નહીં, તેથી શ્મશાનમાં લઈ ગયા. જ્યાં તેને અગ્નિ મૂકવામાં આવવાનો હતો, તે માર્ગેથી નીકળતાં વિનયંધરને ખબર પડી, તેથી તેણે કન્યાને ચિતામાંથી બહાર કઢાવી, યક્ષનું સ્મરણ કરી પેલા આપેલા રત્નવાળા જળનું તેની ઉપર સિંચન કર્યું. કન્યામાં ચેતન આવ્યું અને જાણે તેને સ્વપ્ન આવ્યું હોય તેમ તેને લાગ્યું. પછી પોતાના પિતાના મુખેથી સર્વ વૃત્તાંત સાંભળી વિસ્મય પામી. રાજાએ તે વિનયંધરનો કુળ જાણવાને સાર્થવાહને પૂછ્યું. તેવામાં પેલા યક્ષે પ્રત્યક્ષ આવીને સર્વ હકીકત કહી સંભળાવી અને અદ્રશ્ય થઈ ગયો. રાજા અત્યંત હર્ષ પામ્યો અને બોલ્યો કે મારી બેન કમ-

ળાનો આ પુત્ર હોવાથી મારો ભાણેજ થાય, તેથી તેણે પોતાની કન્યા વિનયંધર સાથે પરણાવી. આવી રીતે જીનેશ્વરની પૂજાના પ્રભાવથી વિનયંધરનું દાસપણું નાશ પામ્યું અને વંશની શુદ્ધિ થઈ. પછી પોતાના પિતાની ઉપર ક્રોધ કરી તે મોટું સૈન્ય લઈ પોતનપુરમાં ગયો, ત્યાં તેના પિતા સામે તેણે દ્વન્દ્વયુદ્ધ ખેલ્યું અને જ્યાં ધનુષ ઉપર બાણ ચઢાવ્યું, તેટલામાં જ પેલા યક્ષે આવીને અટકાવ્યો અને તેના પિતાને ઓળખાણ આપી કહ્યું કે આ તમારો પુત્ર છે કે જેને તમે અરણ્યમાં મૂકાવ્યો હતો. આ સાંભળી રાજા અત્યંત ખુશી થયો અને વત્સ પાસે ક્ષમા માગી, દૂરથી દોડતી આવી તેની માએ પણ હેતપૂર્વક આલિંગન કર્યું. રાજાએ પુત્રને રાજગાદી આપી દીક્ષા લેવા વિચાર કર્યો, પણ વિનયંધરે કહ્યું કે મારે તમારી જોડે જ દીક્ષા લેવી છે અને આ રાજ્ય વિમલ કુમારને આપો. રાજાએ તેમ કર્યું અને **વિજયસૂરિ**ની પાસે પિતાપુત્રે દીક્ષા લીધી. ઉગ્ર અને અત્યંત તપસ્યાથી બંને કાળ કરી માહેંદ્ર દેવલોકમાં દેવતા થયા. ત્યાંથી ચવીને પિતા **ક્ષેમપુર** નગરનો રાજા **પૂર્ણચંદ્ર** થયો અને પુત્ર એજ નગરમાં રહેતા શ્રેષ્ઠી **ક્ષેમંકર**ની સ્ત્રી **વિનયવતી**ના ગર્ભમાં ઉત્પન્ન થયો. તે સુગંધથી ભરપૂર હતો તેથી તેનું નામ **ધૂપસાર** પાડ્યું. એકદા રાજાએ ઈર્ષા કરીને તેના શરીરમાંથી સુગંધી કાઢવાને અશુચિ ચોપડાવી, તેવામાં પેલા યક્ષ યક્ષણીએ તેને જોયો, અવધિજ્ઞાન વડે જાણીને તેની ઉપર સુગંધીજળની તેમજ પુષ્પની વૃષ્ટિ કરી. રાજા વિસ્મય પામી કેવળી ભગવંત પાસે આવ્યો. કેવળીએ પૂર્વભવની સર્વ હકીકત કહી. ધૂપસારને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેને ધર્મ ઉપર બહુમાન

થયું. રાજા સહિત તેણે દીક્ષા લીધી. ધૂપસાર દીક્ષા પાળી મરણ પામીને પહેલા ગ્રૈવેયકમાં દેવતા થયો, ત્યાંથી ચવીને અનુક્રમે સાતમે ભવે શાશ્વત સુખને પ્રાપ્ત થશે.

## દીપ પૂજા વિષે જીનમતી અને ધનશ્રીની કથા.

**મેઘપુર** નગરમાં **મેઘ** નામે પ્રતાપી રાજા હતો. તે નગરમાં **સુરદત્ત** નામે એક શ્રેષ્ઠી હતો. તે ગુણવાન તેમજ સમકિત દ્રષ્ટિ હતો. તેને **શીલવતી** નામે સ્ત્રી અને **જીનમતી** નામે પુત્રી હતી કે જેને **ધનશ્રી** નામે સખી હતી. એક વખતે જીનેશ્વર ભગવંત આગળ જીનમતીને દીપક ધરતી જોઈ ધનશ્રીએ પૂછ્યું કે દીપક ધરવાથી શું ફળ થાય? તે તું મને કહે. તો હું રોજ સંધ્યાએ જીનભવનમાં દીપક કરૂં. તે પ્રત્યે જીનમતી બોલી કે " ભદ્રે! જીનેશ્વર ભગવંતની પાસે પૂર્ણ ભક્તિથી દીપદાન કર્યું હોય, તો તેનું ફળ દેવ તથા મનુષ્યભવનું સુખ ભોગવીને મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે તેનાં વચનો સાંભળી ધનશ્રી પણ પોતાનું મન નિશ્ચલ રાખી પ્રત્યેક દીવસ દીપદાન કરવા લાગી. આમ બંને સખીઓ જિનધર્મમાં એક ચિત્ત થઈ ને ત્રણેકાળ જીનેશ્વરની પાસે દીપક કરવા લાગી. ધનશ્રી મૃત્યુ પામી દીપદાનનું ફળ દેવલોકમાં દેવી તરીકે ભોગવવા લાગી. ધનશ્રીના વિયોગથી થોડા સમય બાદ પૂર્ણ ભક્તિથી મૃત્યુ પામી દેવલોકમાં ધનશ્રીના વિમાનને વિષેજ જિનમતી દેવી થઈ. અવધિજ્ઞાન વડે પૂર્વ જન્મનો સંબંધ જાણી તે બંને ત્યાં પણ ઘણા સ્નેહવાળી સખીઓ થઈ. તે બંને સખીઓએ અવધિજ્ઞાન વડે જાણ્યું કે આ બધી અપાર સમૃદ્ધિ આપણને પૂર્વ ભવમાં દીપદાન કરવાથી મળી છે. અનુક્રમે ધનશ્રી પોતાનું દેવતાનું

આયુષ્ય ક્ષીણ થતાં ત્યાંથી ચવી **હેમપુરના** રાજા **મકરધ્વજની કનકમાળા** નામે રાણી થઈ. તે બધી રાણીઓમાં શ્રેષ્ઠ હતી અને રાજાને પોતાના પ્રાણથી પણ વહાલી હતી. તેને બીજી **દ્રઢમતી** નામે રાણી હતી. તે પરાભવના દુઃખથી મૃત્યુ પામી રાક્ષસી થઈ. એક વખત પેલી રાક્ષસી રાજાને કનકમાળામાં આસક્ત જાણીને ક્રોધ કરીને અર્ધ રાત્રે રાજાની પાસે આવી અને સર્પને ડસવા મૂકયો, પરંતુ તેજસ્વી એવી કનકમાળાનું તેજ ન ખમવાથી સર્પ ડસવાનું મૂકી દઈ પોતાના દેહને કુંડલાકાર કરીને તેની પાસે જ બેસી રહ્યો. આથી કોપાયમાન થએલી એવી રાક્ષસીએ ભયંકર શબ્દનો પ્રહાર કર્યો. તે સાંભળીને રાજા ક્ષોભ પામ્યા વગર બેઠો થયો અને જુએ છે, તો તે સર્પને તેની પાસે બેઠેલો દીઠો. પરંતુ સર્પથી તે કનકમાળાનું મન ક્ષોભ પામ્યું નહિ. તેથી તે રાક્ષસીએ તુષ્ટમાન થઈ વરદાન માગવા કહ્યું ત્યારે કનકમાળાએ કહ્યું કે મારે માટે મણિરત્નમય મહેલ કરી આપો. તે રાક્ષસી ‘ તથાસ્તુ ’ કહી પોતાને સ્થાનકે ગઈ. પ્રાતઃકાળે કનકમાળાએ પોતાના આત્માને દેવતાના જેવા ભવનમાં જોયો. લોકો પણ દેવતાના જેવું તે ભવન જોઈ કહેવા લાગ્યા કે આ રાણી માટે કોઈ દેવીએ બનાવ્યું જણાય છે. દેવી થયેલ જીનમતિ રાણીને બોધ આપવા સ્વર્ગમાંથી આવી કહેવા લાગી કે હે કૃશોદરિ ! આ સુવર્ણ મણિરત્નમય ભવનમાં તું જે ક્રીડા કરે છે, તે પૂર્વભવમાં દીપદાન કરવાનું ફળ છે. આ પ્રમાણે તે દેવી પ્રતિદિન કહ્યા કરતી. તે સાંભળી કનકમાળા મનમાં વિચારવા લાગી કે આમ મને વારંવાર કોણ કહ્યા કરે છે, તે જો કોઈ જ્ઞાની ઋદ્ધિવાળા મુનિરાજ આવે તો પૂછું. આમ ચિંતવન કરે

છે, તેવામાં **ગણધર** નામે જ્ઞાની આચાર્ય પધાર્યા. કનકમાળાએ પૂછ્યું, ત્યારે તે મુનિરાજે પૂર્વભવનું દીપદાન વિષે ફળ કીધું અને છેવટે કહ્યું કે જીનમતિનો જીવ ચવીને આ જન્મમાં તારી સખી થશે, મૃત્યુ પામીને તમે બંને સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થશો. ત્યાંથી ચવીને મનુષ્યપણું પામી ચારિત્ર અંગીકાર કરી સર્વ કર્મનો ક્ષય કરી તમે બંને સિદ્ધિપદને પ્રાપ્ત થશો. દેવી જીનમતી સ્વર્ગથી ચવીને **સાગરદત્ત** શ્રેષ્ઠીની ભાર્યા **સુલસા**ના ગર્ભમાં પુત્રીપણે અવતરી. તેણીનું નામ **સુદર્શના** રાખ્યું. એક દિવસ યૌવનવયે કનકમાળાને જોતાં તેણીને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. બન્ને સખીઓએ સ્નેહથી એક બીજાને આલિંગન કર્યું. છેવટે ચારિત્ર લઇ બંને સખીઓ મૃત્યુ પામી દેવતા થઈ ત્યાંથી ચવી મનુષ્ય થઈ કર્મનો ક્ષય કરીને શાશ્વત સુખની સમૃદ્ધિરૂપ સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.

## અક્ષતપૂજા વિષે શુકયુગલની કથા.

**શ્રીપુર** નગરની બહાર ઋષભદેવ ભગવાનનું એક સુંદર મંદિર હતું. તેની આગળ આંબાના વૃક્ષ પર એક **શુકપક્ષીનું જોડું** રહેતું હતું. એક દિવસ શુકપક્ષિણીએ " પોતાને થયેલ દોહદ પોતાના પતિને કહ્યો કે " આ શાળના ક્ષેત્રની મંજરી ખાઉં." શુકપક્ષીએ કહ્યું કે " એ તો **શ્રીકાંત** રાજાનું ક્ષેત્ર છે અને માંજરી લેનારનું મસ્તક છેદવામાં આવે છે." પક્ષિણીના આગ્રહથી તે પ્રતિદિવસ મંજરી લઈ આવતો. એકદા શ્રીકાંત રાજાની નજરે તે વૃક્ષનો કરડાયેલો ભાગ દેખાયો. પછી રક્ષકને પૂછતાં માલમ પડયું કે શુકપક્ષી શાળની મંજરી લેવા આવે છે. તેથી તેના રક્ષકને બીજે

દિવસે તેને પકડી લાવવાનો હૂકમ કર્યો. શુકપક્ષીને પકડી રક્ષક લઈ ચાલ્યો, તેની પાછળ સુડી અશ્રુધારાથી દોડી. જેવો રાજા તેને મારવા જાય છે, તેવામાં સુડીએ વચમાં પડીને પોતાના દોહદની વાત જણાવી અને કહ્યું કે તમે પણ **શ્રીદેવીને** માટે તમારા જીવિતને છોડી દેતા હતા. તો પછી અમારા જેવાનો શો દોષ? રાજાએ વિસ્મય પામી પૂછ્યું કે સ્ત્રી માટે જીવિત છોડતાં તેં મને ક્યારે જોયો હતો? તે વાત મને કહે. પક્ષિણીએ વાત કહેવા માંડી 'કે તમારા રાજ્યમાં પૂર્વે એક પારિવ્રાજકા કે જે કુડકપટથી ભરેલી હતી, તેની શ્રીદેવીએ બહુ ઉપાસના કરી. તેથી પ્રસન્ન થઈ. તેણીએ ઈચ્છિત માગવાને કહ્યું ત્યારે તેણીએ કહ્યું કે મારો સ્વામી ઘણી રાણીઓવાળો છે હું તેની એક રાણી છું અને સર્વમાં દુર્ભગ થયેલી છું. માટે હું તેને વલ્લભ થાઉં અને મારો સ્વામી મારે એવો વશ થાય કે મારા જીવિત વડે તે જીવે અને મૃત્યુથી તે મૃત્યુ પામે એવું કરી આપો. ત્યારે પરિવ્રાજકાએ એકાગ્રમને સાધ્યની સિદ્ધિ કરનારો એક મંત્ર તેણીને આપ્યો. તે વડે તેણી પ્રતિદિવસ તે મંત્રનું ધ્યાન ધરવાથી રાજાએ રાજભવનમાં આવવા માટે પ્રતિહારી દ્વારા કહેવડાવ્યું. શ્રીદેવી હાથીની ઉપર બેસી રાજ-ભવનમાં આવી, રાજાએ તેનું સન્માન કર્યું અને તેને બધાના કરતાં શ્રેષ્ઠ પદ આપ્યું. એકદા પારિવ્રાજકાએ તેને ઇચ્છિત ફળ મળ્યું છે એમ પૂછ્યું ત્યારે તે બોલી કે મારે જીવિતે જીવે અને મારા મૃત્યુએ મરણ પામે. તેણીને શ્રદ્ધા થવા માટે પરિવ્રાજકાએ એક મૂળીઉં આપ્યું કે જે વડે તેણી જીવિત છતાં મૃત્યુ પામેલી દેખાશે અને બીજા મૂળીઆથી હું સચેતન કરીશ. શ્રીદેવીએ તેમ કર્યું એટલે રાજા ગાંડા જેવો થઈ

તેણીને સજીવન કરવા લોકોને પૂછવા લાગ્યો. છેવટે લાગ્યું કે મૃત્યુ પામેલી તેણી સચેતન થશે નહિ. તેથી ચંદનનાં કાષ્ટ મંગાવ્યાં અને રાજા પણ તેની પાછળ બળી મરવા માટે દોડ્યો, ત્યારે પરિવ્રાજકાએ આવી અટકાવ્યો અને કહ્યું કે હું તમારી પ્રિયાને અવશ્ય જીવતી કરીશ. પરિવ્રાજકાએ યત્ન વડે તેને જીવતી કરી. એટલે રાજાએ તેને માટે સુવર્ણ સ્તંભથી યુક્ત એવી એક મઢી કરી આપી, પારિવ્રાજકા મૃત્યુ પામી સુડી થઈ. તે હું તમારી સમક્ષ છું. રાજાએ તે સુડીને ઈચ્છિત માગવાને કહ્યું. ત્યારે સુડીએ પતિનું જીવિત માગ્યું. રાજાએ જીવિત ઉપરાંત દરરોજ જોઈએ તેટલા દાણા લઈ જવા રક્ષકને કહ્યું. દોહદ પૂર્ણ થયો છે જેણીનો એવી સુડીએ માળામાં બે ઈંડાં મૂકયાં. તેજ ક્ષણે તેની સપત્ની બીજી સુડીએ તેજ વૃક્ષ પર પોતાના માળામાં એક ઇંડું મૂકયું. તે ચણ લેવા ગઇ ત્યારે પ્રથમની સુડીએ તેના માળામાંથી લઇને પોતાના માળામાં ઈંડું મૂકયું, પછી પાછું આપ્યું. પેલા બે ઈંડામાંથી સુડો અને સુડી થયાં. એકદા તે ચૈત્યમાં એક ચારણ મુનિ પ્રભુને વાંદવા આવ્યા. અનેક સ્ત્રીપુરૂષો સહિત રાજા તે અવસરે વાંદવાને આવ્યો. તેઓએ પ્રભુની પુષ્પઅક્ષતાદિ વડે પૂજા કરી અને મુનિને તેના ફળ વિષે પૂછ્યું. ત્યારે મુનિ બોલ્યા કેઃ–“ જે પુરૂષો ઉજ્વલ અક્ષતની ત્રણ ઢગલીઓ પ્રભુની આગળ કરે છે તે અત્યંત સુખને પામે છે. ” આ ઉપદેશ સાંભળી પેલી પક્ષિણીએ પોતાના પતિને કહ્યું કે આપણે પણ પૂજા કરીએ. એમ વિચારી પ્રતિદિન ચારે પક્ષીઓ અક્ષતને ચાંચમાં લઇ પ્રભુ આગળ ત્રણ પુંજ રચતા. આ ચારે પક્ષીઓ મરણ પામીને દેવલોકમાં દેવતાનું સુખ ભોગવીને

શુકનો જીવ ચવીને હેમપુરનો **હેમપ્રભ** નામે રાજા થયો. પક્ષિણીનો જીવ ચવીને તેજ રાજાની રાણી **જયસુંદરી** થઈ. બીજી જે પક્ષિણી હતી તે અનંતકાળ ભમી તેજ રાજાની **રતિ** રાણી થઈ. તે રાજાને પાંચસો રાણીઓ હતી, તેમાં આ રાણી વધારે માનિતી હતી. એક દિવસ રાજાને શરીરે સખત તાવ આવ્યો અને ઘણો દુઃખી થવા લાગ્યો. ત્યારે એક રાક્ષસે સ્વપ્નમાં તેને પૂછ્યું કે તું જાગે છે કે ઉંઘે છે? જો તારે જીવવું હોય તો તારી એક રાણીને માથેથી ઉતારી અગ્નિકુંડમાં નાખ. જીવવાની લાલચે રાજાએ બધી રાણીઓને કહ્યું, પરંતુ બીજી રાણીઓએ મરવાનું પસંદ કર્યું નહિ. જ્યારે આ વાતની રતિ રાણીને ખબર પડી ત્યારે તે રાજીખુશીથી અગ્નિકુંડમાં પડવા તૈયાર થઈ. જેવી તે અગ્નિકુંડમાં પડી કે તત્ક્ષણે પેલા રાક્ષસે પડ્યા અગાઉ અગ્નિ દૂર કર્યો અને પ્રસન્ન થઈ વરદાન માગવાને કહ્યું. રતિ રાણીએ કહ્યું કે મારો સ્વામી વ્યાધિ રહિત થઇ ચિરકાલ જીવે. રાક્ષસ તથાસ્તુ કહી અદ્રશ્ય થયો. રાજાએ સંતુષ્ટ થઈ વરદાન માગવાને કહ્યું ત્યારે તેણીએ પછી માગવા માટે મુલત્વી રાખ્યું. એક દિવસ કુળદેવી પાસે રતિરાણીએ પોતાને પુત્ર થાય તો હું જયસુંદરીના પુત્રનું બલિદાન આપીશ, એમ કહ્યું. અનુક્રમે તે બંનેને પુત્રો થયા. કુલદેવીનું વરદાન યાદ આવતાં રાજાનું બાકી રહેલું વરદાન માગ્યું કેઃ– 'પાંચ દિવસનું રાજ્ય મને આપો.' બીજે દિવસે રતિ રાણી જયસુંદરીના પુત્રને દેવીને બલિદાન આપવા લઈ ચાલી. તેજ ક્ષણે **કંચનપુરના શૂર** નામના વિદ્યાધરે આકાશમાર્ગે જતાં તે બાળકને જોયો, તેણે યુકિતથી તે બાળકને

લઇ લીધો અને પોતાની પ્રિયાને આપ્યો. તેનું નામ **મદનકુમાર** પાડ્યું. આકાશમાં જતાં તેની માને રૂદન કરતી જોઈ, તેથી ઉંચકી લઈ ચાલ્યો અને આમ્રવૃક્ષ નીચે આવ્યો. ત્યાં વૃક્ષ ઉપર કોઈ વ્યંતરી વાનર વાનરીનું રૂપ લઈ બોલી કે આ માણસ પોતાની માતાને સ્ત્રીની બુદ્ધિથી હરણ કરી લાવેલ છે. આથી તે બંનેના મનમાં સંદેહ પેદા થયો અને ઘેર પોતાનાં માત-પિતાને પૂછવા લાગ્યો કે મારાં સાચાં માતા પિતા કોણ ? કારણ કે મને વાનરીએ કહ્યું કે આ સ્ત્રી તારી માતા છે. માટે આપણે હેમપુરીમાં કેવળી ભગવંતને પૂછીએ. એમ વિચારી તેઓ પરિવાર સહિત આવ્યા. ત્યાંનો રાજા હેમપ્રભ પોતાના નગરજનો સહિત આવ્યો અને વંદન કરી પૂછ્યું કે મારી સ્ત્રીને કોણ હરણ કરી ગયું ? કેવળીએ પાસે બેઠેલાની ઓળખાણ આપી અને પૂર્વ ભવનો તેમજ આ ભવનો સર્વ વૃત્તાંત કહ્યો. છેવટે રાજાએ રતિરાણીના પુત્રને રાજ્ય આપી પુત્ર સહિત તે રાજાએ દીક્ષા લીધી તેમજ જયસુંદરીએ પણ દીક્ષા લીધી. મૃત્યુ પામી રાજા સાતમા દેવલોકનો ઇંદ્ર થયો ત્યાંથી ચ્યવીને તે મોક્ષને પ્રાપ્ત થશે.

## નૈવેદ્ય પૂજા વિષે હલિકની કથા.

આ ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં **ધન્યા** નામે નગરીમાં **સિંહધ્વજ** નામે રાજા થઈ ગયો; એક વખત એક મહર્ષિ આવી ચડ્યા; તે મુનિ એવા દૃઢ નિયમવાળા હતા કે પોતાના નિયમથી કદી પણ ડગતા નહિ. તે નગરીનો દેવ તે નગરીના લોકો ઉપર કોપાયમાન થયો; તેવામાં તે સહન કરનાર મુનિને

કેવલજ્ઞાન થયું, ને તત્કાળ તેમનું આયુષ્ય પૂર્ણ થવાથી મોક્ષે પધાર્યા. પેલા કોપાયમાન થયેલા દેવે નગરના લોકોને એવા ઉપસર્ગ કર્યા કે તે નગર જનસંચાર વગરનું ઉજ્જડ થઈ ગયું, તેથી દેવે તેના વંશમાં **સૂર**રાજાને કહ્યું કે તમે બીજે સ્થળે નગર વસાવો; તેથી સુરરાજાએ બીજું નગર વસાવી તેનું નામ **ક્ષેત્રપુરી** રાખ્યું.

હવે પેલો પ્રથમના નગરવાળો દેવ શૂન્ય અરણ્યમાં આવેલા રૂષભદેવ પ્રભુના મંદિરમાં કોઈ દુષ્ટને પ્રવેશ કરવા દેતો નહિ; તેની પાસેના ખેતરમાં દરિદ્રથી દુઃખ પામેલો યુવાન કણબી હળ ખેડતો હતો; તેની સ્ત્રી ઘેરથી ભાત લાવતી. તે ઘી તેલ વિનાનું અરસ વિરસ ભોજન કરતો હતો; એક દિવસ કોઇ મુનિ આકાશ માર્ગે તે મંદિરમાં દર્શન કરવા આવ્યા; તે જોઈ ખેડુત તેમની પાસે જઈ બોલ્યો કે હે ભગવન્! હું મનુષ્ય જન્મ પામ્યા છતાં હમેશાં દુઃખીઓ કેમ થયો? તે સાંભળી મુનિ બોલ્યા કે પરભવમાં તેં કોઈ મુનિને દાન આપ્યું નથી અને પ્રભુને નૈવેદ ધર્યો નથી; તેથી તું દુઃખી થાય છે; પછી તેણે મુનિ પાસે પ્રતિજ્ઞા લીધી કે આજથી હું જીનેશ્વર ભગવંત પાસે પિંડ ધરી મુનિનો જોગ હોય તો મુનિને વહોરાવી પછી મારે ભોજન કરવું; એક દિવસ દેવે તેની પરીક્ષા કરવા માટે સિંહનું રૂપ ધારણ કરી દેરાસરના દ્વાર પાસે બેઠો. ખેડુતે પાછી પાની કરી નહિ; જ્યારે તે જમવા બેઠો, ત્યારે નગરદેવ સાધુરૂપે તેની પાસે આવ્યો; તેમાંથી તેને ભાત વહોરાવ્યો, એવી રીતે તેની બે ચાર વખત પરીક્ષા કરી; પછી દેવ તેના ઉપર પ્રસન્ન થયો અને તેને જે જોઇએ તે સર્વ આપવા તૈયાર થયો, સુરરાજાએ પોતાની

પુત્રી **વિષ્ણુ** માટે સ્વયંવર કર્યો, તેમાં સર્વ દેશના રાજા આવ્યા, પણ તે પુત્રી ખેડુતને વરી; આવેલા રાજાઓ ક્રોધે ભરાયા ને કહેવા લાગ્યા, કે શા માટે રાજાઓને આમંત્રણ આપ્યું હતું ? ખેડુતને મારી નાખો અને રાજકુમારીને પકડી લો. જ્યારે રાજાઓ અને સુભટો તેને પકડવા ગયા તેવોજ તે ખેડુત પ્રજ્વલિત હળ લઈને સામો થઈ સર્વને નસાડી મૂક્યા. તે જોઇ સર્વ રાજાઓ ગભરાયા. આ કોઈ દેવતા હશે; એમ ધારી તેમણે બધાએ માફી માગી. રાજાએ હલિકનું રાજકુમારી સાથે લગ્ન કર્યું. રાજાને પુત્ર નહિ હોવાથી રાજ્યપદ તેને મળ્યું. હલિકને એક **કુમદ** નામે પુત્ર થયો. ભગવંત પાસે નૈવેદ્ય ધરવાથી મનુષ્ય ગતિમાં સુખ ભોગવી સાતમે ભવે હલિક રાજા શાશ્વત સ્થાનને પામશે.

## ફલ પૂજા વિષે દુર્ભાગી સ્ત્રીની કથા.

**કંચનપુરી** નગરીની બહાર અરનાથ પ્રભુના જિન મંદિરના દ્વારની આગળ એક આમ્ર વૃક્ષની ઉપર **શુકપક્ષીનું** જોડું રહેતું હતું. એક દિવસ તે મંદિરમાં મહોત્સવ ચાલતો હતો. તે પ્રસંગે તે નગરનો રાજા **નરસુંદર** નગર જનોની સાથે આવ્યો અને ભક્તિથી સુંદર ફળ વડે તેણે પ્રભુની પૂજા કરી. આ ટોળામાં એક **દુર્ભાગી સ્ત્રી** પણ આવી હતી કે જે પ્રભુની પૂજા માટે એક ફળ લાવવાને અસમર્થ તેમજ દુઃખી હતી. જે લોકો પ્રભુની પાસે ઉત્તમ ફળ અર્પણ કરે છે તેને ધન્ય છે. હું અભાગણી એક પણ ફલ લાવવા સમર્થ નથી. આ વખતે પેલા આમ્ર વૃક્ષ ઉપર ફળને ભક્ષણ કરતું એવું શુક પક્ષીનું જોડું તેની નજરે પડયું. એટલે તેણીએ તે પક્ષીને કહ્યું કે ભદ્ર! તું એક ફળ મારે માટે નાખ. શુક

પક્ષીએ પૂછ્યું, કે તું ફળને શું કરીશ? તે સ્ત્રીએ કહ્યું કે હું પ્રભુને અર્પણ કરીશ. પક્ષી બોલ્યો કે જીનેશ્વરને ફળ અર્પણ કરવાથી શું પુણ્ય થાય? તે તું કહે તો હું આપું. તે બોલી કે અર્પણ કરવાથી તેના મનોરથ જન્માન્તરમાં પણ સફળ થાય છે. પછી શુક પક્ષીએ એક ફળ આપ્યું તે લઈ તેણીએ પ્રભુની આગળ પરમ ભક્તિથી ધર્યું. શુક પક્ષીનું જોડું પણ ચાંચમાં ફળ લઈ પ્રભુ પાસે મૂકી બોલ્યું કે હે નાથ! તમારી પાસે ફળ અર્પવાથી જે ફલ થતું હોય તે અમને થાઓ. પેલી સ્ત્રી મૃત્યુ પામી ફળ ધરવાના પુણ્યથી દેવલોકમાં **દુર્ગત** દેવપણે ઉત્પન્ન થઈ અને શુક પક્ષી મૃત્યુ પામી **ગંધિલા** નગરીના **સૂર** નામે રાજાના ઘેર **રત્નાદેવી**ના ગર્ભમાં પુત્ર પણે ઉત્પન્ન થયો. રાજાએ રાણીનું શરીર દુર્બળ જોઈ પૂછ્યું કે હે દેવી! તમને જે દોહદ હોય તે કહો. દેવી બોલી, હે સ્વામી! મને આમ્ર ફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો છે. રાજા વિચારવા લાગ્યો કે અકાળે થયેલો દોહદ મારે શી રીતે પૂરો પાડવો? પેલી સ્ત્રી કે જે દેવ થઈ છે તેણે અવધિજ્ઞાનથી જાણ્યું કે શુકપક્ષીનો જીવ તેણીના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો છે, તેણે પૂર્વ ભવમાં મારા ઉપર ઉપકાર કર્યો છે, માટે તેનો મનોરથ પુરો કરૂં. આમ વિચાર કરી તે દેવ સાર્થવાહનો વેશ લઇ માથે આમ્રફળથી ભરેલો ટોપલો મૂકી રાજા પાસે આવ્યો. રાજાએ પૂછ્યું કે અકાળે આમ્રફલ ક્યાંથી લાવ્યા? તે બોલ્યો કે દેવીના ગર્ભમાં જે પુત્ર છે તેના પુણ્યથી મને આ ફળ પ્રાપ્ત થયાં છે. આમ બોલી તે દેવ અદૃશ્ય થયો પછી આમ્રફળથી સંતુષ્ટ થયેલી દેવીએ પુત્રનો જન્મ આપ્યો જેનું નામ શુભ દિવસે **ફલસાર** પાડ્યું. એક દિવસ તે દેવે રાત્રિ

ના પાછલા પહોરે રાજપુત્ર પાસે આવી પૂર્વ ભવમાં જે જે કર્યું હતું તે જણાવ્યું અને કઈ કઈ ગતિ દરેકને મળી તે પણ જણાવીને કહ્યું કે તારી સ્ત્રી કે જે પૂર્વ ભવમાં સુડી હતી તે **રાયપુર**ના રાજા **સમરકેતુ**ને ઘેર પુત્રીપણે અવતરી છે, તેનું નામ **ચંદ્રલેખા** છે. તેનો હાલ સ્વયંવર થનાર છે તો એક ચિત્રપટમાં શુકપક્ષીનું જોડું ચીતરાવી તું સ્વયંવરમાં જા. આ પ્રમાણે તે દેવ બોલી પોતાના સ્થાનકે ગયો. કુમાર દેવના કહેવા પ્રમાણે ચિત્ર તૈયાર કરાવી ચંદ્ર-લેખાના સ્વયંવરમાં ગયો. ચિત્રપટને જોઈ રાજકન્યાને જાતિ-સ્મરણ જ્ઞાન થતાં તે ચિત્રને ઓળખ્યાં અને જાણ્યું કે આ કુમાર તે શુકપક્ષીનો જીવ છે અને હું સુડીનો જીવ હતી. તેણીએ વરમાળા આરોપી પૂર્વભવનો વૃત્તાંત કહેવાથી સર્વ લોક તથા રાજા ખુશી થયા અને કન્યા યોગ્ય વરને વરી છે એમ સૌએ કહ્યું. તે બંનેનો પાણિગ્રહણ મહોત્સવ હર્ષ યુક્ત સર્વ રાજાઓ સમક્ષ કરાવ્યો. ફળસારનાં વર્ષો દિવસની જેમ વિષય સુખનો અનુભવ કરતાં વીતી જવા લાગ્યાં અને જે જે ચિંતવે તે પ્રાપ્ત થતું. એક વખત ઈંદ્રે દેવ સભામાં કહ્યું કે ફલસાર કુમાર મન ચિંતિત વસ્તુ સુલભ રીતે પામે છે. તેના વચન ઉપર એક દેવને અશ્રદ્ધા થવાથી સર્પનું રૂપ લઈ તે કુમારીને ડંશ કર્યો. આ જોઈ લોકો આકુલ વ્યાકુલ થવા લાગ્યા. મોટા વૈદ્યો તથા ગારૂડીઓને બોલાવ્યા પણ કંઇ વળ્યું નહિ. પેલા દેવે વૈદ્યનો વેષ લઇ ત્યાં આવી રાજકુમા-રને કહ્યું કે દેવવૃક્ષની મંજરી હોય તો હું જીવાડું. રાજકુમાર અત્યંત શોકાતુર બની વિચાર કરે છે, તેટલામાં જ દુર્ગતદેવે તેના હાથમાં મંજરી મૂકી. તેથી તે દેવ તેના ઉપર તુષ્ટ

માન થયો અને જે ઈચ્છા હોય તે માગવાને કહ્યું. ત્યારે કુમારે કહ્યું કે મારૂં નગર તમારા નગર જેવું કરી આપો. તત્ક્ષણે તે નગરીને સુશોભિત દેવ નગરી જેવું કરી તે દેવ પોતાને સ્થાનકે ગયો. કુમારને અત્યંત સંતોષ થયો. પછી સૂરરાજાએ **શીલંધર** સૂરિ પાસે દીક્ષા લીધી. દિવસો સુખમાં વ્યતીત કરતાં ચંદ્રલેખાની કુક્ષિથી **ચંદ્રસાર** નામે પુત્ર થયો. યૌવન વય પ્રાપ્ત થતાં તેને રાજ્ય આપી જીનેશ્વર ભગવંત પાસે વ્રત ગ્રહણ કર્યું. બંને મૃત્યુ પામી સાતમા દેવલોકમાં દેવતા થયાં. ત્યાંથી ચવીને સાતમે ભવે સિદ્ધિ પદ પામશે.

## બારેવ્રત ઉપર આરાધક અને વિરાધકની કથાઓ.

## પ્રાણાતિપાત વિરમણ વ્રત ઉપર ચંદ્રકુમારની કથા.

**જયપુર** નગરમાં **શત્રુંજય** રાજાને **સૂર** અને **ચંદ્ર** નામે બે પુત્રો હતા. પિતાએ સૂરને યુવરાજ પદ આપ્યું. તેથી ખેદ પામેલા ચંદ્રે વિદેશમાં ગમન કર્યું. ત્યાં તેણે મુનિની નીચે પ્રમાણે દેશના સાંભળી. ગૃહસ્થે અપરાધી ત્રસજીવોને હણવા નહિ તો નિરપરાધી ત્રસજીવોને તો કેમજ હણાય? શસ્ત્રથી મત્સ્યનો વધ કરતાં પોતાની આંગળી કપાવાથી બુદ્ધિમાન ધીવરે હિંસા કરવીજ છોડી દીધી.

**પૃથ્વીપુર** નગરમાં એક **મચ્છીમાર** માછલાં મારવા ઇચ્છતો ન હતો. તેને સ્વજનોએ જાળ વિગેરે આપીને બલાત્કારે માછલાં લેવા મોકલ્યો. તે માછલાં લાવ્યો ત્યારે તેને હથીઆર આપી માછલાં મારવા બેસાડ્યો, તેમાં તેની આંગળી

કપાઈ જવાથી તેણે વિચાર્યું કે 'હિંસા પ્રિય જીવોને ધિક્કાર છે. કોઈને મરી જા કહેતાં દુઃખ લાગે છે, તો હિંસા કરતાં કેમ ન લાગે? એ વખતે ત્યાં આગળ જતા કોઈ એક શિષ્યે મચ્છીમારને જોઇને ગુરૂને કહ્યું કે આવા જીવો કોઈ રીતે તરે એમ લાગતું નથી. ગુરૂએ શિષ્યને કહ્યું કે જિનશાસનમાં એકાંત નથી. એમ શિષ્યનું સમાધાન કરી ઉચ્ચ સ્વરે ગુરૂ બોલ્યા કેઃ–' **पाणिवहो महापावो** ' આ સાંભળી મચ્છીમારને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી જીવ વધ ન કરવાનો નિશ્ચય કર્યો. શુક્લ ધ્યાનથી તરત જ કેવલજ્ઞાન થવાથી દેવોએ તેમનો મહોત્સવ કરવા માટે દુંદુભિનો શબ્દ કર્યો. શિષ્યે ગુરૂને પૂછયું કે આ શા માટે વાગે છે? ગુરૂ બોલ્યા મચ્છીમારને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું તેનો દેવો મહોત્સવ કરે છે માટે ત્યાં જઈ તેમને મારા અને તારા ભવ વિષે પૂછ, શંકા અને વિસ્મય સહિત વિચાર કરતો શિષ્ય ત્યાં ગયો, ત્યારે જ્ઞાની મચ્છીમાર બોલ્યા. હે મુનિ! શું વિચારો છો? મને તો દ્રવ્ય અને ભાવ હિંસાના ત્યાગથી આ ફલ પ્રાપ્ત થયું છે. હવે તમે જે પૂછવા આવ્યા છો તેનો ઉત્તર સાંભળો. તમારા ગુરૂ જે આંબલીના ઝાડ નીચે ઉભા છે તેનાં પાદડાં જેટલા તમારા ગુરૂના ભવ થશે અને તમે આ ભવમાં સિદ્ધિ પામશો. શિષ્યે ગુરૂને આ વાત કહી ત્યારે ગુરૂ હર્ષિત થયા કે આટલા ભવે પણ હું મોક્ષે જઈશ. સર્વ વ્રતોમાં અહિંસા વ્રતને મુખ્ય કહેલું છે. આ દેશના સાંભળી ચંદ્રકુમારે અન-પરાધી જીવોની હિંસાનો ત્યાગ કર્યો. માત્ર તેનો રાજાના આદેશથી ભંગ ન થાય તેટલી છૂટ રાખી. આ વ્રત ધારણ કરી તેણે કોઈ મોટા રાજાની સેવા કરવા માંડી. એક વખત

રાજાના સુભટોએ કોઈ ચોરને પકડ્યો. રાજાએ ચંદ્રકુમારને તે ચોરને મારી નાખવાનું ફરમાવ્યું. યુદ્ધ સિવાય કોઈ પણ પ્રાણીને ન મારવાનો નિયમ ચંદ્રકુમારે રાજાને જણાવ્યો. આ સાંભળી ખુશ થયેલા રાજાએ તેને એક દેશનો સ્વામી બનાવ્યો. અહીં સૂર કુમારે યુવરાજ પદવીથી અસંતુષ્ટ થઈ રાજ્ય લેવા માટે એક વખત રાત્રે સુતેલા પિતા ઉપર શસ્ત્રનો ઘા કર્યો. નાસતા તેને જોઈને રાણીએ બૂમ પાડી કે આ રાજ ઘાતકને પકડો. ઘાયલ થયેલો રાજા વિચાર કરવા લાગ્યો કે કેટલા એક સુપુત્રો ચંદન વૃક્ષની જેમ સુગંધને માટે થાય છે અને કેટલા એક કુપુત્રો કુળના ઉચ્છેદને માટે થાય છે. પછી રાજાએ સૂરકુમારને દેશપાર કર્યો અને ચંદ્ર કુમારને બોલાવી રાજ્ય આપ્યું. રાજા મરીને ચિત્તો થયો. તે ચિત્તાએ જંગલમાં રખડતા સૂર કુમારને મારી નાખ્યો. પછી તે બંને મરીને ગજેંદ્રો થયા. તે બંનેને પકડી કોઇએ ચંદ્રરાજાને આપ્યા. ત્યાં પણ તેઓ પરસ્પર લડવા લાગ્યા. રાજાએ **સુદર્શન** કેવળીને પૂછવાથી તેમના ભવો જાણી વૈરાગ્ય પામી પુત્રને રાજ્ય ઉપર બેસાડી દીક્ષા લઈ એકાવતારી દેવ થયા તે પછી મનુષ્યનો ભવ કરી મોક્ષ પામ્યા.

## મૃષાવાદ વિરમણ વ્રત ઉપર શ્રીકાન્ત શ્રેષ્ઠીની કથા.

**રાજગ્રહી** નગરીમાં **શ્રીકાન્ત** નામે ગૃહસ્થ રહેતો હતો. તે દિવસે વેપાર કરે અને રાત્રે ચોરી કરે. એક દિવસ તેણે તેના ઘેર **જિનદાસ** શ્રાવકને જમવા આમંત્રણ આપ્યું, પણ જિનદાસે જણાવ્યું કે જેની આજીવિકાના પ્રકાર મારા જાણવામાં ન આવે તેને ત્યાં હું જમતો નથી. શ્રીકાન્તે કહ્યું કે હું શુદ્ધ વ્યાપાર કરૂં છું. જિનદાસે કહ્યું કે તમારા ખર્ચ

પ્રમાણે તમારો વ્યાપાર જોવામાં આવતો નથી, માટે સત્ય હકીકત કહો. જિનદાસ કોઈનું ગુહ્ય પ્રકટ કરે નહિ એવી તેને પુરેપુરી ખાત્રી હતી, તેથી તેણે કહ્યું કે ચોરી સિવાય આપ કહો તે ધર્મ કરૂં. પછી જિનદાસે કહ્યું કે હું તમારા ઘેર ભોજન લઈશ નહિ, કારણકે તમારા આહારથી મારી બુદ્ધિ પણ તમારા જેવી થાય. વળી તમે સત્યવ્રત સ્વીકારો અને મરણાંતે પણ અસત્ય બોલશો નહિ. પછી અસત્ય ન બોલવાની શ્રીકાંતે પ્રતિજ્ઞા લીધી, પણ ચોરીની ટેવ ગઇ નહિ. એક વખત શ્રીકાન્ત ચોરી કરવા નીકળ્યો. **અભયકુમાર** મંત્રી સાથે તેજ રાત્રે નગર ચર્ચા જોવા નીકળેલા **શ્રેણિક રાજા**એ શ્રીકાન્તને રસ્તામાં જોયો. તેથી તેને પૂછયું કે તમે કયાં જાઓ છો ? તે વખતે તેણે અસત્ય નહિ બોલતાં કહ્યું કે હું રાજાના ભંડારમાં ચોરી કરવા જાઉં છું. તારૂં નામ શું ? મારૂં નામ શ્રીકાન્ત. તું કયાં વસે છે ? અમુક પાડામાં. રાજાએ વિચાર્યું કે ચોર આવી રીતે સત્ય કહે નહિ. પાછા વળતાં રાજાએ પૂછયું કે આ શું લીધું છે ? શ્રીકાન્તે કહ્યું કે રાજાના ભંડારમાંથી રત્નની એક પેટી લઇને ઘેર જાઉં છું. પ્રાતઃકાલે ભંડારીએ કેટલુંક આઘું પાછું કરી કહ્યું કે ભંડારમાંથી રત્નની દશ પેટીઓ ચોરાઈ છે. રાજાએ શ્રીકાન્તને બોલાવી પૂછયું કે રાત્રે તેં શું શું ચોર્યું હતું ? શ્રીકાન્તે જાણ્યું કે રાત્રે જે બે જણ મળ્યા હતા તેજ આ છે. તેથી તેણે કહ્યું કે હે સ્વામિન્ ! તમારા દેખતાં જ હું મારી આજીવિકા માટે એક પેટી લઈને જતો હતો. તે શું તમે ભૂલી ગયા ? અરે ચોર ! તું સત્ય બોલતાં મારી પાસે ભય કેમ પામતો નથી ? આથી તેણે જણાવ્યું કે અસત્ય બોલતાં મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે. તમે

ગુસ્સે થાઓ તો મારા આ ભવનો નાશ કરો, તોપણ હું સત્ય વ્રતનો ભંગ નહિ કરૂં, કારણકે ભંગ કરૂં તો આવતા ભવમાં દુઃખ પ્રાપ્ત થાય. આથી રાજાએ તેને શિક્ષા કરી કે તું આ વ્રતની જેમ બીજાં વ્રતોનું પાલન કર. આ વાત શ્રીકાન્તે માન્ય રાખી. તેથી તેને રાજાએ ભંડારી તરીકે નીમ્યો. થોડાજ વખતમાં તે મહાવીર સ્વામીના શાસનનો શ્રાવક થયો. શ્રીકાન્તે જિનદાસના શબ્દથી બીજું વ્રત પાળ્યું, તેથી તેને આ લોકમાં ઇષ્ટ પદ મળ્યું, માટે ભવ્ય પ્રાણીઓએ વ્રતગ્રહણ કરીને અવશ્ય પાળવું.

## ૨. મૃષાવાદ ઉપર વસુ રાજાની કથા.

**શુક્તિમતી** નગરીમાં **ક્ષીરકદંબક** નામે ઉપાધ્યાય રહેતો હતો. તેની પાસે તે ઉપાધ્યાયનો પુત્ર **પર્વત**, રાજાનો પુત્ર **વસુ** અને એક બ્રાહ્મણનો પુત્ર **નારદ** એ ત્રણ જણા સાથે ભણતા હતા. એક વખત ભણતાં સૂઈ ગયા હતા. તેવામાં આકાશ માર્ગે જતા કોઇ બે ચારણ મુનિ તેમને જોઈ બોલ્યા કે આ ત્રણ વિદ્યાર્થીઓમાં એક સ્વર્ગગામી અને બે નરકગામી છે. આ શબ્દ ઉપાધ્યાયે સાંભળ્યો. તેથી પાઠકે તેમની પરીક્ષા માટે લોટની કણેકનો એકેક કુકડો આપીને કહ્યું કે જ્યાં કોઈ દેખે નહિ ત્યાં કુકડાને મારી નાખજો. આ પ્રમાણે સાંભળી વસુ અને પર્વત તેને મારીને પાછા આવ્યા, પણ નારદે એકાંતે જઈને વિચાર કર્યો કે કેવળીઓ સર્વત્ર જુવે છે, માટે ગુરૂએ મારી પરીક્ષા કરવા આપ્યો છે, તેથી માર્યા વિના કુકડો પાછો લાવ્યો. ગુરૂએ જાણ્યું કેઃ—નારદ દયાને લીધે સ્વર્ગે જવાનો અને બીજા બે નરકે જવાના. ઉપાધ્યાયે ગુરૂ પાસે દીક્ષા લીધી. તેની જગ્યા તેના પુત્ર પર્વતને આપી. **અભિચંદ્ર** રાજાના પદ ઉપર વસુકુમાર રાજા થયો.

એક દિવસ નારદ પર્વતને મળવા આવ્યો, તે વખતે પર્વત વિદ્યાર્થીને ભણાવતો હતો. તેમાં એમ આવ્યું કે અજ વડે યજ્ઞ કરવો. આનો અર્થ પર્વતે એવો કર્યો કે અજનો અર્થ બકરો, તેના વડે હોમ કરવો. તે સાંભળી નારદે કહ્યું, કે અજ એટલે ત્રણ વર્ષની ડાંગર કે જે ઉગે નહિ તેના વડે હોમ કરવો. એમ ગુરૂએ આપણને શીખવ્યું હતું, આ સાંભળી પર્વતે કહ્યું કે હું કહું છું તે ખરૂં જ છે. જેનું ખોટું પડે તેની જીવ્હા છેદી નાખવી. આ બાબતમાં વસુરાજા કહે તે સત્ય માની લેવું, એવી બંને જણાએ પ્રતિજ્ઞા લીધી. પર્વતની માતાને આ વાતની જાણ થતાં તેણી તરતજ વસુરાજા પાસે ગઈ અને કહ્યું કે મને પુત્ર દાન આપો. વસુરાજાએ કહ્યું કે માતા ! હું તમારા પુત્રનો પક્ષ કરીશ. બીજે દિવસે નારદ અને પર્વત વસુરાજા પાસે આવ્યા રાજાએ પર્વતની તરફેણમાં ખોટી સાક્ષી પૂરી, તેથી નજીકના દેવતાએ સિંહાસન ઉપરથી વસુરાજાને ભૂમિ ઉપર પાડી નાખ્યો. તત્કાળ તે મૃત્યુ પામી નરકે ગયો. નારદની દેવોએ સ્તુતિ કરી. અનુક્રમે તે સ્વર્ગે ગયો.

### ૩. અદત્તાદાન વિરમણવ્રત ઉપર લક્ષ્મીપુંજની કથા.

**હસ્તિનાપુર** નગરમાં **સુધર્મા** નામે વણિકને **ધન્યા** નામે ભાર્યા હતી. તે બંને દરિદ્રના દુઃખથી ઘણાં પીડાતાં હતાં. એક રાત્રે ધન્યાએ સ્વપ્નમાં લક્ષ્મીદેવી જોઇ. આ સ્વપ્ન તેણીએ પોતાના પતિને કહ્યું. ધન્યાને ગર્ભ રહ્યો. પૂર્ણ માસે પુત્રનો જન્મ થયો. તેનું નામ સ્વપ્નના અનુસારે **લક્ષ્મીપુંજ** રાખ્યું. યૌવન વયમાં તે ધનાઢય શ્રેષ્ઠીઓની આઠ કન્યા પરણ્યો. એક રાત્રે કોઈ દેવે આવી, તેના પૂર્વ ભવનું ચરિત્ર આ પ્રમાણે કહ્યું કેઃ-**મણીપુરમાં ગુણધર** નામે સાર્થ-

વાહ હતો. તેણે એક વખત મુનિની વાણી સાંભળી ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત ગ્રહણ કર્યું. એક દિવસ ગુણધર ધનના લાભના અર્થે સાર્થ લઇ વેગવાળા ઘોડા ઉપર બેસી દેશાંતર ચાલ્યો. તેવામાં ઘોડાના વેગને લીધે સાર્થ ભ્રષ્ટ થઇ તે એકલો જંગલમાં નીકળી ગયો. માર્ગમાં લક્ષમૂલ્યવાળી સુવર્ણમાળા પડેલી જોઈ, પરંતુ ત્રીજા વ્રતનો ભંગ થશે તેમ ધારી તેણે લીધી નહિ. આગળ ચાલતાં ઘોડાની ખરીથી ઉખડી ગયેલી ભૂમિમાં દ્રવ્ય પૂર્ણ તામ્રકુંભ જોયો, પણ તેને કાંકરા તુલ્ય માની આગળ ચાલ્યો. તેવામાં અકસ્માત્ તેનો ઘોડો મૂર્છા ખાઇ ભૂમિ ઉપર પડયો. તે જોઈને તેણે મનમાં વિચાર્યું કે આ ઘોડાને જે સજીવન કરે તેને મારૂં સર્વ દ્રવ્ય અર્પણ કરૂં. પાણીથી તૃષા લાગવાથી તેની શોધને માટે તે આગળ ચાલ્યો, તેવામાં એક વૃક્ષે બાંધેલો પાણીનો ઘડો અને પાસે પાંજરામાં રહેલો પોપટ જોયો. પોપટે કહ્યું કે હે સુભગ ! આ ઘડામાંથી તું જળ પી. હું તેના સ્વામીને કહીશ નહિ. સાર્થવાહે કહ્યું કે તૃષાને લીધે પ્રાણ ચાલ્યા જશે તો અનેક ભવને વિષે પ્રાપ્ત થશે, પરંતુ પરનું અદત્ત તો હું લઈશ નહિ. વ્રત પાળવાની આવી દ્રઢતા જોઈ શુકપક્ષી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને બોલ્યો કે હું **સૂર્ય** નામે વિદ્યાધર છું, ગુરૂ પાસે તમે ત્રીજું વ્રત લીધું તેની મેં પરીક્ષા કરી, પણ તમે પ્રતિજ્ઞાનો ભંગ કર્યો નહિ, એમ કહી તેની પાસે ઘણું દ્રવ્ય મૂકી ઘોડો સજીવન કર્યો. તે દ્રવ્ય તેણે ન લેતાં કહ્યું કે ઘોડાને સજીવન કરનારને મારૂં સર્વ ધન આપવાનો મેં વિચાર કર્યો હતો તે પ્રમાણે તમે આ ધન લો. તે બંનેમાંથી કોઈએ ધન લીધું. નહિ, છેવટે એવો નિશ્ચય કર્યો કે આપણે બંને જણાએ પોતાનું

દ્રવ્ય સારા માર્ગે વાપરવું. આયુ પૂર્ણ થયે મૃત્યુ પામીને તું લક્ષ્મીપુંજ થયો અને હું સૂર્ય નામે વિદ્યાધર વ્યંતર દેવ થયો છું. તારા ભાગ્યથી પ્રેરાયેલો હું રત્નાદિકની વૃદ્ધિ આજ દિન સુધી કરૂં છું. આ વાત સાંભળી તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને તેણે અનુક્રમે દીક્ષા લીધી. મરીને અચ્યુત દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી મનુષ્યપણું પામી મોક્ષે ગયો.

## ૩. લોહખુર ચોરની કથા.

**રાજગૃહી** નગરીમાં **લોહખુર** નામે ચોર રહેતો હતો. તેની પાસે અંજન વિદ્યા હતી. એક દિવસ માર્ગે જતાં ક્ષુધાતુર થવાથી તેને વિચાર આવ્યો કે મારે મારી વિદ્યાવડે રાજાને ઘેર ભોજન કરવું. રાજાને ત્યાં મિષ્ટ ભોજન કરવાથી દરરોજ રાજાની સાથે બેસી ભોજન કરવાની તેની ઇચ્છા થઈ. દરરોજ આવે અને ભોજન કરી જાય. પ્રતિદિન આમ ચાલવાથી રાજાનું શરીર દિન પ્રતિદિન કૃશ થયું, તેથી મંત્રીએ રાજાને પૂછ્યું કે તમને શું અન્ન ઉપર અરૂચી થઈ છે? અથવા તો તમને ચિંતા તો નથી? એટલે રાજાએ મંત્રીને ઉત્તર આપ્યો કે હું હમણાં રોજ કરતાં બમણું જમું છું, પણ કોઈ અંજન સિદ્ધ પુરૂષ મારી સાથે જમી જાય છે, તેથી નારકીના જીવોની જેમ મારો જીવ શાન્ત થતો નથી. આ પ્રમાણે સાંભળી મંત્રીએ ઘરમાં આકડાનાં સુકાં પુષ્પો વેરાવ્યાં અને તે ખખડવાથી ચોર આવેલો જાણી ઘરનાં બારણાં બંધ કરી ઘરમાં ધુમાડો કરાવ્યો. તેથી ચોરની આંખમાંથી અંજન ધોવાઈ ગયું. ચોરને જોયો, તેથી સુભટો તેને પકડી રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને શૂળી ઉપર ચડાવીને સુભટોને સંતાઈ રહેવાનો હુકમ કર્યો. શહેરના જાહેર ભાગોમાં ફેરવી તેને શહેર બહાર લઈ

જઈ શૂળી ઉપર ચડાવીને બધા સંતાઇ રહીને જોવા લાગ્યા કે એની પાસે જે આવે તેની પાસે નગરનું ધન હશે? તેવામાં માર્ગે જતાં **જિનદત્ત** શ્રાવક પાસે વારંવાર જળ માગવાથી તેણે દયા લાવી, પાપની આલોચના, ચોરી પ્રમુખનાં પચ્ચક-ખાણ અને **नमो अरिहंताणं** એ પદ આપીને પોતે જળ લેવા ગયો. ચોર પદ ભૂલી ગયો માત્ર **ताणं** એટલા અક્ષરો યાદ આવ્યા તેથી તે વારંવાર બોલવા લાગ્યો કે:–"તાણં તાણં શેઠ કહે તે પ્રમાણં." તેવામાં આયુ બાંધી ચોર સમાધિથી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. શેઠ જળ લઇને આવ્યા, પરંતુ ચોરને મરણ પામેલો જોઈ અને પોતે રાજ્ય વિરૂદ્ધ કૃત્ય કરેલ હોવાથી ચૈત્યમાં કાયોત્સર્ગે રહ્યા. સુભટોએ રાજાને તે વાત કહી. રાજાની આજ્ઞાથી સુભટો શ્રેષ્ઠીને ચોરની જેમ મારવાને લઈ ગયા. લોહખુર દેવે અવધિજ્ઞાનથી પોતાના ઉપકારીની વિંટબના જોઈ વિચાર કર્યો કે જેના કહેવાથી હું દેવલોકમાં પહોંચ્યો છું. જે માણસ ગુરૂને ભૂલી જાય છે તે પાપી કહેવાય. તેથી તે ત્યાં આવ્યો અને સુભટોને બેભાન કરી નાખ્યા. આ વાતની રાજાને ખબર પડવાથી તે પોતાનું સૈન્ય લઈ ત્યાં આવ્યો. રાજા સિવાય બધા સુભટોને પાડી નાખ્યા. આથી રાજાએ કહ્યું કે હે દેવ! અમારો અપરાધ ક્ષમા કરો. દેવ બોલ્યા કે મારા ધર્મગુરૂ જીનદત્ત શ્રેષ્ઠીને વિના અપરાધે શા માટે પીડા કરો છો? એમ કહી પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. દેવના કહેવાથી સર્વેએ જીન-દત્ત પાસે માફી માગી અને ચોરી આદિ નહિ કરવાના નિયમ લીધા. જીનદત્ત ઉત્સવ વડે પોતાના ઘેર આવ્યો. ત્યારથી લોકો જૈનધર્મની પ્રશંસા કરવા લાગ્યા. લોહખુર ચોર લોઢાની શુલીએ

પરોવાયો હતો, પણ જીનદત્ત શ્રાવકની પાસે વ્રત લેવાથી અને નવકારના પદ ઉપર શ્રદ્ધા રાખવાથી દેવ સમૃદ્ધિ પામ્યો.

## ૪. શીલવ્રત ઉપર શીલવતીની કથા.

**લક્ષ્મીપુર**માં **સમુદ્રદત્ત** નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે પોતાની સ્ત્રી **શીલવતી**ને ઘેર મૂકી **સોમભૂતિ** બ્રાહ્મણ સાથે પરદેશમાં ગયો. થોડા દિવસ પછી વિપ્ર શ્રેષ્ઠીનો સંદેશો લઈ પાછો આવ્યો. તેની શીલવતીને ખબર પડવાથી તે વિપ્રને ઘેર ગઈ. તેણીનું સુંદર રૂપ જોઈ કામાતુર થઈને તેણે કહ્યું કે તું મારી સાથે પ્રેમ કરે તો તને સંદેશો આપું. તે ચતુર સ્ત્રી વિચારીને બોલી કે તારે રાત્રિના પહેલા પહોરે આવવું. આમ બોલી તેણી **સેનાપતિ** પાસે આવીને કહેવા લાગી કે સોમભૂતિ મારા પતિનો સંદેશો લાવ્યો છે, પણ મને આપતો નથી. તેણે પણ તેમજ કહ્યું. એટલે તેણીએ તેને રાત્રીના બીજા પહોરે આવવાનું કહ્યું. પછી અનુક્રમે તેણી **મંત્રી** અને **રાજા** પાસે ગઈ તેઓ પણ મોહ પામ્યા. તેમને રાત્રીના ત્રીજા અને ચોથા પહોરે પોતાના ઘેર આવવાનું કહ્યું. પછી સાસુને ચોથે પહોરે આવવાનો સંકેત કરી પોતાના ઘરમાં એક મોટી પેટીને ચાર ખાનાં તૈયાર કરાવી રાખી. તેમાં પ્રથમ પહોરે સોમભૂતિ આવ્યો. તેને સ્નાનપાનાદિમાં પહેલો પ્રહર ગુમાવ્યો. પછી સેનાપતિએ જેવો બીજા પ્રહરે શબ્દ કર્યો કે સોમભૂતિ ગભરાયો કે મને સંતાડ. તેણીએ પેટી બતાવી તેમાં તે પેઠો કે તરતજ તાળું મારી દીધું, એવી રીતે સેનાપતિ અને મંત્રીને પૂર્યા. ચોથે પહોરે સાસુએ કમાડ ઉઘાડવાનું કહ્યું કે પુત્રની કાણ માંડવાની છે. સ્વજનો ભેગા થશે. તેથી રાજા ગભરાયો અને સંતાડવાનું કહ્યું. તેણીએ પેટી બતાવી તેમાં તે પેઠો કે તરતજ તાળું

મારી દીધું. એમ ચારે જણને તેણીએ અંદર પૂર્યા પછી બહાર આવી અત્યંત રૂદન કર્યું. સંબંધીઓએ રોવાનું કારણ પૂછ્યું. તેણીએ પોતાના સ્વામીની દુઃખવાર્તા કહી. તેથી અપુત્રીયાનું ધન લેવા રાજા મંત્રી અને સેનાપતિને ઘેર કહેવા ગયા, પણ તેઓ મળ્યા નહિ. છેવટે આ વાત **રાજકુંવર** પાસે ગઈ. તે શીલવતીને ઘેર આવ્યો. તેણે તેણીના ઘરમાં પેટી સીવાય કાંઈ જોયું નહિ, તેથી તે પેટી ઉપડાવી રાજભવનમાં ખોલાવી. તો તેમાંથી લજ્જા પામતા એવા રાજા, સેનાપતિ, બ્રાહ્મણ અને મંત્રીને જોયા. રાજકુંવરે રાજા સીવાય ત્રણેને દેશ પાર કર્યા. અને શીલવતીની ઘણી પ્રશંસા કરી. એક દિવસ કુમારે ગુરૂ પાસે શીલવ્રતનું મહાત્મ્ય સાંભળ્યું, તેથી કુમારે મન, વચન, કાયા વડે સ્વદારા સંતોષ વ્રત સ્વીકાર્યું.

## ૫ પરિગ્રહ પરિમાણ વ્રત ઉપર વિદ્યાપતિની કથા.

**પોતનપુર** નગરમાં સૂર નામે રાજા હતો. તેજ નગરમાં **વિદ્યાપતિ** નામે ધનાઢ્ય જૈન શ્રેષ્ઠીને **શૃંગારમંજરી** ભાર્યા હતી. એક દિવસ સ્વપ્નમાં **લક્ષ્મીદેવી**એ આવી શ્રેષ્ઠીને કહ્યું કે હું તારા ઘરમાંથી આજથી દશમે દીવસે ચાલી જઈશ. તેથી તેને ચિંતા થઈ કેઃ—"આ લોકમાં જેની પાસે દ્રવ્ય હોય તેને શત્રુ પણ મિત્ર થાય છે. દરિદ્રીને સ્વજન પણ શત્રુ થાય છે." તેની સ્ત્રીએ તેને ઉદ્વેગનું કારણ પૂછ્યું. શેઠે સ્વપ્નની વાત કહી. શૃંગારમંજરી બોલી કે હે નાથ! તમે શા માટે ચિંતા કરો છો. લક્ષ્મી ધર્મ વડે સ્થિર થાય છે. જ્યાંસુધી પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત ન લીધું હોય, ત્યાંસુધી ત્રણ ભુવનની લક્ષ્મીના પરિગ્રહથી જે પાપ થાય તે અવિરતિ વડે

લાગ્યા કરે છે. આવાં પત્નીનાં વચન સાંભળી તેણે પાંચમું વ્રત અંગીકાર કર્યું અને સાતે ક્ષેત્રમાં ધન વાપરવા માંડ્યું. આઠ દીવસમાં સર્વ ધન વાપરી નાંખ્યું અને પછી તેને વિચાર આવ્યો કે થોડા દીવસમાં વિદેશમાં ચાલ્યા જવું એ ઉત્તમ છે તેના વિચારમાં તે સૂઈ ગયો. જ્યારે દશમા દીવસની રાત્રે તે સૂતો હતો, ત્યારે તેને લક્ષ્મીદેવીએ આવીને કહ્યું કે હું તારા પુણ્યથી તારા ઘરમાં સ્થિર થાઉં છું. કારણકે પુણ્ય અને પાપનું ફલ ત્રણ વર્ષે, ત્રણ માસે, ત્રણ પખવાડીયે, ત્રણ દીવસે અહીંજ પામ થાય છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. તેણે વિચાર્યું કે અહીં રહેવાથી પાંચમા વ્રતનો ભંગ થશે, તે માટે આપણે પરદેશ ચાલ્યા જવું જોઈએ, તેથી તેમણે બીજા દીવસે સવારે જવાનો નિશ્ચય કર્યો. બીજે દીવસે નીકળતાં તેને પાંચ દિવ્યથી રાજ્ય મળ્યું. મંત્રી વિગેરે મળીને વિદ્યાપતિને રાજ્યમાં લઈ ગયા. તેણે વ્રત ભંગના ભયથી રાજ્યાભિષેક કરવાની ના પાડી. તેવામાં આકાશવાણી થઈ કે હે શ્રેષ્ઠી! તારે ભોગ્યકર્મ હોવાથી તું લક્ષ્મીનું ફલ ગ્રહણ કર. એટલે તેણે રાજ્ય ઉપર વીતરાગની પ્રતિમા બેસાડી અને રાજ્યનું કામ મંત્રીને સોંપ્યું. ન્યાયપૂર્વક જે દોલત આવે તે જિનનામથી અંકિત કરી તેણે તેનો શુભ માર્ગે ઉપયોગ કર્યો, પણ પોતે ગ્રહણ કરેલ નિયમ છોડ્યો નહિ. અનુક્રમે પોતાના પુત્રને રાજ્ય સોંપી પોતે દીક્ષા લઈને દેવલોકમાં દેવ થયા. ત્યાંથી પાંચમે ભવે મોક્ષ પામ્યા. આ પ્રમાણે વિદ્યાપતિનું દૃષ્ટાંત સાંભળી ધર્મની સ્પૃહાવાળા પ્રાણીઓએ પરિગ્રહ પરિમાણ રૂપ પાંચમું વ્રત ગ્રહણ કરવા ઉદ્યમ કરવો.

## ૬. દિગ્ વિરમણ વ્રત ઉપર સિંહ શ્રેષ્ઠીની કથા.

**વસંતપુર** નગરમાં **કીર્તિપાલ** રાજાને **ભીમ** નામે એક પુત્ર હતો, અને તે રાજાને જૈનધર્મની વાસનાવાળો **સિંહ** નામે એક શ્રેષ્ઠિ મિત્ર હતો. તે મિત્ર રાજાને પુત્ર કરતાં વધારે પ્રિય હતો. એક વખતે કોઈ એક પુરુષે રાજસભામાં આવી કહ્યું કે હે દેવ! **નાગપુર**ના રાજા **નાગચંદ્ર**ને **રત્નમંજરી** નામે એક રૂપવંતી કન્યા છે. તે તમારા કુંવરને યોગ્ય છે. તેથી તેમણે મને તમારી પાસે પ્રાર્થના કરવા મોકલ્યો છે, માટે તેને વરવા સારૂ કુમારને મારી સાથે મોકલો. આથી રાજાએ પોતાના પ્રિય મિત્ર સિંહને કહ્યું કે તમે કુમારને લઇને નાગપુર જાઓ અને તેનો વિવાહ કરી આવો. આમાં સિંહે કાંઈ પણ ઉત્તર આપ્યો નહિ, તેથી રાજાએ ફરીથી પૂછ્યું. એટલે તેણે કહ્યું કેઃ–હે રાજન્! મેં સો યોજન સુધી જવા આવવાનો નિયમ લીધો છે. પરંતુ અહિંથી નાગપુર સવાસો યોજન છે, તેથી વ્રત ભંગ થવાના ભયથી હું જઈશ નહિ. આ સાંભળી રાજા ઘણો ગુસ્સે થયો કે શું તું મારી આજ્ઞા નહિ માને ? તને ઊંટ ઉપર બેસાડી સહસ્ર યોજન સુધી મોકલી દઈશ; આથી સિંહ પોતાના રાજાની આજ્ઞા માન્ય કરીને સૈન્ય સહિત કુમારને લઈને રવાના થયો. માર્ગમાં સિંહે પ્રતિબોધ આપીને કુમારની સંસાર વાસના તોડી નાખી. જ્યારે સો યોજન પૂરા થયા કે તરતજ સિંહ ઉભો રહ્યો. એટલે સૈન્યે કુમારને કહ્યું કે અમને રાજાએ ગુપ્ત આજ્ઞા આપી છે કે જો સિંહ સો યોજનથી આગળ ન ચાલે તો તેને બાંધીને નાગપુર લઈ જજો. આ વિચાર કુમારે સિંહને કહ્યો. તેથી કુમાર અને સિંહ સંકેત કરી બંને ઉપર પર્વત ચડયા;

ત્યાં તો રાત્રી થઇ ગઈ. સૈનિકોએ આખી રાત ઘણી તપાસ કરી ત્યારે એક ડુંગર ઉપર આ બંને જણને દીક્ષા અને અનસન આદરી બેઠેલા જોઈને પ્રણામ કર્યા અને બોલ્યા કે મહાશયો! અમારા અપરાધની ક્ષમા કરો. આ વાત રાજા જાણશે તો અમને ઘાણીમાં ઘાલીને પીલી નાખશે. આ પ્રમાણે તેઓએ ઘણા કાલાવાલા કર્યા, પણ કોઇ ક્ષોભ પામ્યા નહિ. આ વાતની રાજાને ખબર પડતાં જ રાજા ક્રોધે ભરાયો અને નિશ્ચય કર્યો કે કુમારને બાંધીને પરણાવવો અને સિંહને શત્રુની જેમ હણવો. આવું વિચારીને રાજા તેમની પાસે આવ્યો. ત્યાંતો વ્યાઘ્રાદિક પ્રાણીને તે બંનેની સેવા કરતા જોઈ રાજા આશ્ચર્ય પામ્યો. તેથી તેમને ભકિત વચને બોલાવ્યા, પણ તે બંને દ્રઢ પ્રતિજ્ઞાવાળા ચલિત ન થયા. અનુક્રમે કેવલજ્ઞાન પામી બંને મુકિતને પ્રાપ્ત થયા.

પ્રાણ ત્યાગ કરવા તે સારા, પણ લીધેલા વ્રતનો ત્યાગ કરવો તે સારો નથી. આવું વિચારી ભવ્ય પ્રાણીઓએ સિંહ શ્રેષ્ઠીની જેમ દિગ્ વિરમણ વ્રત ગ્રહણ કરીને પાળવું.

## ૭. રાત્રિભોજન તજવા વિષે ત્રણ મિત્રની કથા

કોઈ ગામમાં **શ્રાવક, ભાદ્રક** અને **મિથ્યાત્વી** એમ ત્રણ વણિક મિત્રો હતા. એક વખતે તેઓએ કોઈ ગુરૂ પાસે ધર્મ સાંભળ્યો કે:—"રાત્રે પાણી પીવા કરતાં સ્વાદિમમાં બમણું, ખાદિમમાં છ ગણું અને અશનમાં અઢાર ગણું પાપ લાગે છે તથા રાત્રે બનાવેલું ભોજન તે દિવસે ખાય તે પણ રાત્રિભોજન સરખું સમજવું કારણકે રાત્રે અંધકારમાં સૂક્ષ્મ જીવો નજરે પડતા નથી. રાત્રિ ભોજનમાં જે દોષ છે તે દોષ અંધકારમાં

જમવાથી અને સાંકડા મુખવાળા પાત્ર વડે ખાવાપીવાથી લાગે છે.” આવું સાંભળી બે જણે રાત્રી ભોજનની પ્રતિજ્ઞા લીધી. એક દિવસ શ્રાવક અને ભદ્રિક બંને રાજકાર્યમાં જોડાયા. સવારે જમ્યા વગર ગયેલા અને સાંજે પાછા આવતાં સંધ્યા થવાથી ભોજનનું અસુરૂં થયું. તેથી ભદ્રિકે ભોજન કર્યું નહિ. પણ શ્રાવકે વિચાર કર્યો કે હજી કયાં રાત્રિ પડી છે તેમ જાણી તે જમવા બેઠો, ત્યારે તેના મસ્તકમાંથી જુ પડી. તેનું ભક્ષણ કરવાથી જલોદરનો વ્યાધિ થયો. મરીને પહેલી નરકે ગયો. પેલો મિથ્યાત્વી રાત્રે સર્પના વિષવાળા અન્નને જમવાથી મૃત્યુ પામી માર્જાર થયો અને ત્યાંથી પહેલી નરકે ગયો. ભદ્રિકનો જીવ મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં **દેવતા** થયો. પેલા શ્રાવકનો જીવ ત્યાંથી નિકળી એક ગરીબ બ્રાહ્મણને ત્યાં **શ્રીપુંજ** નામે પુત્ર થયો. અને મિથ્યાદષ્ટિ તે તેનો અનુજ બંધુ થયો. અહીં ભદ્રિકના જીવે અવધિજ્ઞાન વડે તેમની ઉત્પત્તિ જાણીને, તે બંનેને નિયમભંગનું ફળ જણાવી પ્રતિબોધ આપ્યો, તેથી બન્નેએ રાત્રિ ભોજન ત્યાગનો નિયમ ગ્રહણ કર્યો બ્રાહ્મણ માબાપે ભોજનનો નિષેધ કરવાથી ત્રણ લાંઘણ થઈ. ત્રીજી રાત્રે **સૌધર્મદેવે** તે નગરના **રાજાના** ઉદરમાં પીડા ઉત્પન્ન કરી અને જણાવ્યું કે રાત્રિ ભોજનના ત્યાગવાળા શ્રીપુંજના હસ્તસ્પર્શથી આ પીડા શાંત થશે. મંત્રીઓએ તેને બોલાવ્યો, ત્યારે તે ઉંચે સ્વરે બોલ્યો કે મારૂં વ્રત સત્યરીતે મેં પાળ્યું હોય, તો રાજાની પીડા મારા હસ્ત-સ્પર્શથી શાન્ત થાઓ. તત્કાળ પીડા શાંત થવાથી રાજાએ ૫૦૦ ગામ ઈનામમાં આપ્યાં. આયુ પૂર્ણ થયે બંને ભાઇઓ સૌધર્મે દેવ થયા. ત્યાંથી ચ્યવીને અનુક્રમે તે ત્રણે મોક્ષ પામશે.

## ૮. અનર્થદંડવિરમણ વ્રત ઉપર અશોકચંદ્રની કથા.

**રાજગૃહી** નગરીને વિષે અશોકચંદ્રરાજા રાજ્ય કરતો હતો. તે રાજાનું બીજું નામ **કોણિક** કરીને પણ હતું. તેણે પૂર્વ જન્મને વિષે તાપસપણામાં માસક્ષપણાદિ ઉગ્ર તપ તપ્યો હતો, તેના પુણ્યે કરી આ લોકને વિષે મોટા રાજ્યને પ્રાપ્ત થયો. એક દિવસે **ચમરેંદ્રે** તે કોણિકરાજાને ત્રિશુલ આપ્યું, તેના પ્રભાવથી બીજા રાજાઓએ વાસુદેવની પેઠે તેનો ત્રિખંડના અધિપતિ તરીકે રાજ્ય ઉપર પટ્ટાભિષેક કર્યો. એક દિવસ શ્રી **વીરપ્રભુને** કોણિક રાજાએ પૂછ્યું, સ્વામી ! ચક્રવર્તી કેટલા થયા ? ભગવાન્ બોલ્યા કે આ અવસર્પિણી કાલને વિષે બાર ચક્રવર્તી થયા છે. ત્યારે કોણિકે કહ્યું કેઃ—હું તેરમો ચક્રવર્તી થઇશ. એમ કહીને નવીન ચક્ર રત્નાદિ ચક્રવર્તીને યોગ્ય બનાવ્યાં. પછી વૈતાઢયની ગુફાના દ્વાર પાસે ગયો. તિહાં દ્વારને દંડ મારવાથી અધિષ્ઠાયક દેવે દ્વાર ઉઘાડયું. તેની ઉષ્ણતાથી કોણિક રાજા તેજ સમયે બળીને ભસ્મીભૂત થઈ મરીને નરકે ગયો, માટે અનર્થદંડથી વિરામ પામવું, નહીં તો કોણિકની પેઠે અવશ્ય નાશ થાય.

## ૮. ચિત્રગુપ્ત કુમારની કથા.

**કોશલ દેશમાં જયશિખર** રાજા રાજ્ય કરતો હતો. તેને **પુરૂષદત્ત** અને **પુરૂષસિંહ** નામે બે પુત્રો હતા. સમાન ગુણ અને શીલવાળા તે બંનેને પરસ્પર મૈત્રી હતી. તે રાજાને વસુ નામે ગુરૂ હતા. તેને **ચિત્રગુપ્ત** નામે એક પુત્ર હતો. તેને કૌતુક જોવાં બહુ પ્રિય હતાં. જયશિખર રાજાના મરણ પછી અમાત્યોએ મોટા રાજપુત્ર પુરુષદત્તને રાજા તરીકે બેસાડયો અને પુરુષસિંહને યુવરાજ પદ આપ્યું. એક વખત

રાજાએ રાજસભામાં કહ્યું કેઃ—આ સમૃદ્ધિ મારા પિતાને શરણદાયક થઈ નથી તે મને શરણભૂત કેમ થશે? તે સાંભળી તેના ગુરૂ બોલ્યા કે ગાયો ભૂમિ અને સુવર્ણદાન બ્રાહ્મણોને આપો. રાજાએ સર્વ દર્શનવાળાઓને બોલાવીને દાન આપવા માંડ્યાં. જ્યારે જૈન મુનિઓને પૂછયું ત્યારે તેમણે કહ્યું કે "હે રાજા! જીવ ઘાત કરનાર દાન મુનિઓને યોગ્ય નથી. દાન આપવું હોય તો પ્રાણીઓને અભયદાન આપવું. એક માણસ જમે અને બીજો તૃપ્તિ પામે એમ સાક્ષાત્ બનતું નથી. કરેલું કર્મ તેના કર્તાનેજ અનુસરે છે." રાજાને ધર્મનું સ્વરૂપ કહેવાથી કનિષ્ઠ બંધુને રાજ્ય ઉપર બેસાડીને પોતે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે અવધિજ્ઞાન પામી પોતાના જ્ઞાતિજનને પ્રતિબોધવા માટે ત્યાં આવ્યા. રાજા પુરુષસિંહ ચિત્રગુપ્ત પુરોહિત સાથે વાંદવા માટે આવ્યો. દેશના આપતાં કોઇ એક કઠીયારે પ્રતિબોધ પામી દીક્ષા લીધી. તે જોઈ રાજાના ભયથી દંભ વડે ચિત્રગુપ્ત આ પ્રમાણે બોલ્યો. "આ કઠીઆરાને ધન્ય છે કે જેણે સર્વસ્વ છોડી ચારિત્ર ગ્રહણ કર્યું. હવે મહેનત વગર તેને અન્નાદિક મળશે. રાજા વિગેરેની વેઠથી એ નિશ્ચિંત થઈ ગયો. મુનિ વેષનો મહિમા કેવો છે? તેનાં વ્યંગ વચનો સાંભળી ગુરુ બોલ્યા કે અદ્યાપિ તને અનર્થદંડ મારે છે. પૂર્વે **ભદ્દીલપુર**માં તું **જિનદત્ત** શ્રેષ્ઠીનો પુત્ર **સેન** નામે હતો. પિતાએ તારી વૈરાગ્યવૃત્તિ છોડાવવાને જાર પુરુષોની સોબતમાં તને મૂક્યો. ત્યાં રાજપુત્ર સાથે તારે મૈત્રી થઈ. તેં રાજપુત્રને કહ્યું કે તારા વૃદ્ધ પિતાને મારીને તું રાજ્ય કેમ લેતો નથી? આ વિચાર રાજાએ જાણ્યો ત્યારે કુબુદ્ધિ આપનાર આ વણિકને હણો એમ સુભટોને

કહ્યું. તું મૃત્યુ પામી નારકી વિગેરે અસંખ્ય ભવો કરી ચિત્રગુપ્ત થયો. આ સાંભળી ચિત્રગુપ્તને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પ્રતિબોધ પામીને કઠીઆરાને નમન કર્યું.

**૯. સામાયક વ્રત ઉપર ચંદ્રાવતંસ રાજાની કથા.**

**વિશાલાપુરીને** વિષે **ચંદ્રાવતંસ** રાજા રાજ્ય કરતો હતો. તે રાજા જૈનધર્મ પાલક હતો. એકદા ચતુર્દશીના દિવસે તે રાજાએ પોતાના મહેલને વિષે એવો અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી દીવો બળે ત્યાં સુધી મારે કાયોત્સર્ગ પારવો નહીં; દાસીને તે અભિગ્રહની ખબર ન હોવાને લીધે, સ્વામી ભક્તિએ કરીને આવીને દીવાનું તેલ બળી જાય, ત્યારે ત્યારે અંધારૂં ન થવા માટે દાસી આવીને તેલ પૂરી જાય. એ રીતે આખી રાત્રી દીવો બાળ્યો, ત્યાં સુધી રાજાએ કાર્યોત્સર્ગ ન પાર્યો. આખી રાત ઉભો રહેવાથી પગ રુધિરે કરી ભરાઈ ગયા, તેથી જેમ પર્વતનું શિખર તુટી પડે, તેમ તે રાજા નીચે ભૂમિએ પડી મરણ પામ્યો. તે શુભ ધ્યાને કરીને શુભ ગતિને પામ્યો. વાસ્તે સામાયિક કરનારા મનુષ્યોનાં પાતક દહન થઈ જાય છે, એમ જાણવું.

**૯. પ્રતિક્રમણ ઉપર મહણ સિંહની કથા.**

જ્યારે **દિલ્હીમાં પિરોજશાહ** બાદશાહ રાજ્યગાદી પર હતો ત્યારે ત્યાં **મહણસિંહ** નામે એક સાહુકાર હતો. એક વખતે બાદશાહે દિલ્હીથી બીજે નગર જતાં મહણસિંહને પોતાની સાથે લીધો. માર્ગમાં ચાલતાં સૂર્યાસ્ત થવાનો સમય હોવાથી મહણસિંહ ઘોડા ઉપરથી ઉતરી, ભૂમિને પ્રમાર્જી પ્રતિક્રમણ કરવાને રોકાયો. રાજાએ તો આગળ ચાલતાં બીજે ગામ પહોંચતાં મહણસિંહને સાથે જોયો નહિ, તેથી માણસને શોધવા

મોકલ્યો. તે શ્રેષ્ઠી પ્રતિક્રમણ પુરૂં કરી સામાયિક પારીને બાદશાહની પાસે આવ્યો. બાદશાહે પાછળ રહેવાનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યો કે "હે, મહારાજ ! જ્યારે સૂર્યાસ્ત અને સૂર્યોદય થાય છે ત્યારે ગામ, જંગલ, નદી, સ્થળ કે પર્વત ગમે તે હોય, તોપણ હું બંને કાળ અવશ્ય પ્રતિક્રમણ કરૂં છું." બાદશાહે કહ્યું કેઃ-" હે શ્રેષ્ઠી ! આપણા શત્રુઓ ઘણા છે, તેથી તમને એકલા દેખી મારી નાખે તો પછી શું કરો ?" ત્યારે તે બોલ્યો. " જહાંપનાહ ! જો ધર્મ કરતાં મૃત્યુ થાય તો સ્વર્ગ મળે, તેથી મેં તે સ્થળે પ્રતિક્રમણ કર્યું." આવાં વચનો સાંભળી રાજા ઘણો ખુશી થયો અને હુકમ કર્યો કે જંગલમાં પર્વતમાં કે ગમે ત્યાં આ શ્રેષ્ઠી પ્રતિક્રમણ કરે ત્યાં રક્ષણ કરવાને એક હજાર સુભટોએ ઉભા રહેવું. એક વખતે બાદશાહે દિલ્હી આવ્યા પછી ખોટો દોષ ઉભો કરી તે શ્રેષ્ઠીને કારાગૃહમાં નંખાવીને હાથ પગમાં બેડીઓ નંખાવી. ત્યાં તે આખા દિવસની લાંઘણ દરમ્યાન સવાર અને સાંજના પ્રતિક્રમણ કરવા માટે રક્ષકને દરરોજ બે સોનૈયા આપી પ્રતિક્રમણ કરતો. એમ એક માસ સુધી સાઠ સોનૈયા ખર્ચી પ્રતિક્રમણ કર્યું. આ વૃત્તાંત જાણી દિલ્હીપતિ તેના દ્રઢ નિયમથી ઘણોજ ખુશી થયો અને તેને બંદીખાનામાંથી છુટો કરી સીરપાવ આપી પૂર્વ કરતાં વિશેષ માન આપી પોતાની સાથે રાખ્યો.

એવી રીતે મહણસિંહ ધર્મ ઉપરની દ્રઢતાથી દિલ્હીપતિનો કોશાધ્યક્ષ થયો અને પિરોજશાહ બાદશાહની પાસે ઘણીજ પ્રશંસા પામ્યો.

## ૧૦. દેશાવકાશિક વ્રત ઉપર વિરાધક કાકજંઘ અને કોકાશની કથા.

**વિદેહા** નગરીને વિષે **કાકજંઘ** નામે રાજા અને **કોકાશ** નામે સૂત્રધાર વસતા હતા. તે કાકજંઘ રાજા લાકડાના સંચાએ ગોઠવેલા એવા ગરુડ ઉપર બેસીને ફરતો હતો, તથા તે કોકાશ લાકડાના સંચાવાલા અશ્વ ઉપર બેસીને ફરતો હતો. તે સૂત્રધારને લોકો કોકાશ એવે નામે કહેતા હતા. તે કાકજંઘ પરમ જૈન હતો. પોતાની વિદ્યાના બલે કરી સમેતશિખર પર્વત તથા અષ્ટાપદ પ્રમુખ તીર્થને વિષે શ્રીદેવાધિદેવ અરિહંત પ્રભુમાં દર્શન કરતો હતો. એક દિવસ તે કાકજંઘે પ્રાતઃકાલને વિષે ગુરુની પાસે જઈ અમુક નગરથી દૂર મારે જવું નહીં, એવા દેશાવકાશિક વ્રતને ગ્રહણ કર્યું. પછી એક દિવસ તે પોતાનાજ એક ગામને વિષે સંચાયે કરી ચાલતા એવા કાષ્ટના ઘોડા ઉપર બેસીને ગગન માર્ગને વિષે ચાલવા લાગ્યો, ધારેલા ગામ બહાર નિકળી ગયો. દૈવયોગે તે કાષ્ટના અશ્વની કીલીકા (ખીલી) ભાંગી, તેવારે આકાશથકી પર્વતની ઉપર પડ્યો. ત્યાં મરણ પામવાથી વ્રતની વિરાધનાએ કરીને તે કાકજંઘ દુર્ગતિને પામ્યો. માટે વ્રત ગ્રહણ કરવું તે કોઇ દિવસ અજાણપણાથી પણ છોડવું નહીં.*

---

* ઉપર પ્રમાણે બીના જૈનકથા રત્નકોષ ભાગ પાંચમામાં છે પણ ઉપદેશ પ્રાસાદમાં એમ લખે છે કે કાકજંઘ રાજાને દિશિવ્રતના પરિમાણ ઉપર ચાલી ગયાની વાત માલમ પડવાથી તેણે જો કે દુશ્મન રાજાના ગામમાં ગરુડ ઉતારવાનું હતું અને ઘણા કષ્ટમાં આવી પડવાનું હતું તોપણ તે કબૂલ કર્યું, પણ જાણી જોઇને વ્રત ભાંગીને આગળ જવાની ના પાડી અને ત્યાંજ ઉતર્યો. કષ્ટમાં આવી

## ૧૧. અગ્યારમા પૌષધવ્રત ઉપર મેઘરાજાની કથા.

**શ્રાવસ્થી** નગરીને વિષે **મેઘરથ** રાજા રાજ્ય કરતો હતો. એકદા તે રાજાની સભામાં નિમિત્તિયો આવ્યો, તે નિમિત્તિયાને મંત્રીએ પૂછ્યું કે કાંઈક નિમિત્ત કહો. ત્યારે નિમિત્તિએ કહ્યું કે આજથી સાતમે દિવસે રાજાના મસ્તક ઉપર વિજળી પડશે. તે વચનથી સર્વ જનો ભયભ્રાંત થઈ ગયા. પછી રાજાએ પૂછ્યું કે હવે મારે કેમ કરવું? ત્યારે કેટલાકે કહ્યું કે વહાણમાં બેસીને સમુદ્રમાં જવું, કેટલાએકે કહ્યું કે ગિરિગુફામાં જઈને રહેવું. ત્યારે તેનો એક **સુબુદ્ધિ** નામે પ્રધાન હતો, તેણે કહ્યું કે એ સર્વ જવા દો, દેવ અને ધર્મનું આરાધન કરો, જેણે કરી સર્વ વિઘ્નોનો નાશ થઇ જાય. પછી રાજાએ નવીન પાષાણનો યક્ષ તૈયાર કરાવી, તે યક્ષનો રાજ્યાભિષેક કરાવ્યો અને પોતે સર્વ ત્યાગ કરી પૌષધાલયમાં બેસી પૌષધવ્રત ધારણ કર્યું. જ્યારે સાતમો દિવસ આવ્યો, ત્યારે વિજળી પાષાણના યક્ષ ઉપર પડી, તેથી તે યક્ષ તરત ફાટી ગયો અને રાજા પૌષધવ્રતના પ્રતાપે કરી બચી ગયો. રાજાના જીવવાથી સર્વ જનોને પરમ પ્રમોદ થયો. તે રાજા અનુક્રમે દશમે ભવે શ્રીશાંતિનાથ નામે તીર્થંકર થયા. એમ પૌષધવ્રતના પ્રતાપે કરી મરણ દુઃખ મટ્યું તથા અનુક્રમે તીર્થંકરપણું પ્રાપ્ત થયું. માટે સર્વ ભવ્યજીવે પૌષધવ્રત ધારણ કરવું.

## ૧૨. અતિથિસંવિભાગ વ્રત ઉપર મૂલદેવની કથા.

**કૌશાંબી** નગરીને વિષે **રિપુમર્દન** નામે રાજાને **મૂલદેવ**

---

પડ્યો અને અન્ય રાજાની મદદથી છુટયો, પછી અનુક્રમે તે બંને જણે દીક્ષા લીધી અને તેજ ભવે મોક્ષે ગયા. ઉપર પ્રમાણે બંને વાતો વિરૂદ્ધ ભાવ દર્શાવનારી છે, માટે સત્ય કેવલી જાણે.

કરીને પુત્ર હતો, તે અત્યંત દાનનો વ્યસની હતો. એક દિવસ કોઈના મુખથી નવું કાવ્ય સાંભળીને તેને લક્ષ સોના-મહોરો આપી. તે સાંભળી તેના પિતાએ દાનનો નિષેધ કર્યો. તેથી તે છાનોમાનો ઘર થકી નિકળી ગયો. અનુક્રમે એક અટવીમાં આવ્યો, ત્રણ દિવસે તે અટવી ઉતરી ગયો; ત્યાં કોઈક નગરીને વિષે ભમતાં ભમતાં મૂલદેવને બાફેલા બાકળા કોઈ કે આપ્યા. તે બાકળા પોતે ન ખાધા અને ભાવસહિત કોઈ એક માસોપવાસી સાધુને વહોરાવ્યા. તે જોઇ તે વનની દેવીએ તુષ્ટમાન થઈ મૂલદેવને કહ્યું કે વરદાન માગ. તેવારે મૂલદેવે એક હજાર હાથી યુક્ત રાજ્ય માગ્યું. દેવીએ પણ તેજ વરદાન આપ્યું. ત્યાર પછી નગર પ્રત્યે જતાં કોઈક ગામને વિષે પર્ણકુટીમાં સુતો, ત્યાં પોતાના મુખમાં ચંદ્રે પ્રવેશ કર્યો એવું સ્વપ્ન દીઠું. પ્રભાતે ઉઠીને ફ્લ લઈ મૂલદેવે તેનું ફ્લ કોઈ સ્વપ્ન પાઠકને પૂછ્યું. તેવારે તે સ્વપ્ન પાઠકે પ્રથમ તો મૂલદેવને પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું અને પછી કહ્યું કે “ આ સ્વપ્નના ફ્લમાં રાજ્ય પ્રાપ્તિ તમોને થશે. ” તે પછી સાતમે દિવસે **મહમ્મતિ** નગરીને વિષે અપુત્રીઆ રાજા મરણ પામ્યો. તે રાજાનું રાજ્ય પંચદિવ્ય થકી તે મૂલદેવને પ્રાપ્ત થયું. એવી રીતે અતિથિસંવિભાગવ્રતના પ્રતાપથી તેની સ્થિતિ ઉત્તમ થઈ, તે માટે અતિથિસંવિભાગવ્રત કરવું.

## ક્રોધ ઉપર સાધુની કથા.

એકદા ગુરૂ સાથે શિષ્યો સ્થંડિલ ભૂમિ તરફ જતા હતા. ત્યાંથી પાછા આવતાં ગુરૂના પગતલે એક નાની દેડકી ચગદાઈ મરણ પામી, ત્યારે શિષ્યોએ કહ્યું કે મહારાજ! આપના પગ નીચે દેડકી ચગદાઈ ગઇ. ગુરૂએ જવાબ આપ્યો કે સાંજે

પ્રતિક્રમણ વખતે તેનું પ્રાયશ્ચિત લઇશ. પ્રતિક્રમણનો વખત થયો, એટલે સઘળા સાધુઓએ જે દોષ લાગ્યા હતા તેનું પ્રાયશ્ચિત લીધું. પણ ગુરૂએ દેડકીનું પ્રાયશ્ચિત ન લીધું. તેથી એક લઘુ શિષ્યે કહ્યું કે મહારાજ ! આપ દેડકીનું પ્રાયશ્ચિત લો, એમ બે ત્રણ વાર સંભાળી આપ્યું પણ ગુરૂએ ન લીધું અને વિચાર્યું કે એણે મને બધા વચ્ચે કહી ભોંઠો પાડ્યો; તેથી તેના ઉપર ક્રોધ ચડવાથી તેને મારવા દોડતાં અંધારામાં ઉપાશ્રયના થાંભલા સાથે અફળાવાથી માથું ફુટી ગયું. ત્યાંથી મરીને તાપસ થયો, ત્યાં પણ ઉપવનમાં પુષ્પ ફલાદિકને માટે આવેલા રાજકુમારોને ક્રોધ કરીને મારવા દોડતાં કુવામાં પડી મરણ પામીને ચંડકોશીયો દૃષ્ટિવિષ સર્પ થયો. આ ઉપરથી સાર એ લેવાનો છે કે ક્રોધ કરવાથી આલોકમાં અને પરલોકમાં કેટલું બધું દુઃખ વેઠવું પડે છે તે ઉપરના દૃષ્ટાંતથી જણાશે માટે ક્રોધનો ત્યાગ કરવો.

## માન ઉપર દશાર્ણભદ્રની કથા.

એક વખત દશાર્ણભદ્રે પોતાની ઋદ્ધિના અહંકારથી એવો વિચાર કર્યો કે કોઈએ મહાવીર સ્વામીને ન વાંદ્યા હોય એવી ઋદ્ધિથી મારે વાંદવા. એમ ધારી પોતાની જેટલી ઋદ્ધિ હતી તે સઘળી ઋદ્ધિવડે કરીને મહાવીર સ્વામીને વાંદવા સમવસરણ ભણી ચાલ્યો. ઈંદ્રે અવધિજ્ઞાન વડે કરી દશાર્ણભદ્રના અભિપ્રાયને જાણ્યો, તેથી તેનો માન ઉતારવા માટે ઈંદ્ર પણ અનેક પ્રકારની ઋદ્ધિ વિકુર્વી મહાવીર સ્વામીને વાંદવા આવ્યો. દશાર્ણભદ્રે ઈંદ્રની ઋદ્ધિ જોઈ વિચાર્યું કે મારી ઋદ્ધિ આ ઈંદ્ર મહારાજની ઋદ્ધિ પાસે કંઈ ગણત્રીમાં નથી. એમણે મારો અભિમાન તોડી નાખ્યો, તો હું એવું કામ કરૂં કે જે

ઇંદ્રથી બની શકે નહિ. એમ વિચારી સર્વ કુટુંબ પરીવાર રાજ્ય આદિકનો ત્યાગ કરી ચારિત્ર અંગીકાર કર્યું. ઇંદ્રને તે કામ કરવું અશકચ હોવાથી આવીને તેને નમ્યો. આ ઉપરથી સાર એ લેવાનો છે કે અભિમાન કોઈનું રહેતુંજ નથી, એમ જાણી અભિમાનનો સર્વથા ત્યાગ કરવો અને નમ્રતા રાખવી.

## માયા ઉપર શ્રી મલ્લીનાથજીની કથા.

શ્રી મલ્લીનાથના જીવે પૂર્વભવમાં દીક્ષા ગ્રહણ કરી ત્યારે પોતાના છ મિત્રોને કહેવા લાગ્યા કે મારી સાથે સર્વેએ સમાન તપ કરવો. પણ કોઇએ વધારે ઓછો તપ કરવો નહીં. તે સૌએ કબૂલ કર્યું, પરંતુ જ્યારે માસક્ષપણ વ્રતનું પારણું આવે ત્યારે મલ્લીનાથનો જીવ કપટ કરી બીજા મિત્રોને કહે કેઃ– મારા પેટમાં દુઃખે છે, માટે હું સર્વથા પારણું કરીશ નહીં. એમ પારણે પારણે કપટથી બીજા છ સાધુથકી અધિક તપ કરતાં તેમણે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. પરંતુ કપટે તપ કરવાથી મલ્લીનાથના ભવમાં તેમને સ્ત્રીપણું પ્રાપ્ત થયું. તે ભવમાં તીર્થંકર થયા તોપણ સ્ત્રીપણું તેમને મળ્યું. પાણિગ્રહણને અર્થે આવેલા પોતાના પૂર્વભવના છ મિત્ર જે રાજાઓ થયા હતા, તેમને અશુચિએ ભરેલી શાલભંજીકા એટલે મૂર્તિમાં ભરેલા અન્નના દર્શનથી પ્રતિબોધ પમાડચા એમ મલ્લીનાથના જીવને કપટે કરી સ્ત્રીપણું પ્રાપ્ત થયું.

## લોભ ઉપર સુભૂમ ચક્રવર્ત્તિની કથા.

બારમો ચક્રવર્ત્તિ સુભૂમ નામે હતો. તેણે છ ખંડ જીત્યા અને ઘણી ઋદ્ધિનો સ્વામી થયો, તોપણ તેટલેથી તેનો લોભ શાંત થયો નહિ. તેણે વિચાર્યું કે હું ધાતકીખંડને જીતીને ત્યાંની રાજ્યલક્ષ્મીનો માલીક થાઉં, એવો વિચાર કરી દેવ-


તાઓએ ઉપાડેલા સુખાસનમાં બેસી લવણ સમુદ્રને રસ્તે ધાતકી ખંડ તરફ જવા નીકળ્યો, પણ પાલખીને ઉપાડવા લાગેલા સઘળા દેવતાઓના મનમાં એમ આવ્યું કે મારા એકના નહિ ઉપાડવાથી પાલખી શું પડી જશે ? એવી રીતે દરેકના મનમાં એકી વખતે સરખો વિચાર આવવાથી તેઓમાંના સર્વએ પાલખી છોડી દીધી. તેથી તે સમુદ્રમાં પડી મરણ પામી સાતમી નરકમાં ગયો. આ ઉપરથી સાર એ લેવાનો છે કે સુભૂમ ચક્રવર્તીને લોભના વશ થકી આ લોકમાં મરણનું દુઃખ તથા પરલોકમાં નારકીનું દુઃખ સહન કરવું પડ્યું. તેમ જાણી સર્વેએ લોભનો ત્યાગ કરવો.

**સમાપ્ત.**

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૪ | ૧ | **विशेषज्ञः** | **विशेषज्ञः** |
| ૨૩ | ૩ | ... | લીલાચણાકેળાં |
| ૨૩ | ૧૯ | નીનનસ | અનનસ |
| ૨૫ | ૫ | કાઢા | કાય |
| ૨૯ | ૨૩ | તથા | તેમાં |
| ૫૩ | ૧૦ | **प्रवेइयं** | **पवेइयं** |
| ૫૬ | ૭ | પુરતા | પુરતી |
| ૬૨ | ૮ | પકી | પૈકી |
| ૭૪ | ૪ | **भुक्कं** | **भुक्के** |
| ૮૯ | ૪ | કાંતવું નહિ. | કાંતવું |
| ૯૪ | ૧૭ | જન | જૈન |
| ૯૬ | ૧૫ | સવઈ | ... |
| ૧૦૫ | ૨ | પામી | પાણી |
| ૧૨૮ | ૧૨ | કોઈ | કાંઈ |
| ૧૨૯ | ૧ | ધન | ધન |
| ૧૩૪ | ૧૨ | તલ | તેલ |
| ૧૩૫ | ૧૮ | પાયશ્ચિત | પ્રાયશ્ચિત્ત |
| ૧૩૯ | ૨ | પારગ્રહ | પરિગ્રહ |
| ૧૪૪ | ૧૩ | ચક્રર્વિને | ચક્રવર્તિને |
| ૧૬૭ | ૨૬ | ... | પીસ્તાં |
| ૧૭૬ | ૨૧ | ... | જમીન ખેતર |
| ૧૭૭ | ૯ | વણિજ્ય | વાણિજ્ય |
| ૧૮૮ | ૧ | ક્રયા | ક્રિયા |
| ૨૦૮ | ૧૦ | આત્પાતિક | ઔત્પાતિક |
| ૨૧૫ | ૨૦ | પયત | પર્યંત |
| ૨૧૮ | ૧૧ | ષડાવશ્યાં | ષડાવશ્ય- |
| ૨૧૮ | ૧૨ | સિદ્ધત | સિદ્ધાંત |
| ૨૫૫ | ૪ | પ્રણી | પ્રાણી |
| ૨૫૫ | ૮ | કાદણ | કારણ |
| ૨૬૩ | ૨૫ | પ્રાસદ્ધ | પ્રસિદ્ધ |
| ૨૭૫ | ૨ | દુહાવ્યા | દુહવ્યા |
| ૨૮૩ | ૨૪ | ખમસમણા | ખમાસમણ |
| ૨૯૫ | ૧ | ચઉવિહાર | ચઉવિહારનું |
| ૩૦૦ | ૧૯ | નાણંદસણ | નાણદંસણ |
| ૩૦૧ | ૧ | પન્નત્ત | પન્નત્તં |
| ૩૦૨ | ૨૪ | હાથ | જમણો હાથ |
| ૩૧૭ | ૨૩ | સુરાવક્રમ | સુરવિક્રમ |
| ૩૧૮ | ૭ | નિમળાચાર્ય | નિર્મળાચાર્ય |
| ૩૨૮ | ૩ | તેથી | તેથી તે |
| ૩૪૬ | ૧૮ | ભાદ્રક | ભદ્રિક |
| ૩૫૨ | ૧૦ | પ્રભુમાં | પ્રભુનાં |

## એક પાણીના બિંદુમાં ત્રસ જીવો.



અલ્હાબાદ ગવર્નમેંટ પ્રેસમાં છપાયેલ 'સિંધ પદાર્થ વિજ્ઞાન' નામના પુસ્તકમાં કેપ્ટન સ્કોર્સબી સાહેબે સૂક્ષ્મ-દર્શક યંત્રથી એક પાણીના બિંદુમાં હાલતા ચાલતા ત્રસ જીવો ૩૬૪૫૦ જોયા છે માટે સર્વજ્ઞના કહ્યા મુજબ પાણીમાં અસંખ્યાતા જીવો હોઈ શકે એમ સિદ્ધ થાય છે.

# અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તકો


| | |
|---|---|
| પંચ પ્રતિક્રમણ ચાર પ્રકરણ અને ત્રણ ભાષ્ય મૂળ | ૦—૮—૦ |
| શ્રી જીવવિચાર પ્રકરણ સાર્થ સચિત્ર | ૦—૩—૬ |
| શ્રી નવતત્ત્વ પ્રકરણ સાર્થ | ૦—૫—૦ |
| શ્રી જીવવિચારાદિ ચાર પ્રકરણ સાર્થ સચિત્ર અઢી દ્વીપના નકશા સહિત | ૦-૧૪—૦ |
| શ્રી બૃહત્સંગ્રહણી સાર્થ ૭૦ યંત્રો સહિત | ૧—૮—૦ |
| શ્રી નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ (લગભગ ૪૦૦૦ ગાથાઓ) | ૧-૧૦—૦ |
| શ્રી નવપદજી વિગેરે તપની વિધિ | ૧—૪—૦ |
| ચાર પ્રકરણ અને ભાષ્યત્રય સાર્થ | ૧—૮—૦ |

ઓછામાં ઓછા દશ રૂપીઆ સુધીનાં પુસ્તકો ખરીદનારને કમીશન કાપી આપવામાં આવશે.

**શ્રાવક અમૃતલાલ પુરૂષોત્તમદાસ**

દોશીવાડાની પોળ—**અમદાવાદ.**

બાર વ્રતની નાની મોટી ટીપ. વ્રત લેનારને ભેટ

બાઈન્ડર ફકીરચંદ બાપુભાઈ
ઠે. પીરમશા રોડ—અમદાવાદ